# ગુજરાતની આદિવાસી જાતિઓ


લેખન

શ્રી બચુભાઇ એસ. બરંડા

સંપાદન

ડૉ. ચંદ્રકાન્તભાઇ ઉપાધ્યાય



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૨૦૦૭



૪30

# ગામીત

ગામીતો પોતે સૂર્યવંશી રાજપૂત જાતિના વંશજો હોવાનું માને છે. તેમજ તેઓ સિંધ પ્રદેશમાંથી ખૈબરઘાટ અને બોલનઘાટ માર્ગે ભારતમાં સ્થળાંતર કરી આવ્યા હશે અને તેઓ મારવાડ વિસ્તારમાં સ્થળાંતર કરી આવ્યા હશે અને તેઓની સાબિતી આપતો લીલ આજે પણ ગામીત વૃધ્ધાઓ હોળીના પર્વે ગાય છે. તેઓ કોઈપણ સામાજીક યા ધાર્મિક પ્રસંગે પૂજાવિધિ કરે છે ત્યારે સર્વપ્રથમ તો તેઓ સૂર્યદેવની પૂજા કરે છે. ત્યારબાદ જ બીજા દેવની પૂજા કરે છે. બીજો એક ખ્યાલ એવો છે કે જે ભીલો ગામ વસાવીને એક ઠેકાણે સ્થિર થયા તે ગામીત કે વસાવા કહેવાયા.

**વસતિ :**

ગામીતોની મુખ્ય વસતિ સુરત, ભરૂચ, વલસાડ અને ડાંગ જિલ્લામાં જોવા મળે છે. સુરત જિલ્લાના વ્યારા, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં જોવા મળે છે. તે ગામીત કે માવચીના નામે ઓળખાય છે. તેઓની પેટા જાતિમાં પડવી, વલવી, વસાવાનો સમાવેશ થાય છે. ગામીત મૂળ ભીલની જ એક પેટાજ્ઞાતિ હોય તેવું મનાય છે. જે ભીલો ગામ વસાવીને એક ઠેકાણે સ્થિર થયાં તે ગામીત છે. ગામીતોની કુલ વસતિની ૨૦૦૧ પ્રમાણે ૩,૫૪,૩૬૨ છે જેમાં પુરુષો૧,૭૬,૭૮૦ અને સ્ત્રીઓ ૧,૭૭,૫૮૨નું પ્રમાણ છે. ગામીતોની વસતિ કુલ આદિવાસી વસતિમાં ૪.૭૪ ટકા છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

ગામીતો ગામડામાં વસવાટ કરે છે ત્યાં તેમના ઘરો ચાલી પધ્ધતિનાં એટલે કે એક હારમાં હોય એવું હોતું નથી. સામાન્ય રીતે તેઓનાં ઘરો નજીક નજીક હોવા છતાં પણ સ્વતંત્ર હોય છે અને દરેક ઘરની ચારે તરફ વધતા ઓછા પ્રમાણમાં ખુલ્લી જગ્યા રાખવામાં આવે છે. તેમનાં ઘરો નાની નાની ટેકરીઓ ઉપર પણ બાંધેલા હોય છે. તો કેટલા લોકોના ઘરો ટેકરીની નીચાણના ભાગમાં પણ બાંધેલ હોય છે.

બાંધકામ સામગ્રીમાં તો માટી, છાણ અને ડાંગરના છોતરાનો પણ ઉપયોગ કરવામાં આવે છે. ઘરની દિવાલો બનાવવામાં વાંસનો ઉપયોગ થતો જોવા મળે છે. ઘરનુ છાપરૂ ભૌગોલિક પરિસ્થિતિને અનુરૂપ બનાવવામાં આવે છે. પરંપરાગત દેશીનળિયાં અને આજે મોટાભાગે વિલાયતી નળિયાં નાંખેલ જોવા મળે છે. આજના સમાજમાં પાકાં ધાબાવાળાં ઘરો કયાંક કયાંક જોવા મળે છે.

ગામીતો પોતાના માલિકીના ઘરોમાં રહે છે. ઘરમાં તેઓ તાંબાનાં, એલ્યુમિનિયમ, પિત્તળ, સ્ટીલ, માટી, કાચ જેવાં સાધનો વસાવે છે.આ ઉપરાંત થોડાંક ગોદડાં, ખાટલા, ઘરમાં ફાનસ-દીવો, લાકડાની અભરાઈ અનાજ ભરવાની કોઠી-અનાજ ભરવાની પીપો, ઘરમાં રેડિયો-ટી.વી., ટેપ તથા પતરાની પેટી અને તિજોરી વગેરે રાખતા જોવા મળે છે.

**વાધ્યો :**

તેઓની પાસે ચર્મ વાધ્યો, તંતવાધ્યો, શુંખિર વાધ્યો, ધનવાધ્યો, વાંસળી, નોળુ, પાવરી, ડોબરૂ, ઘોંઘલી વગેરે વાધ્યો રાખે છે.

**પહેરવેશ :**

પુખ્ત ઉંમરે પહોંચેલા અને વૃધ્ધોમાં પરંપરાગત પહેરવેશનું મહત્વ હજુ પણ જળવાઈ રહેલું છે. બાળકો બુશર્ટ અને ચડ્ડી પહેરે છે, જ્યારે યુવાનો પેન્ટ-શર્ટ પહેરે છે. જ્યારે છોકરીઓ ફ્રોક અને પંજાબી પહેરે છે. જ્યારે યુવાન પુરૂષો પેન્ટ-શર્ટ અને સ્ત્રીઓ પંજાબી ડ્રેસ અથવા સાડી-કબજો અને ચણિયો પહેરે છે. જ્યારે વૃધ્ધ પુરુષો માથા ઉપર ટોપી અવશ્ય પહેરે છે અને વૃધ્ધ સ્ત્રીઓ કાછોડ મારીને સાડી પહેરે છે.

ગામીત સમાજની સ્ત્રીઓ ઘરેણાંનો સારો એવો શોખ ધરાવે છે. તેઓ ગળામાં "કાઠી", અછોડો, નાકમાં ડાંટો, કાનમાં રીંગ, હાથે બંગડી, કોણીથી ઉપરના ભાગમાં કંકુ અને પગમાં સાંકળા અને કલ્લાં પહેરે છે. જ્યારે પુરુષો કમ્મરે ચાંદીની સાંકળ, હાથની આંગળીએ વીંટી અને પગની આંગળીએ "દોલો" પહેરે છે. આ ઉપરાંત ચાંદી-સોનાના વિવિધ દાગીના આજે પહેરી શકે છે.

**બોલી :**

ગામીતો એક રીતે કહીએ તો તેઓ ગામીત બોલી જ બોલે છે. તે બોલીમાં જ વ્યવહાર કરે છે. આ ઉપરાંત એક પ્રચલિત ઉક્તિ પ્રમાણે "બાવન કૂળના ગામીત" હોવાનું કહેવાય છે. આ કૂળમાં સ્તરરચના જોવા મળતી નથી.

**ખોરાક અને પીણાં :**

નાગલી, જુવાર, ભાત, મકાઈના રોટલા, અડદ-તુવેરની દાળ તથા બટાટા- ડુંગળી અને સીઝન પ્રમાણે શાકભાજીનો ઉપયોગ કરે છે. આમ તેઓ ચોખાના રોટલા, કઠોળ અને ભક્તિ સંપ્રદાય સિવાય દારૂ, તાડી અને માંસ-મચ્છીનો વાર-તહેવારે ઉપયોગ કરે છે.

**શિક્ષણ :**

ગામીતોમાં શિક્ષણના પ્રમાણમાં ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૫૨.૯૧ ટકા છે. ગામીતો ગ્રામ્યવિસ્તારની સાથે સાથે શહેરી વિસ્તારમાં પણ રહે છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને અનામતની જોગવાઈનો મોટા પ્રમાણમાં લાભ લઈ શક્યા છે.

**ધર્મ :**

ગામીત જાતિ હિન્દુ ધર્મમાં શ્રધ્ધા ધરાવે છે. તેઓ હિન્દુ દેવ-દેવીઓને માને છે. તેઓ પરંપરાગત દેવલી માડી, ગૌમુખ, ડુંગર દેવ, ગોવાળ દેવ, અનાજ દેવ, માનતા માનવી, જાત્રા કરવી વગેરેમાં ખાસ માને છે.

આ જાતિના લોકો ગામદેવનો, હોળી, ગોવાળ દેવની ઉજવણી, વાઘદેવ-મહાદેવ, દશેરા, દિવાળી, નાનાદેવ-મોટા દેવનો ઉત્સવ વગેરે તહેવારો ઉજવે છે. આ ઉપરાંત આ સમાજમાં ખ્રિસ્તીકરણ થયેલા નાતાલનો તહેવાર ધામ-ધૂમથી ઉજવે છે.

**વ્યવસાય :**

ગામીતો મુખ્યત્વે સ્થાયી ખેતી કરનારા સ્થાયી કૃષિકાર આદિવાસી જાતિ છે. કેટલાક કુટુંબો પાસેથી જમીન ઝુંટવાઈ જતાં આ વારસાગત જમીન ન મળતાં જમીનવિહોણા - માત્ર મજૂરી ઉપર નિર્ભર છે. શિક્ષણનું પ્રમાણ પહેલાં કરતાં વધવાના કારણે નોકરી, પશુપાલન તથા નજીકના કારખાનામાં ધંધે જવા લાગ્યા છે.

**જાતિપંચ :**

ગામીત જાતિમાં પોતાના સામાજિક વ્યવહારોના સંચાલનમાં નિયમન નિયંત્રણ પરિપાલન માટે ઔપચારિક યા અનૌપચારિક રીતે "પરંપરાગત રીતે પંચ" જોવા મળે છે. સમાજના સભ્યો સમાજના રીતરિવાજો અને નીતિનિયમોનું પાલન થાય તે માટે ભેગા મળીને જાતિપંચની રચના કરે છે. ગામીત સમાજનું લેખિત બંધારણ છે. આ જાતિપંચ લગ્ન, સમાજનાં કાર્યો, પુર્નલગ્ન, છૂટાછેડા, શિક્ષણ વગેરે કાર્યો કરે છે.

**સામાજિક રીતરિવાજો :**

ગામીત સમાજના જીવનચક્રમાં તેના વ્યક્તિગત જીવનમાં આવતા ત્રણ મહત્વના તબક્કા જન્મ, લગ્ન અને મૃત્યુને આવરી લેવાય છે.

**બાળકનો જન્મ :**

ગામીત સમાજમાં પ્રથમ સુવાવડ તેના પીયરમાં જ કરાવવી જોઈએ એવો ખાસ રિવાજ નથી પરંતુ કયા સ્થળે વધુ સારી રીતે ઉપલબ્ધ છે તેનો ખાસ ખ્યાલ રાખવામાં આવે છે. દાયણ બાળકના જનમ પછી પાંચ દિવસ સુધી બાળકને નવડાવવા માટે ઘેર આવે છે અને બાળકના જન્મના પાંચમા દિવસે પાંચરો અથવા તો છઠ્ઠા દિવસે છઠ્ઠીની ક્રિયા કરવામાં આવે છે.

**સગાઈ :**

ગામીત સમાજમાં છોકરા પક્ષવાળા છોકરી પક્ષના ઘરે જાય છે. આ બન્ને પક્ષના લોકો એકબીજાને અનુકૂળ આવે તો "પીયણ આવવાનું" નક્કી કરે છે. આ ઉપરાંત ખરજણી ખાવી કે ઘર જોવા જવુ વગેરે મહત્વનું ગણાય છે.

**લગ્ન :**

સામાન્ય રીત માટે ગુરૂવાર કે મંગળવાર સારો માનવામાં આવે છે. લગ્ન વખતે માંડવો પણ બાંધવામાં આવે છે. તે ઘરની સામે બાંધવામાં આવે છે. ગોળના લોકો અને પડોશીઓ તેમાં મદદ કરે છે.

લગ્નનું આમંત્રણ આપવા માટે હળદર કે કંકુવાળા ચોખા ઘરના બારણા પાસે મૂકવામાં આવે છે. સાથે સાથે છાપેલી કંકોત્રી પણ મોકલવામાં આવે છે. પરંપરાગત લગ્નવિધિની સાથે સાથે બ્રાહ્મણ હિન્દુ વિધિ પ્રમાણે લગ્ન કરે છે. લગ્નબાદ જમણવિધિ કરવામાં આવે છે. આ સમાજમાં આણાની પ્રથા, ખંધાડ લગ્નપ્રથા, પ્રેમલગ્ન, સાળીવટુ, દિયરવટુ, બહુપત્નીત્વ, નાતરૂ વગેરે કરવાની છૂટ છે.

**છૂટાછેડા :**

આ સમાજમાં લગ્નબાદ ત્રણ વર્ષ પહેલાં છૂટાછેડા આપી શકાતા નથી તથા એકબીજાની હયાતિમાં બીજી વ્યક્તિ જોડે સંબંધ રાખી શકાશે નહીં. અથવા લગ્ન સંબંધથી જોડાઈ શકશે નહીં. આ નિયમનો ભંગ કરનારને રૂા.૩૫૧/-નો દંડ કરવામાં આવશે અને આ બાબતનો યોગ્ય ઉકેલ ન આવે તો કોર્ટમાં જવું.

**પુનઃલગ્ન :**

ગામીત સમાજમાં વિધવા નીચેના નિયમ મુજબ પુનર્લગ્ન કરી શકે છે. (૧) વિધવાને કોઈ સંતાન હોય તો સહેજમાં રૂા.૩૨/- આપશે. (૨) જો બાળક હશે તો રૂા.૨૫-૨૫ પૈસા દહેજ આપવામાં આવશે. ગામના તમામ લગ્નોની નોંધ ચોપડામાં રાખવી અને બંને પક્ષના આગેવાનોની સહી લેવાય છે.

**મૃત્યુ :**

ગામીતોમાં કોઈનું મરણ થાય તો મૃતદેહને પથારીમાંથી ઉતારી ખાડણિયા પાસે સુવાડવામાં આવે છે. મૃતદેહનું માથુ ઉત્તર અને પગ દક્ષિણમાં રહે એ રીતે રાખવામાં આવે છે. અમુક ઢબે તૂર વગાડવામાં આવે છે અને ગામના લોકોને મૃત્યુની ખબર પડે છે. આ પ્રસંગે રડવાનો રિવાજ છે. સામાન્યરીતે મૃતદેહને બાળવામાં અથવા દાટવામાં આવે છે. નાના બાળકની લાશને દાટવામાં આવે છે. વ્યક્તિને આમલી, બાવળ અને સાગના લાકડાંથી બાળવામાં આવે છે. ઠાઠડીને મરનારના પુત્રો અને સગાં ઉપાડે છે. ઠાઠડી આગળ હાંડલી લઈને ચાલનાર ગામમાં ખાસ વ્યક્તિ હોય છે. મરનાર પુરુષ-સ્ત્રી પોતાના ઘરનાં આભૂષણો કાઢી નાંખે છે. મૃતદેહને નદીકિનારે લઈ જઈ તેની આસ-પાસ સાતફેરા ફર્યાબાદ મૃતદેહનો ખાખરાનું દાતણ કરવામાં આવે છે અને મોં સાફ કરીને દહીં, ખીચડી, દારૂઅ વળા હાથે મરનારના મોંમાં મૂકવામાં આવે છે. ત્યારબાદ ચિત્તા ઉપર રાખી કુટુંબનો સગો અથવા આગિયા અગ્નિદાહ આપે છે. ત્યારબાદ નદીએ કે કૂવા પર સ્નાન કરવા જાય છે. પરત આવી મરનારના ઘરથી થોડે દૂર બેસે છે ત્યાર પછી તૂરવગાડવામાં આવે છે અને ડાઘૂઓએ ગોળ અને ખાંડ આપવામાં આવે છે. દહાડા પાણીની વિધિ, ખતરુ મૂકવુ, સમાજમાં ૧૨મુ કરવાનો અને પૂજાપાઠ કરવાનો રિવાજ પણ છે.

**મુખ્ય વિશેષતા :**

આ જાતિના આદિવાસીઓ લગ્ન મોટાભાગે એકજ ગોત્રમાં થાય છે. તેઓ પોતે પરિચિતપાત્રો મળે તેવો તેમનો હેતુ છે. તેઓ અષ્ટલા, માવલી, વાઘદેવ એ તેમના દેવ-દેવી છે. તેના સ્થાનકમાં જઈ વાર-તહેવારો પૂજાપાઠ કરી નાચ-ગાન કરીને ઉજવે છે.

# ગોંડ

મિ.હિંસ્લોએ માનેલુ કે ગોંડ એ ડોડનું એક રૂપ હશે. તેઓ ખોંડ શબ્દને કોડ રૂપે લખતા.

ગોંડલોકો તામીલ, કન્નડી અને તેલુગુ કુટુંબની દ્રવિડ ભાષા (ગોંડી) બોલે છે. તેથી સંભવિત છે કે તેઓ દક્ષિણમાંથી મધ્ય પ્રાંતમાં આવ્યા હોય. તેમનો માર્ગ ગોદાવરી નદીની ઉપર ચંદામા ત્યાંથી ઈંદ્રાવતી નદીની ઉપર વિસ્તારમાં અને છત્તીસગઢ મેદાનની દક્ષિણ અને પૂર્વના ડુંગરોમાં, ત્યાંથી વર્ધા અને વેનગંગા ઉપર થઈ સાતપુડાના ઉચ્ચ પ્રદેશના જિલ્લામાં હશે. ચંદામાં એક ગોંડ વંશે કેલાક સૈકા રાજય કર્યુ હતું. ત્યાં એ લોકો તેલુગુઓના સંપર્કમાં આવ્યા હશે ત્યાં તેમને ગોંડ નામ મળ્યુ હશે અને ત્યાંથી તેઓ એ નામ ઉપર એને પૂર્વમાં લઈ ગયા હશે.

મુખ્યત્વે સુરત, ભરૂચ, વડોદરા, પંચમહાલ અને બનાસકાંઠામાં તેઓ વસે છે.

**વસતિ :**

ગુજરતમાં ૨૦૦૧ પ્રમાણે ગોંડની વસતિ ૨૧૫૨ છે. જેમાં સ્ત્રીઓનું પ્રમાણ ૯૮૨ અને પુરુષોનું પ્રમાણ ૧૧૭૦ છે, જે કુલ આદિવાસી વસતિમાં ૦.૦૩ ટકા છે. તેઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૫૦.૩૯ ટકા છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

તેમની ઝૂંપડીની દિવાલો ચાર કે પાંચ ફૂટ ઉંચી હોય છે તેનીદિવાલો વાંસના ખપાડિયાને લીંપીને બનાવવામાં આવે છે. પરંપરાગત સ્થિતિમાં પરિવર્તન લાવી કેટલાકે પાકાં મકાનો બાંધેલ જોવા મળે છે.

એલ્યુમિનિયમ, સ્ટીલ અને જૂનાં પુરાણાં વાસણો કંઈક અંશે રાખતા જોવા મળે છે. અન્ય સાધનોમાં કાથીની દોરીના ખાટલા, પલંગ, ફાટેલાં કપડાં બનાવેલ ગોદડીઓ રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

ગોંડ પુરુષો અને સ્ત્રીઓ હિંદુઓ જેવો પોષ્ક પહેરે છે. પહેલાં આ લોકો ઝાડની છાલ અને પાંદડાં પહેરતા પરંતુ હવે તેઓનો  મુખ્ય પહેરવેશ ધોતી-ખમીશ, ફાળિયુ છે. વળી લેંઘો, ઝભ્ભો, ટોપી, કોટવગેરે પણ પહેરતા થઈ ગયા છે. સ્ત્રીઓ કમ્મર નીચે કપડુ વિટાળે છે. આ સમાજની સ્ત્રીઓ છૂંદણાં છૂંદવાની ઘણી શીખોન છે. તેઓમાં પહેલાં જસતની બંગડીઓ, પગે પિત્તરળના મોટાં કડાં પહેરે છે, પરંતુ આજે તેમાં ઘટાડો થતો જોવા મળે છે.

હાલમાં સ્ત્રી-પુરુષો અને બાળકો ચાંદી-સોના અને તૈયાર ખોટાદાગીના બજારમાં મળે છે તેનો ઉપયોગ કરે છે.

**બોલી :**

ગોંડ જે લોકો વચ્ચે રહે છે તેમની બોલીનો અને ગોંડ બોલીનો પણ ઉપયોગ કરતા જોવા મળે છે.

**ખોરાક અને પીણાં :**

ગોંડ જાતિના લોકો ખોરાકમાં મુખ્યત્વે ચોખા અને બાજરીના રોટલા, જુદા જુદા કઠોળ, શાકભાજી વગેરેનો ઉપયોગ કરે છે. ગોંડ લોકો ભાગ્યે જ કોઈ પ્રતિબંધ પાળે છે. પરંપરાગત તેઓ મરઘાં, ગાય, ડુકકર,

મગર, કાચબા, ઉંદર બિલાડી, શિયાળ, લાલકીડીઓ, માછલી વગેરેનો ઉપયોગ કરે છે. હિંદુ ધર્મની અસરના કારણે તેમાં ઘટાડો થતો જોવા મળે છે.

તેઓ મહુડાના ફૂલમાંથી ગાળેલો દેશી દારૂ પીએ છે અને દક્ષિણમાં તાડી પીએ છે. તેઓ કાળી ચાનો પણ ઉપયોગ કરે છે. તેઓમાં કહેવાયુ છે કે ગોંડના જીવનમાં જે રંગ અને ઉજાસ છે તે દારૂના લીધે છે અને એના વિના એનું જીવન શુષ્ક અને નિર્માલ્ય બની ગયું હોય તેમ માને છે.

**શિક્ષણ :**

આ જાતિ આર્થિકરીતે ખૂબજ પછાત હોય તેમને મજૂરી કરવા માટે બહારગામ જવુ પડે છે, જેથી આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ અલ્પ જોવા મળે છે. તેઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૫૦.૩૯ ટકા છે.

**ધર્મ :**

ગોંડ લોકોમાં પર ગોત્ર વિવાહની પ્રથા છે. તમામ ગોત્રોના બે મોટા વર્ગ પાડવામાં આવ્યા છે. 'અ' વર્ગમાં ૯૦ શાખાઓ છે અને 'બ' વર્ગમાં ૬૯ છે. પરંપરાગત શાહુડી, વાઘ, સારસ, કાચબો ડુંગરદેવ વગેરેને પુજે છે. હિંદુ ધર્મ પ્રમાણે દિવાળી, નવરાત્રી, ઉતરાયણ અને હોળી પણ ઉજવે છે. પોતાના દેવની પૂજા કર્યા પછી જ ખેતીમાં વાવેતર તથા ઉપજ લે છે. તેઓ નાગદેવ, નારાયણદેવ, બડાદેવ વગેરેની ખાસ પૂજા કરે છે.

**અર્થવ્યવસ્થા :**

ગોંડ લોકો મુખ્યત્વે ખેતીમાં રોકાયેલા છે. તેમનો ઘણો મોટો ભાગ ખેતમજૂરો અને મજૂરો છે. પરંતુ ડુંગરાળ પ્રદેશમાં ગોંઠડ ગણોતિયા સારી સંખ્યામાં છે. આ ઉપરાંત જંગલની ખેતી, શિકાર અને માછલી પકડવા જવુ અને આજે શહેરોમાં જઈને ઉદ્યોગોમાં, ભાગે ખેતી, ખાણોમાં તથા નાની નોકરી કરતા જોવા મળે છે.

**જાતિપંચ :**

વિખવાદ અને ગુનાઓના નિકાલ માટે ગોંડ લોકોમાં ચુસ્ત જાતિપંચાયત હોય છે. પંચાયતનો સભ્ય બધાની સંમતિથી ચૂંટાય છે. તેની વર્તણૂક સારી હોય ત્યાં સુધી તે ચાલુ રહે છે. પંચાયતનું સભાસદ વંશપરંપરાગત નથી. દરેક પુખ્તવયનો ગોંડ પુરુષ તેનો સભ્ય ગણાય છે અને બધાને સભામાં બોલાવવાના હોય છે. પંચાયત મળે છે ત્યારે પાંચ આગેવાન વડીલો આવી સભાની વતી ચૂકાદો આપે છે.

**સામાજીક રીતરિવાજો :**

ગોંડ જાતિમાં કુટુંબ પિતૃસત્તાક, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય છે.

**રજોદર્શન :**

રજસ્વલા સ્ત્રીને રજોદર્શનની મુદત દરમ્યાન અપવિત્ર ગણવામાં આવે છે. આ દિવસોમાં તે સ્ત્રી પાણી ભરી શકે નહીં, રાંધી શકે નહીં, ગાયની ગમાણમાં જઈ શકે નહિં ઉપરાંત વાસીદું વાળી શકે નહિં.

**પ્રસવ :**

સામાન્ય રીતે સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં કરવામાં આવે છે. તાલીમ પામેલ દાયણ પાસે અથવા

દવાખાનામાં કરવામાં આવે છે. બાળકના જન્મ પછી એક માસ સુધી બાળકનો પિતા સૂતકી મનાય છે તેથી તે કામ પર જતો નથી. જે ગરીબ ગોંડમાં ઘણીવાર પ્રસૂતા માતા પ્રસવ પછી બિલકુલ સૂઈ રહેતી નથી. તે શક્તિ માટે કોઈ તીખુ મૂળિયુ ખાઈ બીજા દિવસે પોતાનું રોજીંદુ કામ ચાલુ કરી દે છે.

**નામકરણવિધિ :**

આ જાતિમાં પરંપરાગત અઠવાડિયાના વારે જન્મેલ હોય તે વાર ઉપર નામ પાડવામાં આજે પણ આવે છે અને જો બાળક માઘ, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ કે પોષમાં જન્મ્યુ હોય તો તેના ઉપર નામ પાડે છે. સરકારી અધિકારી આવ્યા હોય તો તેના નામ પ્રમાણે રાખવામાં આવે છે. આજે હિંદુઓ જેવાં નામ પાડવામાં આવી રહ્યાં છે નામ પાડવાના દિવસે ઘરનો જમાઈ, બાપનો સાળો અથવા માનો દિયર બાળકના વાળ મૂંડે છે. માતા-બાળકને નવરાવી તેલ અને હળદર ચોળવામાં આવે છે પછી વિધિ કરીને સમૂહમાં નામ પાડે છે.

**સગાઈ :**

ગોંડ જાતિમાં તેમની શાખા કે વંશમાં અને સગામાં લગ્નનો નિષેધ છે. સામાન્ય રીતે લગ્ન પુખ્ત ઉંમરે થાય છે. આ સમાજમાં લગ્ન કરતાં પહેલાં કન્યાની સંમતિ આવશ્યક મનાય છે. આ સંમતિ વડીલોની સમક્ષ અપાય છે. જરૂર લાગે તો નિર્ણય કરવા માટે કન્યાને સમય અપાય છે. છોકરાની સંપત્તિ પણ જરૂરી ગણાય છે. આ સમાજમાં કન્યાની કિંમત ચૂકવવી પડે છે.

**લગ્ન :**

હિંદુઓ કરતાં ઉલટી રીતે લગ્નનો વરઘોડો કન્યાના ઘરેથી નીકળે છે અને લગ્ન વરને ઘેર ઉજવાય છે. કન્યાની જાન વરના ગામમાં આવીને તેમને માટે તૈયાર કરેલાં કેટલાંક મકાનોમાં ઉતારે છે. તેમના માટે સીધુ સામાન મોકલે છે અને આખો દિવસ મિજબાનીમાં જાય છે. સાંજના જાનૈયા વરના ઘરે જાય છે અને પરણનાર યુગલ તથા ગામના જુવાનિયા આખી રાત નૃત્ય કરી મઝા માણે છે. તેમની પરંપરાગત સાદગીથી લગ્ન કરીને કન્યાને કહે છે કે તુ તારા વરના કુટુંબની થઈ, માટે તારે તારી જાતે એકલુ પાછુ આવવુ નહી. તેમ સાદી વિધિ કરે છે.

ધીમે ધીમે હવે હિંદુ લગ્નવિધિ પ્રમાણે આ રિવાજો કરતા થયા છે. લગ્નમાં કોઈ મોટો ખર્ચ કરવામાં આવતો નથી.

**પુર્નલગ્ન :**

વિધવા પુર્નલગ્ન છૂટથી કરવા દેવામાં આવે છે. સામાન્ય નિયમ એવો છે કે વિધવા પોતાના દિયરને પરણે તો તે યોગ્ય ગણાય પણ તે પોતાના જેઠને પરણી શકતી નથી.

**છૂટાછેડા :**

સ્ત્રી વ્યભિચારી હોય, કજિયાખોર હોય, ઘરકામમાં બેદરકાર હોય, તેનાં બાળકો સતત મરણ પામતાં હોય કે તે ડાકણ હોવાની શંકા હોય એવા વિવિધ કારણે છૂટાછેડા છૂટથી અપાય છે. જાતિપંચ લગ્નમાં થયેલ ખર્ચ ભરપાઈ કરે છે અને પતિએ આપેલાં ઘરેણાં તેને પરત આપીને છૂટાછેડા આપવામાં આવે છે. આ સમાજમાં બહુપત્નીત્વનો રિવાજ ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે.

**મૃત્યુ :**

ગોંડ લોકોમાં મૃતદેહને દાટવાની સામાન્યપ્રથા મોટેભાગે ભૂતકાળથી ચાલી આવે છે. આજે અગ્નિદાહ દેવાની ક્રિયા હિંદુઓના અસરથી થઈ હોય તેમ જણાય છે. માણસનું મૃત્યુ થાય પછી ઢોલ વગાડવામાં આવે છે અને બીજા સમાજમાં તથા સગાસંબંધીને ખબર પહોંચાડવામાં આવે છે. મરણોત્તરની વિધિ બીજા કે ત્રીજા દિવસે બધા ભેગા મળીને કરે છે. મૃતદેહને ઠાઠડીમાં સ્મશાને લઈ જવામાં આવે છે. ઉત્તરદિશામાં માથુ રાખીને દાટવાની કે બાળવાની ક્રિયા પુત્ર-પિતા કરતા હોય છે.

**પાળિયા :**

મૃત્યુ થયા પછી વિધિ-વિધાન કર્યા પછી અનુકુળ સમયે સામાન્યરીતે રસ્તાની બાજુમાં તેના સ્મારક તરીકે પાળિયો ઉભો કરવામાં આવે છે. પાળિયાની સ્થાપના કર્યા પછી તેના ઉપર હળદર, દહીં, ઘી અને તેલ ચોપડવામાં આવે છે. તેના કુટુંબીઓ-સગાંઓ અને રસ્તે આવતાં-જતાં લોકો અવારનવાર દારૂ અને તમાકુને નૈવેદ્ય ધરાવે છે.

**મુખ્યવિશેષતા :**

નવો પાક થાય ત્યારે, હોળીના ઉત્સવ, મેઘનાથ ઝૂલાનો ઉત્સવ, નવરાત્રિ, ઉતરાયણ તથા લોકમેળાના ખાસ ગોંડ જાતિની આગવી રીતે ઉજવે છે.

# પોમલા

પોમલા એ શબ્દ કયાંથી આવ્યો અથવા તો આ નામ કેમ પડ્યુ તેના વિષયની માહિતી તેમજ આ જાતિ કયાંથી આવી તે વિશે તેઓ કશી માહિતી આપી શક્યા નથી. સેન્સસ ઓફ બરોડામાં દર્શાવ્યા મુજબ આ જાતિ ૨૦૦ વર્ષ પહેલાં મદ્રાસ પ્રદેશમાંથી ગુજરાતમાં આવીને વસી હોય તેવુ લાગે છે. તેઓની ભાષા તેલુગુને મળતી આવે છે તેથી તેઓ મૂળ દક્ષિણમાંથી આવ્યા હશે તેમ મનાય છે.

**વસતિ :**

ગુજરાતમાં પોમલા જાતિ મુખ્યત્વે અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત અને ખેડા જિલ્લાના ખંભાત તાલુકામાં સ્થાયી વસવાટ કરે છે. તેમજ ગુજરાત બહાર મહારાષ્ટ્રમાં પણ તેમની વસ્તી છે. વળી રતલામ, ઈન્દોર, બડનગર વગેરે સ્થળે પોમલા લોકોની બોલી બોલતા લોકો વસે છે. ગુજરાતમાં ૨૦૦૧ પ્રમાણે પોમલાની વસ્તી ૮૧૯ની છે. તેમાં પુરુષોનું પ્રમાણ ૪૦૯ અને સ્ત્રીઓ ૪૧૦ છે. પોમલાઓની વસ્તી કુલ આદિવાસી વસ્તીમાં ૦.૦૧ ટકા છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

પોમલા જાતિના મકાનો સપાટ જમીન ઉપર બાંધેલા છે. મકાનો એક ફળિયામાં હોય તેવું વધારે જોવામાં આવે છે. સાથોસાથ એક ઘરની દિવાલ બીજા ઘરની દિવાલ સાથે જોડાયેલી છે. વળી કોઈક મકાનોની દિવાલ સ્વતંત્ર પણે જોવા મળે છે.ઘરની બનાવટમાં દિવાલો માટીમાંથી બનાવેલ હોય છે. આ ઉપરાંત કેટલીક જગ્યાએ ઈંટ માટીના બાંધેલા મકાનો પણ જોવા મળે છે. ઘરની ઉપરનું છાજ પણ દેશી નળિયા, પતરાં, મેંગલોરી નળિયાં કે તાડછાના પાનનું પણ છાજ જોવા મળે છે. ઘણા કુટુંબો ભાડાના પાકા મકાનમાં પણ રહે છે. તેમના મકાનમાં મોટાભાગે એક કે બે ખંડ હોય છે.

પોમલાની ઘરવખરીના સાધનો પોતાની જરૂરીયાત પૂરતાં પણ નથી. ઘરવખરીમાં મોટાભાગની વસ્તુઓમાં એલ્યુમિનિયમ, પિત્તળ, સ્ટીલ અને ચિનાઈ માટી તથા માટીનાં વાસણો વિશેષ જોવા મળે છે. આ ઉપરાંત થોડાંક ગોદડા, ખાટલા, ઘરમાં પ્રકાશ માટે ફાનસ, લાકડાની અભરાઈ, ઉપરાંત અનાજ ભરવાના તથા લોટ માટે પતરાના ડબ્બા રાખે છે. ઘરમાં રેડિયો, ટેપ, ટી.વી., ઘડિયાળ, પતરાની પેટી લાકડાની પેટી વગેરે રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

પોમલા પુરુષોનો પહેલાંનો પોશાક ધોતી-ખમીશ અને ફેંટો હતો. હાલ પોમલા પુરુષો લેંઘો, ખમીશ અથવા બુશકોટ પહેરે છે. તો કોઈ પાટલૂન-બુશ્કોટ પહેરે છે. સ્ત્રીઓ ચણીયો, પોલકુ અને સાડી પહેરે છે. નાના બાળકો ખાલી ચડ્ડી પહેરે અથવા ચડ્ડી બુશકોટ પહેરે છે. જયારે નાની છોકરીઓ ફરાક પહેરે છે. આ કપડાં તેઓ બજારમાંથી તૈયાર લાવે છે.

પોમલા પુરુષોમાં ઘરેણાંની શોખ જણાતો નથી. સ્ત્રીઓ મુખ્યત્વે ગળામાં કાળા મણકાની માળા, કાચની માળા, કાને કડી અને નાકે સોનાની ચુની પહેરતા જોવા મળે છે. તેઓ હવે પરંપરાગતથી આગળ વધીને સોનાનાં

એરિંગ, નથણી, હાથમાં બંગડી ચાંદીના છડા પહેરે છે. લગ્નમાં પણ સોના-ચાંદીના દાગીનાની લેવડદેવડ કરે છે.

**બોલી :**

પોમલાઓને એક રીતે કહીએ તો તેઓ મૂળ તેલૂગુને મળતી બોલી બોલે છે પણ આધુનિકરણની અસર થવાથી તેઓમાં આજે ગુજરાતીકરણ વધુ જોવા મળે છે.

**ખોરાક-પીણાં :**

ખોરાકમાં આ જાતિ શાકાહારી તેમજ માંસાહારી છે. તેઓ બાજરીના રોટલા, શાક, કઠોળ, દાળ વગેરેનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ચોખા, ખીચડી તથા વારતહેવારે મીઠાઈ ખરીદે છે અને બકરાનું માંસ કે માછલીનો ખોરાકમાં ઉપયોગ કરે છે.

પીણાંમાં ચાની ટેવ નિયમિત છે, જ્યારે તાડી મળે તો તે પણ પી લે છે. દારૂ પીવાની બાબતમાં સ્થળ પ્રમાણે વિવિધતા છે.

**શિક્ષણ :**

. પોમલાઓમાં શિક્ષણના પ્રમાણમાં ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૫૫.૫૭ ટકા છે. .પોમલાઓ ગ્રામ્ય વિસ્તારની સાથે સાથે શહેરી વિસ્તારમાં પણ રહે છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને અનામતની જોગવાઈ હોવા છતાં જાગૃતતતાના અભાવે લાભ મેળવી શક્યા નથી.

**ધર્મ :**

પોમલા જાતિ હિન્દુ ધર્મમાં શ્રધ્ધા ધરાવે છે. તેઓ હિન્દુ દેવ-દેવીઓને માને છે. તેઓ ચોસઠ જોગણી, ભદ્રકાળી, અંબાજી, લક્ષ્મી, હનુમાન, બળિયાદેવ વગેરેને પૂજે છે. તેઓ આર્થિક પ્રકૃતિમાં કાળભૈરવ, નવકોટદેવ, શેષનાગ વગેરે ઉપરથી કહી શકાય કે પોમલા જાતિ ઉપર હિન્દુ સભ્યતાની અસર છે.

આ જાતિના લોકો હોળી, રક્ષાબંધન, સાતમ-આઠમ, નવરાત્રિ, દિવાળી, ચૈત્રી ઉજવણી, જાત્રા ઉજવણી વગેરે કરે છે.

**વ્યવસાય :**

પોમલા જાતિના કુટુંબો નીચે જણાવ્યા પ્રમાણે જુદા જુદા પ્રકારના કામ કરીને પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. ટોપલા-ટોપલી, રંગાટીકામ, શાળાખાતામાં, ઓટોરીક્ષા, પગરીક્ષા, લુહારીકામ, ડ્રાઈવીંગ, ચાની લારી, છૂટકમજૂરી, વેપાર, હિરાઘસવા, નોકરી, હોટલમાં નોકરી વગેરે વ્યવસાય કરે છે. તેમનો મુખ્ય વ્યવસાય સ્થિર નથી.

**જાતિપંચ :**

ગુજરાતમાં પાચ શહેરોમાં પોમલા લોકો રહે છે. તેઓ વચ્ચેનું અંતર એકબીજાથી દૂર હોવા છતાં જાતિપંચથી સમાજના દરેક પ્રસંગે જાતિમાં જ જોડાયેલા રહે છે. આ જાતિપંચમાં એવુ નક્કી કરેલ છે કે લોકો નિયમોનું પાલન કરે, ગુનાઓનું પ્રમાણ ઘટે, સરકારી કાયદાઓનું અમલીકરણ થાય, જન્મ, લગ્ન, મરણના પ્રસંગોએ કોઈ પ્રશ્ન

ઉભો થાય તો જાતિપંચ અને તેના વડિલ સભ્યો ઉકેલ લાવતા હોય છે. પોમલામાં પટેલ (આગેવાન)ની સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

**સામાજિક રીતરિવાજો :**

ગુજરાતમાં વસતા પોમલાઓ શહેરી સંસ્કૃતિની અસર નીચે હોવાથી તેના ઘણા સામાજિક રિવાજોમાં પરિવર્તન આવ્યું છે. મૂળ રિવાજોને છોડી દીધા હોય તેવુ પણ જોવા મળ્યું છે. જેથી ગરીબાઈના માળખામાં સમગ્ર જીવન વ્યવહારો ગોઠવાયેલા જોવા મળે છે.

**રજસ્વલા સ્ત્રી :**

પોમલાઓમાં રજસ્વલા સ્ત્રીને "અડકવું નહી" એવા નામે બોલાવે છે. આ સમય દરમ્યાન રસોઈ બનાવવી, પાણી ભરવુ, દેવ-દેવીની પૂજાવિધિ, ધૂમ-દીપ કરવા વગેરે કાર્યો કરવાનાં હોતાં નથી. તેમજ કોઈ પવિત્ર કાર્યો થતા હોય ત્યાં જઈ શકાતુ નથી. આવી સ્ત્રીઓ મોટાભાગે વાસણ સાફ કરવાં, ઘરમાં સફાઈ કરવી વગેરે કામો કરે છે.

**ગર્ભધાન :**

સ્ત્રીને રજસ્વલા થતુ બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેવુ માને છે. આવી સ્ત્રીને ઉલટી થાય તો પણ ગર્ભ રહ્યો હશે તેવુ માને છે. ગર્ભ રહેવા પાછળા જાતિય સંબંધને મુખ્ય ગણવામાં આવે છે. ગર્ભ રહ્યાબાદ કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતીનથી. ખોળો ભરાવવાની વિધિને સીંમત કહે છે. સાતમો - આઠમો મહિનો ચાલતી હોય ત્યારે વિધિ કરીને તેનાં માતા-પિતા પ્રસૂતી માટે પિયરમાં તેડી જાય છે.

**પ્રસૂતિ :**

પ્રથમ સુવાવડ સ્ત્રીના પિતાને ત્યાં કરવામાં આવે છે. હાલ આ લોકો તાલીમી દાયણની સાથે સાથે દવાખાને કરાવવાનું વધારે પસંદ કરે છે. પ્રસવ સમયે પોતાના કુટુંબની સ્ત્રીઓ અને પુરૂષો હાજર હોય છે. પત્ની બાળકો જન્મ આપે પછી પતિએ તેની મરામત કરવાની રહે છે.

**છટ્ઠી :**

બાળકમાં જન્મપછી છઠ્ઠે દિવસે આ વિધિ કરવામાં આવે છે. આ દિવસે ઘઉંની રોટલી અને સાત લીલોતરી શાક સાથે બનાવી નાના બાળકોને જમાડવામાં આવે છે. આ દિવસે બાળકને નવડાવવામાં આવે છે. નવા વસ્ત્રો પહેરાવવામાં આવે છે અને તેની માતા પણ નાહી-ધોઈ લે છે.

**નામકરણ વિધિ :**

બાળકના જન્મ પછી સવા માસે આ વિધિ કરવામાં આવે છે. આ દિવસે પાંચ-સાત બાળકોને જમાડવામાં આવે છે. આવી સ્ત્રી તથા જન્મેલ બાળક પોતાની કૂળદેવીને પગે લાગવા જાય છે. દેવ-દેવીની પૂજા કર્યા પછી બ્રાહ્મણ પાસે નામ માટે રાશિ જોવરાવી નામકરણવિધિ કરવામાં આવે છે. આ નામ સામાન્યરીતે ઘરનો વડિલ પાડે છે. પુરુષ-સ્ત્રીનાં નામ ગુજરાતી નામ જેવાં હોય છે.

**સગાઈ :**

સગાઈ માટે તેઓ "માંગણી" એવો શબ્દ વાપરે છે. સામાન્ય રીતે છોકરાની ઉંમર ૧૯ થી ૨૧ વર્ષ અને છોકરીની ઉંમર ૧૭ થી ૨૦ વર્ષની થાય ત્યારે સગાઈ કરવામાં આવે છે. સગાઈ માટેની શરૂઆત છોકરાપક્ષ તરફથી થાય છે. સગાઈમાં છોકરી માટે છોકરાપક્ષ તરફથી બે જોડી કપડાં, કંકુ, બંગડી-બકલ લઈ જાય છે. છોકરાપક્ષની સ્થિતિ સારી હોય તો પગમાં પહેરવાના ચાંદીના સાંકળા પણ લે છે. સગાઈ કરવા ૧૦ થી વધુ વ્યક્તિઓ જાય છે અને છોકરાપક્ષની લાવેલ કપડાં-શણગાર છોકરીને પહેરાવી વિધિ કરે છે. વિધિ પૂરી થયા પછી પાકુ ભોજન- દારૂની મિજબાની કરે છે. આમ સગાઈમાં રૂા.૩૦૦ થી ૪૦૦નો ખર્ચ થાય છે.

**લગ્ન :**

બન્ને પક્ષની અનુકુળતાએ લગ્નની તિથિ નક્કી કરવામાં આવે છે. હાલમાં કંકોત્રીથી દસ-બાર દિવસ પહેલાં સગાંને જાણ કરવામાં આવે છે. ગામમાં રૂબરૂ આમંત્રણ આપે છે. લગ્નની તિથિ અગાઉ ત્રણ દિવસ પહેલાં પીઠી ચોળવામાં આવે છે. પરણીત સ્ત્રીઓ જ પીઠી ચોળે છે, કુવારી છોકરીઓ પીઠી ચોળતી નથી.

લગ્નતિથિના આગલા દિવસે મંડપ રોપવામાં આવે છે. બ્રાહ્મણે મૂરત કાઢેલ હોય તે મુજબ ગણેશ સ્થાપન, ગૃહશાંતિ કરવામાં આવે છે. મંડપના બીજા દિવસે જાન જાય છે. જાન ચાર-પાંચ વાગે સાંજના નિકળે છે પરંતુ આજે ટેમ્પા, ટ્રક, ટ્રેક્ટરમાં સવારે જાત નિકળે છે. કન્યાપક્ષે પહોંચ્યા પછી વડીલો મળવા આવે છે અને તેનો યોગ્ય જગ્યાએ ઉતારો આપે છે. તેમના માટે ભોજનમાં દાળ-શાક, ભાત, લાપસી હોય છે. ભોજન લીધા બાદ વાજતે-ગાજતે કનયાના માંડવામાં જાત આવે છે. માંડવા નીચે પાટલા ઉપર વરરાજાને બેસાડવામાં આવે છે ત્યાં બે રીતે લગ્નો થાય છે (૧) બ્રાહ્મણ દ્વારા (૨) પોચલા પટેલ દ્વારા. તેઓ હિંદુ વિધિ પ્રમાણે લગ્ન કરે છે. ત્યારપછી ચા-પાણી કર્યા પછી લગ્નના બીજા દિવસે સવારમાં વરકન્યાને વિદાય કરવામાં આવે છે.

**છૂટાછેડા :**

પોમલા જાતિમાં છૂટાછેડા લઈ શકાય છે એટલે કે છૂટાછેડા સમાજ માન્ય છે. તેમાં પત્ની કહ્યામાં ન રહે, ચાલચલગત સારી ન હોય, સંતાનો થતા ન હોય, પુરુષ અથવા સ્ત્રી બંનેમાં ગંભીર બિમારી હોય, આવી પરિસ્થિતિમાં છૂટછેડા લે છે. પતિ-પત્ની છૂટાછેડા લે અને જો કંઈ સંતાન હોય તો તે સંતાનનો હક્કદાર પુરુષ બને છે. પરંતુ સંતાન નાનુ હોય તો સ્ત્રી પાસે રહે છે પણ મોટુ થતા તેણે પુરુષને સોંપી દેવુ પડે છે.

**પુનઃલગ્ન :**

પુનઃલગ્ન સમાજ સ્વીકૃત હોવાથી વિધવા-વિધુર કે છૂટાછેડા લીધેલ સ્ત્રી-પુરુષ પુનઃલગ્ન કરી શકે છે. આવાં લગ્નો વિધિસર કરતા નથી. આ પુનઃલગ્નને તેઓ 'નાતરુ' એવો શબ્દ વાપરે છે. આમાં ફુલહાર પહેરાવી લગ્ન કરતા હોય છે. આ ઉપરાંત દિયરવટુ, સાળી વટુ વગેરેની પ્રથા ચાલે છે.

**મૃત્યું :**

વ્યક્તિ જયારે મરણ પથારીએ હોય ત્યરે તેના નજીકના સબંધીઓને બોલાવી લેવામાં આવે છે. ગામના જાતિભાઈઓને તુરતજ બોલાવી લેવામાં આવે છે, અને ઘીનો એક દીવો કરવામાં આવે છે. મૃતદેહને જમીન ઉપર

રાખીને સ્નાન કરાવવામાં આવે છે, આખા શરીરે હળદર ચોળવામાં આવે છે અને અત્તર છાંટવામાં આવે છે. નવા વસ્ત્રો પહેરવામાં આવે છે. વાંસમાંથી ઠાઠડી તૈયાર કરવામાં આવે છે. નજીકના સગા ઠાઠડીને ઉપાડે છે. આગળ એક વ્યક્તિ માટલીમાં આગ રાખીને ચાલે છે. સ્મશાન ઉપર પહોંચે છે. ઉત્તર દિશામાં માથુ રાખીને દાટવામાં કે બાળવામાં આવે છે. પરત આવ્યા પછી સ્નાન કરીને મૃત્યુ પામનારના ઘરે આવીને આગળની વિધિ નક્કી કરી છૂટા પડે છે. ઘરમાં રસોઈ બનતી નથી પરંતુ કુટુંબીઓ- પડોશીઓ બે દિવસ સુધી રસોઈ કરે છે.

મૃત્યુ બાદ પાંચ દિવસ સુધી મૃત્યુ પામેલ વ્યક્તિને જયાં દાટવામાં કે બાળવામાં આવ્યો હોય ત્યાં તેને જે કંઈ વધુ પડતુ વ્યસન હોય કે ખાવા-પીવાની પ્રિય વસ્તુ હોય તે મૂકવામાં આવે છે. છઠ્ઠા દિવસે દાઢી-મૂછ ઉતારવાની ક્રિયા કરે છે. જેને "સુવાળુ ઉતાર્યુ" એમ કહે છે. બારમાની વિધિ કરાવે છે. બ્રાહ્મણ પાસે પિંડદાન પણ કરાવે છે. આ ઉપરાંત ભજનકિર્તન પણ કરાવે છે. આમ સમગ્ર રીતે જોતાં પોમલા જાતિના સામાજિક પાસાં ઉપર આર્થિક સ્થિતિનો પ્રભાવ પડ્યા વગર રહેતો નથી.

**મુખ્ય વિશેષતા :**

આ જાતિ ગ્રામ્ય વિસ્તારમાં રહેતી હતી. ત્યાંથી ધીમે ધીમે સ્થળાંતર થઈને શહેરમાં આવીને વસી છે.

## બાવચા

બાવચા જાતિ કેવી રીતે ગુજરાતમાં આવી વસી એ વિશે થોડી ઐતિહાસિક માહિતી સિવાય બીજા કોઈ લેખિત પુરાવા મળતા નથી.

"યાદવ-પાંડવકુળના હશે એ પણ મામા ફોઈના છોકરાના લગ્ન થાય છે જે પાંડવોમાં હતા." બાવચા વિશે આગેવાનો વૃધ્ધો દ્વારા મૌખિક જાણવા મળેલ વાતો પરથી તેઓ મૂળે મહારાષ્ટ્રથી રાજકીય અને આર્થિક કારણોસર ગુજરાતમાં વસેલા છે. એ લોકોના કહેવા પ્રમાણે શિવજી મહારાજના વખતથી આ જાતિ ચાલતી આવી છે. પહેલાં આ લોકો શિવાજી મહારાજના લશ્કરમાં ફરજ બજાવતા હતા.

**વસતિ :**

ગુજરાતમાં જયાં જયાં ગાયકવાડી થાણાં હતાં ત્યાં ત્યાં બાવચા લોકો વસેલા છે. ગુજરાત રાજયમાં અમદાવાદ, વડોદરા, ખેડા, ગોધરા, ભરૂચ, મહેસાણા, પાટણ વગેરે જગ્યાએ વસ્તી જોવા મળે છે. આ લોકોની મોટી વસ્તી અમદાવાદ- વડોદરામાં વસે છે.

ગુજરાતમાં બાવચા-બામચાઓની ૨૦૦૧ પ્રમાણે થતી ૪,૧૨૫ છે. તેમાં પુરુષોનું પ્રમાણ ૨,૧૪૮ છે અને સ્ત્રીઓનું પ્રમાણ ૧,૯૭૭ છે. જે કુલ આદિવાસી વસ્તીમાં ૦.૦૫ ટકા પ્રમાણ છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

બાવચા લોકો શહેરી વિસ્તારોમાં જુદા જુદા પછાત જાતીના લોકો વચ્ચે વસે છે. તે વિસ્તાર ગંદકીવાળો જોવા મળે છે. તેઓના નજીકના સગાસંબંધીઓ, જમાઈ વગેરે પણ સાથેજ ઘર બાંધીને રહે છે. બધાનાં ઘર એક સરખાં જોવા મળતાં નથી. ઈંટ, સિમેન્ટ, ધાબાથી માંડી ઝૂંપડા સુધીનાં ઘરોમાં વસવાટ જોવા મળે છે.

તેઓના ઘરમાં ખાટલા, પલંગ, ગોદડી, અભરાઈ, ખુરશી ટેબલ વગેરે ઘરમાં રાખે છે. તેઓ ઘરમાં નીચે પાથરીને સૂઈ રહે છે. તેઓના કુટુંબના સભ્યો વધારે હોવાથી એકજ ઓરડામાં ખાવા-પીવા, સૂવા કે બેસવાની મુશ્કેલી પડે છે. આ ઉપરાંત જે બાવચા પાસે પોતાની જમીન કે મકાન ન હોય તો તેઓ સ્થિતિ પ્રમાણે ભાડે રાખીને રહે છે.

તેઓના જરૂરી એવાં વાસણોમાં તાંબાનાં, એલ્યુમિનિયમ, પિત્તળ, સ્ટીલ, માટી, કાચ, પ્લાસ્ટીક વગેરે જરૂરી સાધનો રાખે છે. તેમાં ખાસ કરીને રસોઈ બનાવવાનાં, ખાવાનાં અને પાણી લાવવાનાં સાધનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઘરઉપયોગી ખાટલા, ટેબલ-ખુરશી, સાયકલ, ઘડિયાળ, રેડિયો-ટેપ, ટી.વી., ટોપલા-ટોપલી, પેટી, કબાટ, સંચો, પંખો, વાજીંત્રો, ગેસ વગેરે સાધનો રાખે છે.

**પહેરવેશ :**

બાવચાઓ પહેલાંનો પોષાક પુરુષોમાં, પોતડી, ખમીશ, ફેટો હતો, જયારે સ્ત્રીઓનો પોશાક મહારાષ્ટ્રીય ઢબે સાડી, કછોટો, મારીને બ્લાઉઝ ઉપર વીટતી હતી, આજે પરંપરાગત પોશાકમાં પરિવર્તન આવ્યું છે. હાલમાં બાવચા સ્ત્રી-પુરુષો-બાળકો વગેરે ગુજરાતીઓના જેવો જ પોશાક પહેરે છે. આધુનિક સાડી, બ્લાઉઝ, ચણીયો, યુવાન સ્તરીઓ પંજાબી તથા પુરુષો મોટા ભાટે પેન્ટ-શર્ટ પહેરે છે.

ઘરેણાંમાં સોના અને ચાંદીના બંન્ને પહેરે છે. સ્ત્રીઓ કાને બુટીઓ - સોના કે ચાંદીનો હાર, હાથે કડુ-વીંટી, બંગડી પહેરે છે. નાકે કાંટો, પગે છડા કે ચાંદીના સાંકળા પહેરે છે. પુરુષો હાથે સોના કે ચાંદીની વીંટી, ગળામાં ચાંદી કે સોનાનો હાર વગેરે પહેરે છે.

**બોલી :**

બાવચા કે ખામચાઓ મહારાષ્ટ્રીયન જેવી તથા ગુજરાતમાં જે જે વિસ્તારમાં રહેતા હોય તે બોલીનો સામાન્ય વ્યવહારમાં ઉપયોગ કરે છે. તેઓમાં આધુનીકરણની અસરથી ગુજરાતી ભાષા વિશેષ જાણે છે.

**ખોરાક-પીણાં :**

બાવચા લોકો ખોરાક શાકાહારી તેમજ માંસાહારી બન્ને પ્રકારનો ખોરાક ખાય છે. ખોરાકમાં ઘઉં, ચોખા, બાજરીનો ઉપયોગ કરે છે. બપોરે રોટલા, શાક અને છાશ-મરચાં ખાય છે. જેઓ નોકરી કરે છે તેઓ દાળ-ભાત, શાક, કઠોળ, મીઠાઈ વગેરે લેતા હોવાનું જોવા મળે છે. પ્રસંગોપાત લાપસી-શીરો, મીઠુ ભોજન થાય છે.

બાવચાઓ અઠવાડિયે કે પખવાડિયે માંસાહાર પણ કરે છે. આ ઉપરાંત સામાજિક ધાર્મિક ઉત્સવ પ્રસંગોએ પણ મરઘાં-બકરાંનું માંસ ખાય છે. તેઓ સવાર-બપોર-સાંજ નિયમીત ચા પીવે છે. દારૂ સ્થળ પ્રમાણે ઓછાવત્તા અંશે પીવે છે. બાવચાઓમાં જન્મથી મૃત્યુ સુધીના પ્રસંગોમાં દારૂનું સ્થાન છે. આ લોકોમાં આગતા-સ્વાગત ખાસ કરે છે.

**શિક્ષણ :**

બાવચાઓમાં શિક્ષણનું ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૬૫.૬૪ ટકા છે. બાંવચાઓ ગ્રામીણની સાથે સાથે શહેરમાં વધુ વસે છે જેથી તેઓમાં શિક્ષણનું પ્રમાણ ઠીક કહી શકાય.

**ધર્મ :**

બાવચાઓ હિંદુ ધર્મ પાળે છે, હિંદુ ધર્મના દેવ-દેવીઓમાં કાળકામાતા-અંબામાતા, બહુચરમાતા, હનુમાન, ગણેશ, શંકર વગેરેની પૂજાવિધિ કરે છે. તેઓ દેવો કરતાં દેવીઓમાં વધારે માને છે. દેવલીમાળી ચોસઠ જોગણી બે મહત્વની દેવી છે જેને કુળદેવી તરીકે પૂજાવિધિ કરે છે. આ ઉપરાંત પરંપરાગત વાઘદેવ, કાકાબળિયા, નવરાત્રિ ઉજવવાનું તથા હોળી, દિવાળી, જન્માષ્ટમ વગેરે હિંદુઓના બધા તહેવારો મનાવે છે. ઉજવણીની સમગ્રની પૂજાવિધિઓ ભૂવા-ભગત મારફત કરાવે છે.

**વ્યવસાય :**

બાવચા લોકો ટોપલા-ટોપલી બનાવવાનો મુખ્ય વ્યવસાય હતો પરંતુ શહેરમાં આ વ્યવસાય પડી ભાંગ્યો. હાલમાં તેઓ છૂટકમજૂરી, મિલમાં કામ, પ્રેસમાં કામ, હોટલમાં મજૂરી, લારી ફેરવવી, રીક્ષા ફેરવવી, રંગકામમાં મજૂરીએ જવું વગેરે છૂટક વ્યવસાય કરી જીવન ગુજારી રહ્યા છે. નોકરીમાં કલાર્ક-પટાવાળા સિવાય ઉચ્ચ નોકરી કે શિક્ષણ જોવા મળતું નથી.

**જાતિપંચ :**

બાવચાપંચમાં મુખી, કોટવાલ અને તેના સભ્યો જોવા મળે છે. મુખીપંચનું સંચાલન કરે છે. કોટવાલ સામાજિક તેમજ ધાર્મિક પ્રસંગોમાં અને સભ્યોના મૃત્યુ સમયે મહત્વનો ભાગ ભજવે છે. પંચ મોટાભાગે સામાજિક ઝગડા ઉકેલવા, મારામારી, લગ્ન જોડાણ, છૂટાછેડા, પુનઃલગ્ન વગેરે ઝઘડાઓ સલાહ સૂચનો આપી તેને સુધારવા.

આજે શહેરી વિસ્તારના વાતાવરણને કારણે તથા શિક્ષણ વધારાના કારણે પંચના આ દેશોનું ઉલ્લંઘન થયા કરે છે. ઝઘડાઓ થતાં કોર્ટ દ્વારા લોકો પતાવે છે.

**સામાજિક રીતરિવાજો :**

**રજસ્વાલા સ્ત્રી :**

જયારે સ્ત્રી પહેલીવાર રજસ્વલા થાય ત્યારે તેને છેટી બેઠી કે હાથ ચોખ્ખો નથી એમ કહે છે. સામાન્ય રીતે ૧૪ થી ૧૭ વર્ષની ઉંમરે રજસ્વલા થાય છે. તે ચાર દિવસ સુધી તેના વાસણ, પહેરવેશ, ખાટલો, ગોદડી વગેરે અલગ રખાય છે. આ સમયે સ્ત્રી ઘરમાં કોઈને અડતી નથી સાથે સાથે તે રાંધવું, ધોવું, પાણી ભરવુ કે દેવી પૂજા કરવી વગેરે પણ કરતી નથી.

**ગર્ભધારણ :**

ગર્ભધારણ માસિક અટકાવ બંધ થતા રહ્યો છે તેવુ સર્વ પ્રથમ સ્ત્રીઓને જાણ થાય છે. પુરૂષને સ્ત્રી વાકેફ કરે છે. તેઓ ગર્ભજાતીય સંબંધથી રહ્યુ છે તેવુ માને છે તેમાં તેઓ ચોસઠ જોગણી કે અનય માતાની કૃપા પણ છે તેમ પણ બાધા-માનતાવાળા માને છે. આ બાધામાં બહુચરમા, ખોડિયારમા, ચોસઠજોગણી, અંબામાતા, મેલડીમાની વગેરે આખડી રાખે છે.

**ખોળો ભરવો :**

બાવચા લોકોમાં ખોળો ભરવાનો રિવાજ શક્તિ હોય તે મુજબ કરાતો જોવા મળે છે. સાસરેજ ખોળો ભરવામાં આવે છે. નજીકનાં બધાં સગાઓને આમંત્રે છે. કપાળમાં સિંદુર, કંકુ, ચોખા, ચાંલ્લો કરીને પાટલે બેસાડે છે ત્યાર પછી સમાજના રિવાજ મુજબ વિધિ સાત માસ પુરા થાય એટલે કરવામાં આવે છે.

**પ્રસૂતિ :**

પ્રથમ સુવાવડ પિયરમાંજ થાય છે. પિયરમાં સારો ખોરાક આપવામાં આવે છે. ગુંદર, ઘી, રવાનો શીરો, દૂધ વગેરે આપવામાં આવે છે. પ્રસૂતિ ઘરના એક ખૂણામાં કરાવવામાં આવે છે. આજે મોટાભાગે દવાખાને લઈ જાય છે. પરંપરાગત ગરીબાઈના કારણે તાલીમ પામેલ દાયણનો પણ ઉપયોગ કરે છે. દાયણને રૂા.૧૫ થી ૨૦ અને કાચુ સીધુ ગોળ, મરચાં, તેલ, ચોખા, ઘી વગેરે આપવામાં આવે છે.

**છઠ્ઠી :**

છઠ્ઠીની વિધિ પાંચ કે દશ દિવસે કરવામાં આવે છે. આર્થિક સ્થિતિ સારી ન હોય તો સવા માસે પણ કરવામાં આવે છે. છોકરા-છોકરીને ચાંલ્લો કરીને વિધિ કરવામાં આવે છે.

**નામકરણ :**

બાવચાઓમાં નામ ફોઈ પાડે છે અને ફોઈ ન પાડે તો આજે બ્રાહ્મણ કે ઘરના જ નામ પાડી દે છે.

**સગાઈ :**

બાવચાઓમાં સગોત્ર લગ્ન સંબંધો જોવા મળે છે, કારણકે તેમનામાં ગોત્ર વ્યવસ્થા જોવા મળતી નથી

તેમ છતાં મામા-ફોઈનાં સંતાનોમાં લગ્ન વર્જ્ય ગણાય છે. બાવચાઈ લગ્ન સંબંધો પોતાની જાતિમાં જ કરે છે. બાવચાઓમાં છોકરા-છોકરીને એકબીજાને પસંદ કરવાની છૂટ જોવા મળે છે. કોઈપણ ખોડ ન હોય, ચારિત્ર્યવાન, ખાનદાન અને ગુણવત્તાવાળી ભક્તિ હોય તેવી પસંદગી આપે છે. લગ્ન મોટાભાગે ૧૫ થી ૨૫ વર્ષની વયે કરે છે. છોકરો કે છોકરી લગ્ન કરવા લાયક થાય એટલે માતા-પિતા અને સગાંઓ લગ્ન માટે પાત્રની શોધમાં લાગી જાય છે.

**લગ્નવિધિ :**

બાવચાઓમાં લગ્નવિધિ કોટવાળ કરાવે છે. કોટવાળ પાસે લગ્ન જોવડાવી તિથી નક્કી કરવામાં આવે છે. રિવાજ મુજબ આપલે, જાનમાં કેટલા માણસ આવશે, જમવાનું શું હશે, છોકરીવાળાની સ્થિતિ સરી ન હોય તો મદદ કેવી રીતે કરવુ વગેરે નક્કી થાય છે. લગ્ન અંગે સગા-સંબંધીઓને કંકોત્રીથી જાણ કરવામાં આવે છે. જાન કોટવાળે નક્કી કરેલા ૬૦ થી ૭૦ માણસોની ટ્રક, ટેમ્પો કે ટ્રેકટરમાં જાય છે. શહેરમાં હોય તો બસનો ઉપયોગ કરે છે. કન્યાને ઘરે જાય ત્યારે સુંદર રીતે નાચી-ગાઈને સ્વાગત કરવામાં આવે છે. લગ્નવિધિમાં જાન જમ્યાબાદ સાંજે મોડા લગ્નનું તેડુ આવે છે. લગ્નની વિધિ એકાદ બે કલાક ચાલે છે ત્યાં નાડાછડી એકબીજાના ગળામા ભરાવીને કાટવાડ વિધિપૂર્વક કપડાથી છેડા જોડી મંત્રોચાર સાથે કન્યાના ભાઈની હાજરીમાં ચોરીના ફેરા ફેરવે છે. આ વખતે કન્યાદાન આપવામાં આવે છે. છોકરાના લગ્નમાં ૪ થી ૫ હજાર રૂપિયા થાય છે. આધુનિક સમયમાં આથી પણ વધુ ખર્ચ થાય છે.

**છૂટાછેડા :**

લગ્નબાદ સ્ત્રી અને પુરુષ એકબીજા ઉપર શંકાની નજરે જૂએ, પતિ-પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હોય, પુત્રવધૂના સાસુ કે નણંદ સાથે ઝઘડા વારંવાર થાય ત્યારે તેમાં ઝઘડો મોટુ સ્વરૂપ પકડે છે. ઘરના વડીલો તથા જાતિપંચના લોકો ઝઘડો પતાવવા પ્રયત્ન કરે છે. જો જાતિપંચ મારફત ઝઘડાનું સમાધાન કે છૂટાછેડા કરવાનું નક્કી થાય છે. આમ છતાં તેમ ન બને ત્યારે કોર્ટ દ્વારા છૂટાછેડા લઈ શકે છે. છૂટાછેડામાં દાગીના પરત આપી દેવા પડે છે. બાળકો નાનાં હોય તો પત્ની પાસે અને મોટાં હોય તો તેના પિતને સોંપવમાં અવે છે.

**પુનઃલગ્ન :**

બાવચાઓમાં નાની વયે વિધવા કોઈ સ્ત્રી થાય તો ફરી નાતરુ શકે છે. તેને કુંવારો છોકરો મળી શકે છે અને ન મળે તો તેવા સંજોગોમાં છૂટાછેડાવાળા સાથે કે નાની વયે વિધુર થયેલા સાથે પણ લગ્ન કરી શકે છે.

નાની વયે વિધુર થયેલા પુરુષો પણ કુંવારી છોકરી સાથે છૂટાછેડાવાળી છોકરી સાથે લગ્ન કરી શકે છે.

**આંતરજ્ઞાતિય લગ્ન :**

બાવચાઓમાં કોઈને કોઈ કારણોસર પોતાની જાતિ સિવાઈ લગ્ન કર્યાના કિસ્સા જોવા મળે છે.

**મૃત્યુ :**

વ્યક્તિ મૃત્યુ બાદ ઘરની વ્યક્તિઓ રડવા માંડે છે. એ જાણીને આજુબાજુ વસતા કુટુંબીઓ, જ્ઞાતિના માણસો આવે છે. વેવાઈ, જમાઈ, દિકરી કે નજીકના સગાને તેઓ તેડે છે. મૃત વ્યક્તિને ખાટલામાંથી નીચે સફાઈ કરી લીંપીને કે પાણીથી ધોઈને સુવાડવામાં આવે છે. કુટુંબીઓ અને જ્ઞાતિવાળા થોડીવારમાં વાંસની ઠાઠડી

બનાવી દે છે. ચારે ખૂણે નાળિયેર બાંધે છે. મૃતવ્યક્તિને સ્નાન કરાવે છે. પીઠી પણ લગાડવામાં આવે છે. નવાં કપડાં પહેરાવે છે. તેની ઉપર ચોખા-સિંદુર, ગુલાલ વગેરે ચઢાવવામાં આવે છે. આવેલ બધી વ્યક્તિ ઉપર ગુલાલ નંખાય છે. પછી ઠાઠડીમાં બાંધીને સ્મશાને લઈ જાય છે. રસ્તામાં અનાજ, પૈસા, જલેબી વગેરે નાંખતા જાય છે. સ્ત્રીઓ વિસામા સુધી જ સ્મશાનમાં જાય છે. મોટો છોકરો મરનારના મોંમાં ગંગાજળ મૂક્યા પછી અગ્નિદાહ મૂકે છે. મૃતદેહ બળી રહે પછી ઘરે કે કૂવા અથવા ડંકી ઉપર સ્નાન કરે છે. છ દિવસે સુંવાળા ઉતારે છે અને તેઓ અગીયારમા કે બારમાની વિધિ પણ કરે છે. તેની યાદમાં પાળિયા પણ મૂકે છે.

**મુખ્ય વિશેષતા :**

તેઓ શહેરી વિસ્તારમાં રહે છે. તેમની માતાની ઉજવણીનો પ્રસંગ ઉજવે છે. એમની જુની ઓળખ નાચ-ગાન અને ઘોડા-તબેલા સાચવવાની ઓળખ ભૂસાઈ ગઈ લાગે છે.

## નાયક-નાયકડા

ચાંપાનેરમાં હિંદુ રાજાના લશ્કરમાં નાયકો તરીકે તેઓ કામ કરતા હતા, અને મુસલમાન રાજાઓએ ચાંપાનેરનો નાશ કર્યો. તે પછી તેઓ પંચમહાલ, વડોદરા તથા સુરત વગેરે જિલ્લાઓમાં વસવાટ માટે ચાલી ગયા હશે એમ મનાય છે. છતાં તે મૂળ કોણ છે ? કયાંથી આવીને વસેલી છે ? વગેરે બાબતોમાં મતભેદ પ્રવર્તે છે. તેથી સો ટકા સાબિત કરવુ પણ મુશ્કેલ બને છે.

નાયક પ્રજાને કોઈપણ બાબતમાં તૈયારી કરી શકે એવો અધિકાર ધરાવનાર અથવા પ્રભાવશાળી એવો નેતા કે સરદાર પણ કહેવાય છે. જેમકે સેનાપતિ, અધિપતિ, સ્વામી, માલિક આ ઉપરાંત મુખી પણ લોકનાયક છે. તેમજ શૃંગાર ધારણ કરનાર અથવા સાધકરૂપ યૌવન સંપન્ન પુરુષ તેમજ નાટકમાં ભાગ લેનાર પણ નાયક કહેવાય છે. નાયકાઓમાં નાયક, નાયકડા, ચોલીવાલા નાયક, નાના નાયકા, મોટા નાયકા, કાથડિયા નાયકા તરીકે પણ ઓળખાય છે. તે ભીલની જ એક પેટાજાતિ છે.

**વસતિ :**

ગુજરાતની મોટા ભાગની આદિવાસી જાતિઓ ગુજરાતની પૂર્વની સરહદી વિસ્તારમાં વસવાટ કરે છે. નાયકો મોટાભાગે ગુજરાતના આઠ જિલ્લાઓમાં વલસાડ, સુરત, ડાંગ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠામાં રહે છે. તેઓ સશક્ત, રંગે શ્યામ અને સ્વભાવે સ્વતંત્ર મિજાજી એવી આ પ્રજા અનાર્યોના વંશજો હોવાનું મનાય છે.

ગુજરાતમાં નાયક-નાયકડાઓની ૨૦૦૧ પ્રમાણે વસ્તી ૩૯૩૦૨૪ છે. તેમાં પુરુષોનું પ્રમાણ ૧૯૯૬૫૨ છે અને સ્ત્રીઓનું પ્રમાણ ૧૯૩૩૭૨ છે. જે કુલ આદિવાસી વસ્તીમાં ૫.૨૫ ટકા પ્રમાણ છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

નાયકાઓ જયાં જયાં રહે છે ત્યાં બીજી અન્ય જ્ઞાતિઓ સાથે રહે છે. નાયકાઓમાં જયાં જેવું ભૌગોલિક-કુદરતી વાતાવરણ તેવુ મનુષ્યનું જીવન અને વાતાવરણ પ્રમાણે ગ્રામ્ય રચના, ગૃહબાંધણી, રહેણીકરણી વગેરે વિભિન્નતા જોવા મળે છે.

સામાન્ય રીતે આ જાતિમાં છાજથી છવાયેલાં છાપરાં, અર્ધનળિયાં અને અડધી છાજથી છવાયેલાં છાપરાં, દેશી તથા વિલાયતી નળિયાંવાળાં ઘરો, પાકાં બનાવેલ ઘરો વગેરેમાં રહે છે. તેઓ છૂટક ધંધોરોજગાર, નોકરી કરતા થવાના કારણે, સરકારી યોજનાનો લાભ મળવાના કારણે તેઓ હવે પાકાં મકાન કરતા થયા છે. છતાં આજે તેઓમાં ગરીબાઈનું પ્રમાણ હોવાથી દિવાલમાં વાંસની કામઠી, કપાસ કે તુવરની કરાંઠી, ખજૂરનાં છટીયાં, તાડનાં પાંદડાં, બરૂ, અંકોલ કે ઉમરડા જેવા ઝાડની પાતળી સોટી તથા કાંસર જેવા ઘાસનો દિવાલ તરીકે ઉપયોગ કરે છે. તેમાં ગાયના ગોબર તથા માટીનું મેળવણ કરે છે અને લીંપણ કરીને સ્વચ્છ દિવાલ બનાવે છે. તેઓના ઘરમાં એક કે બે રૂમવાળુ મકાન હોય છે.

નાયકાઓ ખૂબજ ઓછી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓથી ચલાવી લે છે. તેમાં મોટાભાગની વસ્તુઓમાં એલ્યુમિનિયમ અને માટીનાં વાસણો, કાથીના ખાટલા, ટોપલાં, ટોપલીઓ, દળવાની ઘંટી, માછલી પકડવાની

જાળ વગેરે જોવા મળે છે. આજે સ્ટીલ અને પિત્તળનાં વાસણો મોટાભાગે વાપરતા થયા છે. પોતાના ઘરમાં વાસણ રાખવા માટે અભરાઈ, પલંગ, ખુરશી, ખાટલા, ટેબલ વગેરે હવે રાખે છે. પાણીના માટલા મૂકવા માટે લાકડાનું પણિયારુ રાખવામાં આવેલ. અનાજ ભરવા માટે ઘરમાં જરૂરી કોઠીઓ રાખે છે.

ઘરવખરીમાં ખાટલા, સાયકલ, ઘડિયાળ, રેડિયો-ટેપ, ટી.વી., સીવવાનો સંચો, વાજીંત્રો, ફાનસ, પેટી, કબાટ, બેટરી વગેરે સાધનો હવે રાખતા થયા છે.

**પહેરવેશ :**

પરંપરાગત તેઓ ઓછી કિંમતવાળાં પહેરવેશથી ચલાવી લે છે. પરંપરાગત રીતે પુરૂષો ધોતિયુ અને માથે ટોપી અથવા રૂમાલ બાંધે છે અને ખમીશ પહેરે છે. યુવાનો આજે પેન્ટ શર્ટ, બૂટનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત બાળકો બુશર્ટ અને ચડ્ડી પહેરતા જોવા મળે છે.

મોટાભાગે સ્ત્રીઓનાં કપડાં રંગબેરંગી જોવા મળે છે. મોટી ઉંમરની સ્ત્રીઓ કાળા રંગનાં વસ્ત્રો વધુ પહેરે છે. તેઓ કાછોટો અને કબજો તથા સાડી પહેરે છે, જયારે આજે યુવાન સ્ત્રીઓ સાડી, કબજો, ચણીયો પહેરતી તથા સ્કૂલમાં અભ્યાસ કરતી છોકરીઓ ફ્રોક કે પંજાબી ડ્રેસ પહેરે છે.

પરંપરાગત સ્ત્રીઓ પગમાં ચાંદીનાં કલ્લાં કે સાંકળા પહેરે છે. હાથમાં બંગડી અને નાકમાં સોનાની નથની પહેરે છે. આજે તેઓ ચાંદી કે સોનાના હાર, પગમાં ચાંદીના સાંકળા વગેરે પહેરતા થયા છે.

**બોલી :**

નાયકાઓ પોતાની આગવી બોલી બોલે છે તેની સાથે સાથે ગુજરાતમાં જે વિસ્તારમાં રહેતા હોય તે બોલીનો સામાન્ય વ્યવહારમાં ઉપયોગ કરે છે. તેઓમા પરંપરાગતની સાથેઆધુનીકરણની અસરથી ગુજરાતી ભાષા વિશેષ જાણે છે.

**ખોરાક અને પીણાં :**

નાયકાઓનો ખોરાક એમના વિસ્તાર આધારીત જોવા મળે છે. મોટાભાગે દક્ષિણમાં ચોખાના રોટલા, જુવારના રોટલા, શાક, દાળ, ભડકુનો ઉપયોગ કરે છે. જયારે મધ્ય ગુજરાતમાં મકાઈ કે જુવારના રોટલા, શાક, દાળ કે બાજરીના રોટલાનો ઉપયોગ કરે છે. તહેવારના દિવસોમાં ઢેબરા, પુરી, પાતરા, તથા માંસ-મચ્છીનો હાટમાંથી લાવીને ઉપયોગ કરે છે. આ ઉપરાંત તેતર, સસલાં, પાળેલ મરઘી, બકરા વગેરેનું માંસ ખાય છે.

પીણાંમાં નાયકાઓ દારૂ, તાડી અને ચા પીએ છે. લગ્ન કે તહેવાર પ્રસંગે આ પીણાંનો ઉપયોગ વધુ કરે છે. આમાં પુરુષો, સ્ત્રીઓ, બાળકો વગેરે પરંપરાગત રીતે પીતા જોવા મળે છે. તે તેમના સમાજમાં વણાયેલી વસ્તુ જોવા મળે છે.

**શિક્ષણ :**

નાયકડાઓમાં શિક્ષણનું ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો અક્ષરજ્ઞાનન કુલ પ્રમાણ ૩૫.૫૭ ટકા છે. નાયકડાઓ ગ્રામીણની સાથે સાથે શહેરમાં વધુ વસે છે જેથી ગ્રામીણમાં ૩૩.૬૮ ટકા અને શહેરી વિસ્તારમા ૫૩.૨૯ ટકા છે જે ઠીક ઠીક પ્રમાણ કહી શકાય.

### ધર્મ :

નાયકા સમાજ અન્ય સભ્ય સમાજની સાથે સાથે વધુ સંપર્કમાં આવ્યા છતાં પોતાના દેવ-દેવીઓની પૂજા ચાલુ રાખી છે. એમની પૂજામાં દેવો કરતાં દેવીઓની સંખ્યા વધી જાય છે. તેઓ હિંદુ દેવ-દેવીઓની પૂજાની સાથે સાથે તેમની દેવીઓની પૂજામાં શ્રધ્ધા વધુ રાખતા આજે પણ જોવા મળે છે.

તેઓ ઘરમાં વસતા દેવ-દેવીઓમાં હિરવા દેવ, ગૌરી ચેલો, કણસવી દેવી, મોમાઈ, જળ દેવ તથા ઘરબહાર વસતા દેવ-દેવીઓમાં હિમલીયો દેવ, ભરમદેવ, ઝાંપલીઓ દેવ, બાળદેવ, કુંવારો દેવ, ગામખેડી માતા, વાઘેશ્વરી માતા, વાઘયો દેવ, ખતરી દેવ, અગાસી માતા, ચાપલીદેવી વગેરેની વાર તહેવારે અને કાયમી પૂજા આજે કરે છે. ઉજવણી ભગત-ભૂવા પાસે કરાવે છે. તેઓ અનાજની વાવણી, નવા મકાનની બાંધણી, સામાજિક કાર્યમાં દારૂની શાક પાડીને દેવને મરઘુ ચઢાવીને રાજી કરે છે પછી જ આગળની વિધિ કરે છે.

### વ્યવસાય :

નાયકડાઓ પરંપરાગત ખેતી અને ખેતમજૂરીનો વ્યવસાય કરે છે તેની સાથે સાથે આજે શહેરમાં કે ગામડામાં છૂટકમજૂરી, નોકરી, વેપાર, જંગલમજૂરી, વનપેદાશ એકઠી કરવી, માછલી પકડવી વગેરે વ્યવસાય કરે છે. નોકરીમાં કલાર્ક, પટાવાળા, તલાટી, પોલીસ, ઓફિસર, શિક્ષકની સાથે સાથે ઔદ્યોગિક કંપનીઓ છે તેમાં છૂટમ મજૂરી કરી જીવન ગુજારતા જોવા મળે છે. છતાં ગરીબાઈના પ્રમાણમાં મોટો ઘટાડો જોઈ શકાતો નથી.

### ખેતીનાં સાધનો :

નાયકડાઓ મોટાભાગે જે ખેતી કરે છે તેમાં હળ લાકડાં, કરબ, સમાર, વાવણિયો, નાનાં ઓજારો, ગાડુ, કૂવો, મશીન, ઈલેક્ટ્રીક મોટર વગેરે રાખે છે. આ ઉપરાંત ખેતી માટે બળદ, પશુપાલન માટે ગાય, ભેંસ, બકરી વગેરે રાખીને જીવન ગુજારે છે.

### જાતિપંચ :

નાયકા જાતિમાં ઉભા થતા સામાજિક પ્રશ્નોનું નિરાકરણ કરવાનું કામ જાતિપંચ કરે છે. જાતિપંચ એ નાયકા સમાજના વડીલ વ્યક્તિઓનું બનેલુ સંગઠન મજબૂત અંગ છે. પંચીયા દરેક ગામમાં હોય છે. જે વડીલ વ્યક્તિ હોય, નિષ્ઠાવાન હોય, ચારિત્ર્યવાન હોય, બોલવામાં હોંશિયાર હોય, સમાજના નિતીનિયમોના જાણકાર હોય એવા વ્યક્તિને જ પંચના સભ્ય તરીકે સ્વીકારે છે. તેમાં ખાસ કરીને છૂટાછેડા, કૌટુંબીક ઝઘડા, જમીનના કે છેડતીના જેવા ગુનામાં કડક પ્રમાણે જાતિપંચ ન્યાય કરે છે. જરૂર લાગે તો દંડ પણ ફટકારેલ જોવા મળેલ છે. આવીજ રીતે પંચ બીજાં કામો જેવાં કે સગાઈ, ઝઘડા, જાતિય સંબંધોના પ્રશ્નો, મૃત્યુ વગેરે પર નિયંત્રણ રાખી નાયકા સમાજના ચક્રને કાબુમાં રાખે છે.

### સામાજિક રીતરિવાજો :

ગુજરાતનો સમગ્ર નાયક સમાજ હિંદુ સંસ્કૃતિને વરેલો હોવાથી હિંદુ ધર્મ પાળે છે. એટલા માટે જ નાયકા સમાજની સમગ્ર સંસ્કૃતિ હિંદુ રીતરિવાજો પ્રમાણે ગોઠવાયેલી છે.

**રજસ્વલા સ્ત્રી :**

નાયકા સમાજમાં તેઓ આવી સ્ત્રીને જુદા જુદા નામથી બોલાવે છે જેવા કે 'નાવણ' 'ડોયધોવની' વગેરે કહે છે. તેઓના સમાજમાં ૧૧ થી ૧૪ વર્ષની ઉંમરે છોકરી રજસ્વલા થાય છે. તેઓ પાંચ દિવસ સુધી ઘરમાં રસોઈ બનાવવી, પાણી ભરવુ, ધાર્મિક સ્થળોએ પૂજા કરવી વગેરે પર પ્રતિબંધ છે પરંતુ બહાર સફાઈ કરવી, આંગણાના પશુના કચરા-છાણ કાઢવાં, ઘરબહારની ખેતી કે ખેતમજૂરીને લગતાં જે કામ હોય તે કરે છે.

**ગર્ભધારણ :**

નાયકડાઓમાં બે-ત્રણ માસ સુધી રજસ્ત્રાવ બંધ થઈ જાય ત્યારે સ્ત્રીને ખબર પડે છે કે ગર્ભ રહ્યો છે. કેટલીકવાર સ્ત્રીને ઉલટી થાય, ચક્કર આવે છે તેના પરથી પુરુષને ખબર પડી જાય છે. કેટલીક સ્ત્રીઓ પુરુષોને ખબર આપી દે છે. ગર્ભ રહે તેમાં નાયકા સમાજ ભગવાનની ઈચ્છા છે એવુ માને છે. કોઈ સ્ત્રીને ગર્ભ ન રહે તો દેવ-દેવીની માનતા માને છે. ત્યારબાદ ખાસ કોઈ વિધિ કરાવતા નથી.

**ખોળો ભરવો :**

પ્રથમ પ્રસવના એકાદ- બે માસ અગાઉ સ્ત્રીના પિતાને ઘરેથી એકાદ સભ્યો હિંદુ વિધી પ્રમાણે વસ્ત્રો-પૂજા લઈને આવીને પાટલા ઉપર બેસાડીને દેવ-દેવીની પૂજા કરે છે પછી પિયરમાં તેડી લઈ જાય છે. ત્યાં પિતાને ત્યાંજ પ્રસવ કરાવે છે.

**પ્રસવની વિધિ :**

જયારથી સ્ત્રીને ગર્ભધારણ કર્યો હોય ત્યારથી પ્રસૂતિના સમય સુધી કોઈપણ પ્રકારનો જુદો ખોરાક આપવામાં આવતો નથી. તાલીમ પામેલ દાયણ પોસે જ પ્રસૂતી કરાવે છે. છતાં તકલીફ પડે તો નજીકના દવાખાનાનો લાભ આજે લેતા થયા છે. બાળકના જન્મ પછી તેની નાડ દાયણ ચીપ વડે કાપી નજીકમાં જ દાટી દે છે. બાળકને સારી રીતે નવડાવી અને કપડાંમાં લપેટીને દાયણ બાળકને આપે છે. પ્રસૂતી ઘરના એક ખૂણામાં જ રાખવામાં આવે છે.

પ્રસવની વિધિ કરાવનાર તાલીમી દાયણને પહેલાં ૭ થી ૧૦ રૂપિયા આપતા પરંતુ આજે એક જોડ કપડાં, જમવાનું અને મોટુ એક વાસણ પણ આપના જોવા મળ્યા છે.

**નામકરણ :**

બાળકનુ નામ એની ફોઈબા હોય તો તે પાડે છે. કેટલાક કુટુંબમાં એના ઘરની વ્યક્તિઓજ નક્કી કરે છે. ખાસ કરીને જયારે બાળકો જીવતા ન હોય એવા સમયે જે બાળક જન્મે તેનુ નમ ઘરનો વડીલ પડે છે તેમં ઉખેડ, વેચત, બબત નમો પસંદ કરે છે. એજ રીતે છોકરીનાં નમ ઉખેડી, વેચતી વગેરે રાખે છે.

**વાળ ઉતારવાની વિધિ :**

બાળકના જન્મબાદ બે-ત્રણ મહિના બાદ જન્મના પાતળાવાળ ઉતારવા માટે ગામનો હજામ હોય તો તેને બોલાવીને કપાવે છે. આ વાળ કાપવાના બદલામાં હજામને રૂા.૫ રોકડા તથા એક ધોતી આપવામાં આવે છે.

**સગાઈ :**

નાયકા સમાજમાં લગ્નની શરૂઆત સગાઈસંબંધની ગોઠવણથી શરૂ થાય છે. ૧૫ વર્ષની ઉંમર થયા પછી કોઈપણ વર્ષે સગાઈ કરવામાં આવે છે. સગાઈની શરૂઆત છોકરા પક્ષથી કરવામાં આવે છે. પરંપરાગત મા-બાપે ગોઠવેલી સગાઈ તથા છોકરા-છોકરીના પસંદગીની સગાઈ નક્કી કરવામાં આવે છે. પ્રથમ છોકરા પક્ષવાળા પડોશીઓ સાથે છોકરીના ઘરે જાય છે. સાથે આગેવાન હોય તે બંને પક્ષને સારી રીતે ઓળખતો હોય છે. નાયકા સમાજના રિવાજ મુજબ વિધિ કરે છે અને સગાઈ બન્ને પક્ષે મંજુર કરી નક્કી કરે છે.

**ગણપતિ વિધિ :**

નાયકા સમાજમાં આ વિધિનું મહત્વ વિશેષ છે. છોકરા-છોકરીને ગણપતિની વિધિના દિવસથી તેલ-હળદર લગાવે છે.

**પીઠી :**

છોકરાને પાટલા ઉપર બેસાડી બે જુજવાન છોકરીઓ જેમણે ખાંડણીયું ખાંડ્યું હોય તેજ છોકરીઓએ વરને નવડાવ્યો હોય અને માથામાં તેલ નાંખ્યુ હોય એ બધી વિધિ કરી એજ છોકરીઓ પાણીમાં હળદર લઈ પાણીમાં મિશ્રણ કરી લગાવે છે. આ બંને છોકરીઓ છેલ્લા દિવસ સુધી હળદર લગાવવાનું તથા ઘરનાં અન્ય કામ તેઓ કરે છે.

**માંડવ મૂહર્ત :**

નાયકા સમાજમાં જે દિવસે પીઠી લગાવી હોય તેના ચોથા દિવસે માંડવો બનાવે છે. માંડવાને આધુનિક રીતે શણગારવામાં આવે છે. તૈયાર કપડાંનો મંડપ પણ બાંધે છે, આ સાથે સાથે લાઉડ સ્પીકર પણ વધાડે છે.

**વરઘોડો :**

નાયકા સમાજ ફૂલેકુ ખૂબજ આનંદથી ઉજવે છે. ફૂલેકામાં એકબીજાની સાથે નાચતા-ગીતો નજીકમાં આવેલ દેવસ્થાને જાય છે. ત્યાં દિવો કરી મનન કરે છે અને વિધિ કરી ઘરે પરત આવે છે.

**જાન :**

પરંપરાગત ચોથા દિવસે માંડવામૂર્હત થયા બાદ પાંચમા દિવસની રાત્રીના બે વાગ્યાની આસપાસ જાન વરપક્ષથી કન્યાપક્ષને ત્યાં જાય છે. હવે આ સમાજમાં સવારમાં ટ્રેક્ટર, ટેમ્પો, ટ્રકમાં જાય છે. દિવસના લગ્નની વિધિઓ કરવામાં આવે છે. જાનમાં ગામના, પડોશીઓ અને સગાસંબંધીઓ જતા હોય છે.

**લગ્ન :**

નાયકા સમાજમાં એક સાથી લગ્ન હોય છે. તેઓ હિંદુ ધર્મ વિધિ પ્રમાણે આજે વધુ લગ્ન કરતા થયા છે. પરંપરાગત લગ્ન કરનારનું પ્રમાણ ઘટવા લાગ્યું છે. લગ્નની ચોરી - દહેજ તથા ભોજન વગેરે વડીલો કરતા હોય છે. લગ્નમાં એકજ ગોત્ર હોય તો લગ્ન નિષેધ છે, જયારે લગ્ન અન્ય ગોત્રમાં કરી શકે છે. લગ્નમાં વરપક્ષથી દાગીના જે ચાંદી કે સોનાના હોય તે ઉપરાંત લગ્નમાં પહેરવાનો પોષાક લાવ્યા હોય તે અપાય છે. લગ્ન થાય પછી અન્ય વિધિ પૂર્ણ કરી સાંજે કન્યાને ઘરે લઈને પરત આવે છે.

**છૂટાછેડા :**

નાયકા સમાજમાં પતિ-પત્ની નાની નાની બાબતોમાંથી અણ બનાવ ઉભો કરે છે અને બન્ને વચ્ચે સમાધાન કરવા છતાં અનુકુળ ન થાય તો પછી છેવટે છૂટાછેડા લે છે. છૂટાછેડામાં કન્યાપક્ષવાળાએ જે ખર્ચ થયુ હોય તે વરપક્ષને ભરી આપવુ પડે છે.

**પુનઃલગ્ન :**

નાયકા સમાજમાં વિધવા સ્ત્રી વિધુર પતિ સાથે લગ્ન કરી શકે છે. એજ રીતે વિધવા સ્ત્રી કોઈપણ છૂટાછેડા લીધેલ પુરુષની સમોવડી ઉમરવાળી હોય તો લગ્ન કરી શકે છે.

**મૃત્યુ :**

કોઈપણ વ્યક્તિનુ મૃત્યુ થાય તો બધાં જ નજીકનાં સગા સંબંધીઓને જાણ કરવામાં આવે છે. જેથી ધાં ભેગાં તથા છે. ગામમાં હરિજનોને જાણ કરે છે જેથી ઢોલ વગાડે છે, બધા આવે છે અને કપડુ ઓઢાડે છે. ત્યારબાદ મોઢાપર હળદર લગાવે છે, કંકુ નાંખે છે તથા અન્ય પુરુષો વાંસની ઠાઠડી બનાવે છે.વાંસની ઠાઠડી સાથે મૃતદેહને બાંધીને ચાર ખૂણામાં ચાર નારિયેળ બાંધવામાં આવે છે. સાથે સાથે તેનો ખાટલો, કપડાં સાથે લઈને કાંટાળા ઝાડ પાસે મૂકાવે છે. સ્ત્રીઓ વિસામા સુધી જાય છે. મૃતદેહને સ્મશાનમાં બાળવામાં આવે છે. ત્યારબાદ સ્નાનવિધિ કૂવા પર કે નદી, પંમ્પ ઉપર આવીને કરે છે. બાર દિવસ પછી બારમાની વિધિ કરે છે, તે દિવસે જમાડે પણ છે. સાંજે આજે કેટલાક ભજન-કિર્તન પણ રાખતા જોવા મળે છે. આ ઉપરાંત ફૂલ પણ નાંખવાની વિધિ આજે કરે છે.

**મુખ્ય વિશેષતા :**

તેઓમાં ગરીબીનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. ખેતીની સીઝન લેતાં પોતાની દેવીઓને યાદ કરી નાચગાન કરે છે અને બાકીના પ્રસંગો હિંદુઓની જેમ ઉજવે છે.

# પટેલિયા

પાવાગઢમાં પતાઈ રાવળનું પતન થયા પછી પંચમહાલના જુદા જુદા જંગલ પ્રદેશો, દાહોદ, લીમખેડા અને સંતરામપુરમાં આવી જે ક્ષત્રિય રજપૂતો રહ્યા તે પટેલિયા કહેવાયા. અહિંના અસલ રહેવાસી આદિવાસી ભીલોની સાથે મળી જઈ હળીમળીને રહેવા લાગ્યા. આમ મૂળથી તેઓ હોંશિયાર પોતાની હોંશિયારી અને આવડતથી અનેક ગામોનું મુખીપણુ સ્વીકારીને "પટેલ" તરીકે કારભાર કરવા લાગ્યા. સમય જતાં પટેલ શબ્દનો અપભ્રંશ થયો અને "પટેલિયા" કહેવાયા અને આજે આખી કોમ પટેલિયા તરીકે ઓળખાય છે.

**વસતિ :**

પાવાગઢનું પતન થયા પછી જે લોકો પંચમહાલ જિલ્લાના પૂર્વભાગમાં આવીને વસ્યા તથા બીજા ભાગોમાં પણ ગયા તેઓ બધાજ આદિવાસી પટેલિયાના નામે ઓળખાય છે. ગુજરાતમાં તેઓની વસ્તી દાહોદ, લીમખેડા, લુણાવાડા અને સંતરામપુર તાલુકામાં પટેલિયા જાતિની વસ્તી છે. આ ઉપરાંત ગુજરાતમાં ૧૧ જિલ્લાના ૪૭ તાલુકાઓમાં તેમની વસ્તી નહિંવત પ્રમાણમાં છે.

ગુજરાતમાં પટેલિયાઓની વસ્તી ૨૦૦૧ પ્રમાણે ૧,૦૨,૫૧૦ છે. તેમાં પુરુષોનું પ્રમાણ ૫૨,૩૨૦ છે અને સ્ત્રીઓનુ પ્રમાણ ૫૦,૧૯૦ છે. જે કુલ આદિવાસી વસ્તીમાં ૬૯.૭૮ ટકા પ્રમાણ છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

પટેલિયાનાં ગામો જંગલથી અડીને અને ડુંગરોની તળેટીમાં આવેલાં છે. ઘર મોટા ભાગે ઉચાણવાળી ટેકરીઓ પર બાંધેલાં જોવા મળે છે. જે એકબીજાથી દૂર હોય છે. ફળિયામાં બીજી જાતિના લોકો પણ સાથે રહેતા હોય છે, એટલે કે એક ગોત્રના કે એક લોહીના સંબંધીઓ બીજા ફળિયામાં પણ વસે છે.

પટેલિયા લોકો મુખ્યત્વે ઘર પોતાની જમીનમાં ખેતરમાં બાંધે છે. ઘરો મોટાભાગે કાચાં છાણ-માટીથી લીંપેલાં વાંસવાળી અને થાંભલાની ટેકેથી બાંધેલાં હોય છે. ઘરના મુખ્યત્વે બે ભાગ હોય છે. ઓસરી પણ હોય છે. એકમાં તેઓ પોતે રહે છે અને બીજામાં પોતાનાં ઢોરને બાંધે છે. સ્થિતપાત્ર અને વધુ ઢોર હોય તો ઘરની સામે બાજુએ ઢોર માટે અલગ ઢાળિયુ પણ જોવા મળે છે. ઘરની દિવાલ કામઠાંની બાંધેલી હોય છે. ઘરની ઉપર દેશી નળિયાં કે થાપડાથી છાપેલાં જોવા મળે છે. ઘરમાં આડુ લાકડુ મુકીને પણિયારુ પણ બનાવેલુ હોય છે. તેઓના ઘરના એક ખૂણામાં ચૂલો હોય, કોઠીઓ, રસોડાની બાજુમાં ચોકડી વગેરે જોવા મળે છે. જેઓ સ્થિતિપાત્ર બન્યા છે. તેઓના જ ઘરો આજે પાકાં જોવા મળે છે.

**ઘરવખરી :**

ઘરવખરીમાં મોટેભાગે માટીનાં માટલાં, એલ્યુમિનિયમ અને પિત્તળનાં, સ્ટીલનાં વાસણો, તાંબાનાં તેમજ કેટલાંક પ્લાસ્ટીક અને ચિનાઈ માટીની રકાબી-કાચના પ્યાલા વગેરે જોવા મળે છે. આ ઉપરાંત ઘરવખરીમાં ખાટલા, ગોદડાં, ઘંટી, અનાજ ભરવા માટે કોઠીઓ તેમજ વાંસનુ બનાવેલુ 'પોહરૂ' જોવા મળે છે. લોખંડના પલંગ, ટેબલ ખુરશી, ત્રિપોઈ, લાકડાનાં કબાટ જોવા મળે છે. મોજશોખમાં ઘડિયાળ, રેડિયો-ટેપ, ટી.વી., સ્કૂટર વગેરે જોવા મળે છે. મનોરંજન માટે તબલાં, ઢોલક, મંજીરા, ખંજરી, દાંડીયા, વાંસળી, હારમોનીયમ પેટી વગેરે જોવા મળે છે.

**પહેરવેશ :**

પટેલીયા જાતિમાં પુરુષો માથે સફેદ રંગનો ફેંટો, પાઘડી કે ટોપી, શરીરે બંડી કે ખમીશ અને ધોતી કે લંગોટી પહેરે છે. સ્ત્રીઓ કાછડો મારી શકાય તેવો ઘેરા લાલ કે લીલા રંગનો ઘાઘરો પહેરે છે. લાલ લુગડુ ઓઢે છે. રંગીન બંડી તથા દેશી કાંચડી પહેરે છે. આજે શિક્ષિત કુટુંબમાં સાડી-ચણીયો અને કબજો પહેરે છે. બાળકો બુશર્ટ અને ચડ્ડી તથા સ્ત્રી બાળકો ફ્રોક તથા પંજાબી પહેરે છે.

સ્ત્રીઓ ગળામાં ચાંદીની હાંસડી, સાંકળી તથા પગમાં ચાંદી કે કથીરનાં કડલાં, વીંછીયાં અને માથે બોર મૂકે છે. હાથે લાખવાળી ચાદીની બંગડીઓ, ચળકતી ચૂંડીઓ, વીંટી તથા કાને લોળિયાં, એરીંગ, વેડલાં નાકે સોનાની વાળી વગેરે પહેરે છે. જ્યારે પુરુષો ચાંદીનુ ભારીયુ, કાને બુટ્ટી અને કેડે કંદોરો પહેરે છે. જેમ જેમ સમાજમાં સુધારો થતો જાય છે તેમ તેમ સોનાના દાગીના વસાવતા જોવા મળે છે. આ ઉપરાંત તેઓ વિવિધ પ્રકારનાં છૂંદણાં છૂદાવતા જોવા મળે છે.

**બોલી :**

ભીલ જાતિની એક ઉજળિયાત જાતિ "પટેલિયા" ના નામથી ઓળખાય છે. તેઓ ભીલી બોલીનો જ ઉપયોગ કરે છે. પરંપરાગત બોલીની સાથે સાથે ગુજરાતી ભાષાનો પણ ઠીક ઠીક ઉપયોગ કરતા જોવા મળે છે.

**ખોરાક અને પીણાં :**

પટેલિયા જાતિ અત્યંત સાદો ખોરાક લે છે. સવારે મકાઈના રોટલા, દાળ, શાક કે ડુંગળી હોય છે. સાંજે મકાઈની થુલી અને છાશ અથવા ચટણી પણ હોય છે. તહેવારે મીઠુ ભોજન તથા બકરાં અથવા મરઘાનું માંસ કે માછલીઓનો પણ ઉપયોગ કરે છે. ઋતુ પ્રમાણે થતી શાકભાજી તથા અન્ય ભાજીનો પણ ઉપયોગ કરે છે.

પટેલિયા જાતિમાં ધ્રુમપાનનુ વ્યસન વર્ષોથી ચાલ્યુ આવે છે. બીડી, તમાકુ, દારૂ, તાડી વગેરે વ્યસનો કરતા જોવા મળે છે. વ્યસનો તેઓ પરંપરાગત રીતે કરતા જોવા મળે છે.

**શિક્ષણ :**

પટેલિયાઓમાં શિક્ષણનું પ્રમાણ ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો અક્ષરજ્ઞાનનુ કુલ પ્રમાણ ૬૦.૭૮ ટકા છે. પટેલિયાઓ ગ્રામ્ય વિસ્તારની સાથે સાથે શહેરી વિસ્તારમાં પણ રહે છે. સરકારની વિવિધ યોજનાઓ અને અનામતની જોગવાઈનો લાભ ઠીક ઠીક પ્રમાણમાં લીધો છે.

**ધર્મ :**

પટેલિયા સમાજે અન્ય સભ્ય સમાજની સાથે સાથે વધુ સંપર્કમાં આવ્યા છતાં પોતાના દેવ-દેવીઓની પૂજા ચાલુ રાખી છે. હિન્દુ ધર્મના બધાજ દેવ-દેવીઓની પુજા કરતા જોવા મળે છે.

**વ્યવસાય :**

પટેલિયાઓના જીવનનો મુખ્ય આધાર ખેતી પર છે. ખેતી તેમનો મુખ્ય વ્યવસાય છે. આ ઉપરાંત પૂરક વ્યવસાય તરીકે ખેતમજુરી, નોકરી, છુટકમજુરી, જંગલ મજુરી, વનપેદાશ એકઠી કરવી, ઔદ્યોગિક ગૃહોમાં મજુરીએ જવુ વગેરે વ્યવસાય કરે છે. આ ઉપરાંત ઘણા કુટુંબો પશુપાલનનો વ્યવસાય પણ કરતા જોવા મળે છે.

**ખેતીનાં સાધનો :**

પટેલિયાઓ ખેતી અને ખેતમજૂરીનો વ્યવસાય કરે છે. તેની સાથે સાથે છુટક વ્યવસાય કરે છે. તેમાં હળલાકડાં, કરબ, સમાર, વાવણિયો, નાનાં ઓજારો, ગાડુ, કૂવો, મશીન, ઈલેકટ્રીક મોટર, ટ્રેકટર વગેરે રાખે છે. આ ઉપરાંત ખેતી માટે બળદ, પશુપાલન માટે ગાય, ભેંસ, બકરી વગેરે રાખીને જીવન ગુજારે છે.

**જાતિપંચ :**

પટેલિયા જાતિમાં ઉભા થતા સામાજિક પ્રશ્નોનું નિરાકરણ કરવાનુ કામ જાતિપંચ કરે છે. જાતિપંચ એ પટેલ સમાજના વડીલ વ્યક્તઓનુ બનેલુ સંગઠન મજબૂત અંગ છે. પંચાયતીયા દરેક ગામમાં હોય છે. સમાજના નિતિનીયમના જાણકાર હોય તેવા વ્યક્તિને પંચના સભ્ય તરીકે સ્વીકારે છે. તેમાં ખાસ કરીને છૂટાછેડા, કૌટુંબીક ઝઘડા, જમીનના કે છેડતીના જેવા ગુનામાં કડક પ્રમાણે જાતિપંચ ન્યાય કરે છે. જરૂર લાગે તો સમાજે નક્કી કરેલો દંડ પણ ફટકારે છે.

**સામાજિક રીત-રિવાજો :**

ગુજરાતના પટેલિયા સમાજ હિન્દુ સંસ્કૃતિને વરેલો હોવાથી હિંદુ ધર્મ પાળે છે. એટલા માટે જ પટેલિયા સમાજની સમગ્ર સંસ્કૃતિ હિંદુ રિત-રિવાજો પ્રમાણે ગોઠવાયેલી છે.

**રજસ્વલા સ્ત્રી :**

રજસ્વલા સ્ત્રીએ "ચીથરે બેઠી" અથવા તો "માસિકવાળી" સ્ત્રી કહે છે. તે પોતાંના ઘરમાં રસોડુ કે પાણી ભરવાનું કરી શકે નહીં. આ ઉપરાંત વાસીદાનુ કામ કરી શકે છે. રજસ્વલાવાળી સ્ત્રી એક અઠવાડિયા બાદ નહાય છે, અથવા માથુ ધુએ છે. બહારનું ખેતી કે ખેતમજુરી કે અનય બહારનું કામ કરે છે.

**ગર્ભધારણ :**

ગર્ભ રહ્યા પછી તુરતજ કોઈ વિધિ કરાતી નથી. પુરુષો સામાન્ય સંયમ પાળે છે. પટેલિયાઓમાં ગર્ભધાન, સીમાંત, ખોળો ભરવો, રાખડી બાંધવી વગેરે ક્રિયાઓ કરવામાં આવે છે. દેવ-દેવીઓની પૂજા પણ કરવામાં આવે છે. સાથે સાથે પિયરમાંથી આવીને તેડી લઈ જાય છે. પિતાને ત્યાં જ પ્રસવ કરાવે છે.

**પ્રસવની વિધિ :**

પ્રથમ પ્રસૂતી સ્ત્રીના પિયરમાં માતા-પિતાને ત્યાં કરાવે છે. ગર્ભધારણ કર્યા પછીથી પ્રસવ સમય દરમ્યાન સુધી સાદો ખોરાક આપવામાં આવે છે. પ્રસવ તાલીમ પામેલ દાયણ કે દવાખાને કરાવે છે. ત્યારબાદ તુર્તજ કોઈ ધાર્મિકવિધિ કરવામાં આવતી નથી. બાળકની નાળ કાપવા માટે કાટ રહિત કાતર કે બ્લેડ જેવા સાધનો દ્વારા કપાય છે. સ્ત્રીને પ્રસવ બાદ ઘરના એક ખૂણામાં રાખવામાં આવે છે. સુવાવડી સ્ત્રી સાથે ત્રણ દિવસ આભડછેડ રાખવામાં આવે છે. ત્રીજે દિવસે ઘરની સાફસૂફી કરીને છાણ માટીથી લીંપીને પરસાળમાં લોટનો સુંદર સાથીઓ પૂરે છે અને ધાર્મિક વિધિ કરે છે.

**નામકરણવિધિ : (ડુંગર ઢોળવાની ક્રિયા) :**

બાળકની ફોઈ બાળકનુ નામ પાડીને એને ઉપાડીને તેના બદલામાં બાળકની ફોઈને યથાશક્તિ કપડાં અથવા ચાંદી-સોનાનુ ઘરેણુ અપાય છે. તે વખતે બોલાવેલ બહેનો અને નાના-નાના બાળકોને ખવરાવવામાં આવે છે.

**સગાઈ :**

સગાઈ લગભગ ૧૮ થી ૨૦ વર્ષની વયે થાય છે. સગાઈની શરૂઆત વરપક્ષથી થાય છે. સગાઈ વિધિ છોકરાને ત્યાંથી જઈ છોકરીને ત્યાં થાય છે. સગાઈ કરવા ઓછામાં ઓછા પાંચ જેટલા માણસો જાય છે. સગાઈવિધિ વખતે વરપક્ષેથી કન્યા પક્ષને શરૂઆતમાં યથાશક્તિ ૫૧ રૂા.થી ઉપલી રકમ આપી સગાઈ બંધાય છે, તે પછી કન્યાપક્ષના હોય કે વરપક્ષના હોય તે બે પક્ષેથી કંસાર કે દાળ-ભાત જેવાં ભોજન બનાવાય છે. સાથે સાથે કન્યાને આપવાનાં સોના-ચાંદીનાં ઘરેણાં પણ નક્કી કરવામાં આવે છે. સ્થિતિ પ્રમાણે દહેજ પણ નક્કી કરવામાં આવે છે. લગભગ ૩ થી ૪ હજાર દહેજ લેવાનુ નક્કી થાય છે તેમાં કોઈ સીમા જોવા મળતી નથી.

**ગણેશ અને ગોત્રેજ :**

પટેલીયા બ્રાહ્મણ પાસે લગ્નનું મુહુર્ત જોવડાવ્યા પ્રમાણે ગણેશ બેસાડવામાં આવે છે. થોડા લાડુ વડાં વગેરે બનાવાય છે. વર કન્યાને હળદર લગાડી પીઠી ચોળવામાં આવે છે. ગોત્રજ પર ચિહ્નો પાડવામાં આવે છે. આ સ્થળ ઉપર વર કન્યાને લગ્ન થતાં સુધી બેસવાનું હોય છે. બંને પાસે ગોત્રજનુ સ્થાપન કરવામાં આવે છે. ઢોલીને બોલાવવામાં આવે છે જે ઢોલક-થાળી, કુંડી શરણાઈ વગેરે લઈને આવે છે.

**લગ્નમંડપ :**

વાનાનું કામ પૂર્ણ થયા પછી લગ્નમંડપ લીલા વાંસ કે ગુંગળના લાકડાથી તૈયાર કરાય છે. સવાપાંચ હાથની ચાર થાંભલીઓ રોપી તેના ઉપર બીજા આડા લાકડાં મૂકવામાં આવે છે. ચારે બાજુ આંબાના પાનનાં તોરણ બાંધી તેને સણગારવામાં આવે છે. ચારે થાંભલીઓ સાથે માટીની સાત-સાત લાલ માટલીઓ બાંધવામાં આવે છે. "તેને ચોરી બાંધી" એમ કહેવામાં આવે છે. વર-કન્યાના માતા-પિતા ગ્રહશાંતિમાં બેસે છે. તે વખતે બ્રાહ્મણ અગ્નિપૂજા વિધિ કરાવે છે. મંત્રોચાર કરે છે. ત્યારપછી તેજ દિવસે મામેરાં થાય છે.

**વરઘોડો :**

પટેલિયા ફુલેકુ ખૂબજ આનંદથી ઉજવે છે. ફુલેકામાં એકબીજાની સાથે નાચતા-ગીતો નજીકમાં આવેલ દેવસ્થાને જાય છે. ત્યાં દિવો કરી નમન કરે છે અને વિધિ કરી ઘરે પરત આવે છે. ઘરે માતા પાંખવાનુ કામ કરે છે.

**જાન :**

વરઘોડાના બીજા દિવસે વરપક્ષને ત્યાંથી જાન જાય છે. જાનમાં સગાં કુટુંબીઓ અને મિત્રો હોય છે. વરને પહેલાં પરંપરાગત લાલ કિનારીની ધોતી, ગુલાબી ફેંટો અને જામો પહેરાવે છે. માથે શુશોભિત માંડ મુકાતો, પાસે તલવાર હોય, જાણે કે રાજપૂત જોઈલો. આજે પણ જોવા મળે છે છતાં આધુનિક સમયમાં શિક્ષિત લોકો પેન્ટ-શર્ટ-કોટ પહેરે છે.

જાન દોઢશોથી વધુ લોકો ટ્રક, ટેમ્પો, ટ્રેકટર વગેરેમાં જાય છે. જાનમાં તમામ સગાંઓ જાય છે. કન્યાને ઘરે પહોંચે ત્યારે પ્રથમ ટીલુ કરવામાં આવે છે. કન્યાપક્ષના ચારપાંચ માણસો પાણી, ચા, પાન-બીડી, નાસ્તાની આપલે માટે કરતા હોય છે. લગ્ન માટે લેવડ-દેવડ દહેજનું પણ કામ કરવામાં આવે છે.

**લગ્ન :**

પરંપરાગત લગ્નની સાથે સાથે હિંદુ વિધિથી લગ્નવિધિ કરવામાં આવે છે. બ્રાહ્મણ હસ્તમેળાપ કરાવે છે. એક ગોત્ર હોય તો લગ્ન નિષેધ ગણે છે. લગ્નમાં મંગળફેરાને ખાસ મહત્વ આપવામાં આવે છે. મંગળફેરા કર્યા

પછી બંનેને ગોત્રજે લઈ જઈ ત્યાં પગે પડાવે છે. ત્યારપછી જાન રમવીમાં સારૂ ભોજના જમવું, નાચવુ, કુદવુ ગીતો ગાવા, જમવા તથા આનંદ માણે છે. લગ્ન-ભોજન, દહેજની આપલે વગેરે પૂર્ણ થયા પછી વરકન્યાને લઈ ઘરે આવે છે. ત્યાં વરની માતા પાંખવા માટે આવે છે. સાંજે સારૂ ભોજન મહેમાનોને જમાડે છે. પાંચમા દિવસે કન્યાપક્ષ તરફથી આણુ કરવામાં આવે છે. ધીમે ધીમે આવન-જાવન થાય છે. પટેલીયામાં એક કરતાં વધુ પત્ની કરવાનો રિવાજ છે. પટેલિયાઓમાં ઘરજમાઈ, પ્રેમલગ્ન, નાતરે પેસી જવુ વગેરે લગ્નો સમાજમાં માન્ય ગણાય છે.

**છૂટાછેડા :**

છૂટાછેડાની પ્રથા આજે આ સમાજમાં નહિવત જોવા મળે છે. લગ્ન સંબંધથી જોડાયેલ પુરુષ-સ્ત્રીનો પરસ્પર મેળ ન હોય માતા-પિતાના દબાણને લીધે લગ્ન થયાં હોય, બાળકો ન થતાં હોય કુટુંબમા કજીયા કંકાસ વધે તો અથવા પતિ કે સાસુની રંજાડ હોય તો છૂટાછેડા આપવામાં આવે છે. પંચો તેઓનો નિકાલ કરે છે, પરંતુ પુરુષ આપે તો સ્ત્રી પક્ષથી આપેતો દહેજ પરત લેવામાં આવે છે.

**પુનઃલગ્ન :**

પટેલીયા સમાજમાં વિધવા સ્ત્રી વિધુર પતિ સાથે લગ્ન કરી શકે છે. એજ રીતે વિધવા સ્ત્રી કોઈપણ છૂટાછેડા લીધેલ પુરુષની સમોવડી ઉંમરવાળી હોય તો લગ્ન કરી શકે છે.

**મૃત્યુ :**

આ સમાજમાં બાળકનુ મૃત્યુ થાય તો દાટવામાં આવે છે. મોટાને બાળવામાં આવે છે. મરણ થાય એટલે આખા ગામમાં ખબર આપવામાં આવે છે. નજીકનાં સગાંને ત્યાં બોલાવવામાં આવે છે. મૃતદેહને નવડાવવામાં આવે છે. નવાં કપડાં પહેરાવવામાં આવે છે. આંગણામાં કામઠાંની ઠાઠડી તૈયાર કરવામાં આવે છે. મૃતદેહને બાંધવામાં આવે છે. પછી સ્મશાને લઈ જવાની વિધિ કરવામાં આવે છે.

સ્મશાનગૃહે ચાર વ્યક્તિ ઠાઠડી બાંધીને લાવે છે તેને ઉત્તર દિશામાં માથુ અને પગ દક્ષિણ દિશામાં રાખીને મુકવામાં આવે છે. સ્મશાનમાં લાકડાં ગોઠવી રાખવામાં આવે છે. ઘરના છોકરા કે કુટુંબના બે માણસ સ્નાન કરી લાકડાને પ્રદક્ષિણા કરી મૃતદેહને ઠાઠડી પરથી છોડીને લાકડા ઉપર મૂકે છે. ત્યાર પછી મરનારના મુખમાં સુખડી અથવા ઘી મૂકી અગ્નિસંસ્કાર કરે છે. ત્યારબાદ સાથે આવેલ માણસો નદી કે કૂવા પર સ્નાન કરી મરનારને ઘરે જાય છે. મરનારના ઘરે શોક હોવાથી રાંધતા નથી પરંતુ નજીકના સગાઓ ખાવાનું આપી જાય છે.

બારમુ એ પટેલિયાનો છેલ્લો પ્રસંગ ગણાય છે. ૧૩ દિવસનો શોક પાળવામાં આવે છે. મૃત્યુના દિવસથી કાયટુ-દસમુ - દસમા દિવસ સુધી ઘર ઉપર પીપળાના પાનની કુપેટી વાડકી જેવુ બનાવી તેમાં દુધ, દહી, અનાજ મૂકી ઘર ઉપર મૂકવામાં આવે છે. તેને "વાસ" કહેવામાં આવે છે. બારમાનુ કાયટુ અવશ્ય કરે છે જો ન કરે તો સમાજમાં ટીકા કરે છે. પટેલિયાઓ પુર્નજન્મમાં માનતા હોવાથી હિન્દુધર્મની બધીજ વિધિ કરે છે. ધાર્મિકવિધિ બ્રાહ્મણ પાસે કરાવે છે. ધર્મ પ્રમાણે મોક્ષ મળે તેની તમામ વિધિ કરવામાં આવે છે.

**મુખ્ય વિશેષતા :**

તેઓ પોતે ભીલ જાતિ કરતાં ઉંચી જાતીના ગણાવે છે. તેઓની વસ્તી દાહોદ જિલ્લામાં જ જોવા મળે છે અને તેઓની ઉપર મધ્યપ્રદેશના પટેલીયાની અસર જોવા મળે છે. આ જાતિ અન્ય જાતિ સાથે વર્ચસ્વ જાતિ તરીકે વ્યવહાર કરે છે.

# વારલી

વારલીઓના મૂળ વતન વિશે અનેક વિધ્વાનોએ અનુમાનો બાંધ્યા છે. છતાં જેના ચોક્કસ ઐતિહાસિક પુરાવા પ્રાપ્ત થઈ શકતા નથી. કારણકે વારલી જાતિનો કોઈ ચોક્કસ ઈતિહાસ લેખીત સ્વરૂપે પ્રાપ્ત થઈ શકતો નથી. જુદા જુદા વિધ્વાનોએ વારલી વિશે નીચે પ્રમાણે મંતવ્યો આપ્યા છે.

"જુની સરકારી નોંધો મુજબ વારલીઓ મૂળ દક્ષિણ ભારતના કોંકણ તરફના વતનીઓ છે. તેઓ ૧૪મા, ૧૫મા સૈકામાં દખ્ખણમાંથી ફિરંગીઓને લીધે કે કુદરતી આફતોને લીધે કે, મરાઠાઓની સામ્રાજયવાદી પ્રવૃત્તિને કારણે એપ્રદેશ છોડી ધરમપુરમાં આવી તથા આજુબાજુના પ્રદેશમાં આવીને વસ્યા હોય એમ માનવામાં આવે છે."

આ ઉપરાંત ડુંગરાળ વિસ્તારમાં વસે છે અને ઝાડી-ઝાંખરાં ખેતીમાં દાઝીયા માટે વાપરે છે. કેટલીક જગ્યાએ ઝાડી-ઝાંખરાને માટે 'વારૂલ' ને બદલે 'વાવર' શબ્દ વાપરવામાં આવે છે. આ પરથી આ શબ્દ તેમના ધંધા સાથે સંકળાયેલ છે.

**વસતિ :**

ગુજરાતમાં ૨૦૦૧ પ્રમાણે વારલીઓની વસતિ ૨,૫૫,૨૭૧ છે. જેમાં પુરુષોનું પ્રમાણ ૧,૨૬,૮૧૯ છે અને સ્ત્રીઓ ૧,૨૮,૪૫૨ છે. કુલ આદિવાસી વસતિમાં તેનુ પ્રમાણ ૩.૪૧ ટકા છે. વારલીની વસતિ મુખ્યત્વે વલસાડ જિલ્લામાં ધરમપુર, ઉંમરગામ તેમજ ડાંગની દક્ષિણ પૂર્વપટ્ટીમાં પથરાયેલી છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

તેઓનાં રહેઠાણ હારબંધ નહી પરંતુ ઘરની દિવાલ એક બીજાને અડકેલી ન હોય તે રીતનાં ઘરો બાંધી રહેતાં હોય છે. તેઓ ખપેડા કે સાઠીની દિવાલ બનાવે છે. ઉપર માટીનુ લીંપણ કરે છે. છાજ વિલાયતી કે દેશી નળિયાંવાળુ હોય છે. જો વધુ ગરીબ હોય તો સાગ કે નાળિયેરીના ઘાસથી ઘરનુ છાજ ઢાંકતા જોવા મળે છે. ઘરનો આકાર લંબચોરસ પ્રકારનો હોય છે. ઘરમાં એક, બે કે ત્રણ ખંડો બનાવવામાં આવે છે.

ઘરવખરીમાં મોટાભાગે માછલી પકડવાની જાળ, પાણીયારુ, અનાજ ભરવાની કોઠી, વાંસમાંથી બનાવેલ વિવિધ સાધનો, ખાટલા, દોરડાં, સંગીતનાં સાધનો, ખેતીનાં સાધનો, હળ, વાવણિયો, ધૂંસરી, પંજેઠી, સમાર વગેરે એલ્યુમિનિયમ અને સ્ટીલના જરૂરી ખાવા-પિવાનાં વાસણો, પાણી માટે તાંબા, પિત્તળ અને હવે સ્ટીલનાં વાસણોએ ઘર પ્રવેશ કર્યો છે.

**પહેરવેશ :**

પહેરવેશમાં ઓછા વસ્ત્રોને પરિણામે વર્ણ શ્યામ, દાઢી તથા માથાના વાળ અવ્યસ્થિત હોય છે. આ જાતિમાં નિગ્રો જાતિતત્વ હોવાનુ મનાય છે. પુરુષ બાળકો બુશર્ટ તથા ચડ્ડી પહેરે છે તથા સ્ત્રી બાળકો ફ્રોક- ચડ્ડી પહેરે છે. યુવાન પુરુષો મો ફેંટો, શરીરે જાકીટ કે બંડીને મળતુ અડધી બાંયનું કોલર વિનાનું કપડુ તથા કમ્મરે લાલરંગનાં ફૂમતાંવાળાં દોરી બાંધે છે. પેન્ટ અને શર્ટ પણ આજે પહેરતા થયા છે. સ્ત્રીઓ માથે ગુચ્છેદાર ચોટલી રાખે છે. હાલમાં સ્ત્રીઓ સાડી, બ્લાઉઝ પહેરે છે. વારલી સ્ત્રીઓ છુંદણાંની શોખીન છે. કપાળ, ગાલપર, પગપર, હાથના પંજાપર, નાક ઉપર છુદણાં છુંદાવતા જોવા મળે છે. આ ઉપરાંત સોનાની નથણી, ગળામાં

સોના-ચાંદીનો હાર, કાનમાં લવીંગીયું, પ્લાસ્ટીક અને અન્ય ધાતુની કાળા મણકાની માળા આ ઉપરાંત રૂપિયાના સિક્કાની હારની માળા પહેરે છે. હાથમાં વીંટી - બંગડી સોના-ચાંદીની પહેરે છે. પગમાં સાંકળા ચાંદી, નકલી ધાતુ, સ્ટીલનાં પહેરે છે. વારલી સમાજમાં નકલી ઘરેણાંનો ઉપયોગ વધુ પ્રમાણમાં થાય છે.

**બોલી :**

દક્ષિણના વારવાટ પ્રદેશમાંથી મૂળ આવતા હોવાના કારણે પણ વારલી કહેવાયા હોય એ સંભવ છે. તેમનામા ચાર ,પેટા જાતિઓ છે (૧) યુધ્ધ (૨) મુર્દે (૩) દાવર (૪) નિહિર, આ ઉપરાંત તેમનામાં ૨૪ જેટલાં કુળ છે. આ બધાંની બોલી જોતાં તેમની ભાષા કુંકણા જાતિ જેવી છે.

**વ્યવસાય :**

તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી તથા ખેતમજૂરી, જંગલમજૂરી અને ફેકટરીમાં છુટક મજૂરીકામ કરે છે. આ ઉપરાંત જંગલમાં મજૂરીએ જવુ, કોલસા પાડવા, જંગલમાંથી ગુંદર, મધ, મહુડાં ભેગા કરી લાવવાં વગેરે સહાયક ધંધો છે.

**ખોરાક અને પીણાં :**

ખોરાકમાં નાગલી અને તેની જુદી જુદી બનાવટોનો તથા ચોખાનો ઉપયોગ કરે છે. પ્રસંગોપાત માંસાહાર-દારૂનો ખાસ ઉપયોગ કરે છે. આનો ઉપયોગ બધાજ વારલીઓ કરે છે.

**મિલકત :**

વારલીઓ જે મિલકત ધરાવે છે તેમાં ખેતી કરવાવાળા પાસેજમીન, થોડાં પશુઓ, ખેતીનાં ઉપયોગી ઓજારો, ઉપરાંત ઘરવખરી એ મુખ્ય જોવા મળે છે. જયારે ખેતી વિહોણા પાસે ઘર, થોડાંક પશુઓ અને ઘરવખરી એજ મુખ્ય છે.

**શિક્ષણ :**

વારલીઓનુ કુલ આદિવાસી વસતિમાં ૨૦૦૧ પ્રમાણે ૩.૪૧ ટકા છે. જેમાં ૨૦૦૧ પ્રમાણે અક્ષરજ્ઞાનનુ પ્રમાણ ૩૨.૦૬ ટકા છે જે ઘણુજ ઓછુ કહી શકાય.

**ધર્મ :**

તેઓ દેવ-દેવીઓમાં નારણદેવ, હીરયા દેવ, ભરમદેવ, ગામદેવ, વાઘદેવ, સરવર દેવ, મહાલક્ષ્મી, કંથરીએ એમના મુખ્ય દેવ છે. હોળી-દિવાળી, દિવાસો, દશેરા મુખ્ય તહેવારો છે. તેઓ નૃત્યના ઘણા શોખીન છે. નૃત્ય કરી તહેવારો ઉજવે છે. આજે પણ નવુ કામ કરાવવાનુ હોય કે કામની શરૂઆત કરવાની હોય તો તેઓ ભગત-ભૂવાનો ઉપયોગ કરતા હોય છે. ગામના બધા કુટુંબો ભેગા મળીને નક્કી કરેલા દિવસે દેવસ્થાન કે ભગતો દ્વારા તેની પૂજાવિધિ કરી મરઘુ કે બકરુ અને દારૂ ચડાવી દેવોને ખુશ કરાવે છે. તેઓ ભૂત-પ્રેત, ડાકણ અને પિતૃપુજાને મહત્વ છે.

**સામાજિક રીતરિવાજ :**

વારલીઓ પરંપરાગત રુઢ થયેલા રિવાજોને 'કાયદો' કહે છે. આ કાયદા પ્રમાણેના વ્યવહારોનો જ આગ્રહ રખાય છે, જન્મથી મૃત્યુ સુધીના રીતરિવાજોને જોવાથી તેનો ચોક્કસ ખ્યાલ આવી શકશે.

**રજસ્વલા સ્ત્રી :**

રજસ્વલા સ્ત્રીને ધરમપુર વિસ્તારમાં વસતા વારલીઓ "ડોકીચાખાલા" 'ડોકી ધોવાયમા' કે 'પદરેણ' કહે છે. પવિત્ર ન થાય ત્યાં સુધી તે રાંધવાનુ, ખાંડવાનુ, દળવાનુ, પાણી ભરવાનું કામ કરી શકતી નથી. ઘરની બહારના કામો કરે છે જેમાં છાણ-વાસીદુ, ખેતીનાં કામો, નીંદવાનુ, વાઢવાનુ, ઘાસ લાવવાનું, ઢોર ચરાવવા જવાનુ, ઢોરોને ઘાસ નાખવાનુ, ઢોરોને પાણી પાવાનુ, જંગલમાંથી લાકડાં લાવવાનુ, જંગલ પેદાશો એકઠી કરવાનુ કામ કરી શકે છે. આવી સ્ત્રી ચાર દિવસે માથુ ચોળીને સ્નાન કરી પવિત્ર બનીને બધાં કામો કરી શકે છે.

**પેટીપૂજન :**

પેટી પૂજનનો દિવસ ભગત નક્કી કરે છે. તે દિવસે ચારપાંચ કુટુંબનાં સ્ત્રી-પુરુષો ભેગાં થાય. ભગત તે દિવસે પેટી પૂજવા માટે ઘેર આવે છે. પૂજા માટે ભગત બતાવેલી વસ્તુઓમાં સિંદુર, ચોખાનો લોટ, નાળિયેર, દારૂ, અગરબત્તી, નાનુ મરઘુ લાવીને ભગત વિધિ કરે છે. આ પછી ગર્ભ રહ્યા બાદ બાળકના જન્મ સુધી બીજી કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી.

**પ્રસવ :**

પાડામાં જે સુવારીન હોય તેને જ બોલાવવામાં આવે તે સિવાયની બીજા પાડાની સુવારણ પ્રસવ કરાવતી નથી. પ્રસવ કોથળા પાથરીને નીચે કરાવે છે. બાળકની નાડ જુવારના સાંઠાની ચીપથી, બરુથી કે તીરથી કાપવામાં આવે છે. આ નાડ ઘરની પાછળ દાટીને ઉપર પથ્થર મૂકવામાં આવે છે. આ સિવાઈ કોઈ ખાસ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી.

**પાંચોરા (છઠ્ઠીની વિધિ ) :**

પાંચોરા બાળકના જન્મબાદ પાંચમા દિવસે કરવામાં આવે છે. પૈસાની સગવડ ન થાય તો પાંચને બદલે સાત દિવસે પણ કરે છે. આ વિધિમાં મુખ્યત્વે બે ટોકરી ડાંગર, નાળિયેર, સિંદુર, ગુલાલ, તવીની મેશ, ખાંચખાદ્યાં (બે કાચા સુતરના દોરાની આંટીઓ, લાકડાના ટુકડા, કંકુ, કોપરાના બે-ત્રણ કકડા) એ સિવાય બે બાટલી દારૂ, દીવો કરવા તેલ વગેરે પાંચારાના દિવસે સુવારીન સવારે આવી ઘરની ભીંત પર એકાદ હાથજેટલો ભાગ જમીનથી અડધો ફૂટ ઉંચે લીંપ છે. તેના પર વિધિ કરવામાં આવે છે.

**દેવકરવાની વિધિ :**

સંપૂર્ણ તૈયારી થયા બાદ સુવારીન લીંપેલી જગ્યાએ દેવ કરવાની વિધિની શરૂઆત કરે છે. સિંદુર, ગુલાલ, કંકુવાળી થાળી મુકી રાખે છે. મંત્ર બોલીને પગે લાગીને અંગૂઠાથી પાંચ-પાંચ ચાંલ્લા કરે છે કે જેનો એક ચોરસ બને છે. પ્રથમ ચારે બાજુ ગુલાલની એક લાઈન, ત્યારબાદ કંકુ અને એના પછી મધની લાઈન કરવામાં આવે છે. છેલ્લે મેશની લાઈન કરવામાં આવે છે. આ વિધિ કરવામાં આવતી હોય છે તે દરમ્યાન પ્રસૂતા દેવની વિધિની સામે જ તેના બાળકને ખોળામાં લઈને બેઠી હોય છે. આમ પાંચોરાની વિધિ બાદ દસ પંદર દિવસે ભગતને બોલાવી પેટી બાંધવાની વિધિ કરવામાં આવે છે.

**નામકરણ વિધિ :**

બાળકનું નામ ૧૦ કે ૧૫ દિવસે પાડવામાં આવે છે. બાળકનું નામ પાડવાના દિવસે સુવારીનને બોલાવવામાં આવે છે, સુવારીનજ બાળકનું નામ પાડે છે, તે સમયે એકત્ર થયેલ કુટુંબીઓ, દાયણો, સગા-સંબંધી, પાટીલને તાડી પાવામાં આવે છે.

**પ્રથમ માથાના વાળ ઉતારવા :**

પ્રથમ બાળક છોકરો કે છોકરી જન્મેલ હોય તો તેના માથાના વાળ ત્રણ-ચાર માસે ઉતારવાની વિધિ કરવામાં આવે છે. જેમાં બાળકના માતૃપક્ષેથી બાળકના મામાને બોલાવવામાં આવે છે.

**ડામ આપવાની વિધિ :**

બાળક ચાર-પાંચ વર્ષનુ થાય ત્યારે ભગતને બોલાવી વિધિ કરવામાં આવે છે. લોખંડના સાધનથી આ ડામ આપે છે જે કામ ભગત કરે છે.

**લગ્ન :**

વારલી સમાજમાં યુવાનવયે લગ્નનો સમય હોળીની આસપાસનો છે. લગ્ન એકસાથી અને બહુસાથી બન્ને પ્રકારનાં છે. પહેલી પત્નીથી છોકરાં ન થતાં હોય ત્યારે સમાજમાંથી બીજી પત્ની લાવે છે. બન્ને પત્નીને તે જુદી અને સાથે પણ રાખી શકે છે. આજના સમયમાં છોકરા-છોકરીના પસંદગીના લગ્નો કરે છે. લગ્નની ઉંમરમાં પુરુષો ૨૦ થી ૨૨ વર્ષે અને સ્ત્રીની ઉંમર ૧૮ વર્ષની આજુબાજુ રાખેલ છે. આ સમાજમાં છોકરીનું દહેજ વરપક્ષ તરફથી છોકરીના બાપને આપવુ પડે છે.

**છુટાછેડા :**

મુખ્યત્વે છુટા થવાનાં કારણો આ પ્રમાણે હોય છે, પતિ-પત્ની વચ્ચે મનમેળ ન હોય, પત્નીને મારવામાં આવતી હોય, કાયમ હેરાન કરતા હોય તો તે સ્ત્રી તેનાથી છૂટી થાય છે. પુરુષ કે સ્ત્રી બંને છૂટા થતા સ્વતંત્ર છે. પંચ નક્કી કરે પછી ખર્ચ આપીને છુટાછેડા થાય છે.

**પુનઃલગ્ન :**

વારલીઓમાં પુરુષ વિધુર હોય કે છુટાછેડા લીધેલ હોય તે ફરીથી લગ્ન કરી શકે છે. કુંવારી છોકરી સાથે પણ લગ્ન કરી શકે છે. છૂટાછેડા લીધેલ પુરુષનુ લગ્ન થાય તો મંડપ, હળદર કે દેવ કરવાની વિધિ કરવામાં આવતી નથી.

**મૃત્યું :**

મૃત્યુબાદ મૃતદેહને ઘરમાં એક કોથળો પાથરી દક્ષિણ દિશા તરફ તેનુ માથુ રાખી સુવાડવામાં આવે છે. મૃતદેહ પર એક ચાદર (કપડું) ઓઢાડવામાં આવે છે. ગરમ પાણીથી મૃતદેહને નવડાવે છે. ગામમાં કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તો ખેતરનુ, શિકારનું, માછલી પકડવાનું, રાંધવાનું, પાણી ભરવાનું કે ઝાડુ કાઢવાનું કામ કરવામાં આવતુ નથી.

મૃતદેવને ઠાઠડીમાં બાંધીને સ્મશાને લઈ જવામાં આવે છે. પુત્ર એક દોણીમાં દેવતા રાખી આગળ ચાલે,

મૃતદેહ ઉપાડીને ચાલે અને વિસામા સુધી રડતી રડતી સ્ત્રીઓ આવે છે. વિસામા આગળ મરનારની પત્ની બંગડીઓ અને કાળી ગાંઠી તોડી નાખે છે. વિસામા આગળ બધાજ સ્ત્રી-પુરુષો, બાળકો હાથમાં ચોખા અને પાંચ-દશ પૈસા રાખીને શબને પગે લાગે છે અને પગ આગળ નાંખવામાં આવે છે. છેલ્લે દારૂની શાક પાડવામાં આવે છે. ત્યારબાદ શબને સ્મશાનમાં લઈ જઈ અગ્નિદા દેવામાં આવે છે અને દાટવાના ોય તો દાટે છે.

કોઈ પુરુષ કે સ્ત્રીનુ અકસ્માત, વાગવાથી, પડી જવાથી, વાઘે માટી નાંખ્યુ હોય, ભયંકર રોગથી મૃત્યુ કે સાપ કરડવાથી થયુ હોય તેવા તથા સગર્ભા સ્ત્રીને મૃત્યુ થયુ હોય તો દાટવામાં આવે છે. જ્યારે અન્ય રીતે મૃત્યુ પામેલ સ્ત્રી-પુરુષને પુત્ર, પિતા કે પતિ તેમજ બીજા એક અપરણીત છોકરા મૃતદેહની ચારેબાજુ પાંચ ફેરા કરી અગ્નિદાહ આપે છે. અગ્નિદાહ દે છે ત્યારે એક બાટલી દારૂ રેડવામાં આવે છે. અગ્નિદાહ આપ્યા પછી નદીમાંથી કે કૂવામાંથી પાણી લાવવાની ક્રિયા કરી નાહ્યા પછી ઘરે જાય છે.

**મુખ્ય વિશેષતા :**

તેઓ નારણદેવ, ગામદેવ, વાઘદેવ વગેરે દેવોની સામૂહીક રીતે પૂજા કરે છે. સાથે સાથે હિદુ દેવ-દેવીઓની પૂજા કરે છે, સાથે સાથે તેઓ છુંદણાં પણ છુંદાવે છે. તેઓ વારલી ભીંતચિત્રો એવી રીતે તૈયાર કરે છે કે તેઓ તે ભીંતચિત્રથી વિશ્વવિખ્યાત બન્યા છે.

# કાથોડી

કાથોડી કાતકરી નામથી ઓળખાય છે. આ બન્ને નામ કાથો બનાવવાનાં વ્યવસાય ઉપરથી ઉતરી આવેલ છે. તેમની બે પેટાજાતિઓ છે. જેમાં ઢોર કાથોડી અને સોન કાથોડી અથવા ઢોર કાતકરી અને સોન કાતકરી. સોન કાથોડી ગાયનું માંસ ખાતા નથી પરંતુ ઢોર કાથોડી ગાયનું માંસ ખાય છે. તેમની બોલી, દેખાવ અને બીજા રિવાજો ઉપરથી કાથોડીને ભીલનીજ એક પેટાજાતિ માનવામાં આવે છે. કાથોડી પોતાને હનુમાનના વંશજ તરીકે ઓળખાવે છે.

એમ.એ. શેરીંગના "હિન્દુ જાતિઓ અને જ્ઞાતિઓ" માં કાથોડી અથવા કાતકરી વિશેના લેખમાં કાથોડીઓને ઘણાજ નાના માનવી જાતિના અને ઉત્તરનાં કોંકણનાં પર્વતો અને જંગલોમાં મોટી સંખ્યામાં ઉતરી આવેલા અને "માઈલા ભીલ" તરીકે જાણીતા થયેલા લોકો તરીકે વર્ણવે છે. તેઓ નાશ કરાયેલ ખેરનાં ઝાડનાં અર્કમાંથી કાથો બનાવનાર લોકો છે. લાકડાના કોલસા બનાવવા, ગુંદર એકઠો કરવો અને ઘણીવાર ખેતરમાં મદદનીશ વગેરે જેવા કામો કરતા હોય છે.

**વસતિ :**

કાથોડી ગામથી દૂર જંગલમાં રહે છે, અને ભટકતી જાતિઓ જેવુ જીવન જીવે છે. બીજા લોકો સાથે ખાસ ઓછા સંબંધ રાખે છે. ગુજરાત રાજયમાં કાથોડી જાતિ મુખ્યત્વે સાબરકાંઠા, નર્મદા, સુરત અને ડાંગ જિલ્લામાં રહેતી જોવા મળે છે. ૨૦૦૧ની વસતિ ૫,૮૨૦ હતી તેમજ ૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ સર્વેક્ષણ મુજબ આ જાતિની વસ્તી ૧૨,૭૦૧ જોતા મળી હતી.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

કાથોડી જાતિનાં ઘરો સપાટ જમીન પર થોડાઘણા મકાનો ડુંગરી પરનાં ઢોળાવવાળી જમીન પર બાંધેલા જોવા મળે છે. ઘર એકબીજાનાં ઘરથી દૂર બાંધે છે. મકાન વાંસ-માટીની દિવાલો, દેશી નળિયાં, વિલાયતી નળિયાં તેમજ સિમેન્ટનાં પતરાવાળાં જોવા મળે છે.

ઘરવખરીની ચીજવસ્તુઓમાં ખાસ કરીને સ્ટીલના વાસણો વધુ પ્રમાણમાં જોવા મળે છે. ત્યારબાદ પિત્તળનાં, એલ્યુમીનીયમનાં વાસણો જોવા મળે છે. જે લોકોની પરિસ્થિતિ સારી નથી તેવા લોકોના ઘરોમાં ફાટેલી તુટેલી તેમજ મેલી ગોદડીઓ અને કંતાન નાંખી નીચે સુતા હોય છે. જયારે જેમની પરિસ્થિતિ સારી છે તેઓને ત્યાં લાકડાના ખાટલા, પ્લાસ્ટીકની પાટીથી ભરેલા પલંગ તેમજ ગાદલા, ચાદર, ચોરસા જોવા મળે છે.

**પહેરવેશ :**

કાથોડી જાતિમાં પુરૂષો પેન્ટ-શર્ટ, ધોતી અને માથે ટોપી પહેરે છે. મોટી યુવાન બહેનો બ્લાઉઝ અને ચણીયો તથા સાડી પહેરે છે. બાળકો ચડ્ડી અને શર્ટ જેવા વસ્ત્રો પહેરતા હોય છે, જયારે નાની છોકરીઓ ફ્રોક પહેરે છે.

**બોલી :**

તેઓ પોતાની કાથોડી બોલીનો ઉપયોગ કરે છે. સાથે સાથે દક્ષિણ ગુજરાતના કાથોડીઓ દક્ષિણ ગુજરાત

જેવી ભાષા બોલે છે, જયારે ઉત્તર ગુજરાતમાં વિજયનગરના વિસ્તાર જેવી ભાષાની બોલીનો ઉપયોગ કરતા જોવા મળે છે.

**ખોરાક અને પીણાં :**

કાથોડી જાતિમાં પ્રાદેશિક વિસ્તારોમાં પાકો આધારિત ખોરાક જોવા મળેલ. તેઓ જુવાર, મકાઈ તેમજ થોડાઘણા અંશે ઘઉંના રોટલા, નાગલીની રોટલી, તુવરની દાળ તેમજ અન્ય શાકભાજીનો ખોરાકમાં ઉપયોગ કરતા હોય છે. તેઓમાં ખાવાનું ન મળે તો ચાલે પરંતુ દારૂ વગર ચાલતુ નથી. સ્ત્રી-પુરુષ બંન્ને દારૂનુ સેવન કરતા જોવા મળે છે. તદ્ઉપરાંત સામાન્ય દિવસે તથા વાર-તહેવારે માંસ-માછલીનો ઉપયોગ કરતા હોય છે. કેટલાક લોકો સવારે ચાના બદલામાં દારૂનો ઉપયોગ કરે છે.

**શિક્ષણ :**

કાથોડી જાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઘણુ ઓછું છે. સ્થળાંતર કરીને બહારગામ મજૂરી કરતા હોવાના કારણે શિક્ષણમાં ઘણાજ પાછળ રહી ગયેલ છે. ૨૦૦૧માં ૩,૦૬૭ (૨૬.૦) વ્યક્તિઓએ પ્રાથમિક કે માધ્યમિક કક્ષા સુધીનુ શિક્ષણ મેળવેલ હતુ, જયારે ૮,૬૯૮ (૭૩.૯૩) વ્યક્તિઓએ કોઈપણ પ્રકારનું શિક્ષણ મેળવેલ ન હતું.

**ધર્મ :**

કાથોડીઓનાં જીવનમાં ધર્મનું સ્થાન અગત્યનુ છે. મુખ્ય દેવ-દેવીઓમાં “હિન્દીયા દેવ” (શિકાર માટેનાં દેવ) “શિવરયા” ગામનાં દેવ, ભીલ દેવ, વાઘદેવ અને કાકાબળિયા છે. હોળી, વાઘબારસ એમના મુખ્ય તહેવારો છે. ઉત્તરાયણના બીજા દિવસે જંગલમાં જઈને જંગલી પ્રાણીઓનો શિકાર કરીને લાવે છે અને તેનુ કલેજુ હિન્દીયા દેવને ચઢાવે છે.

આ ઉપરાંત આ લોકો દેવમોગરા, કાળકામા, અંબેમાતા અને ઈસુ ભગવાનને માને છે.

**વ્યવસાય :**

કાથોડી લોકોનો મુખ્ય વ્યવસાય જંગલમાં ખેરનાં વૃક્ષોમાંથી કાથો પાડવાનો અને કોલસા તૈયાર કરવાનો હતો. પરંતુ હવે જંગલમાં ખેરનાં વૃક્ષો ન હોવાથી તેમનો ધંધો પડી ભાગેલ છે. હવે તેઓ ખેતી મજૂરી, પશુપાલન તેમજ અન્ય વ્યવસાય કરતા થયા છે.

**સામાજિક રીતરિવાજો :**

હોળી, દિવાળી, ઉત્તરાયણ, નવરાત્રી જેવા પ્રસંગો ઉપરાંત પૂરક હિન્દુ ધર્મ જેવા બધાજ રિવાજો ઉજવે છે.

**રજસ્વલા સ્ત્રી :**

કાથોડીઓ સ્ત્રીને “ડોકાના આના હા” અથવા “પોટ્ટુ આવવું” તરીકે કહેવામાં આવે છે. આ સમય દરમ્યાન સ્ત્રીને રાંધવા, પાણી ભરવા અને પાણી પીવાનાં વાસણોને અડકવાની મનાઈ છે. આ ઉપરાંત રસોડામાં,

ધાર્મિક સ્થાન, આમ ચાર દિવસ સુધી તે બધી દૈનિક ક્રિયાઓથી દુર રહે છે. તેઓ માને છે કે ગર્ભધારણ એ જાતીય સમાગમનુ પરિણામ છે. માસિક આવતુ બંધ થવુ તેમજ ઉબકા આવે અને વારંવાર થૂંકે ત્યારે ગર્ભધારણ થયું છે એમ માને છે. સાથે સાથે જ્યાં સુધી દેવીની કૃપા ન ઉતરે ત્યાં સુધી સ્ત્રી ગર્ભધારણ કરી શકે નહીં.

**પ્રસવ :**

પ્રસવ દાયણ પાસે કરાવે છે. આ દાયણ કાથોડી જાતિની હોય છે. પ્રસવ થવામાં મુશ્કેલી થાય તો બાધા રાખે છે. પ્રસવ થયા બાદ દાયણ બ્લેડથી બાળકની નાળ કાપે છે, અને ઘરના ખૂણામાં દાટે છે. પ્રસવ બાદ સ્ત્રીને ચોખાનુ પાણી ખોરાક તરીકે આપવામાં આવે છે. જન્મબાદ દેવમોગરાની બાધા રાખે છે તથા વાળ કપાવતા નથી. બાળક પાંચ વર્ષનું થાય ત્યારે દેવમોગરા માતાની બાધા પુરી કરવામાં આવે છે.

**પંચૂરો (નામકરણ) :**

કાથોડી સમાજમાં નામ પાડવાની ક્રિયા જો છોકરો હોય તો ત્રણ દિવસમાં અને છોકરી હોય તો પાંચ દિવસ સુધીમાં કરવામાં આવે છે. નામ પાડવાની ઉજવણી સમયે બાળકની ફોઈને તથા કુટુંબ તથા સગાંઓને પણ નોતરવામાં આવે છે. સામાન્ય રીતે કુટુંબનાં પુર્વજનુ કોઈ નામ અથવા તો બાળક જે દિવસે જન્મ્યુ હોય તેના આધારે જેમકે સોમવારે જન્મેલા બાળકને સોમો નામ પાડવામાં આવે છે.

**સગાઈ :**

કાથોડી જાતિમાં છોકરા-છોકરી ઉંમરલાયક થતાં તેમના મા-બાપ તેમને માટે પાત્ર પસંદ કરતા હતા. તેઓ છોકરાની બાબતમાં તે ઉદ્યમી, તંદુરસ્ત, યુવાન અને કમાતો હોવો જોઈએ જ્યારે કન્યાની બાબતમાં તે ઉદ્યમી અને ઘરના કામકાજમાં ચપળ હોવી જોઈએ. આ ઉપરાંત શરીર બંધારણ પણ મજબૂત હોવું જોઈએ. તેઓ છોકરા-છોકરીની એકબીજા માટે સંમતિ મેળવતા હોય છે.

લગભગ ૧૫ થી ૨૦ વ્યક્તિઓ અને વચ્ચે રહેલી વ્યક્તિને સાથે રાખીને કન્યાના પિતાને ઘરે જાય છે. તેમની સાથે દારૂ પણ લઈ જાય છે. સગાઈની બધી ઔપચારિકતા કન્યાના ઘેર કરવામાં આવે છે.

**લગ્ન :**

લગ્નના બે દિવસ અગાઉથી લગ્ન ગીતો ગાવાની શરૂઆત થાય છે અને લગ્નનાં એક દિવસ પહેલાં માંડવો બાંધવામાં આવે છે. લગ્નની જાન છોકરાના ઘરેથી સવારમાં નીકળે છે. જેમાં ૩૦ થી ૫૦ જેટલાં સ્ત્રી-પુરુષો હોય છે. તેઓ બળદગાડુ, ટેમ્પો, ટ્રક કે ટ્રેક્ટરમાં એક ટંક ખાવાનું સાથે લઈને જાય છે. જાનમા વર તથા બધાએ નૃત્ય કરતાં અને લગ્ન ગીતો ગાતા ગાતા જાય છે.

લગ્નવિધિમાં થાળીમાં દિવો સળગાવે છે, કે જેમાં કન્યાની કિંમત દહેજની રકમ મૂકવામાં આવે છે. ત્યારબાદ 'છેડાછેડી'ની ક્રિયા જેમાં કન્યાની સાડીના એક છેડાને વરના ખમીશ સાથ ગાંઠ વાળીને બાંધવામાં આવે છે. તેઓ સીંગલાદેવ અને આસોતરાના વૃક્ષની પૂજા કરે છે. પૂજા સાથે સીંગલાદેવને જુવાર અને ચોખા ચઢાવે છે, અગરબત્તી કરે છે, પૂજાવિધિ પૂરી થયા બાદ વર અને કનયા બન્ને ઘેર જઈ સ્નાન કરે છે. લગ્નમાં છોકરા-છોકરીઓ આખી રાત નૃત્ય કરવાનુ અને ગીતો ગાવાનુ ચાલુ રાખે છે.

**પુનઃલગ્ન :**

કાથોડીઓ વિધવાને પુનઃલગ્ન કરવા દે છે. જાતિપંચના વિધવા જો બીજા ગોત્રમાં લગ્ન કરે તો તેણીએ તેનાં પહેલાના સાસરીપક્ષને કશુ આપવાનું હોતુ નથી. વિધવાના લગ્નમાં કોઈ ક્રિયા કરવામાં આવતી નથી. વિધુર સામાન્ય રીતે તેની મૃત્યુ પામેલી પત્નીની અપરણિત ઉંમરલાયક બહેન સાથે પુનઃલગ્ન કરતાં હોય છે.

**છૂટાછેડા :**

સંસાર જીવનમાં કોઈ મોટા ઝગડાઓ થઈ ગયા હોય કે કોઈ મોટા પ્રશ્ન બની ગયો હોય તો જાતિપંચ મારફત છૂટાછેડા આપવામાં આવે છે. છોકરો કામધંધો કરતો ન હોય, વધુ પડતો દારૂ પીવાથી, પોતાની પત્નીને વારંવાર હેરાન-પરેશાન કરતો હોય અથવા તો બીજી છોકરી સાથે સંબંધ રાખવાની છૂટાછેડા પંચ આપતુ હોય છે. પુરુષ છૂટાછેડા આપે તો સ્ત્રીને પંચે ઠરાવેલ રકમ આપવી પડે છે અને જો સ્ત્રી છૂટાછેડા આપે તો કોઈ રકમ આપવી પડતી નથી.

**મૃત્યુ :**

મૃત્યુબાદ મૃતદેહને સંગંધી વસ્તુ અને પાણીથી નવડાવવામાં આવે છે અને નવાં કપડાં પહેરાવવામા આવે છે. જો મરનાર પુરુષ હોય તો તેના મૃતદેહને સફેદ કપડાથી અને જો તે સ્ત્રી હોય તો તેના મૃતદેહને લાલ કપડાથી વીંટાળવામાં આવે છે.

મૃતદેહને સ્મશાન સુધી લઈ જવા માટે ખાટલામાં અથવા તો ઠાઠડીમાં મુકાયાબાદ તેના ઘરનાં ચાર માણસો તેને ઉચકે છે. જે સામાન્ય રીતે નજીકનાં સગાં હોય છે. મૃત્યુ પામેલ વ્યક્તિનો મોટો પુત્ર ભાઈ અથવા પતિ ચિતાને આગ ચાંપે છે. મૃતદેહ સાથે કપડાં, ઘરેણાં તથા તેને પ્રિય વસ્તુઓ પણ મુકવામાં આવે છે. મૃતદેહની ચિતા સળગી ગયા બાદ કે મૃતદેહને દાટી દીધા બાદ હાજર રહેલા લોકો નજીકના નદી, ઝરણા, ખાડી કે કૂવા-હેન્ડપંપ પર નાહ્યા બાદ ઘરે જાય છે.

**મુખ્ય વિશેષતા :**

તેઓ તેમની ગરીબી માટે જાણીતા છે.

# સીદી

સીદીઓ ભારતમાં ઘણા રાજ્યોમાં રહે છે. ગુજરાત, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કેરલ અને દીવમાં તેમની વસ્તી છે. આ ઉપરાંત કર્ણાટક, ઉત્તર કનારા જિલ્લામાં અંકોલા, હરપાલ, પેલાપુર તથા મુંડગોડ તાલુકામાં વસે છે.

ગુજરાતમાં તેમની મુખ્ય વસતિ જૂનાગઢ જિલ્લાના તલાલા તાલુકામાં છે. આ સિવાય એમની વસતિ જામનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર અને અમરેલી જિલ્લામાં છે.

**વસતિ :**

ગુજરાતમા ૨૦૦૧ પ્રમાણે સીદીઓની વસતિ **૮,૬૬૨** જોવા મળી હતી. તેઓમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૧,૬૦૮ (૨૭.૦૮) વ્યક્તિઓ શિક્ષિત જોવા મળી હતી. કુલ આદિવાસી વસ્તીમાં ૦.૧૨ ટકા પ્રમાણ છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

તેઓના રહેઠાણ એ મહોલ્લામાં બે-ત્રણથી માંડી પંદર-વીસ સુધી ઘરો એકબીજાની દિવાલ જોડીને બાંધેલ હોય છે. તેઓ માટી કે પત્થર-માટીની મિશ્રીત દિવાલો બનાવે છે. ઉપર ઘાસ, દેશીનળિયાં, વિલાયતી નળિયાં જોવા મળે છે. શહેરી વિસ્તારમાં પતરાંવાળાં કે ધાબાવાળં મકાન જોઈ શકાય છે.

ઘરવખરીમાં મોટાભાગની વસ્તુઓમાં પાટીના ખાટલા, કાથીના ખાટલા, લોખંડના પલંગ, ટેબલ ખુરશી, સાયકલ, ઘડિયાળ, ટેપ-રેડિયો, શિકારનાં તથા માછલી પકડવાનાં સાધનો, વાજીંત્રો, ફાનસ, ચીમની, ટોપલા-ટોપલીઓ, ઘંટી, પ્રાયમસ, બેટરી, પતરાની પેટી કપડાં ભરવા માટે વગેરે. આ ઉપરાંત અભરાઈ ઉપર પિત્તળ, તાંબા, કાંસાધ, સ્ટીલ અથવા કાચનાં વાસણો ગોઠવી રાખે છે. અનાજ ભરવા માટે બે-ત્રણ કોઠીઓ રાખે છે.

**પહેરવેશ :**

તેઓના પરંપરાગત પહેરવેશમાં પુરુષો ખમીશ, કોટ, લેંઘો, ટોપી પહેરે છે. જયારે ગામડામાં વસતા ચોરણી, ખમીશ, ફાળિયુ વિંટે છે. સ્ત્રીઓનો પોષાક ગુજરાતી સ્ત્રીઓના પોશાક જેવોજ છે. ઘેરવાળા ઘાઘરા અને ચુંદડી પહેરે છે, અથવા તો પોલકુ અને સાડી પહેરે છે. જ્યારે યુવાન સ્ત્રીઓ પાયજામો અને કુર્તા પહેરે છે તથા માથે ઓઢણી ઓઢે છે. દાગીનામાં સોના-ચાંદીની વીંટી પહેરે છે. સ્ત્રીઓ નાકમાં નથણી, પગમાં ચાંદીની ઝાંઝર, ગળામાં ચાંદીનો દોરો, હાથમાં પ્લાસ્ટીક કે કાચની બંગડી પહેરે છે. કાનમાં લટકણિયાં તથા યુવાન યુવક કે યુવતીઓ માથાના વાળ આંકડિયા હોવાથી સીધા રાખવા ચીપીયા પણ ખોસે છે. આધુનિક સમયમાં પરિવર્તન આવતાં ગળામાં તેમજ કાનમાં કેટલીક સ્ત્રીઓ પાસે સોનાના કાપ કે દોરા જોવા મળે છે.

**બોલી :**

સગાઈ-સંબંધો જોતાં લાગે છે કે સીદીઓ મુસ્લિમ ધર્મી હોવા છતાં તેમની સાંસ્કૃતિક અને બોલી સૌરાષ્ટ્ર પ્રદેશ હોવાથી તેમના સગાઈ સંબંધના સંબંધનો સાથે વસ્તી અન્ય જાતિઓ જેવાજ જોવા મળે છે. શહેરી વિસ્તારમાં જયાં અન્ય મુસ્લિમ સાથે વધુ રહેવાના પરિણામે સગાઈ સંબંધનોમાં કેટલાંક સંબોધનો મુસ્લીમ સમાજ જેવા વર્તાઈ આવે છે. જયારે બેડી વિસ્તારમા કચ્છી ભાષાની અસર હોવાથી તેના કેટલાક શબ્દો કચ્છી બોલી પણ સંબોધનમાં વપરાય છે.

**ખોરાક-પીણાં :**

બાજરીના રોટલા સાથે શાક કે દાળનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત વાર-તહેવારે ઘઉં-ચોખાનો ઉપયોગ કરે છે. ગ્રામ્ય વિસ્તારમાં પ્રસંગોપાત માંસનો ઉપયોગ કરે છે. દરિયાકિનારે રહેતા સીદીઓ માછલીનો ઉપયોગ કરે છે. શહેરી વિસ્તારમાં તેઓ પ્રસંગોપાત માંસ-મચ્છીનો ઉપયોગ કરે છે.

પીણામાં ચા નો ઉપયોગ લગભગ બધાજ સીદી કુટુંબો કરે છે. તેઓના ઘરે કોઈપણ મહેમાન આવે ત્યારે ભાવભીનુ સ્વાગત કરે છે તથા ચા, દૂધ, ઉકાળો કે બીડી પણ પાય છે અને ઘરમાં જે હોય તે તેને જમાડે છે.

**ખેતીનાં સાધનો :**

તેમનાં ખેતીનાં સાધનોમાં હળ, કરબ, સમાર, વાવણીયો, ધૂસરી, કૂવો, મશીન, ગાડુ, દાતરડાં, કોદાળી, પાવડા, લોખ્ંડની કોસ, કુહાડી વગેરે સાધનો જોવા મળે છે. ખેતી માટેનાં કેટલાંક સાધનો ન હોય તો બીજા સીદી ખેડૂત પાસેથી માગી લાવવામાં આવે છે.

**મિલકત :**

સીદીઓ જે મિલકત ધરાવે છે તેમાં ખેતી કરવાવાળા પાસે જમીન, પશુઓ, ખેતીનાં ઓજારો, ઉપરાંત ઘરવખરીએ મુખ્ય છે. જયારે ખેતીવિહોણા પાસે ઘર થોડાંક પશુઓ અને ઘરવખરી એજ મુખ્ય છે.

**સગાઈ સંબંધો : (જન્મથી મૃત્યુ સુધી)**

સગાઈમાં છોકરાવાળા તરફથી પ્રથમ પ્રયત્નો કરવામાં આવે છે. છોકરા પક્ષેથી સગાઈ વખતે સગાં અને કુટુંબી સ્ત્રી-પુરુષો જાય છે. સગાઈની વિધિ છોકરાના ઘરે રાત્રે કરવામાં આવે છે. સાથે છોકરો જતો નથી. સગાઈ સમયે ચાંદીના સાંકળા, કાનમાં સોનાની બુટિયાં અને નાકની નથણી સોનાના ગીલેટવાળી જમાતના નિયમ પ્રમાણે આપવામાં આવે છે.

**લગ્ન-શાદી (માતા-પિતા દ્વારા ગોઠવાયેલ લગ્નવિધિ )**

સગાઈ પછી બંને પક્ષ અનુકુળતાએ શાદીની તારીખ નકકી કરે છે. જે મુસ્લીમ મહિનાની તિથિ પ્રમાણે નક્કી થાય છે. આ તિથિ નક્કી કરતાં જાન કયારે, કયા સમયે કેટલા માણસો આવશે, જમણવારમાં શુ કરવુ વગેરે પણ નક્કી કરવામાં આવે છે.

**પીઠી :**

લગ્નની તારીખ નક્કી થયા મુજબ જાન જવાના આઠ દિવસ પહેલાંની પીઠી ચોળવાની શરૂઆત કરવામાં આવે છે. પીઠીમાં દરરોજ કુટુંબની સ્ત્રીઓ ભેગી થઈ હળદર લગાવે છે. ગીતો ગાતી આ પીઠી બંને પક્ષે લગાવવામાં આવે છે.

**માંડવો :**

જાન જવાના આગલા દિવસે તો કોઈ જગ્યાએ બે ચાર દિવસ પહેલાં માંડવો નાંખવામાં આવે છે. મંડપ વર તેમજ કન્યાની ઘર આગળ લાકડાં બાંધી કંતાન કે કાપડ કે ચાંદણી બાંધી કરવામાં આવે છે. આર્થિક રીતે સુખી હોય તો ગ્રામ્ય તથા શહેરમાં તૈયાર મંડપ બંધાવી લાઉડસ્પીકરો લાવે છે.

**જાન :**

જાન છોકરાની છોકરીના ઘરે ૪૦ થી ૫૦ માણસોની જાય છે. જેની સ્થિતિ સારી હોય તે વાહનો ભાડે કરીને લઈ જાય છે.

**વર-વહુનો પહેરવેશ :**

વરરાજાનો પહેરવેશ લગભગ સફેદ રંગનો હોય છે. હાલમાં તો પેન્ટ, બુસ્કોટ, બૂટ, મોજા વગેરે પહેરવામાં આવે છે. જાન નિકળે ત્યારે વરરાજા ઉપર કાચો લાલ રંગ છાંટવામાં આવે છે. ઘરેણાં પહેરાવવામાં આવે છે તેમજ એક હાથમાં નારિયેળ અને તલવાર આપવામાં આવે છે. કન્યાનો પહેરવેશ જાન આવે તે દિવસે લાલ રંગનું ફ્રોક, પાયજામો અને ઓઢણી હોય છે.

**કન્યાના ગામમાં :**

જાન વેવાઈના ગામમાં પહોંચે ત્યારે બંન્ને પક્ષની સ્ત્રીઓ સામ સામે ઢોલ નગારાં વાગતાં હોય અને લગ્નનાં ગીતો ગવાતાં હોય છે. સામૈયામાં કન્યાની બહેન પોતાના બનેવીને પાંખે છે અને નજર ન લાગે તે માટે અલ્લાની દૂઆ માંગે છે. ગામમાં સગાને ત્યાં ઉતારો આપે છે ત્યારપછી જમણનું કામ પતાવવામાં આવે છે.

**લગ્નવિધિ :**

લગ્નની વિધિ કાજી પાસે મુસ્લિમ ધર્મ અનુસાર કરવામાં આવે છે. કાજી કુશનની આયાતો પઢે છે. આ સમયે કન્યા પક્ષનો વકીલ અને છોકરા પક્ષના બે સાક્ષી રાખવામાં આવે છે. જેમાં પ્રથમ છોકરાને પૂછવામાં આવે છે. "આ સાદી આ છોકરી સાથે મંજૂર છે?" જો છોકરો હા પાડે ત્યારે છોકરીના ઘરમાં જઈ વકીલ અને સાક્ષીઓ એજ રીતે અમુક નામના છોકરા સાથે સાદી મંજૂર છે ? જો છોકરી હા પાડે તો નિકાહ પઢાવવામાં આવે છે અને જમાતના ચોપડે વર કન્યાનાં લગ્ન થયાં છે તેની નોંધ કરીને બન્નેની સહી લેવામાં આવે છે.

**દહેજ અને વિદાય :**

જમાતના રિવાજ મુજબ પલંગ, ગાદલાં, હેલ અને વાસણોમાં બુઝારું, થાળી, વાટકા, ગ્લાસો, કાંસાની તાંસળી વગેરે આપે છે. નજીકનાં સગાંઓ પણ દાગીના-વાસણો ભેટ સોગાદ આપે છે. હાલમાં આર્થિક સ્થિતિ સારી હોય તો સોના-ચાંદીના દાગીના આપે છે. ભેટ-સોગાદ આપ્યા પછી કન્યાને વિદાય કરે છે. ૧૦થી ૧૫ દિવસે આણુ કરવાનું હોય છે. ધીમે ધીમે આવતાં જતાં થાય છે.

**મામેરુ :**

લગ્નમાં કન્યાપક્ષના સગાઓ દાગીના તેમજ રોકડ રકમ આપે છે. લગ્નમાં બંને પક્ષે રૂા.૪૦૦/- થી ૫૦૦/- રૂા.નું ખર્ચ થાય છે.

**છૂટાછેડા :**

છૂટાછેડા જમાતની મંજુરી સિવાય મળતા નથી. જે પક્ષે છૂટાછેડા લેવા હોય તેમણે લેખિત જમાતને આપવુ પડે છે. જમાત બંને પક્ષોને સાંભળી ફારગતી આપે છે.

**પુનઃલગ્ન :**

સીદીઓમાં વિધૂર-વિધવા તેમજ છૂટાછેડા લીધેલ ફરીથી લગ્ન કરી શકે છે. જેમાં છૂટાછેડા લીધેલ સ્ત્રી અને વિધવા સ્ત્રી છૂટા છેડા લીધેલ પુરુષની સાથે કે વિધૂર પુરુષ સાથે લગ્ન કરી શકે છે. દિયરવટુ અને સાળીવટુ બંને સીદીમાં થાય છે પરંતુ તે ફરજીયાત નથી.

**વૃધ્ધાવસ્થા :**

કુટુંબમાં આવાં મોટી ઉંમરના સ્ત્રી-પુરુષો પરણીત સંતાનો સાથે રહેતાં હોય તો તેમનાં બાળકોને રાખવાનું કે બેઠાં બેઠાં જે કામ થઈ શકે તે કરે છે. તેના બદલામાં તેઓને ખાવાનું મળે છે.

**મૃત્યુ :**

વ્યક્તિ જયારે અંત સમયે બિમાર પડે ત્યારે સગાસંબધીઓને મળવા માટે બોલાવવામાં આવે છે. જો મૃત્યુ થાય તો સગાંને બોલાવી લીધા પછી સંગંધીત સાબુથી સ્નાન કરાવી, સુગંધીત તેલ અને અત્તર છાંટવામાં આવે છે. ત્યારબાદ તૈયાર જનાનામાં મૃતદેહને સુવડાવવામાં આવે છે. મૃતદેહ ઉપર ૧૦ મીટર લાંબુ કપડુ ઢાંકવામાં આવે છે. કબ્રસ્તાનમાં જનાનો એક તરફ મૂકી કબર તૈયાર કરવામાં આવે છે. જે લગભગ ૩ ફૂટ પહોળી - ૫ થી ૮ ફૂટ લાંબી અને ૪ થી ૫ ફૂટ ઊંડી બનાવવામાં આવે છે. જનાનાથી ૧૦ ફૂટ દૂર જઈ મૌલવી કુરાનમાંથી આયાતો પઢે છે અને મૃતદેહનું માથુ પશ્ચિમ તરફ રાખી ઉતારવામાં આવે છે. અત્તર, ગુલાબજળ તેમજ મૈયતપડી નાંખવામાં આવે છે. ત્યારબાદ સગાસંબધી એક એક મુઠ્ઠી માટી નાંખે છે ત્યારબાદ કબ્રસ્તાનમાં માટી ભરી દેવામાં આવે છે.

**મૃત્યુ બાદની વિધિ :**

મૃતદેહની દફન વિધિથી 'જારત' ના દિવસ સુધી ઘરમાં ખાવાનું બનાવતા નથી. સગાસંબંધીઓ પોતાના ઘરથી રાંધીને મરનારને ઘરે સાથે બેસીને ખાય છે. 'જારત' કાજી સાહેબ કરાવે છે. જારમાં દરેક કુટુંબીને ફરજીયાત હાજર રહેવુ પડે છે. 'ફાતિયા' ૧૦મા દિવસે, ૨૦મા દિવસે અને ૪૦મા દિવસે પઢાય છે. મરનારનાં કપડાં ફકીરને આપી ખોરાત (દાન) કરવામાં આવે છે.

**જાતિપંચ :**

જાતિપંચને જમાત (જમાઅત) તરીકે ઓળખવામાં આવે છે. આ જમાત દરેક ગામમાં હોય છે.જેમાં સગાઈ, છૂટાછેડા, મૃત્યુ, અંદરોઅંદરના ઝઘડા, સામાન્ય રહેણીકરણી, જાતિય સંબંધો સંબંધી વગેરે અનેક પ્રકારના સમાજની પરંપરા મુજબના નિયમોનું પાલન કરાવી શકે છે. જો નિયમોનું પાલન ન કરે તો તેને માર મારવો, દંડ કરવો, સામાજીક બહિષ્કાર કરવો વગેરે ભારે શિક્ષા જમાત જાતિપંચ કરે છે. તેઓના પંચનાં નામો જેમકે 'સીદી જમાત', 'બાદશાહ જમાઅત' 'નીગ્રો જમાઅત', 'જમાયતે ગોટીયા' જેવાં નામોથી ઓળખવામાં આવે છે.

**ધાર્મિકજીવન- ઉત્સવો-તહેવારો :**

સીદીઓની કેટલીક ધાર્મિક માન્યતાઓનો આધાર મુસ્લિમ ધર્મદર્શન ઉપર આધારિત જોવા મળે છે.

જેમકે તેઓ અલ્લાને નિરાકાર સ્વરૂપે માને છે અને કર્મની ગતિમાં પણ માને છે. તેઓ માને છે કે રમજાન માસમાં રોજા પાળવામા ના આવે તો બીજા અવતારે કૂતરા તરીકે જન્મ મળે છે. સારાં કાર્ય કરનારને સ્વર્ગ મળે છે અને ખરાબ કામ કરનારને નરક મળે તેવું માને છે.

તેઓ મુસ્લીમ ધર્મની અસર નીચે હોવાથી તેમનાં પવિત્ર યાત્રાધામ મક્કા, મદીનાની હજ વિશે આશા સેવતા હોય છે.

સીદીઓ મુખ્ય ચાર તહેવારો ઉજવે છે. બાબાગોર, નાગરચી બાવાનો ઉરસ તેમજ "કંદુરી" માઈમીસરાનો ઉત્સવ ઉજવે છે. આ ઉપરાંત અન્ય મુસ્લીમોની જેમ મોહરમ, બારેવફાત (ઈદેમિલાદ) રમજાન ઈદ અને બકરી ઈદ ઉજવે છે.

**સાંસ્કૃતિક :**

સીદી શબ્દ વિશે ઓકસફર્ડ શબ્દકોષમાં કહ્યું છે કે એ શબ્દ અરબી ભાષાના "સૈયદ" શબ્દમાંથી ઉતરી આવેલ છે. જેનો અર્થ થાય છે રાજકુમાર, ઉમરાવ અને ગીર વિસ્તારમાં વસતા સીદીઓ માટે એક ઐતિહાસિક આધાર એ પણ છે કે મહમદ ગઝનીની ચઢાઈઓમાં તેઓ નગારાં વગાડતા હતા. આ સીદીઓને ઘણા લોકો "સીદી બાદશાહ" ના ઉપનામે પણ ઓળખવામાં આવે છે.

સીદી સંપૂર્ણ નિગ્રો પ્રજાતિય તત્વો ધરાવતી જાતિ છે. તેઓ મજબૂત બાંધાના ઉચા અને કાળા છે, તેમના વાળ ઉન જેવા વાંકડીયા છે. તેમનુ ઝડબુ આગળ પડતુ અને હોઠ કાળા હોય છે.

સીદીઓ મૂળ આફ્રિકન પ્રજાતિ હોવાથી તેમની સાંસ્કૃતિક પરંપરાઓ અનુકુળ નાચવા-ગાવાનાં સાધનો જોવા મળે છે. જેમાંના મુખ્યત્વે ધમાલ નૃત્યમાં વપરાય છે. માઈમિશ્રા, મશીદો, ઢોલકી, શ્રી મુક્તાકાસોટા, શીવાની વગેરે બાબાગોરની જગ્યામાં રાખવામાં આવે છે.

**ધમાલનૃત્ય એક વિશેષતા :**

ઉર્ષ (ઉરસ) સમયે સીદીઓ ધમાલ નૃત્ય કરતા હોય છે. તેમનું ધમાલ નૃત્ય પવિત્ર માનવામાજ્ઞ આવે છે. જેમાં કોઈપણ સ્ત્રી-પુરુષ સ્નાન કર્યા સિવાય ભાગ લઈ શકતુ નથી. જેમાં મોટા ઢોલ, નાની ઢોલકીઓ અને વાજીંત્રો હોય છે. ઉરસ વખતે આખા ગામમાં ધમાલ નૃત્ય કરતા હોય છે. તેઓ શરણાઈની સાથે નાચ કરે છે અને વચ્ચે વચ્ચે હાઉ હાઉના અવાજો કાઢે છે. આ ધમાલ નૃત્ય સંસ્કૃતિનુ આગવુ પાસુ રજુ કરે છે. તેઓ નિગ્રો જાતિ તત્વ અને શરીરના આગવા બંધારણની વિશેષતા ધરાવે છે.

# કોટવાળિયા

**વિસ્તાર :**

કોટવાળિયા જાતિ મુખ્યત્વે દક્ષિણ ગુજરાતમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. કેટલાક લોકોનું માનવું છે કે કોટવાળિયા મૂળ ગામીતમાંથી ઉતરી આવ્યા છે. જયારે કોટવાળિયા, વિટોલિયા, બરોડિયા કે વાંસફોડિયા તરીકે પણ ઓળખાય છે. વિટોલિયા કે વટલાઈ ગયેલા, અભડાઈ ગયેલા જેવા શબ્દો પણ આ જાતિને માટે વાપરવામાં આવે છે. કોટવાળિયા ખાસ કરીને વાંસનો ઉપયોગ કરતા હોઈ તેમને વાંસફોડિયાના નામથી પણ ઓળખવામાં આવે છે. કોટવાળનું કામ કરતા હશે અને કોટવાળિયા કહેવાયા હોય એ પણ શક્ય છે.

આ પ્રજા મૂળ કયા વંશની છે, ક્યાંથી આવીને ગુજરાતમાં વસવાટ કર્યો તે અંગે કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. પરંતુ તેમની ભાષા, રહેણીકરણી, સ્વભાવ ઉપરથી અનુમાન બાંધી શકાય કે જયારે દ્રવિડો ભારતમાં આવ્યા તે પહેલાંના અહી સ્થાયી હશે.

**વસતિ :**

ગુજરાત રાજયમાં કોટવાળિયા જાતિની વસ્તી મુખ્યત્વે સુરત, નવસારી, નર્મદા, ભરૂચ, વલસાડ અને ડાંગ જિલ્લામાં પથરાયેલી છે. જયારે ૨૦૦૧ની વસ્તી ૨૧,૪૫૩ હતી અને ૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ સર્વેક્ષણમાં આ જાતિની વસ્તી અંદાજિત ૨૧,૨૪૯ જોવા મળી હતી. આ જાતિમાં ૨૦૦૧ મુજબ ૬,૧૮૯ (૨૬.૦૯ ટકા) સાક્ષરતા જોવા મળી હતી.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

આ જાતિનાં લોકોનો વસવાટ ગ્રામીણ વિસ્તારમાં અને તે પણ ખાસ કરીને જંગલના આજુબાજુના વિસ્તારમાં વિશેષ વસવાટ કરતાં જોવા મળે છે. કારણકે આ જાતિનો પરંપરાગત વ્યવસાય વાંસકામ છે. મોટાભાગે આ જાતિના રહેઠાણો કાચાં વાંસમાટી અને લાકડાનાં બનાવેલાં હોય છે. તેઓનાં મકાનો નાનાં અને ગામના છેવાડે, તેમજ એક જૂથમાં મકાનો બાંધીને રહે છે. મકાનોમાં એક અથવા બે રૂમની સગવડ હોય છે.

આ લોકોની ઘરવખરીની ચીજવસ્તુ મોટાભાગે જરૂર પૂરતી કે જરૂરીયાત કરતાં પણ ઓછી જોવા મળે છે. રસોઈ માટે જરૂરીયાત પૂરતાં એલ્યુમિનિયમ અને સ્ટીલનાં વાસણો તથા અમુક ઘરોમાં જુનાં જમાનાના માટીનાં વાસણો પણ જોવા મળે છે.

જવલ્લેજ અમુક કુટુંબોમાં ટી.વી., ટેપ, પંખો તથા મોટરસાયકલ જોવા મળે છે. મોટાભાગના કુટુંબોમાં ઓઢવા, પાથરવાનું પણ ખૂબજ મર્યાદિત, પલંગનો અભાવ અને નીચે જમીન પર કોથળા કે કંપાન નાંખીને સુવે છે. આ ઉપરાંત હાથે દળવાની ઘંટી, માટીનાં કોબલા, પાણી પીવા માટે દોબડી અને લાકડાનો ચાટુ પણ જોવા મળે છે.

આ ઉપરાંત કોટવાળિયા લોકો પાસે શિકારનાં સાધનોમાં માછલી પકડવાનો ગલ, પક્ષીઓને મારવા માટેનો ગીલોલ, જંગલમાં સસલાં-હરણને ફસાવવા માટે ફાંસા અને સાથે સાથે વાંસકામ માટે કુહાડી, દાતરડુ, સાદડી વગેરે રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

સામાન્ય રીતે યુવાનો પેન્ટ-શર્ટ તથા બંડી પહેરે છે. જ્યારે આધેડ પુરૂષો લાંબો અને પહોળો લંગોટ પહેરે છે. કેટલાક વૃધ પુરુષો ધોતિયુ પહેરે છે. નાનાં બાળકો પેન્ટ-ચડ્ડી તથા શર્ટ પહેરે છે.

સ્ત્રીઓ પાંચ હાથના લુંગડાનો કટકો પહેરે છે અને એટલોજ કટકો માથે નાંખે છે. કબજો રંગીન અને બટનવાળો પહેરે છે. બટન વગરનો કબજો કાપડા તરીકે ઓળખાય છે તેને પહેરે છે. જ્યારે યુવાન સ્ત્રીઓ સાડી, કબજો અને ચણિયો પહેરે છે.

કોટવાળિયા વૃધ્ધ પુરુષો કાનમાં રૂપા કે ચાંદીની કડી પહેરે છે. વૃધ્ધ સ્ત્રીઓના હાથમાં કડા જેમાં નિકલ અથવા ચાંદીના અને પગમાં રૂપાના કે નિકલના સાંકળા અથવા કલ્લાં પહેરે છે. ગળામાં કાળી ગાંઠી કે ગોળ હાંસડી અથવા નિકલની કંઠી પહેરે છે. હાલમાં યુવાન સ્ત્રીઓ ગળામાં ચાંદીનો દોરો અને પરણેલ સ્ત્રીઓ મંગળસૂત્ર પહેરે છે. નાકમાં સોનાની વાળી પહેરે છે ઉપરાંત બજારમાંથી મળતાં નકલી ઘરેણાંનો વિશેષ ઉપયોગ કરે છે.

**બોલી :**

કોટવાળિયા જે લોકો વચ્ચે વસે છે તેમની બોલીનો ઉપયોગ કરે છે.

**ખોરાક અને પીણાં :**

આ લોકોનો મુખ્ય ખોરાક જુવારના રોટલા, ખાટીભાજી, દાળ, કોદરી કભાત) જુવારની ઢાંચલી (ભડકું) ભાખે (રોટલા) છે. જેમાં તેઓ અમુક દિવસના અંતરે માંસાહાર, બુમલા (સુકવેલ માછલી) ઈંડા વિશેષ પ્રમાણમાં લે છે. દારૂનુ પણ નિયમિત સેવન કરે છે. સવારે દુધ વગરની કાળઈી ચ્હાનો ઉપયોગ કરે છે. તહેવાર કે લગ્ન પ્રસંગ હોય તો તેઓ દારૂ-તાડીનો અને પુરી-ભજીયાં વગેરેનો ઉપયોગ કરે છે.

**શિક્ષણ :**

૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ આ જાતિમાં ૬,૧૮૯ (૨૬.૦૯) વ્યક્તિઓ સાક્ષર હતા. જ્યારે ૧૭,૫૩૬ (૭૩.૯૧) વ્યક્તિઓએ કોઈપણ પ્રકારનુ શિક્ષણ લીધુ ન હતું.

**ધર્મ :**

જે કુટુંબો ધર્મ પરિવર્તન કરીને ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હોય તેમના ધાર્મિક પ્રતિક તરીકે ક્રોસ હોય. તેમના કુઈદેવ-કુળદેવીઓમાં દેવમોગરા, દેવળીમાડી, ગોવાળ દેવ છે. વાર, તહેવારે તેઓ ખતરાની પુજાવિધિ કરે છે. જેમાં મરઘુ કે બકરી, બકરાને ચઢાવવામાં આવે છે. કોઈપણ જાતની તકલીફ આવી પડે તો તેઓ ભગત-ભૂવાનો પ્રથમ આશરો લે છે. ડાકણથી ખૂબજ ડરે છે. તેઓ માને છે કે ડાકણને સીધો સંબંધ ભૂત સાથે હોય છે અને ડાકણ મેલી વિદ્યા શીખવા માટે અડધી રાતે સ્મશાનમાં જાય છે, ત્યારે તે પોતાનાં શરીર પર એક પણ વસ્ત્ર ધારણ કરતી નથી. આ રીતે મેલી વિદ્યા સ્મશાનમાં જઈને શીખી આવે છે, ત્યારબાદ ગામમાં કે ફળિયામાં લોકોને હેરાન કરે છે.

**અર્થવ્યવસ્થા :**

કોટવાળિયાઓની અર્થવ્યવસ્થા તેમના પરંપરાગત વ્યવસાય વાંસઉદ્યોગ પર છે. આથી વાંસ એ કોટવાળિયાનું 'કલ્પવૃક્ષ' સમાન છે. વાંસ સિવાય તેઓ ખેતમજૂરીએ પણ જાય છે. આ ઉપરાંત તેઓ મરઘાં ઉછેર, મત્સ્યોદ્યોગ અને પશુપાલનનો વ્યવસાય કરતા પણ જોવા મળે છે.

**સામાજિક રીતરિવાજો :**

આ જાતિના કુટુંબો સંયુક્ત અને વિભક્ત બન્ને પ્રકારનાં જોવા મળે છે. ઘરમાં મોટાભાગે વડીલ પુરુષોનું વર્ચસ્વ હોય છે. કુટુંબો પિતૃપ્રધાન હોય છે.

**રજસ્વલા સ્ત્રી :**

આ સમય દરમ્યાન સ્ત્રીઓ માટે કેટલીક મનાઈ ફરમાવવામાં આવે છે. આ સમય દરમ્યાન તે વાંસમાંથી સાદડી બનાવી ન શકે, પાણી ભરી ન શકે, દેવસ્થાને જઈ ન શકે વગેરે નિષેધો પાળવામાં આવે છે. માસિકના સમય દરમયાન તેના પતિ સાથે સુઈ શકતી નથી.

**પ્રસવઃ**

પ્રસવ પહેલાં સ્ત્રીને કોઈ જુદો ખોરાક આપવામાં આવતો નથી. આ પ્રસંગે ઘરની મોટી ઉંમરની સ્ત્રી હાજર રહે છે. પ્રસૂતિ કરાવનાર બાઈને 'હુવાવરણ' 'ડોહની' કહેવામાં આવે છે. તે કામ કરી આપવાના બદલામાં થોડો દારૂ, મરઘી, સવા રૂપિયો આપે છે. પ્રસવ થવામાં તકલીફ થાય તો દેવ-દેવતાની માનતા રાખે છે.

આ પ્રસૂતાને ઢીલો ભાત કે ભાતથી કાંજી પાંચ દિવસ સુધી અને તેથી વધુ દિવસ સુંઠ, કોપરૂ, ગોળ અને દારૂ વિશેષ પ્રમાણમાં આપે છે. આ જાતિમાં પ્રસવ બાદ દસ-બાર દિવસે સ્ત્રી વાંસકામમાં લાગી જાય છે. સુવાવડની આભડછેટ પાંચ-સાત દિવસ સુધી પળાય છે. બાળકની નાળ બ્લેડથી કાપીને ઘરની બાજુમાં દાટી દે છે.

પ્રસુતી બાદ છઠ્ઠે દિવસે છઠ્ઠીનું પુજન કરવામાં આવે છે, તેને આ લોકો "પાંચરોહ" ના નામથી ઓળખે છે.

**નામકરણ વિધિ :**

કોટવાળિયા જાતિમાં નામકરણ વિધિ બાળકના જન્મ પછી છઠ્ઠા દીવસે રાખે છે. આ વિધિને તેઓ "પાંચરો પૂજવો" કહે છે. બાળકનું નામ તેનાં માતા-પિતા જ પોતાને મનપસંદ નામ વાર કે તિથિત ઉપરથી પાડે છે.

**સગાઈ :**

લગ્ન જેવા પ્રસંગોએ ફળિયાના લોકો ભેગા થાય છે. પ્રથમ પુરુષપક્ષ તરફથી છોકરી જોવા જાય છે. ત્યારબાદ છોકરા-છોકરી એકબીજાને પસંદ કરે છે અને સગાઈ ગોઠવવામાં આવે છે. પોતાની આર્થિક પરિસ્થિતિ અનુસાર ફળિયાના એક જાતિના ભાઈઓ ટ્રેકટર કે ટેમ્પો લઈને જાય છે.

**લગ્ન :**

સામાન્ય રીતે છોકરી જયારે માથે નાહતી (માસિક ધર્મમાં આવતી) થઈ જાય એટલે તેને લગ્નને લાયક ગણવામાં આવે છે. તેજ રીતે છોકરાઓનો અવાજ બદલાય જાય તથા મુછનો દોરો ફૂટી જાય એટલે છોકરાને ઉંમરલાયક ગણવામાં આવે છે અને મા-બાપ છોકરા-છોકરી માટે લાયક પાત્ર શોધવાનું શરૂ કરે છે.

છોકરા-છોકરીને પીઠી લગાવવામાં આવે છે. લગ્નની આગલી રાત્રે "તારયું" (એક પ્રકારનું વાજીંત્ર) વગાડીને સ્ત્રી-પુરુષો નાચે છે.

આ જાતિમાં પરણાવવાની રીત સરળ હોય છે. જાતિનાં વડિલો અને સ્ત્રીઓ લગ્નની વિધિ પતાવે છે.

ઉગતા સુરજની દિશામાં મોં રાખીને ઘરમાં પાટલા પર બન્નેને ઉભા રાખવામાં આવે છે. એક સ્ત્રી કંકુથી ચાંલ્લો કરી ચોખાથી બન્નેને વધાવે છે. ત્યારબાદ હાર પહેરાવે છે. હાર પહેરાવ્યા પછી કન્યા વરને ચાંલ્લો કરીને ચોખાથી વધાવે છે. બન્ને એકબીજાને હાર પહેરાવે છે. બન્નેનાં છેડાને બાંધીને એકબીજાના હાથ પકડવા કહેવામાં આવે છે. દેવીના નામનો દીવો કરી બન્નેને સામે ઉભા રાખી પ્રતિજ્ઞા લેવડાવે છે.

લગ્નવિધિ પૂર્ણ થયા પછી ગોઠ છોડવાની વિધિ થાય છે. આ પછી આખી રાત નાચુ કરવામાં આવે છે. જાનમાં મોટાભાગના લોકો જમવા અને નાચવા માટેજ આવતા હોય છે. આખી રાત નાચવામાં અને ગીતો ગાવામાં પસાર થાય છે.

**છૂટાછેડા :**

જયારે છોકરી ચારિત્ર્યહીન હોય, કહ્યામાં ન રહે તો છોકરીને છૂટાછેડા આપવામાં આવે છે. એજ રીતે છોકરો દારૂપીને પત્નીને મારઝુડ કરે કે પુરુષંને સ્ત્રી ન ગમતી હોય તે સમય જ્ઞાતિપંચે નક્કી કરેલ પૈસા આપીને સ્ત્રીને છૂટાછેડા આપે છે. સૌ પ્રથમ જ્ઞાતિપંચ દ્વારા સ્ત્રી-પુરુષને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**પુનઃલગ્ન :**

પુનઃલગ્નમાં વિધવા, વિધુર કે છૂટાછેડા થયેલ સ્ત્રી-પુરુષ ગમે તેની સાથે લગ્ન કરી શકે છે. માત્ર પતિનો બાપ, મોટાભાઈ કે નાનાભાઈ સિવાય કોઈ સાથે લગ્ન કરી શકે છે. આ પ્રકારનાં લગ્નો સદાઈથી કરવામાં આવે છે.

**મૃત્યુ :**

કોટવાળિયા જાતિમાં માણસનું મૃત્યુ થતાં તે જો ખાટલામાં હોય તો તેને નીચે ઉતારવામાં આવે છે. નીચે ઉતારી ઉત્તર દિશામાં ખાડણીયા પાસે તેનુ માથુ રહે તે રીતે સુવાડવામાં આવે છે. તેના માથા નીચે છરી, દાતરડુ, અથવા ચપ્પુ મૂકવામાં આવે છે. મૃતદેહને નવડાવી ક્રિયા કરવામાં આવે છે. મૃતદેહને કપડાં પહેરાવી તેના મોઢામાં ચોખાનુ બનાવેલુ ઢાંચલુ મૂકવામાં આવે છે. એકબાજુ વાંસમાંથી ઠાઠડી તૈયાર કરવામાં આવે છે. તેને "ગોઠડી" કહે છે. "ગોઠડી" તૈયાર થતાં તેની અંદર મૃતદેહને મૂકવામાં આવે છે. તેની ઉપર કંકુ ચોખાનાં છાંટા નાખી તેને સગાવહાલા અને દિકરા ઉચકે છે. ઘરની ચારેબાજુ ત્રણ-ચાર આંટા મારી મૃતદેહને સ્મશાનમાં લઈ જવાય છે. આ રીત કરતાં મરનાર વ્યક્તિ ભૂત-પ્રેત બને તો તે રસ્તો ભૂલી જાય છે અને પાછળથી કુટુંબીઓને હેરાન થવુ પડતુ નથી.

સ્મશાનમાં ભેગા કરેલા લાકડાના ઢગલાની ફરતે મૃતદેહને પાંચ આંટા મારવામાં આવે છે. ત્યારબાદ મૃતદેહને લાકડા ઉપર ગોઠવવામાં આવે છે. મરનારનો મોટો છોકરો મૃતદેહનાં મુખમાં "ઢાંચલુ" મુકી જમાડે છે, દારૂ પણ મૂકે છે. ત્યારબાદ હાંડલીમાં લાવેલી અગ્નિથી આ છોકરો લાકડાને સળગાવે છે. અગ્નિસંસ્કાર પછી સાથે આવેલા બધાજ નદીમાં કે કૂવા પર સ્નાનવિધિ કરે છે.

**મુખ્ય વિશેષતા :**

કોટવાળિયા સમાજમાં ખતરાનું વિશેષ મહત્વ જોવા મળે છે. મૃતાત્માનું ખતરુ ન બેસાડવામાં આવે તો મૃતદેહ ભૂત-પ્રેત અવસ્થા ધારણ કરી કુટુંબીઓને હેરાન કરે અને ભોગ લે તેવુ માનવામાં આવે છે.

## પઢાર

પઢાર લોકો રંગે શ્યામ, મધ્યમ કદના, શરીરે કદાવર, કસાયેલા, મજબૂત બાંધાના છે. આ લોકો કંઈક અંશે કોળીઓને મળતા આવે છે. પઢારોમાં કોળી અને રજપૂત લોહીનુ મિશ્રણ થયેલુ હોય એમ માનવામાં આવે છે. આ પ્રજા કયાંથી અને કયારે આવી તેના ઈતિહાસની ચોક્કસ કડી મળતી નથી છતાં તેમના અંગે અનેક અનુમાનો પ્રવર્તે છે.

હિંગળાજમાતા અને તેની બહેન ભૂરેખ સાથે ફરવા નીકળી હતી. આ અંતરનાં મૂલક તે સિંધ ફરતાં ફરતાં અંતરથી બહુ છેટે આવી ગયા અને રાત પડી ગઈ. હિંગળાજ માતા સાથે તેના બાર દિકરાઓ હતા. સાથે એક પાંસી નામનુ પંખી પણ હતું. આ બાર ભાઈઓ થાકી જવાથી જમીન ઉપર ઢળી પડ્યા અને ઉંઘી ગયા. હિંગળાજમાને આ બાળકોની ચિંતા થઈ કે આ બાળકો જાગીને ખાશે શું ? આથી તે સિંધમાં પહોંચી. બીજા બહેનને ઘરે ગઈ તેનુ નામ સિંધુ હતું. સિંધુ ઘરે નહોતી. આથી તેણે ત્યાથી ચોરી કરીને કંદમૂળ લીધાં અને ચાલવા માંડી, રસ્તામાં સિંધુ સામે મળી. આથી હિંગળાજમાએ કંદમૂળ માથાનાં વાળમાં સંતાડી દીધાં અને સિંધુને કહ્યું કે “મારાં છોકરાં ભૂખ્યાં છે તો કંઈક ખાવા આપ” આથી સિંધુએ કંદ અને માછલી આપ્યાં, તે લઈને હિંગળાજ ત્યાંથી ચાલી નીકળી અને નળસરોવરના કાંઠે આવીને ઉભી રહી. સાથે લાવેલ કંદ અને માછલાં નળસરોવરમાં નાંખ્યાં. ત્યાં કંદ ઉગ્યા અને માછલાં વધ્યાં. આજે પઢારોનો જીવનનિર્વાહનો આધાર આ બન્ને છે અને એ હિંગળાજ માતાએ આપેલ ભેટને આભારી છે.

**વસતિ :**

પઢાર આદિવાસી જાતિની વસતી અમદાવાદ જિલ્લાના બાવળા, વિરમગામ અને દસક્રોઈ તાલુકામાં તથા સુરેન્દ્રનગર જિલ્લાનાં લીંબડી તાલુકાનાં ગામોમાં જોવા મળે છે. પઢાર જાતિનાં વસવાટનાં પંદર ગામો રાણાગઢ, નાની કઠેચી, પરનાળા, પરાલી, રળોલ, જશમત પર, આનંદપર, ગેડી, શિયાળ, ધરજી, દેવડથલ, બાવળા, કમોડ, દશક્રોઈ, ખસ્તા અને શાહુપુર ગણાય છે. આ વિસ્તાર નળકાંઠા વિસ્તાર તરીકે ઓળખાય છે. ૨૦૦૦-૨૦૦૧માં આ જાતિની વસ્તી ૨૨,૪૨૧ હતી જે ૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ સર્વેક્ષણ મુજબ અંદાજીત ૨૬,૨૪૯ની જોવા મળે છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

પઢારોનાં રહેઠાણ એક જથ્થે છે તેને પઢારવાસ કહે છે. તેમનાં ઝૂંપડાં કૂબા તરીકે ઓળખાય છે. પઢારો તેમના કૂબા લાકડાં અને ઘાસમાંથી તૈયાર કરતા હોય છે. કૂબાની દિવાલો ઘાસની હોય છે અને તેમના ઉપર માટીનુ લીંપણ કરવામાં આવે છે. મુખ્યત્વે એકજ ખંડ હોય છે. પોતાનાં મકાનો સ્થાનિક સામગ્રી ઉપલબ્ધ હોય તેમાંથી બનાવે છે.

પઢારોની ઘરવખરીનાં સાધનો માંડ પોતાની જરૂરીયાતોને પૂરી કરી શકે તેટલા હોય છે. રાંધવા માટે એલ્યુમિનિયમ કે પિત્તળની તપેલી, ખાવા માટે થાળી કે કાંસાની તાંસળી, પાણી ભરવા માટે પાણીનાં એક-બે માટલાં અને સૂવા માટે ખાટલા હોય છે. અત્યારના સમયમાં પરિસ્થિતિ થોડી બદલાઈ છે. એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણોની સ્થાને સ્ટીલનાં વાસણો જોવા મળે છે. મોટાભાગનાં ઘરોમાં પાણિયારાં પર તાંબાના તેમજ પિત્તળનાં બેડાં જોવા મળે છે. ઘરમાં લાકડાનાં કબાટો જોવા મળે છે.

**પહેરવેશ :**

પઢાર જાડાં કપડાંનો ઉપયોગ કરતા જોવા મળે છે. તેએ કેડથી નીચેના ભાગે જાડી પછેડી પહેરે છે. આ પછેડીને લાલ, કાળો કે ભૂરા રંગની કિનારી હોય છે. શરીરના ઉપરના ભાગમાં બાંય વિનાની જાડી બંડી પહેરે છે. આ બંડીને તેઓ કેડિયા તરીકે ઓળખાવે છે. માથે ફાળિયુ અગર બે-ત્રણ હાથનો કાપડનો ટૂકડો બાંધે છે. જ્યારે નાના બાળકો અને યુવાનો ચડ્ડી, પેન્ટ અને બુશર્ટ પહેરે છે.

સ્ત્રીઓ દશ મીટરના કાપડનો ચણીયો જે લાલ પીળો કે ભૂરા રંગનો હોય છે. ઉપર બ્લાઉઝની જગ્યાએ જાડુ કપડુ અને સાડીના બદલે ઓઢણી ઓઢે છે. જોકે અત્યારે જુવાન સ્ત્રીઓ પોલકા, ચણીયા અને સાડી પહેરતી થઈ છે.

સ્ત્રીઓ આભૂષણોમાં ચાંદી કે કલાઈનાં વેડલાં કાન વિધવીને પહેરે છે. કેટલીક સ્ત્રીઓ હાથે પણ ચાંદી કે પિત્તળની વીંટી પહેરે છે. જ્યારે ગળામાં રૂપાની હાંસડી કંઠી પહેરે છે. પગમાં ઘુંટણ ઉપર કલાઈને ચાંદીનો ઢોળ ચઢાવેલ કડાં પહેરે છે. અમુક સ્ત્રીઓ કોણીથી ઉપરના ભાગમાં હાથી દાંતનાં બલોયા પહેરે છે.

આ ઉપરાંત સ્ત્રીઓ પોતાના શરીર ઉપર છુંદણાં છુંદાવે છે. મોટાભાગે સ્ત્રીઓ હાથનાં કાઠાં ઉપર પોતાની કુળદેવીની આકૃતિ ચિતરાવે છે. કોઈ સ્ત્રી હાથ પર ઘડિયાળ, કૃષ્ણ કે વીંછીની આકૃતિ ચીતરાવે છે.

**બોલી :**

તેઓ હિંગળાજ માતાની પૂજા કરનારા પૂજારીને તેઓની મૂળ ભાષામાં ‘પઢાર’ કહેતા હશે, પરંતુ આજે તેમની મૂળ ભાષા જાણવી મુશ્કેલ છે. તેઓ પોતે પણ ખાસ જુદી તરી આવે તેવી ભાષા/બોલી બોલતા નથી. ગામની અન્ય કોમનીજ ભાષા બોલે છે.

**ખોરાક-પીણાં :**

સામાન્ય રીતે તેઓ ખોરાકમાં બાજરી, જુવાર, બીડ, ઘઉં અને કઠોળમાં મગ, મઠ, તુવર કે અડદની દાળનો ઉપયોગ કરે છે. જ્યારે કોઈ ધાર્મિક કે સામાજિક પ્રસંગ હોય ત્યારે ચોખાનો ઉપયોગ કરે છે અને આવા પ્રસંગે કોઈવાર માંસ-મચ્છીનો ઉપયોગ પણ કરે છે.

**શિક્ષણ :**

પઢાર બાળકોમાં શિક્ષણ વધુ મેળવે તે હેતુથી બાલવાડી અને આશ્રમશાળાઓ શરૂ કરી છે. ૨૦૦૧માં આ જાતિઓમાં ૪,૨૪૭ (૨૬.૦૯) શિક્ષણ મેળવેલુ હતું, જ્યારે ૧૨,૦૩૪ (૭૩.૯૧) વ્યક્તિઓ નિરક્ષર હતા.

**ધર્મ :**

તેઓ હિન્દુ ધર્મ પ્રમાણે દેવ-દેવીઓની પૂજા કરે છે. આ સાથે પોતાના પરંપરાગત કેટલાક દેવી-દેવતાની પૂજા કરતા જોવા મળે છે. તેઓ દિવાળી-હોળી, નવરાત્રી વગેરે વખતે હિંગળાજ માતાની પૂજા કરે છે.

**અર્થવ્યવસ્થા :**

નળસરોવરમાંથી તેઓ પોતાના ખોરાક માટે કંદમૂળ ખોદે છે અને માછલી પકડે છે. શિયાળા, ઉનાળાની

ઋતુ દરમ્યાન પઢારો નળસરોવર વિસ્તારમાંથી સરોવરનું પાણી જેમ જેમ સુકાતુ જાય છે અને જમીન ખુલ્લી થતી જાય તેમ ત્યાંથી પોતાના બારેમાસનાં ખોરાક માટે બીડ અને થેગ ખોદવાનુ કામ કરે છે. પઢારો માટીકામ રસ્તા અને મકાન બાંધકામ, નહેરોનુ ખોદકામ, પાળા બાંધકામ, કાંસ તથા ગટરનુ ખોદકામ વગેરે મજૂરી કરતાં હોય છે.

**સામાજિક રીતરિવાજો :**

પઢાર જાતિમાં કુટુંબ પિતૃસત્તાક, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય છે.

**રજસ્વલા સ્ત્રી :**

સામાન્ય રીતે સ્ત્રી આ દિવસોમાં રાંધી શકતી નથી અને પાણીયારે અડી શકતી નથી. પરંતુ પઢાર જાતિમાં રજસ્વલા સ્ત્રીને એક નિયમ ફરજીયાત પાળવો પડે છે. તેમના રહેઠાણનાં મકાનમાં પોતાની કુળદેવીમાં સ્થાનકથી તેને દુર રહેવુ પડે છે. સ્ત્રી ચાર દિવસ માથુ ધુએ છે ત્યાર પછી તે ઘરનાં બધાં કામ કરી શકે છે.

**જન્મ :**

સ્ત્રીની પરથમ સુવાવડ તેના પિયરમાં કરવામાં આવે છે. સુવાવડ કરાવવાનું કામ તેમની જાતિનીજ કોઈ સ્ત્રી જે દાયણનું કામ કરતી હોય છે તે કરાવે છે. દાયણને સવાશેર ગોળ, પચાસ રૂપિયા, પાંચશેર અનાજ અને એક શ્રીફળ આ મહેનતાણા માટે આપે છે. બાળકના જન્મ પછી તરતજ દાયણ બાળકની નાળ કાપીને સુવાવડની પથારી હોય ત્યાં નીચે દાટી દે છે. પ્રથમવાર પુત્ર જન્મે કે પુત્રી બન્નેનાં જન્મને સમાન ગણવામાં આવે છે. પઢારોની આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી સુવાવડી સ્ત્રીને તેઓ સારો ખોરાક આપી શકતા નથી.

નામકરણવિધિ :

બાળકના નામકરણની વિધિ વખતે બાજરા કે જુવારના ઠોઠા બાફીને અંદર ગોળ નાંખીને નાના બાળકોને વહેંચવામાં આવે છે અને નામ ન પડે ત્યાં સુધી બાળકને ગડો અને ગડીના નામથી ઓળખાવે છે. પઢારોમાં કુળદેવીની માનતા હોય છે અને કુળદેવીનાં સ્થાન કે જગ્યાએ જાય પછીજ તે બાળકોનુ નામ પાડતા હોય છે. મોટાભાગે બાળકની ફોઈ નામ પાડે છે. આના બદલામાં ફૂઈને બાળકનો બાપ શક્તિ પ્રમાણે ભેટ આપે છે.

**સગાઈ :**

પઢાર આદિવાસી જાતિમાં લગ્ન કરવાની ઉંમર સામાન્ય રીતે છોકરા માટે ૨૦ વર્ષની અને છોકરી માટે ૧૭ વર્ષની ગણવામાં આવે છે. વિવાહ નક્કી કરવામાં છોકરા-છોકરીને પૂછવામાં આવતુ નથી. માતા-પિતાજ લગ્ન નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. સગાઈની વિધિ કરતી વખતે છોકરાપક્ષવાળા સવાશેર ગોળ, એક નાળિયેર અને અગિયાર રૂપિયા રોકડા લઈને છોકરાપક્ષના ગામે જાય છે અને તે છોકરીના બાપને આપવામાં આવે છે. સગાઈની વિધિ તેમની જાતિનો આગેવાન કરાવે છે.

**લગ્ન :**

લગ્નની તિથિથી પાંચ કે નવ દિવસ અગાઉ લગ્નની જાણ પોતાના સગાંઓને કરવામાં આવે છે. રાત્રે સ્ત્રીઓ લગ્નનાં ગીતો ગવાય છે. લગ્નના દિવસે છોકરી અને છોકરાને ત્યાં ગણપતિનું સ્થાપન કરવામાં આવે છે અને પૂજા કરવામાં આવે છે. લગ્નના દિવસે કન્યાને અને વરને પીઠી ચોળવામાં આવે છે.

જાન લગ્નના દિવસે છોકરાના ગામેથી સાંજના નીકળે છે જે છોકરીના ગામે રાત પડતાં પહોંચી જાય છે. જાનમાં તેર જાનૈયા લઈ જવાનાં હોય છે. તેરથી વધુ જેટલાં ગયા હોય તેટલાં માટે દરેકના પચાસ રૂપિયા લેખે દંડ વસુલ કરવામાં આવે છે. છોકરીના ગામે જાન પહોંચે ત્યારે ગામની ભાગોળે છોકરીપક્ષવાળા જાનનું સામૈયુ કરે છે અને ત્યાં બન્ને પક્ષવાળા એકબીજાને ખભા મિલાવી રામ-રામ કરે છે. જાનનો ઉતારો તેમની કુળદેવીના સ્થાનકે મઢ હોય ત્યાં આપવામાં આવે છે. રાતના ૧૧-૧૨ વાગે વરરાજાને લગ્ન માટે બોલાવીને પરણાવવાની સમગ્ર વિધિ કરવામાં આવે છે.

છૂટાછેડા :

સામાજિક કારણોસર છૂટાછેડા વખતે પઢાર જાતિમાં પોતાનાં જાતિપંચ સમક્ષ જવુ પડે છે. જાતિપંચનો નિર્ણય આખરી ગણવામાં આવે છે. જો પુરુષ છૂટાછેડા આપે તો સ્ત્રીને ૧,૫૦૦ રૂા. આપે છે. આથી ઉલટુ પુરુષને પણ તેટલીજ રકમ અને રૂા.૫૦૦/- દંડ સ્વરૂપે આપવા પડે છે.

પુનઃલગ્ન :

વિધવા પોતાના મા-બાપની સંમતિ લઈ પોતે ઈચ્છે ત્યાં પુનઃલગ્ન કરી શકે છે. જો વિધવા સ્ત્રી નિરાધાર હોય તો પઢાર જાતિપંચ વિધવા સ્ત્રીને લાયક વર શોધી આપે છે. આ પ્રથામાં વિધવા સ્ત્રી કુવારા પુરુષ સાથે પુનઃલગ્ન કરી શકે છે પરંતુ વિધુર પુરુષો કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકતા નથી.

મૃત્યુ :

પઢારોમાં મૃતદેહને દાટવા અને બાળવા બન્ને વિધિ પ્રવર્તે છે. મોટી ઉંમરની વ્યક્તિ મૃત્યુ પામે તો પ્રથમ મૃતદેહને સ્નાન કરવામાં આવે છે. સ્નાન કરાવ્યા પછી જમીન ઉપર મૃતદેહને સુવાડે છે આને તેઓ "ભોંયપથારી" કહે છે. ઠાઠડી ઉપર મૃતદેહને સુવાડી જો મરનાર સધવા સ્ત્રી હોય તો તેના મૃતદેહને ઉપર લાલરંગની કોરી સાડી ઓઢાડે છે અને પુરુષની ઉપર સફેદ કપડુ ઓઢાડે છે. સધવા સ્ત્રીને શબને સ્નાન કરાવાય છે અને આંખમાં કાજળ આંજવામાં આવે છે તથા કપાળે કુમકુમનો ચાંલ્લો તેમજ સેંથો પુરાય છે. સ્ત્રી (પત્ની) ની સ્મશાન યાત્રમાં તેનો પતિ જઈ શકતો નથી. મરનાર સ્ત્રીનો પતિ 'મડાપોળ' સુધી સ્મશાનયાત્રામા જાય છે અને ત્યાં આગળ બેસી રહે છે. બીજા લોકો અંતિમ સંસ્કાર કરી પાછા ઘરે આવતાં 'મડાપોળ' આગળ બેઠેલા પુરુષને ઘરે લઈ આવે છે. મૃત્યુ પછી ઘરે દરરોજ રાત્રે ભજન કરવામાં આવે છે. સ્ત્રીનું બારમુ બાર દિવસે અને પુરુષનું બારમુ તેર દિવસે કરવામા આવે છે. આ બારમાની વિધિ પાછળ પઢારોને ૧૫ થી ૨૦ હજાર જેટલો ખર્ચ થાય છે. ત્રણ વર્ષથી નાની ઉંમરનુંબાળક મરણ પામે તો તેને દાટવામાં આવે છે.

મુખ્ય વિશેષતા :

પઢારો નળસરોવરમાં હોડકામાં પ્રવાસીઓને પ્રવાસ કરાવીને તથા નળસરોવરમાંથી કંદ વેચીને ગુજરાન ચલાવે છે તથા તેઓ કામમાં આળસુ વધુ હોય તેવા જણાયા છે.

# કોલચા-કોલઘા

કોલચા જાતિ વિશે કોઈ આધારભૂત સાહિત્ય મળતું નથી. આમ છતાં તેઓની લાક્ષણિકતા વિશેની આંશિક માહિતી ૧૯૦૧ના "બોમ્બે રેસીડેન્સી" જૂના ગેઝેટીયરમાંથી અને બીજા કેટલાક રિપોર્ટમાંથી મળી આવે છે. "કોલઘા" જંગલો અને ડુંગરાળ વિસ્તારમાં જોવા મળે છે. તેમનો મૂળ વસવાટ વાસ્તવમાં ખાનદેશ કે મહારાષ્ટ્ર છે. કોલઘા, કોલચા, ઢોળકોળી અને ટોકરે કોળી તરીકે પણ ઓળખાય છે. ઢોરકોળી નામ ઢોર શબ્દ અથવા અંગ્રેજી શબ્દ Cattle પરથી આવ્યુ કે જે તેઓ ખાય છે. ટોકરે-કોળી શબ્દ જે જૂથો વાંસના ધંધા સાથે જોડાયેલા હતા. જે વાંસકામમાં ટોકરા બનાવતા હતા તે ટોકરે-કોળી તરીકે પણ જાણીતા થયા હતા. ગામમાં તેઓ જુદા જુદા વિસ્તારોમાં ૧૦-૧૨ કુટુંબો જો કે છુટાછવાયા રહે છે. (કોલઘાઓની મુખ્ય વસતિ વલસાડ જિલ્લાના ધરમપુર, વાંસદા અને ચીખલી તાલુકામાંઝ ઉપરાંત મહુવા તાલુકામાં અને ભરૂચ, ડાંગ જિલ્લામાં જોવા મળે છે.

**વસતિ :**

ગુજરાતમાં કોલચા જાતિની ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ વસતિ ૪૮,૪૧૯ હતી અને ૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ સર્વેક્ષણ મુજબ આ જાતિની વસતિ ૪૧,૭૯૯ જોવા મળી હતી. કુલ આદિવાસી વસ્તીમાં ૨૦૦૧ પ્રમાણે ૦.૬૫ વસતિ છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

કોલચા જાતિના લોકોનું રહેઠાણ ગામથી દુર જોવા મળે છે. તે લોકોનો વસવાટ મુખ્યત્વે ડુંગરોના ઢોળાવવાળી જમીન અને જંગલ વિસ્તારમાં છે. મોટાભાગે આ જાતિનાં રહેઠાણો કાચા જેમાં વાંસ-માટીનાં બનાવેલાં હોય છે.

કોલચા જાતિમાં ઘરવખરીમાં ખાસ કરીને માટીનાં વાસણો, એલ્યુમિનિયમ સ્ટીલ અને જૂનાં પુરાણા પિત્તળનાં વાસણો કંઈક અંશે રાખતાં જોવા મળે છે. અન્ય સાધનોમાં કાથીના દોરીના ખાટલા, પલંગ અને ખજુરીના પાતરાથી વિણેલી સાદડીઓ, ચાદર, ફાટેલાં કપડાંથી બનાવેલ ગોદડી જોવા મળે છે.

**પહેરવેશ :**

કોલચા જાતિના લોકોમાં મોટી ઉંમરના પુરુષો ચડ્ડી, ખમીશ, બંડી, માથે સફેદ ટોપી પરિધાન કરતા જોવા મળે છે. મોટી ઉંમરની સ્ત્રીઓ ચણીયા, બ્લાઉઝ અને સાથે કાપડના ઓઢણા ઓઢતા જોવા મળે છે.

કોલચા પુરુષો હાથમાં વીંટી પહેરે છે. જયારે વૃધ્ધ સ્ત્રીઓ હાથમાં ધાતુનાં કડા કે નિકલ અથવા ચાંદીના હોઈ શકે. જયારે ગળામાં કંઠી પહેરે છે. યુવાન સ્ત્રીઓ ગળામાં ચાંદીનો દોરો, નાકમાં ચુની અને કાનમાં બુટ્ટિ પહેરે છે. અત્યારે બધાજ ચાંદીના ઘરેણાંનો ઉપયોગ કરતા થઈ ગયા છે. જયારે થોડા પ્રમાણમાં અમુક નાનાં ઘરેણાં જેવા કે કાનમાં એરિંગ વગેરેમાં સોનાનો ઉપયોગ કરાઈ રહ્યો છે.

આજે નાની તથા યુવાન ઉંમરે પુરુષો પેન્ટ, શર્ટ પહેરતા થયા છે. સ્ત્રીઓ ચણીયા, બ્લાઉઝ, સાડી તેમજ સાલ કે રૂમાલનો ઓઢણા તરીકે ઉપયોગ કરતા જોવા મળે છે.

**બોલી :**

કોલઘા જે લોકો વચ્ચે રહે છે તેમની બોલીનો ઉપયોગ કરે છે.

**ખોરાક અને પીણાં :**

કોલચા જાતિના લોકો ખોરાકમાં મુખ્યત્વે ચોખાના રોટલા, નાગલીના રોટલા, જુવારના રોટલા, અડદ, કઠોળ, શાકભાજી લે છે. તેઓ માંસાહાર તથા દારૂનું સેવન લગભગ દરરોજ કરે છે. સવારે દૂધ વગરની કાળી ચ્હાનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત તહેવાર કે લગ્ન પ્રસંગોએ તેઓ દારૂ તાડીનો ઉપયોગ વિશેષ કરે છે.

**શિક્ષણ :**

આ જાતિ આર્થિક રીતે ખૂબજ પછાત હોય તેમને મજૂરી કરવા માટે બહારગામ જવુ પડતુ હોય છે. તેથી આ જાતિમાં શિક્ષણનુ અલ્પ પ્રમાણ જોવા મળે છે. ૨૦૦૧ની વસ્તીગણતરી મુજબ આ જાતિમાં ૧૧,૧૪૧ (૨૬.૦૧) વ્યક્તિઓ શિક્ષિત હતા અને ૩૧,૫૬૨ (૭૩.૯૧) નિરક્ષર હતા.

**ધર્મ :**

કોલઘા જાતિનાં ધર્મમાં કોઈ પ્રકારનું ધાર્મિક પ્રતિક (ટોટમ) જોવા મળતુ નથી. તેઓ મુખ્યત્વે કનેશરી, માવલી, કાળકામાતા વગેરે દેવ-દેવીઓને પૂજે છે. આ દેવ-દેવીઓની પૂજા-ફૂલ, નાળિયેર કે મરઘાં ચડાવીને હોળી તથા દિવાળી વગેરે તહેવારોમાં કરવામાં આવે છે. ખેતીનાં પાક કાપતી વખતે કનેશરી અને માવલી દેવીની પૂજા કરે છે. તેઓ મુખ્યત્વે દિવાળી, મકરસક્રાંતિ હોળી, જન્માષ્ટમી વગેરે ઉત્સવો ઉજવે છે. આ ઉપરાંત નવુ ઘર બનાવતા નવીન પશુ ખરીદતા કે નવા કામની શરૂઆતમાં ભગત-ભૂવા પાસે વિધિ કરાવવામાં આવે છે. આ જાતિમાં ભૂત-પ્રેતની માન્યતા છે.

**અર્થવ્યવસ્થા :**

કોલઘા જાતિનો મુખ્ય ધંધો દેડકાં પકડવાનો હતો. પરંતુ આ ધંધો બંધ થતાં હવે વિસ્તાર પ્રમાણેઅલગ અલગ વ્યવસાય જોવા મળે છે. પહાડી વિસ્તારમાં જંગલ મજૂરી તથા અન્ય મજૂરી છે. જેમાંથી અન્ય મજૂરીમાં કોઈક ટોપલાં બનાવવાનું કામ કરે છે. શહેરી વિસ્તાર નજીક વસતા આ જાતિના લોકો કારખાનાં તથા છૂટક મજૂરી કરતા થયા છે. છૂટક મજૂરી માટે ગામ તથા ગામ અને જિલ્લા બહાર જાય છે.

કેટલેક અંશે કોલઘા આદિવાસીઓ ધોડિયા તથા કુકણા આદિવાસીને ત્યાં ખેતમજૂરી, ઘર બાંધવું, ડાંગરની ક્યારી બનાવવી, કૂવો ખોદવો, ચોમાસાની ઋતુ માટે બળતણનાં લાકડાં એકત્રિત કરવા, પશુ ચરાવવાં વગેરે જેવાં કામ કરે છે. શિયાળામાં શેરડી કાપવા બહારગામ જાય છે.

**સામાજિક રીતરિવાજ :**

કુટુંબ વ્યવસ્થા પિતૃસત્તાક જોવા મળે છે. કુટુંબમાં વડિલનું વર્ચસ્વ હોય છે. કુટુંબના અગત્યના નિર્ણયો વડિલ લેતા હોય છે. અગત્યના નિર્ણયોમાં મોટા દિકરા, મા તથા અન્ય સગાસંબંધીની સલાહ લેવાય છે.

**પ્રસવ :**

પ્રસવ સમયે બે ત્રણ દાયણો હાજર રહે છે. દાયણો પોતાની જાતની જ હોય છે. બાળકની નાળ કાપી ઘરના ખૂણામાં દાટવામાં આવે છે. સામાન્ય રીતે બાળકનો પ્રથમ જન્મ સ્ત્રીના પિતાના ઘરે થાય છે. બાળકના

જન્મ પછી ચાર કે પાંચમા દિવસે ધાર્મિક વિધિ કરવામાં આવે છે જેને તેઓ 'પાંચૂરો' કહે છે.

**પાંચૂરો :**

પાંચૂરાની વિધિ સ્ત્રી બાળકના જન્મ પછી ચાર દિવસે અને પુરુષ બાળકના જન્મ પછી પાંચ દિવસે કરવામાં આવે છે. આ વિધિ સમયે બાળક કે બાળકીનો નાળનો ભાગ જે જગ્યાએ દાટવામાં આવેલ હોય છે ત્યાં પથ્થર પર કંકુ છાંટવામાં આવે છે. નાળિયેર વધેરવામાં આવે છે. એ મુઠ્ઠીમાં ચોખા લઈ તેની પાંચ ઢગલી મૂકવામાં આવે છે અને પછી દારૂના છાંટા પાડવામાં આવે છે. જો કુટુંબમાં દારૂ પીવાનો ન હોય તો ચ્હાની શાક (ચ્હાની છાંટ) પાડવામાં આવે છે,અને સવા રૂપિયો મૂકવામાં આવે છે. ત્યાર પછી એક નાનુ ઘોડિયુ બનાવી ત્યાં મૂકવામાં આવે છે. ઘોડિયામાં કાપડની ઝોળી બાંધવામાં આવે છે. તે પારણાને ઝુંલાવવામાં આવે છે. પારણાનેઝુલાવતી વખતે દાયણ પિત્તળની પ્લેટ વડે મારે છે. આ રીતે દાયણ પાંચ વખત પિત્તળની પ્લેટ મારે પછી બાળક તેની માતાને સોંપવામાં આવે છે. પાંચૂરાની વિધિ કરવા બદલ દાયણને ૩૦ થી ૪૦ રૂપિયા આપવામાં આવે છે અને એક સમયનું ભોજન આપવામાં આવે છે. બાળકના નામકરણની વિધિ બાળકનો જન્મ કયા દિવસે થયો તેના આધારે થાય છે. જેમાં મુખ્યત્વે વડીલો ભાગ લે છે.

**સગાઈ :**

સગાઈની શરૂઆત છોકરા પક્ષથી છોકરાનો બાપ તથા ગામ-કુટુંબના બે-ત્રણ વડિલો છોકરીનાં ગામે જાય છે અને ત્યાં આપવાનું કે લેવાનુ નકકી કરે છે. સગાઈની વિધિ વખતે છોકરાપક્ષ દ્વારા છોકરીનાં ઘરે ઘરની અંદર ચોખાનો લોટ, કંકુ, ચોખા વગેરે ચીજો દ્વારા ચોક પૂરવામાં આવે છે. છોકરીને ચોક પર બેસાડી એમના હાથમાં રાખેલ રૂમાલમાં નાળિયેર મુકી આવી ચાંદલો કરવામાં આવે છે ત્યારબાદ લગ્નની તૈયારી કરવામાં આવે છે.

**લગ્ન :**

કોલધામાં પોતાની જાતિની અંદર જ લગ્ન કરવુ અનિવાર્ય ગણવામાં આવે છે. જેમાં મામા-ફૂઈનાં સંતાનો વચ્ચે લગ્નસંબંધ બાંધી શકતા નથી. સામાન્ય રીતે લગ્ન કરવાની ઉંમર છોકરા માટે ૨૦ થી ૨૨ વર્ષ અને છોકરી માટે ૧૭ થી ૧૮ વર્ષની ગણવામાં આવે છે. છોકરા પક્ષ તરફથી કન્યાના ઘરે જાન લઈ જવામાં આવે છે. જે વખતે જાન આવે તે સમયે યુવકની સાસુ તેને વાહનમાંથી ઉતારવા માટે જાય છે. વરને નીચે ઉતારતી વખતે સાસુ સવા પાંચ રૂપિયા તેના હાથમાં આપે છે. વરને બાંકડા કે ખુરશીમાં બેસાડવામાં આવે છે અને સાસુ વરને પાંચ વખત લાડુ ખવડાવે છે અને પાંચવાર પાણી પીવડાવે છે. પછી વરનું મોં પાંચ વખત પાણીથી સાફ કરે છે.

આ વિધિ પત્યા પછી કન્યાપક્ષવાળા જાનને ઉતારેથી લગ્ન માટે તેડવા જાય છે. બધા જાનૈયાઓને કન્યાના ઘરના માંડવે બેસાડવામાં આવે છે.એક બાજુ વડિલો વરને બેસાડીને મામો કન્યાને માંડવે લઈ આવે છે. વર-કન્યાને એક લાઈનમાં બેસાડીને બંનેના ખભા પર રાખવામાં આવેલા ટુવાલોને એકબીજા સાથે ગાંઠ વાળવામાં આવે છે. વર કન્યા એકબીજાને હાર પહેરાવે છે. બન્ને એકબીજાની ઉપર ચોખા નાંખે છે. વર કન્યાનું નામ પૂછે છે અને કનયા વરનું નામ પૂછે છે. આ પછી બંનેને બાંકડા કે ખુરશી પર બેસાડવામાં આવે છે અને કન્યાદાન કરવામાં આવે છે. કન્યાદાન પુરૂ થયા પછી લગ્નવિધ પૂરી થાય છે અને વર-કન્યા બંનેને જમાડવામાં આવે છે અને પછી જાનને વળાવવામાં આવે છે.

**છૂટાછેડા :**

પતિ-પત્ની વચ્ચે અણબનાવનાં સંજોગોમાં છૂટાછેડા આપવામાં આવે છે. પુરુષ છૂટાછેડા આપે તો સ્ત્રીને ઘરેણાં, વાસણો, કપડાં અને રૂા.૫૦૦ આપવામાં આવે છે. છોકરી ઘર છોડી જતી રહે તો છોકરાને દહેજ પાછુ આપવું પડે છે.

**પુનઃલગ્ન :**

તેઓમાં પુનઃલગ્નની વિધિ ખૂબજ સાદી-સરળ છે. જેને તેઓ નાતરૂ કહે છે. વિધુર કે છૂટાછેડા લીધેલ પુરૂષ પોતાની ઈચ્છા મુજબ કુંવારી છોકરી, વિધવા કે છૂટાછેડા લીધેલ સ્ત્રી સાથે પુનઃલગ્ન કરી શકે છે. આ સમયે પીઠી લગાવવામાં આવતી નથી. નાતરામાં પુરુષ પક્ષેથી ૧૫ થી ૨૦ વ્યક્તિઓ સ્ત્રીને ત્યાં સવારે ૧૦ થી ૧૧ વાગે જાય છે, ત્યાં સમાજના રિવાજ મુજબ વિધિ કરવામાં આવે છે.

**મૃત્યુ :**

વ્યક્તિના મૃત્યુ પછી શબને પરસાળમાં રાખવામાં આવે છે. તેનું મોં ઉત્તર દિશામાં કરવામાં આવે છે.ત્યાં આગળ દિવો કરવામાં આવે છે. મૃતદેહને સ્નાન કરાવી નવાં કપડાં પહેરાવી ચાંદલો કરી હળદર લગાવવામાં આવે છે. એક તપેલીમાં ૨૫૦ ગ્રામ જેટલા ચોખા રાંધવામાં આવે છે. વાંસની બે નળી બનાવવામાં આવે છે . એક નળીમાં દૂધ અને બીજી નળીમાં ગોમુત્ર ભરવામાં આવે છે, પછી શબને બહાર કાઢવામાં આવે છે. ત્યાં આગળ શરીર પર મોઢાથી શરૂ કરી બધે પીઠી લગાડવામાં આવે છે. ફળિયાનાં, ગામનાં અને સગાસંબંધીઓ શબને દફનાવવા કે બાળવા માટે લઈ જાય છે. અડધા રસ્તે શબને ઉતારવાંમાં આવે છે. પછી શબનુ માથુ દક્ષિણ દિશામાં રાખવામાં આવે છે. તે જગ્યાએ દૂધ, ગૌમુત્ર, ચોખા તથા અન્ય ચીજવસ્તુઓ મૂકવામાં આવે છે કે જેને 'ઈસવનાં' કહેવાય છે. ત્યાંથી શબને ફરી ઉપાડી સ્મશાને લઈ જવામાં આવે છે. બાળવાની વિધિ પુત્ર દ્વારા કરવામાં આવે છે. મોંમાં ચોખા મુકી પાણી પીવડાવે છે. ત્યારબાદ ચિતા પર મડ્દુ મુકી પુત્ર પાંચ ફેરા કરે છે. પછી આગ ચાંપવામાં આવે છે. મૃત્યુ પછી નવમુ કે બારમુ કરવામાં આવે છે.

**મુખ્ય વિશેષતા :**

કોલઘા સમાજમાં 'પાંચૂરો' ની વિધિને વિશેષ મહત્વ આપે છે. આ ઉપરાંત કનેશરી, માવલી, કાળકામાતાની દેવ-દેવીઓને વાર તહેવારે પૂજા કરતા હોય છે.

# વસાવા

વસાવા જાતિની મુખ્ય વસતિ ભરૂચ જિલ્લામાં છે. આ ઉપરાંત સુરત જિલ્લામાં પત તેમની વસતિ જોવા મળે છે. જાતિઓની ઉત્પત્તિ અંગેની અનેક દંનકથાઓ માન્યતાઓ છે. વસાવા જાતિ ભીલ જાતિની પેટા જાતિ છે. જંગલમાં વસતા કેટલાક ભીલો વખત જતાં સ્થળાંતર કરી સપાટ મેદાનમાં આવી વસ્યા. આદિવાસીઓ શરૂમાં ફરતી ખેતી કરતા જેમાં તેઓ દર વર્ષે એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરતા. આમાં ભીલોના સ્થળાંતરના સમયમાં સાંસ્કૃતિક પ્રજા સાથે સંપર્ક થયો તેથી આ પ્રજા ધીમે ધીમે ખેતીવાડીમાં આગળ વધી અને જંગલમાંથી સપાટ પ્રદેશમાં આવીને વસ્યા જેના પરથી વસાવા તરીકે ઓળખાવા લાગ્યા.

ગુજરાતના પૂર્વના પહાડી પ્રદેશમાં આદિવાસી રાજયોના નાના મોટાં રાજયો હતાં "માંડવી સુરત દેશી રાજય" એ પુસ્તકમાં નોંધ છે કે વસાવાનાં ઘણાં રાજયો જાણીતાં હતાં. એમાં સાગબારા, રાયસીંગપુર, કાટી, સોનગઢ અને સંનુંપાડાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ પુસ્તક ઉલ્લેખ છે કે ભીલ લોકો એકબીજાથી દૂર દૂર ઝૂંપડાં બાંધીને રહેતા કેટલાકને ગામમાં આવીને વસીને રહેવાની પરેરણા થઈ, આથી તેઓ "વસાવા" કહેવાય છે.

**વસતિ :**

વસાવાઓ ગુજરાતના ભરૂચ, સુરત, નર્મદા જિલ્લામાં વસે છે. ગુજરાતની સરહદને અડીને આવેલા મહારાષ્ટ્રના પ્રદેશમાં પણ તેમની વસ્તી વસે છે. જે તેઓના સામાજિક સંબંધોથી જાણી શકાય છે. વસાવાઓ રાજપીપળા, સાગબારા, ડેડિયાપાડા, વાલિયા, નેત્રંગ, ઝઘડિયા વગેરે તાલુકાઓમાં વધુ રહે છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

વસાવાઓનાં ઘર સામાન્ય રીતે કાચા એક માળના જ હોય છે. ઘર સાગ કે ખેરના લાકડાથી બાંધવામાં આવે છે. ભીંતો વાંસની પટ્ટીની કે કપાસની કરાંઠીની હોય છે. ઘર ઉપર દેશી નળિયાં, વિલાયતી નળિયાં, ઘાસ, તાડના પાંદડા, સાગનાં પાન, પતરાં અને આજે કયાંક કયાંક ગામમાં ધાબાવાળાં પાકાં મકાન દેખા દે છે. તેઓના ઘરો છૂટાંછવાયાં - કયાંક ઝૂમખામાં તો કયાંક હરોળમાં નજીક **નજીક** .... જોવા મળે છે. અડોઅડ પશુ રાખવાની છાપરી પણ બાંધે છે.

આ ઉપરાંત ઘરમાં છાણમાટીની કોઠીઓ અનાજ તથા અન્ય વસ્તુ ભરવા રાખે છે. ઘરના એક ખુણામાં ચૂલો રાખે છે. ચૂલાવાળા ખૂણામાં કથરોટ, કલેડુ, હાંડલીઓ, ચાટવો, તાવડી, થાળી, દળવા માટે ઘંટી હોય છે. મરઘાં રાખવા માટે એકબાજુ ટોપલીઓ ટીંગાડેલ હોય છે. કપડાં મૂકવાની પેટી, ઘરની બહાર પાણી માટેનાંમાટલાં, ફાણસ, ચીમની, કૂવા ઉપર મશીન, લાઈટ, વાસણમાં એલ્યુમીનીયમનાં માટીનાં, કાચનાં, પિત્તળનાં, સ્ટીલનાં, લાકઠા કે પ્લાસ્ટીકનાં જોવા મળે છે. આ ઉપરાંત આધુનિક પરંપરા મુજબ કબાટ, તિજોરી, પલંગ, ટી.વી., ફ્રીઝ, ખાટલા, ટેપ, સાયકલ, ઘડિયાળ, મોટર સાયકલ, ગોદડા વગેરે રાખે છે. આ ઉપરાંત માછલી પકડવાની જાળ, ટોપલા-ટો,પલી, ખેતીનાં સાધનો વગેરે જોવા મળે છે. સ્થિતિપાત્ર પાકાં મકાન બનાવી શક્યા છે.

**પહેરવેશ-ઘરેણાં :**

બાળકો નાનાં હોય ત્યારે કુદરતી અવસ્થામા જ રખડતાં, ઉખડતાં કે એકાદ ચડ્ડી કે ખમીશ પહેરેલા જોવા મળે છે. યુવાન છોકરાઓ પેન્ટ-શર્ટ પહેરે છે. જયાં શહેરીકરણની ઓછી અસર થઈ છે ત્યાં યુવાનો ચડ્ડી, શર્ટ, બંડી, પાયજામો અને માથે રૂમાલ બાંધે છે. હાથમાં બહાર જતાં ભાલો કે ધારિયુ રાખે છે. વૃધ્ધો સેટી, ખમીસ,

બંડી અને માથુ ખુલ્લુ રાખે છે. બહાર જાય ત્યારે માથે ફેંટો વિટાળે છે.

નાની છોકરીઓ ફ્રોક પહેરે છે. યુવાન છોકરીઓ ઓઢણી, સાડી, કબજો પહેરે છે. માથુ ઉઘાડુ રાખે છે. માથે રંગ-બેરંગી રીબીનો બાંધે છે. ઘરડી વૃધ્ધાઓ કબજો, ઘાઘરો, ઓઢણી વગેરે પહેરે છે. વસાવા સ્ત્રીઓ કાળી કે લાલ કિનારીવાળી ઓઢણી અને ઘાઘરાનો રંગ પણ તેઓ પહેરે છે. આધુનિક સમયમાં પરંપરાગઓને તોડીને મોટાભાગે પેન્ટ-શર્ટ, યુવાન સ્ત્રીઓ પંજાબી ડ્રેસ અને સાડી-કબજો પહેરવાનો રિવાજ હાલમાં પ્રચલિત બન્યો છે.

બાળકોના ઘરેણામાં મણકા કે કાળા દોરા વગેરે પહેરાવે છે. જુવાન પુરુષો કાનમાં ચાંદી કે કથીરનાં લવીંગીયાં પહેરે છે. હાથની આંગળીઓમાં વીંટી, કમરે કંદોરો, નાની બાળાઓ બંગડી, ગળામાં ચાંદીની ચેઈન તથા પગમાં સાંકળાં પહેરે છે. જુવાન સ્ત્રીઓ કાનમાં કડી, નાકમાં ચુની અને પગમાં સાંકળા કે કલ્લાં પહેરે છે. વિધવા સ્ત્રી લગ્ન કરે તો બધાજ દાગીના પહેરે છે. વસાવા સમાજની સ્ત્રીઓ છુંદણાં છુંદાવતી જોવા મળે છે. આધુનિક સ્ત્રીઓના શરીર ઉપર છુંદણાં જોવા મળતાં નથી અને હવે સ્થિતિપાત્ર હોય કે ન હોય તો પણ ખોટા દાગીના પહેરવાનો રિવાજ આ સમાજમાં વધ્યો છે. આધુનિકરણ અને શહેરીકરણની અસરોના કારણે વસાવાઓ પોતે સોના-ચાંદીના દાગીના ખરીદીને પહેરતા જોવા મળે છે.

**બોલી :**

વસાવા લોકોની કોઈ લીપી નથી. માત્ર બોલીના સ્વરૂપે વ્યવહાર તેમની વચ્ચે જોવા મળે છે. તેમની બોલી વસાવી બોલી તરીકે ઓળખી શકાય કારણ કે વસાવા લોકો તેમનો અંદરો અંદરનો વ્યવહાર તેમની વસાવી બોલીથી કરે છે. તેમની બોલીમાં જે લોકો મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશ નજીક છે. તેમાં મરાઠીના ઘણા શબ્દો વપરાતા જોવા મળે છે. તેમનામાં ગુજરાતીના પણ ઘણા શબ્દો વપરાતા જોવા મળે છે. મોટાભાગે વ્યવહારો ગુજરાતીમાં થાય છે.

**ખોરાક અને પીણાં :**

ખોરાકમાં જુવાર, મકાઈ, બંટીનો રોટલો કે ભડકુ બનાવીને ખાય છે. ચણા, તુવેર, મગ, અડદ વગેરેનો દાળશાકમાં ઉપયોગ કરે છે. ચોખાનો પણ ઉપયોગ કરે છે.

આ ઉપરાંત વાડનાં શાકભાજી, બટાકા, ડુંગળી, રીંગણ વગેરેની શાકભાજીનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત જંગલમાંથી મળતા કંદમૂળ જંગલની ભાજીઓ, કુવાડીયા, ઝરખલા, સરગોળ, ફાંગણી, કડવાડોળી સીસમ વગેરેની ભાજીઓ અડદની દાળ સાથે બાફીને કે વઘારીને ખાય છે.

શાકાહારી ખોરાકની સાથે સાથે વારતહેવારે બકરા, સસલાં, તેતર વગેરેનું માંસ ખાય છે. નદીમાંથી માછલી કે કરચલાનો પણ ઉપયોગ કરે છે. વાર-તહેવારે શહેરીકરણથી ભજીયાં, ગાંઠીયા જેવી વિવિધ મીઠાઈઓનો વ્યાપ હાલમાં વધારતા ગયા છે.

**શિક્ષણ :**

પરંપરાગત શિક્ષણ લેતા હતા તેમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ મળવાના કારણે અથવા આશ્રમશાળા અને સ્કૂલોની સુવિધાઓના કારણે શિક્ષણ લેવાનો વ્યાપ વધ્યો છે. કેટલાક આ સમાજમાંથી વર્ગ-૧, ૨, ૩ અને ૪ના કર્મચારી પણ બન્યા છે. આ ઉપરાંત રાજકીયક્ષેત્રે તેઓની ભાગીદારી સારી એવી રહી છે.

**ધર્મ :**

વસાવાઓ પોતાની પ્રાકૃત અવસ્થાથી ધર્મભાવના સાથે જોડાયેલા છે. તેઓ હિન્દુઓની ધાર્મિક પ્રકૃતિઓની અસરોને લીધે હિન્દુઓના દેવ-દેવીઓના હનુમાન, કાલકા, વેરાઈ, રામ વગેરેને પૂજે છે. વસાવા લોકો તેમના દેવ-દેવીઓને કોઈને કોઈ કારણોવસાત માનતા કે પૂજાવિધિઓ કરતા હોય છે, જેમકે સાપના બીકે ભાથીજી મહારાજની પૂજા કે સાપની પથ્થર કે લાકડાના આહાર પાડીને પૂજા કરે છે. આ ઉપરાંત પશુના રક્ષણ માટે 'વાઘદેવ' અથવા 'હિમારીયા' દેવની સ્થાપના અને પૂજા કરે છે. આ ઉપરાંત ગામ બાધા રાખે છે.

આધુનિકરણની અસરોના કારણે વસાવાઓ હિન્દુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, સતકેવલ પંથ, કબીરપંથ, આશારામ બાપુના પંથ, સ્વામીનારાયણ, પાંડુરંગ આઠવેલજી વગેરે પંથ પાળતા જોવા મળે છે.

**વ્યવસાય :**

વસાવાઓ ખેતી, ખેતમજૂરી, જંગલમજૂરી, છૂટકમજૂરી, પશુપાલન, જંગલગૌણ, વનપેદાશ, સરકારી નોકરી, હિરાઘસવા, ફેકટરીઓમાં મજૂરીએ જવુ વગેરે કામગીરી કરીને જીવન ગુજારે છે. જયારે સ્ત્રીઓ ખેતીકામમાં મદદરૂપ બને, ઘરકામ કરે તથા બહારગામ મજુરી કરવા માટે પણ જાય છે. બાકીના સમયમાં જો કામ ન મળે તો બેકાર રહે છે.

**જાતિપંચ :**

વસાવા જાતિમાં પણ સમાજના રીતરિવાજો પ્રમાણે સમાજ સુવ્યવસ્થિત ચાલે માટે સમાજના રીત-રિવાજોના જાણકાર, અનુભવી વયોવૃધ્ધોની બનેલી પંચાયત ચાલે છે જેને પંચ કે જાતિપંચના નામે ઓળખે છે. આ પંચ ઝઘડા પતાવવા, છૂટાછેડા, પુનઃલગ્ન, મા-બાપ, ભાઈ-ભાઈ વચ્ચેનો અણબનાવ, ખેતીના પાકમાં નુકશાની, જાતિવાદ વગેરે ક્ષેત્રે પંચ કામ કરે છે અને વકીલોની ઊંચી ફીમાંથી બચાવે છે. પરંપરાગત જાતિપંચ આજે સારી રીતે ચાલે છે છતાં આધુનિકરણની અસરોના કારણે ન્યાયીક કોર્ટમાં ન્યાય મેળવવા વસાવાઓ જાય છે એ હકીકત છે.

**શિકારનાં સાધનો :**

શિકારનાં સાધનોમાં તેમની પાસે તીર કામઠું, માછલી પકડવાની જાળ તથા કુહાડીનો પણ શિકાર માટે ઉપયોગ કરે છે.

**સામાજિક રીતરિવાજો :**

વસાવાઓમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. ઘરમાં પિતાની સત્તા અંતિમ છે. કુટુંબની કમાણી પુરુષ પોતાની પાસે રાખે છે. ખર્ચ કરવામાં પણ તેમાં નિર્ણય મહત્વનો છે. બહારના બધાજ વ્યવહારો પુરુષ કરે છે. વસાવા સમાજમાં પુત્ર-પુત્રીનું સ્થાન એક સરખુ ગણાય છે. જમીન વધારે હોય તો છોકરી માટે ઘરજમાઈ લાવે છે, આ રીતે છોકરીને જમીનમાં ભાગીદાર બનાવે છે.

**રજસ્વલા સ્ત્રી :**

રજસ્વલા સ્ત્રીને "હાથ ચોખ્ખો નથી" કે 'છેટે બેઠી છે' અથવા 'માસિકમાં છે' 'નાહવાનું છે' એમ કહે છે. માસિકમાં હોય, હાથ ચોખ્ખો ન હોય ત્યારે ચાર દિવસે નહાય છે. તેઓ દેવપૂજા, ગાય-ભેંસ દોહવાનું કે ખેતીનું કામ કરી શકતી નથી.

**પ્રસૂતિ :**

માસિક બંધ થાય એટલે ગર્ભ રહ્યો છે એમ સ્ત્રી માને છે. તેઓમાં ગર્ભ પુરુષથી રહ્યો છે અને તેમાં માતાની કૃપા પણ છે એમ માને છે. ગર્ભ રહ્યાની જાણ સ્ત્રીઓ દ્વારા ખબર પડે છે. ગર્ભધારણથી સુવાવડ સુધીના ગાળામાં બીજો સારો ખોરાક આપતા નથી. સ્થિતિપાત્ર અને શિક્ષિત હોય તો સારો ખોરાક ખાય છે.

વસાવા સમાજમાં ખોળો ભરવાનો રિવાજ નથી. સુવાવડ તેઓમાં સાસરે કે પિયર ગમે ત્યાં કરાય છે. સુવાવડ ગામની તાલીમ પામેલ દાયણ સ્ત્રી કરાવે છે. આ સમયે ગામની વડીલ સ્ત્રીઓ હાજર રહે છે. જરૂર પડે તો ડૉક્ટરને બોલાવે છે અથવા દવાખાને દાખલ પણ થાય છે. સુવાવડ પછી ૬ દિવસ સુધી મા બાળકની સંભાળ માટે દાયણ આવે છે. દાયણને વળતર રોકડા રૂપિયા સ્થિતિ પ્રમાણે અપાય છે જે પહેલાં અનાજ અને ઘી અપાતુ હતું.

**પાંચારો :**

છઠ્ઠીની વિધિને વસાવા લોકો પાંચોરોના નામે ઉજવે છે. બાળક જન્મના પાંચમા દિવસે રિવાજ પ્રમાણે ફળિયાના નાના છોકરાઓને ભેગા કરે છે, ગોળ ખવડાવે છે અને દારૂ વગેરે પીવડાવે છે અને દાયણની સરભરા કરે છે.

નામકરણ :

નામકરણમાં ખાસ વિધિ કે રિવાજ નથી પરંતુ દાયણ નામ પાડી દે છે. ઘણીવાર નામ ઘરના વડીલો પણ પાડે છે. આજે બ્રાહ્મણ પાસે નામ પડાવતા જોવા મળે છે. નામ વાર, દેવ-દેવીઓ, કુટુંબની કોઈ વ્યક્તિ વધુ જીવી હોય અને શહેરીકરણની અસરવાળાં આધુનિક નામો પાડે છે.

**સગાઈ :**

વસાવા લોકો લગ્ન અમુક ચોક્કસ વિસ્તાર અને પોતાની જાતિમાં જ લગ્નસંબંધો કરે છે. તેમનામાં સંગોત્ર લગ્ન નિષેધ જોવા મળે છે. પોતાના ગામમાં એક ફળિયેથી બીજે ફળિયે અને ફળિયામાં પણ ગોત્ર બહાર લગ્ન સંબંધો- સગાઈ થતા જોવા મળે છે. આ સમાજમાં બે પ્રકારે લગ્ન થાય છે. તેમાં મા-બાપની પસંદગીનાં અને છોકરા-છોકરીના પસંદગીનાં લગ્ન થાય છે. ક્યારેક લગ્ન ન થાય તો વસાવા સમાજમાં ભાગી જઈને પણ લગ્ન કરતા હોય છે.

**લગ્ન-જાન :**

વસાવા સમાજમાં લગ્ન પુખ્ત ઉંમરે જ થાય છે. છોકરો કે છોકરી લગ્ન લાયક થાય ત્યારથી મા-બાપ, સગાસંબંધી કન્યા શોધવા નીકળે છે. પસંદ પડેલી કન્યાની વિધિ પછી છોકરાપક્ષવાળા છોકરીને ત્યાં જાય છે અને સગાઈ પેટે દારૂ પીવાનો રિવાજ છે. આ ઉપરાંત દારૂ-મરઘુ ખવડાવે છે. આજે મીઠુ ભોજન આપે છે. આ આખા વ્યવહારમાં બંને પક્ષના વડીલો જેવા કે છોકરાપક્ષના કાકા, બાપા, ભાઈ, ગામના પટેલ, કારભારી તથા અન્ય સગાઓ વિધિ કરે છે. લગ્નની સગાઈમાં વરની સાસુ આવકારીને ચાંલ્લો કરે, વર તથા સાથે આવેલાને ચાંલ્લો કરે છે. આ વિધિને વસાવા બોલીમાં 'ફૂલ માંગણી' કે 'સાકર પૂડી' કહેવામાં આવે છે.

પાંચ છોકરીઓ છોકરાના શરીરે તેલમાં હળદર નાંખીને ચોળે છે. રાત્રે તે દિવસેથી જ ખભે બેસાડીને નચાડે છે. ભાભીસાત દિવસ સુધી હળદરની પીઠી ચોળે છે.

લગ્નના આગલા દિવસે માંડવો નાંખવામાં આવે છે. આર્થિક સ્થિતિ સારી હોય તે લોકો આધુનિક મંડપ-ડેકોરેશન અને આધુનિકની સાથે સાથે પરંપરાગત પાંચ થાંભલીની વિધિ પણ કરે છે. મહેમાનોને બોલાવીને મીઠુ ભોજન કરાવે તથા ચાંલ્લા વિધિ કરે છે.

સમાજના લોકોએ પોતે અથવા બ્રાહ્મણે નક્કી કરેલ વાર તિથીએ જાન દિવસના છોકરીને ત્યાં જાય છે. જાનમાં આધુનિક તથા પરંપરાગત વાંજીત્રો વગાડતા અને નાચતા નાચતા જાય છે. જાનને ઉતારો આપે છે, આવકાર આપે છે અને લગ્નના મૂર્હત કાઢેલ પ્રમાણે બ્રાહ્મણ હિન્દુ વિધિ પ્રમાણે લગ્ન કરાવે છે, જયારે ખ્રિસ્તીધર્મ પાળનારાઓ દેવળમાં જઈ લગ્ન પાદરી પાસે કરાવે છે. લગ્નમાં હળદરવાળા ચોખા એકબીજાની સામસામે મારવામાં આવે છે. ત્યારબાદ સાત ફેરા કરીને નીચે ઉતારીને સામસામા બંને ઉભા રાખીને છેડા બાંધી પછી ફરીથી એકબીજાને ચોખા નાંખે. લગ્ન પૂરા થયા બાદ વરના ઘરે ગયા પછી વર-કન્યા વેરાઈ માતાનું મંદિર હોય ત્યાં નાળિયેર ફોડે છે.

**આણું :**

કન્યાપક્ષના પાંચ દિવસ પછી આણાં કરવા જાય છે. બકરૂ કે મરઘુ ખવડાવીને અને દારૂ પીવડાવીને કન્યાને પિયરમાં મોકલે છે. બે દિવસ પછી છોકરાપક્ષવાળા કન્યાને ત્યાં જઈ દારૂ-મરઘીની પાર્ટી લઈને તેડી લાવે છે. પરંપરાગત રિવાજો ચાલુ છે પરંતુ ભક્તિ સંપ્રદાયની અસરો છે ત્યાં મીઠા ભોજન સિવાય બીજી કોઈ રીતે આગતા-સ્વાગત કરતા નથી.

**છૂટાછેડા :**

વસાવામાં પણ શિક્ષણ, શંકા, કુશંકાને કારણે છૂટાછેડા થાય છે. છૂટાછેડા પંચ સમક્ષ નકંકી થાય એટલે પતિના પક્ષના નવી સાડી મંગાવે છે અને પુરુષ સાડીનો એક છેડો ફાડીને સ્ત્રીને આપી દે એટલે વાત પતી જાય છે. આજે શિક્ષિત અને બાહ્ય સંપર્કવાળા કોર્ટ દ્વારા કાયદેસર છૂટાછેડા માટે જાય છે.

**પુનઃલગ્ન :**

વસાવા સમાજમાં પુનઃલગ્નનો રિવાજ છે. પરંપરાગત રીતે તેમાં વિધુર પુરુષ વિધવા સ્ત્રી સાથે જ લગ્ન કરી શકે, કુવારી છોકરી સાથે લગ્ન સંબંધ બાંધી શકતો નથી. પરંતુ આધુનિક સમયમાં શહેરીકરણની અસરોના કારણે કોઈપણ લગ્ન કરી શકે છે. વસાવા સમાજમાં સાળીવટુ, દિયરવટુ વગેરે કરવાની છૂટ છે.

**મૃત્યુ :**

વસાવામાં જયારે કોઈનુ મૃત્યુ થાય એટલે પ્રથમ આજુબાજુમાં વસતા ફળિયાના સ્ત્રી-પુરુષો એકત્ર થાય છે. ખાટલામાં માણસ મૃત્યુ પામે એટલે પાણી છાંટીને જમીન ઉપર સુવાડી દઈને વાંસમાંથી પાલખી બનાવે છે. સબ નીચે ડર્ભ નામના ઘાસને પાથરે છે. પુરુષ મૃત્યુ પામે તો સફેદ કપડુ અને સ્ત્રીનુ મૃત્યુ થાય તો લાલ કપડુ ઓઢાડે છે. મૃતદેહને નવડાવવામાં આવે છે. આધુનક સમયમાં પહેરેલા કપડાંએ જ સ્મશાનમાં લઈ જાય છે. સ્ત્રીઓ રડતી રડતી પહેલા ઉતારા સુધી જ આવે છે. અહિયાં સ્ત્રીઓને મૃતદેહનો છેલ્લો મોઢુ જોવાનો પ્રસંગ પૂર્ણ થાય છે.

સ્મશાનઘાટમાં લાકડાં ગોઠવીને મૃતદેહને ઉત્તર-દક્ષિણ દિશામાં રાખવામાં આવે છે. દાટતા કે બાળતા પહેલાં મૃતદેહની આસપાસ પાંચ ફેરા અગ્નિદાહ દેનાર પુત્ર કે ભાઈ ફરે છે. વિધિ પત્યા પછી દારૂની ધાર પાડે છે

અને મૃતદેહના મોઢામાં રેડે છે. નાનાં બાળકો હોય તો જ દાટે છે, પરંતુ મોટાભાગે અગ્નિદાહ આપે છે. ખ્રિસ્તી વસાવાઓને દાટવાનો રિવાજ છે.

મૃત્યુ વ્યક્તિ પાછળ વસાવા જાતિમાં બારમુ કરવાનો રિવાજ છે.જેને "દહાડો પાણી" તરીકે ઓળખવામાં આવે છે. મૃત વ્યક્તિના આત્માને શાંતિ મળે, પુણ્ય મળે એ હેતુથી બારમુ કરે છે. સગાસંબંધીઓ બોલાવી વિધિવિધાન કરાવે છે. તેઓની સ્થિતિ પ્રમાણે ખર્ચ કરતા જોવા મળે છે.

**મુખ્ય વિશેષતા :**

વસાવા લોકો સ્વભાવે વહેમી, તરંગી, ભૂતપલિત તેમજ જાદુ વિદ્યામાં માનનારા અને ચૂસ્ત વિધિ-વિધાનમાં માનનારા છે તેઓ પૂર્વજોની ભક્તિ કરે છે.

# તડવી, વળવી, તેતરિયા

ધાનકાઓ જુદી જુદી અટકોમાં વળવીને બદલે તડવી કેમ કહેવાયા તેની કેટલીક માન્યતાઓમાં એવુ કહેવાય છે કે ધાનકાઓએ દુષ્કાળના વર્ષોમાં ઘોડાનું માસ ખાધુ એટલે તેમને તડવી જેને ઘોડેશ્વાર તરીકે પણ ઓળખે છે. જ્યારે કેટલાક તડવીઓએ તેતર ખાધુ એટલે તેતરિયા થઈ ગયા. ધાનકા-તડવીઓ માંસ-મચ્છી ખાવાવાળા અને તડવીઓમાં બધુ ચાલે છે. જ્યારે તેતરિયાઓમાં ઓછુ ચાલે છે એવુ એક માહિતી દર્શકે કહેલું. બીજા ખ્યાલ મુજબ તેઓ મૂળે પાવાગઢના રાજપૂત ચૌહાણ હતા. કુળનાં નામ તથા અન્ય રીતરિવાજો તપાસતાં તેઓ ભાલની જ એક પેટા જાતિ હોય તેમ જણાય છે.

**વસતિ :**

તડવી, વળવી, તેતરીયાઓની મુખ્ય વસતિ ભરૂચ જિલ્લાના નાંદોદ, ડેડિયાપાડા, સાગબારા તાલુકાનાં જુદાં જુદાં ગામો, વડોદરા જિલ્લાનાં સંખેડા, ડભોઈઘ જલુગામ, નસવાડી, છોટાઉદેપુર, તિલકવાડા તાલુકાના તેમજ પંચમહાલ જિલ્લાના લીમખેડા, હાલોલ, જાંબુઘોડા અને દેવગઢબારિયાના અમુક ગામોમાં ધાનકાઓ સાથે વળવી, તેતરીયા વસવાટ કરે છે. તેઓની કુલ વસતિ ૨૦૦૧ પ્રમાણે ૨,૫૨,૬૩૭ છે જેમાં પુરુષો ૧,૩૦,૪૦૩ છે અને સ્ત્રીઓ ૧,૨૨,૨૩૪નું પ્રમાણ છે. તેઓની વસતિ કુલ આદિવાસી વસતિમાં ૩.૩૮ ટકા છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

તેતરિયા-વળવી-ધાનકા જાતિના ઘરો એક સરખી સપાટ જમીનમા પોતાની માલિકીની જમીનમાં બાંધેલા જોવા મળે છે. તે પણ દરેક વિસ્તાર પ્રમાણે જુદી જુદી પરિસ્થિતિ જોવા મળે છે. બધાનો વસવાટ છૂટોછવાયો જોવા મળે છે. આ જાતિના લોકો શિયાળો પુરો થતાં ઉનાળામાં ઘર બાંધવાનુ પસંદ કરે છે.

ઘરોની દિવાલ કપાસ કે સાગના સોટાની કાં તો વાંસના ચીપોથી ભરેલી હોય છે. સ્થિતિપાત્ર ઘરોના ઈંટ/માટીથી બનાવેલી હોય છે. ઘર જે તે ભૌગોલિક વિસ્તારને ધ્યાનમા રાખીને બાંધતા જોવા મળ્યા છે. ઘરની ઉપર દેશી નળિયાં, વિલાયતી નળિયાં, પતરાં વગેરે નાંખેલાં જોવા મળે છે. જે સ્થિતિપાત્ર છે તેઓ પાકુ ધાબુ કર્યુ હોય તેવાઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

તેઓ મોટાભાગે માલિકીના ઘરોમાં રહે છે. ઘરમાં તેઓ તાંબાના, એલ્યુમિનિયમ, પિત્તળ, સ્ટીલ, માટી, કાચ જેવાં સાધનો વસાવેલ છે. આ ઉપરાંત તેઓના ઘરમાં ખાટલા, થોડાંક ગોદડાં, ઘરમાં ફાનસ, લાઈટ, લાકડાની અભરાઈ, અનાજ ભરવાની કોઠી, અનાજ ભરવાની પીપો, ઘરમાં રેડિયો, ટી.વી., ટેપ તથા પતરાની પેટી, પલંગ, કબાટ, ખુરશી વગેરે રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

પરંપરાગત પહેલાં પુરુષો બે બાજુ છેડા લટકતા હોય તે પ્રમાણે ધોતીયું / લંગોટ પહેરતા માથે પાંચથી સાત ફૂટ લાંબો ફેંટો બાંધતા, શરીરે બંડી, ખમીશ કે પહેરણ પહેરતા તો કોઈવાર ખુલ્લા શરીરે જોવા મળતા. પરંતુ આજે મોટેભાગે ધોતિયુ, ખમીશ, પહેરણ અને ખભે ટુવાલ નાંખે છે. પાઘડી પણ પહેરતા જોવા મળે છે. બાળકો

ચડ્ડી અને બુશર્ટ પહેરે છે. યુવકો પેન્ટ-શર્ટ અને પરિવર્તનીય પોષાક પહેરી હરતા-ફરતા જોવા મળે છે.

આ સમાજની સ્ત્રીઓ મોટેભાગે ઘાઘરો, કબજો અને કાંચળી તેમજ માથે ઓઢણુ ઓઢતી. કેટલીક સ્ત્રીઓ પર મહારાષ્ટ્રની સરહદ ઉપર કછોટ વાળતી, કપડાં પણ મોટેભાગે લાલ, ગુલાબી અને ભૂરા રંગનો ભાતવાળા વધારે જોવા મળતા. મોટાભાગે આખી સાડી, કબજો અને ચણીયો પહેરતી જોવા મળે છે. છોકરીઓ ફ્રોક અથવા પંજાબી ડ્રેસ પહેરે છે.

આ સમાજના પુરુષો કાનમાં સોનાની કે રૂપાની કડી, હાથમાં કોણીની ઉપર રૂપા કે ચાંદીના કડાં, કેડે કંદોરો અને હાથે ચાંદીની પોંચી પહેરે છે. સ્ત્રીઓ માથામાં બીંદી, ચાંદીનું રૂપાનું લેરિયુ, કાનમાં વીંટણ, ગળામાં ચાંદીની હાંસડી-ઘરેણાં, કોણીના ભાગે રૂપા કે ચાંદીનું કડુ પહેરતા અને પગમાં ચાંદીનાં કલ્લાં અથવા સાંકળા પહેરતા. શિક્ષિત અને જાગૃત સક્ષમ કુટુંબો સોનાના દાગીના પહેરે છે.

**બોલી :**

અન્ય આદિવાસીઓની જેમ ગુજરાતી ભાષા સારી રીતે બોલી શકે છે, સમજી શકે છે અને વાંચી પણ શકે છે. પરંતુ ઘરમાં તેમના વ્યવહારમાં કોઈ વાતચીત કરવાની હોય તો સ્થાનિક બોલીનો ઉપયોગ કરે છે.

**ખોરાક અને પીણાં :**

રોજબરોજના ખોરાકમાં મકાઈના રોટલા, અડદ-તુવરની દાળ, કોઈકવાર ઘઉં, ચોખા અને બીજા ખાધ્ય ધાન્યોનો ઉપયોગ કરે છે. જુવા અને મકાઈ તેમનો મુખ્ય ખોરાક છે. વારતહેવારના પ્રસંગોએ દાળ, ભાત, શાક બનાવે છે. લગ્નપ્રસંગે મીઠાઈઓ પણ બનાવે છે.

તેઓ ચા, દારૂ, તાડીના વ્યસની છે. બીડી, તમાકુનાં વ્યસનો જોવા મળે છે.

**શિક્ષણ :**

આ જાતિમાં શિક્ષણના પ્રમાણમા ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૫૨.૮૮ ટકા છે. શિક્ષણ ઉત્તરોત્તર તેઓના શિક્ષણ મેળવવામાં વધારો થતો જોવા મળે છે.

**ધર્મ :**

તડવી-વળવી-તેતરિયા જાતિ હિન્દુ ધર્મમાં શ્રધ્ધા ધરાવે છે. તેઓ હિન્દુ દેવ-દેવીઓને માને છે. તેઓ પરંપરાગત ઝાંપડીમાતા, વહેરાઈમાતા, મેલડીમાતા, અંબામાતા, કાલિકા માતા વગેરે દેવીઓની પૂજા અર્ચના કરે છે. જયારે રામ, કૃષ્ણ, શંકર જેવા દેવો, હનુમાનજી, રામદેવપીર ભાથીજી મહારાજ, મેલડી માતા વગેરેની પુજાપાઠ કરે છે. આ ઉપરાંત હિન્દુઓની જેમ દિવાળી, ઉત્તરાયણ, હોળી, દિવાસો, નવરાત્રી વગેરે ઉજવે છે.

**વ્યવસાય :**

તડવી-વળવી- તેતરિયાઓ મુખ્યત્વે સ્થાયી ખેતી કરનારા સ્થાયી કૃષિકર આદિવાસી જાતિ છે. કેટલાક કુટુંબો પાસેથી જમીન ઝૂટવાઈ જતાં આ વારસાગત જમીન ન મળતાં જમીનવિહોણા માત્ર મજૂરી ઉપર નિર્ભર છે. શિક્ષણમાં પહેલાં કરતાં વધારો થવાના કારણે, નોકરી, પશુપાલન, નજીકના કારખાનામાં જવુ, હિરાઘસવા જવુ વગેરે કામ કરીને જીવન ગુજારે છે.

**જાતિપંચ :**

આ જાતિમાં પોતાના સામાજિક વ્યવહારો સંચાલનમા નિયમન નિયંત્રણ પરિપાલન માટે ઔપચારિક યા અનૌપચારિક રીતે "પરંપરાગત રીતે" પંચ જોવા મળે છે. સમાજના સભ્યો સમાજના રીતરિવાજો અને નિતિનિયમોનું પાલન થાય તે માટે ભેગા મળીને જાતિપંચની રચના કરે છે. પંચનું લેખીત બંધારણ છે. આ જાતિપંચ લગ્ન, સમાજના કાર્યો, પુર્નલગ્ન, છૂટાછેડા, શિક્ષણ વગેરે કાર્યો કરે છે. આજે ન્યાયીક કોર્ટમાં ન્યાય લેવા માટે પણ જતા જોવા મળે છે.

**સામાજિક રીતરિવાજો :**

વળવી-તેતરિયા-ધાનકા જાતિના સામાજિક રીતરિવાજો પોતાની પરંપરાને આધિન છે. બાળકના જન્મથી માંડીને મૃત્યુ સુધીના રીતરિવાજો અને માન્યતાઓને અહીં શક્ય તેટલી રીતે મૂક્યા છે.

**રજસ્વલા સ્ત્રી :**

રજસ્વલા દરમ્યાન સ્ત્રી ઘરની અંદરના કોઈ કામ કરી શકતી નથી. ખેતીકામમાં મદદ કરે છે. લાકડાં કાપી લાવે, પશુપાલન દેખરેખ રાખવુ વગેરે સ્ત્રી રજસ્વલાના ચાર દિવસના ગાળામા રસોઈ-પાણી કે દેવસ્થાન પ્રક્રિયામાં પ્રતિબંધ છે. ચાર દિવસે માથુ ધૂએ ત્યારે ઉપરોક્ત કામો કરી શકે છે.

**પ્રસૂતિ :**

સ્ત્રી જયારે રજસ્વલાના પિરિયડમાં આવતી બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેમ માને છે. સામાન્ય રીતે સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં કરવામાં આવે છે. તાલીમ પામેલ દાયણ પાસે અથવા દવાખાનામાં કરવામાં આવે છે. આજે કેટલેક ઠેકાણે પતિના ત્યાંજ પ્રસૂતિ કરાવે છે. સુવાવડ બાદ દાયણને છોકરો કે છોકરી હોય તો પણ યથાશક્તિ દાપુ આપવામાં આવે છે.

**છઠ્ઠીની વિધિ :**

પ્રસૂતિબાદ છઠ્ઠા દિવસે આ વિધિ કરવામાં આવતી હોય છે. આ વિધિમાં શ્રીફળ, અગરબત્તી, ઘીનો દિવો અને ખાંડ લાવવામાં આવે છે. દાયણ દિવો સળગાવી બાળકને લીપેલી જગ્યાએ સુવાડે છે અને કુળદેવીનું આહવન કરી દેવને બાળકનું રક્ષણ કરવા પ્રાર્થના કરવામાં આવે છે. દાયણ તે દિવસે કાળો દોરો બાંધી બાળક અને તેની માતાના હાથે બાંધે છે. વિધાતા બાળકનું ભવિષ્ય સારૂ લખે તેમ માને છે.

**નામકરણવિધિ :**

બાળકનું નામ બે ત્રણ અઠવાડિયા પછી પાડવામાં આવે છે. તે દિવસે બાળકની ફોઈને આમંત્રણ આપવામાં આવે છે. સગાસંબંધી અને પડોશી એકત્ર થઈ બાળકનું નામ પાડે છે. પહેલાં બાળકના નામ વારના નામ પરથી પાડવામાં આવતુ પરંતુ હવે તો ઘણાં આધુનિક નામો પાડવામાં આવે છે.

**સગાઈ :**

આ જાતિમાં તેમની શાખ કે વંશમાં અને સગામાં લગ્નનો નિષેધ છે. સામાન્યરીતે લગ્નો પુખ્ત ઉંમરે થાય

છે. આ સમાજમાં લગ્ન કરતાં પહેલાં કન્યાની સંચતિ આવશ્યક મનાય છે. તેમાં છોકરા-છોકરીની પસંદગીને અગ્રતા અપાય છે. લગ્ન માતા-પિતા અને નજીકના સગા મારફત ગોઠવાય છે. છોકરા-છોકરી ભાગી જઈને પણ લગ્ન કરે છે.

**લગ્ન :**

આ સમાજના લોકો વિવાહ-સગાઈના પ્રસંગે "ગોળખાવો" કહે છે. આ સમયે વરપક્ષના કુટુંબીઓ ગોળ લઈ કન્યાને ઘેર જાય છે. એકબીજાની દાઢીએ તેલ લગાવે પછી હડપચી જાણીને એકબીજાના મુખમાં ગોળ મૂકે છે. જેને ગોળખાધો એમ કહે છે. સગાઈ સંબંધ થયા પછી લગ્ન માટે ગોરમહારાજને ત્યાં લગ્નપત્રિકા લખાવે છે. ઘરને તેલ ચઢાવવું ક્રિયામાં વરની ભાભી પાટલા પર બેસાડે છે અને પીઠી ચોળખાં પહેલાં પાંચ સ્ત્રીઓ તેલ ચઢાવે છે ત્યારબાદ વરની ભાભી પીઠી ચઢાવે છે. વર અને કન્યા પક્ષે માંડવો ઉગારવા માટે દિવસે શુકનની થાંભલી રોપવામાં આવે છે. આદિવાસીઓના પરંપરા મુજબ ગણેશ ચિતરવાની વિધિ કરવામાં આવે છે. હિન્દુ વિધિ પ્રમાણે ફૂલેકુ ચઢવું - મીઠુભોજન લેવુ વગેરે વિધિ કરવામાં આવે છે.

પરંપરાગત કરતાં આજે હિન્દુ વિધિ પ્રમાણે પેન્ટ-શર્ટ-કોટ માથે ફેંટો બાંધી કલગી પણ લગાવે છે. જાન સવારમાં ટ્રેકટર - ટ્રક - ટેમ્પો કે બસમાં કન્યાના ઘરે જાય છે. કન્યાના ગામના પાદરે પહોંચે ત્યારે સામે પક્ષે બધા નાચતા-ગાતા સામૈયુ કરવા માટે આવે છે. વરરાજા ઉતારે આવી ગયા પછી સૌને જમવાનું આમંત્રણ અપાય છે. આ જાતિમાં અન્ય સમાજની જેમજ હસ્તમેળાપ કરવામાં આવે છે. તેઓ આ મંગળફેરા કરે છે તેમાં બ્રાહ્મણ વિધિ કરે છે. લગ્ન તથા હસ્તમેળાપ અને દહેજ કનયાને અપાય છે. ત્યારપછી કન્યા વિદાય પહેલાં લગ્નવિધિ પૂરી થયા પછી ગણપતિ આગળ વર-વધુને લઈ જઈ પાંખવામાં આવે છે અને પૂજાવિધિ કરીને કન્યાને વિદાય કરવામાં આવે છે. વર-વધુ પોતાના ગામમાં આવ્યા પછી વેરાઈ માતાને, પગે લાગવા જાય છે ત્યાં વર કાચા સુતરથી સ્થાનાંકને વીંટે છે અને પરંપરાગત વિધી પૂર્ણ કરે છે.

**પુર્નલગ્ન :**

વિધવા પુર્નલગ્ન છૂટથી કરવા દેવામાં આવે છે. સામાન્ય નિયમ એવો છે કે વિધવા પોતાના દિયરને પરણે તો યોગ્ય ગણાય પણ તે પોતાના જેઠને પરણી શકતી નથી. ગોત્ર બહાર લગ્ન કરી શકે છે.

**છૂટાછેડા :**

સ્ત્રી વ્યભિચારી હોય, કજિયાંખોર હોય, ઘરકામમાં બેદરકાર હોય, બાળકો ન થતાં હોય, ડાકણ હોવાની શંકા હોય આવાં વિવિધ કારણોસર છૂટાછેડા અપાય છે. સમાજમાં બહુપત્નીત્વનું પ્રમાણ જોવા મળે છે. જાતિપંચ થયેલ લગ્નનો ખર્ચ તથા દંડ ભરપાઈ કરે પછી જ છૂટાછેડા અપાય છે.

**મૃત્યુ :**

ગામમાં કે કુટુંબમાં કોઈનું મૃત્યુ થાય તો સૌ કોઈ તેમાં જોડાય છે. સગાસંબંધીઓને કે જેઓ સૌથી નજીકના ગણાય તેને તેડુ મોકલી બોલાવવામાં આવે છે. તેમાં બહેન-દિકરીઓને ખાસ બોલાવવામાં આવે છે. સગાંઓને કહેણ મોકલે છે. એક તરફ ગામના બધા ભેગા મળીને લાકડાં સ્મશાને મોકલવાની વ્યવસ્થા કરે છે.

ગામનો સુથાર ઠાઠડી તૈયાર કરે છે. તુંબડાથી મૃતદેહને નવડાવી નવાં કપડાં પહેરાવી તૈયાર કરે છે. જો કૂવારો છોકરો કે છોકરી હોય તો તેને પીઠી ચોળી નવડાવવામાં આવે છે. પુરુષ હોય તો સફેદ અને સ્ત્રી હોય તો લાલ લુગડુ કફન તરીકે વાપરે છે. ઠાઠડીની આગળ ઘરની એક વ્યક્તિ માટલી 'હાંડલી' લઈ તેમાં સળગતાં છાણાં રાખી ચાલે છે. સ્ત્રીઓ ગામની ભાગોળ સુધી જાય છે. મૃતદેહને સ્મશાને લઈ જતાં રસ્તામાં વેરાઈમાતાના સ્થાનકે વિસામો આપે છે. સ્મશાનમાં લાકડા ઉપર મૃતદેહને ગોઠવીને મરનાર વ્યક્તિના પુત્ર કે અંગત વારસાદર અગ્નિદાહ આપે છે. મૃતદેહ સળગી રહ્યા પછી બધા નદીએ કે હેન્ડપંપ પર આવીને સ્નાન કરીને ઘરે આવે છે. મૃત્યુ પછી દસમા દિવસે મુંડન કરાવે છે અને બારમા દિવસે બારમુ કરે છે. આ વિધિ ત્રણ દિવસ ચાલે છે.

**શ્રાધ્ધ :**

આ સમાજમાં ભાદરવા માસમાં પાછલા પંદર દિવસમાં શ્રાધ્ધની વિધિ કરે છે.

**મુખ્ય વિશેષતા :**

તેતરિયા જાતિ મોટેભાગે બીજી આદિવાસી જાતિઓ કરતાં તેઓ ચપળ અને હોંશિયાર હોવાનું જોવા મળે છે. તેઓ શિક્ષણ વધુ લે તે માટે ખાસ જાગૃત બન્યા છે.

# કુકણા

કુકણા જાતિની ઉત્પત્તિ કથા વિશે જગતની અન્ય જાતિ અંગે જેમ વિવિધ પ્રકારના મતો પ્રવર્તે છે તેમ આ જાતિ વિશે આવા મંતવ્યનો અભાવ છે. તેથી પ્રચલિત દંતકથા, લોકકથા પ્રમાણેના મંતવ્યો શોધવા પડે છે.

કુંકણા કોમ ક્યાંથી આવી હશે ? એના પ્રત્યુત્તરમાં જ કુકણા પરથી કુકણા કોમનો મૂળપ્રદેશ કોકણપટ્ટી હશે એમ કહેવાય છે. થાણા જિલ્લો જે કોકણ પટ્ટી તરીકે ઓળખાય છે. વર્ષે પૂર્વનો એમનો વસવાટ આજે ત્યાં કુકણાની વસ્તી છે. આ કોકણપટ્ટીમાંથી કુકણાઓ શા માટે સ્થળાંતર કરીને આવ્યા તેની એક દંતકથા પ્રચલિત છે. પણ આ પ્રજા કાંકણ પ્રદેશમાંથી આવી એ નિર્વિવાદ છે કારણ કે એમના અને કાંકણ પ્રદેશના લોકોમાં ભિન્નતા દેખાતી નથી. તેઓ રંગે કાળા, પાંચ-સાડા પાંચ ફૂટ ઉંચા અને પહોળા નાકવાળા હોય છે. સ્ત્રીઓ પુરુષો કરતાં ઉઘડતા રંગની હોય છે.

**વસતિ :**

કુકણાઓની મુખ્ય વસતિ ગુજરાત, મહારાષ્ટ્ર, દાદરાનગર હવેલી અને મૈસુરમાં જોવા મળે છે. જયારે ગુજરાતમાં વલસાડ, સુરત, ડાંગ, ભરૂચ, વડોદરા, સાબરકાંઠા, અમદાવાદ, મહેસાણા, ખેડા વગેરેમાં વસવાટ કરે છે. કુકણાઓની કુલ વસતિ ૨૦૦૧ પ્રમાણે ૩,૨૯,૪૯૬ છે. જેમાં પુરુષો ૧,૬૫,૫૩૭ અને સ્ત્રીઓ ૧,૬૩,૯૫૯ નું પ્રમાણ છે. કુકણાઓની વસતિ કુલ આદિવાસી વસતિમાં ૪.૪૦ ટકા છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

ગ્રામ્ય વિસ્તારમાં એક ફળિયામાં પાંચ-સાતથી માંને પંદરવીસ સુધીના ઝુંડમાં ઘરો હોય છે. કુકણાઓ જયાં જંગલ હોય ત્યાં મોટાભાગે માળ વિસ્તાર કે મોટો સમથળ પ્લોટ હોય અને પોતાની જમીન હોય મહદ્અંશે વસવાટનું ઘર બાંધે છે. તેઓ છૂટા છૂટા ઘરો બાંધે છે. ઘરની બાંધણીમાં જંગલનાં લાકડાનો ઉપયોગ કરે છે. આ લોકો હોળી પછીના સમયમાં ઘર બાંધણીનું કામકાજ કરે છે. ઘર બનાવવામાં ગામના સંબંધી, સગાસંબંધી મદદ કરે છે. ઘર તૈયાર કરે છે પછી ફરતે વાંસ કે 'બરૂ' અથવા 'કથુર'ની ચીપોથી ભીંત ભરવામાં આવે છે. ઘરમાં જુદા જુદા જરૂર મુજબ રૂમો બનાવે છે. ઘરની ઉપર દેશી નળિયાં, વિલાયતી નળિયાં, પાંદડાં કે ઘાસનું છાજ કરે છે. કયાંક કયાંક ઘરની ઉપર પતરાં તથા પાકાં ધાબાવાળાં મકાનો નોકરી કરનારાઓએ કર્યા હોય તેવુ જોવા મળે છે. ઘરની બાજુમાં પશુ માટે નાની છાપરી પણ બાંધે છે.

કુકણા લોકોની આર્થિક સ્થિતિ સામાન્ય છે. મોટાભાગે ઝૂંપડામાં વસવાટ કરતી પ્રજા છે. ઘરમાં તાંબા-પિત્તળ- એલ્યુમીનીયમ, કાચ કે પ્લાસ્ટીક અને માટીનાં જરૂર પ્રમાણે વાસણો રાખે છે. આધુનિક સમયની અસરના કારણે ટેપ, ટી.વી., સાયકલ, સ્કુટર, ખાટલા, ગોદડાં અને ટેબલ, ખૂરશી પણ જોવા મળે છે. આ ઉપરાંત શિકાર કરવાનાં સાધનો, માછલાં પકડવાની જાળ, વિજળી, ઈ.મોટર, ફાનસ, ટોપલા-ટોપલી, ઘંટી, પેટી કબાટ વગેરે શિક્ષિત-નોકરીયાત રાખતા જોાવ મળે છે.

ઘરમાં કુકણાઓ મહદ્અંશે ખેતી અને ખેતમજુરી, છૂટકમજુરી કરીને જીવનનિર્વાહ કરે છે. ખેતીનાં સાધનોમાં હળ, દાતરડાં, કુહાડી, ગાડા, ટ્રેકટર, વાવણિઓ વગેરે રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

પરંપરાગત રીતે પુરુષો શરીરના નીચે ભાગે માત્ર લંગોટી પહેરે છે. શરીરના ઉપરના ભાગે બંડી કે બુશર્ટ અને માથે ટોપી કે ફાળિયુ જોવા મળે છે. શહેરીકરણ તથા આધુનિકરણની અસરોના કારણે બુશર્ટ-પેન્ટ, ધોતી, ખમીશ-ટોપી પહેરતા થયા છે. યુવાનો પેન્ટ-શર્ટ તથા બાળકો ચડ્ડી અને બુશર્ટ પહેરે છે. માથાના વાળ મોટા રાખે છે. સ્ત્રીઓ કમરે એક અડધી સાડી કછોટો મારીને પહેરે છે. ઉપરના ભાગે ચોલી પહેરે છે. યુવાન સ્ત્રીઓ કબઝો, સાડી અને ઘાઘરો પહેરે છે, જયારે નાની છોકરીઓ આજે ફ્રોક કે પંજાબી ડ્રેસ પહેરે છે.

કુકણા લોકો ચાંદી, કથીર, ખોટા દાગીના જેવી ધાતુઓનાં ઘરેણાં પહેરે છે. આ ઘરેણાં હાટભરાતા કે દુકાનમાથી ખરીદી લાવે છે. ઉત્સવ તહેવારે આનાં ઘરેણાં વધુમાં વધુ સ્ત્રીઓ પહેરે છે. સ્ત્રીઓ કાનમાં વાળી, એરીંગ, હાથમાં કડાં અને પહોંચી અને કમરે કંદોરો પહેરતા જોવા મળે છે. ઘરેણાં ચાંદી કે રૂપાનાં હોય છે પરંતુ સ્થિતિપાત્ર આજે સોનાની ચેઈન પણ પહેરે છે. પુરુષો કંગાલિયતના કારણે ચાંદીની ચેઈન સિવાઈ વધુ દાગીના પહેરતા જોવા મળતા નથી.

**બોલી :**

કુકણાઓની પણ આગવી અને વિશિષ્ઠ કુકણી બોલી છે. જે મરાઠી મિશ્રિત જોવા મળે છે. આ વિસ્તારમાઝં ધોડિયા, વારલી, કુકણાઓ પોતપોતાની બોલીથી એકબીજા સાથે વ્યવહાર કરે છે.

**ખોરાક અને પીણાં :**

ખોરાકમાં નાગલી, બંટી, વરાઈ, કોદરા અને કઠોળનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત જુવાર - ચોખાના રોટલા, અડદ અને તુવરની દાળ, વાલની દાળ તથા શાકભાજીનો ઉપયોગ કરે છે. જંગલમાં શિકાર કરી તેતર-સસલાંનું માંસ ખાવામાં આવે છે. કુકણાઓ ખોરાકમાં લગ્ન, જન્મ કે ઉત્સવ પ્રસંગોએ પણ કરતા જોવા મળે છે. જયાં જરૂર અને સ્થિતિ હોય તો બન્ને ખોરાક ખાય છે. પીણાંમાં લગ્ન, વખતે તેમજ મૃત્યુ કે ઉત્સવ જેવા પ્રસંગોએ પણ કરતા જોવા મળે છે. જયાં જરૂર અને સ્થિતી હોય તો બન્ને ખોરાક ખાય છે. પીણાંમાં લગ્ન વખતે તેમજ મૃત્યુ કે ઉત્સવ જેવા પ્રસંગોએ દારૂ પીવાનું પ્રમાણ છૂટથી જોવા મળે છે. આ દારૂ મહુડા, ગોળ, ઉમરાના ફળ કે કાજુના ફળનો દારૂ ગાળે છે. આ ઉપરાંત ચા-તમાકુ, બીડી, કાવો વગેરે વ્યસનો તેઓ કરતા જણાયા છે.

**છુંદણાં :**

કુકણાઓ જેટલા ઘરેણાં પહેરવાના શોખીન છે તેટલા જ છુંદણા પડાવવાના પણ શોખીન છે. સંત-પુરુષ બંનેને છુંદણા છુંદાવતા હોય છે. હાથ કે કપાળ- મોં પર પોતાનું નામ અથવા શ્રીરામ, હનુમાન, શ્રીકૃષ્ણ ચિત્રાવે છે. આમ કરવાથી રૂપમાં વધારો થાય છે એમ એ લોકો માને છે.

**શિક્ષણ :**

કુકણાઓમાં શિક્ષણના પ્રમાણમાં ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૫૧.૪૬ ટકા છે. કુકણાઓ ગ્રામ્ય વિસ્તારની સાથે સાથે શહેરી વિસ્તારમાં પણ રહે છે.

**ધર્મ :**

કુકણાઓ ભગવાન વિશે અને બીજા તેના દેવદેવીઓના સ્વરૂપો વિશે માન્યતાઓ ધરાવે છે અને તેની પૂજાવિધિ, બાધા, માનતા, જીવનના સારા તેમજ ખરાબ પ્રસંગો વખતે કરે છે. તેઓ જન્મથી મૃત્યુ સુધીના બનતા પ્રસંગોમાં પોતાના દેવ કે દેવીની પૂજાવિધિ કે માનતા-બાધા રાખીને જ આગળ વધે છે.

તેઓ માવલી દેવી, કેન્સેરી દેવી, વાઘદેવ, કાળોકાકર, ગોવાળદેવ, સિમારિયો દેવ, દેવલીજાળી, નારણદેવ, ગ્રામદેવતા, ગૃહદેવતા, હીરવાં-હલગ બરમદેવ વગેરે દેવ-દેવીઓની પુજાઅર્ચના કરે છે. સાથે સાથે હિન્દુ દેવ-દેવીઓની પુજાની સાથે સાથે તહેવારોમાં હોળી-દિવાળી, નવરાત્રી, અષ્ટમી જેવા તહેવારોમાં ઉજવે છે અને પૂજાપાઠ કરે છે.

**વ્યવસાય :**

કુકણાઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે પરંતુ ભૌગોલિક વાતાવરણની અસર અને જમીનની મર્યાદાના કારણે ખેતી સિવાયના ખેતમજૂરી, જંગલ મજૂરી, પશુપાલન, ફેકટરીઓમાં મજૂરી, હિરાઘસવા વગેરે જેવા ધંધાઓ કરીને જીવનનિર્વાહ કરતી જોવા મળે છે.

**જાતિપંચ :**

આ જાતિમાં વ્યવસ્થા જાળવવા સંગઠન, એકતા, સમાનતા જાળવવા તેમજ પ્રસંગોપાત સુધારા-વધારા કરવા અને ઉપસ્થિત પ્રશ્નોનું કે બનતા ગુનાઓનું જાતિના આગવા વિચારો રીતી નીતિ પ્રમાણે ઉકેલ કે નિરાકરણ કરવા કે તે ક્ષતિ દૂર કરવાનું કાર્ય આ માટે ચોરાપંચ અને જાતિપંચ કરે છે. જાતિના સંબંધ તૂટવા કે સમાજ બદનામ થાય તેવુ કોઈ કુકણા સમાજમાં ઈચ્છતુ નથી. જાતિપંચમાં આંતરીક ઝઘડા, છૂટાછેડા, ધાર્મિક પ્રસંગો, લગ્ન, તહેવાર વગેરેમાં પંચ આધુનિક રીતે સારુ કામ કરતુ જોવા મળે છે.

**સામાજિક રીતરિવાજો :**

કુકણાઓની વસ્તી દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં વધુ છે. જયાં વસે છે ત્યાં ડુંગરાળ જંગલોનો વિસ્તાર છે. કુકણા જાતિ હિન્દુ ધર્મમાં માને છે એટલે રીતરિવાજોમાં હિન્દુઓના રીતરિવાજોને અનુસરે છે. સમાજની સમાજવ્યવસ્થા તેની આર્થિક પરિસ્થિતિ સાથે સંકળાયેલી હોય છે.

**રજસ્વલા સ્ત્રી :**

કુકણા સ્ત્રી પ્રથમવાર રૂતુકાળમાં હોય ત્યારે તેને "છેટી બેઠી" કહે છે. આ સમયે કુકણાઓ તેની સાથે આભડછેટ રાખે છે. તેનાથી ખાટલામાં ન બેસાય, ઘરમાં ગમે ત્યાં અડકાય કે ફરાય નહી. જમીન ઉપર સાદડી નાંખીને તેને બેસવાનું કે સુવાનુ, રસોઈ કરવી, પૂજા કરવી, ખેતીમાં કામ કરવું વગેરેમાં પ્રતિબંધ હોય છે.

**ગર્ભધારણ :**

ગર્ભધારણ પામેલી સ્ત્રીને ઉલટીઓ, ઉબકા આવે, ખાવાનો અભાવ થાય ત્યારે સમજે છે કે ગર્ભ રહ્યો છે. ગર્ભધારણ જાતીય સંબંધથી રહ્યો છે એવુ માને છે પણ સાથે દેવ-દેવીની કૃપા છે એમ પણ માને છે. બે-ત્રણ

વર્ષ સુધી બાળક ન થાય તો દેવલી માડીએ જઈને પતિ-પત્ની નમસ્કાર કરી ભૂવા દ્વારા બાધા-માનતા રાખે છે.

**પ્રસૂતી :**

સામાન્યરીતે સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં કરવામાં આવે છે. તાલીમ પામેલ દાયણ પાસે અથવા કેટલીકવાર દવાખાનામાં કરવામાં આવે છે. આધુનિક સમયમાં ઘણી સ્ત્રીઓ પ્રસૂતિ સાસરે પણ કરાવતી જોવા મળે છે. દાયણને પહેલાં અનાજ-ઘી-ગોળ અપાતુ આજે રોકડા રૂપિયા આપવામાં આવે છે.

**પાચુરો અને નામકરણ :**

સુવાવડ બાદ પાંચમા દિવસે પાંચુરો કરવામાં આવે છે. આ દિવસે ફળિયાની કેટલીક બહેનોએ પણ બોલાવે છે. બાળકને નવડાવીને ઝાળીમાં નાંખી હિલોળે છે. દાયણ અને બીજી સ્ત્રીઓ થાળી વગાડી નાના બાળકને સમજ આપે છે. "મા-બાપનું કહ્યુ માનવુ, બીવુ નહી, હોશિયાર બનવુ" આ કર્યા બાદ બાળક તેની માને સોંપી દેવામા આવે છે. બાળકની ફોઈ બાળકનુ નામ પાડે છે ઉપરાંત બાળક કયા વારે જન્મ્યુ તેના પરથી કે વાર તહેવાર પરથી નામ પાડી દે છે. શિક્ષિતો બ્રાહ્મણ પાસે જઈ જન્મ-તારીખ-સમય પ્રમાણે ગોઠવીને આધુનિક નામો પાડે છે.

**સગાઈ :**

કુકણા જાતિમાં સામાન્ય રીતે પુખ્ત ઉંમરે થાય છે. આ સમાજમાં લગ્ન કરતાં પહેલાં કન્યા અને તેના મા-બાપની સંમતિની ખાસ જરૂર રહે છે. લગ્નના સગપણનું માંગુ વરપક્ષ તરફથી કરાય છે જેને આ લોકો "પેન ભરવી" તરીકે ઓળખે છે. સગપણ નક્કી થાય તેને "નાની પેન" કહે છે પરંતુ કોઈપણ કારણોસર લગ્ન પાકુ કરવાનું ફરી જાય ત્યારે 'મોટી પેન' ભરવી એમ આ સમાજમાં કહે છે. સગાઈ વખતે કપડાં, પૈસા, જમાડવાનું, લગ્નનો દિવસ વગેરે નક્કી કરે છે. કુકણા સમાજમાં બાળલગ્ન જોવા મળતા નથી.

**લગ્ન :**

છોકરા-છોકરીને સમાજના રિવાજ મુજબ પીઠી ચઢાવવામાં આવે છે. ઉપવાસી બહેનો બપોરે વાલ કે તુવર બાફીને ખાય છે. આમ લગ્નની ધામધૂમ આજ દિવસથી શરૂ થાય છે. નાચગાન ખૂબજ થાય છે. જાન જવાના દિવસે ટ્રક-ટેમ્પા કે ટ્રેક્ટરમાં સવારે નીકળે છે. લગ્નના સ્થળે પહોંચીને લગ્નની વિધિ આગતા-સ્વાગત કરે છે. ઉતારા ઉપર ઉતરે છે. વાજીંત્રોના સૂર રેલાવી કનયાને ખભે બેસાડી ઘરે પધરાવે છે. જાનને દારૂ-તાડી-બીડી આપી સ્વાગત કરે છે. સમાજની પરણેલ બહેનો મંગળ ફેરા ફેરવે છે પરંતુ શિક્ષિત સમાજમાં આજે લગ્નની વિધિ બ્રાહ્મણ પાસે કરાવે છે. લગ્નમાં આજે મીઠુ ભોજન કરાવે છે. સાંજે લગ્ન પૂર્ણ થતાં જાનને વિદાય આપે છે અને આણું કરવાનો દિવસ સમાજના રિવાજ મુજબ નક્કી કરવામાં આવે છે.

**પુનઃલગ્ન :**

વિધવાને પુનઃલગ્ન કરવાની છૂટ છે. સામાન્ય રીતે નિયમ એવો છે કે વિધવા પોતાના દિયરને પરણે તો તે યોગ્ય ગણાય પણ પોતાના જેઠને પરણી શકતી નથી.

**છૂટાછેડા :**

સ્ત્રી વ્યભિચારી હોય, કજિયાખોર હોય, ઘરકામમાં બેદરકાર હોય, તેનાં બાળકો સતત મરણ પામતાં હોય કે તે ડાકણ હોવાની શંકા હોય એવા વિવિધ કારણે છૂટાછેડા છૂટથી અપાય છે.

**મૃત્યુ :**

માણસનું મૃત્યુ થતાંજ રોવા કૂટવાનો રિવાજ હોઈ કુટુંબના રડારોડ કરે છે. કુટુંબના કે ગામના લોકોને નગારાથી ખબર આપે છે. મૃત્યુને તેઓ મૈયતના નામથી ઓળખાવે છે. વ્યક્તિ મરી ગયા પછી ખાંડણિયા ઉપર સુવાડી દેવામા આવે છે. જો પુરુષ હોય તો સફેદ અને સ્ત્રી હોય તો લાલ રંગનું કફન ઓઢાડી ઠાઠડી બાંધવામાં આવે છે. વ્યક્તિને ..... પોશાક પહેરાવી, પીઠી ચોળી પછી ઠાઠડીમાં સુવડાવવામાં આવે છે. મૃતદેહને ચોખા, ફૂલ અને પૈસાથી વધાવે છે. આ સમાજમાં ધારીયાં, કુહાડી વગેરે હથિયારો લઈ જાય છે. જેથી મૃત વ્યક્તિને ડાકણ હેરાન કરે નહી એવી માન્યતા આ લોકોમાં છે. શબને ચિત્તા ઉપર ગોઠવી પુત્ર અગ્નિદાહ આપે છે. સ્મશાનનું કામ પૂર્ણ કરી નદીમાં સ્નાન કરીને ઘરે આવે છે. બારમુ આ સમાજમાં કરવામાં આવે છે અને તે દિવસે સગાંવહાલાં બોલાવીને સમાજની વિધિ કરવામાં આવે છે. આજે હિન્દુ સમાજની જેમ શિક્ષિતો શ્રાધ્ધનું કામ કરે છે.

**મુખ્ય વિશેષતા :**

કુકણાઓનું મનોરંજન માટેનુ મુખ્ય સાધન હોય તો તે માદલ નૃત્ય છે. આ ઉપરાંત મેળાનૃત્ય, દિવાળી અને તેના નૃત્યુ ગીતો, ઘેર નૃત્ય વિદાય નૃત્ય વગેરે માટે ખૂબ જાણીતા છે. તેઓ હનવત અને વાઘદેવની ખાસ પૂજા કરે છે.

# ભીલ

ભીલ શબ્દની ઉત્પત્તિ અને તેના અર્થ સંદર્ભે કેટલાક વિધ્વાનોએ પોતાના મત પ્રદર્શિત કર્યા છે. સંસ્કૃત ભાષામાં "ભીલ" શબ્દ સ્વીકારાયો છે. કોઈ સ્થાનિક શબ્દમાંથી સંસ્કૃત ભાષામાં સ્વીકારવામાં આવ્યો છે અને દ્રવિડો ભાષાના "બિલ્વ" ધનુષય શબ્દમાં એનુ મૂળ જોવા મળે છે. સં "ભિદ્ર" જેવા શબ્દમાં એનુ મૂળ જોઈ સંભુદ્રા પ્રા.ક્ષુલ્લક : સં.માં પણ "ક્ષુલ્લક" સ્વીકારાયો છે. સંભદ્ર પ્રા. "ભલ્લા" ના બ્યુત્પતિકાર સાથે સરખાવવાનું મન થાય, પણ તેની પાછળ કોઈ ઐતિહાસિક બળ નથી. તેથી જ "કિરાત, પુલિન્દ, નિશાદ, પુલ્કસ, શબર વગેરે શબ્દની જેમ એ પણ સ્થાનિક આર્યેતર મૂળનો જ શબ્દ છે અને અત્યારે તો આ બધી જાતિઓ માટે સામાન્ય બની ગયો છે. ભીલો પ્રાચીનકાળથી પોતાની સાથે કામઠી અને તીર રાખતા આવ્યા છે. "ભીલ" નો અર્થ "બાણ" થાય છે કે જેનો અર્થ કાપવુ થાય છે. "ભીલ" શબ્દનુ અપ્રભંશ થતાં "ભીલ" થયુ હશે. ભીલમાં ભીલ, ગરાસિયા, ભીલાલા, ઢોળીભીલ, ભીલ રાવળ, ભીલ વસાવા, પાવરા, તડવી વગેરે ગણાવી શકાય. ભીલો રંગે કાળા, કવચિત ઘઉંવર્ણા અને ગોરા માલુમ પડે છે. શરીરે મજબૂત બાંધાના અને નીચા કદના, સુદ અને કસાયેલા હોય છે. સ્વભાવે પ્રમાણિક નિમકહલાલ અને સંતોષી હોય છે.

**વસતિ :**

ભીલોની મુખય વસતિ ભારતમાં મુખ્યતવે મોટી સંખ્યામાં મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ત્રિપુરામાં તેમજ મૈસુર, આંધ્રમાં વસેલી જોવા મળે છે. સંખ્યાની દ્રષ્ટિએ મધ્યપ્રદેશમાં આ જાતિ સૌથી વધુ છે તે પછી ગુજરાત અને રાજસ્થાન સંખ્યાની રીતે ક્રમાનુસાર જોવા મળે છે. ગુજરાતના લગભગ બધાજ જિલ્લાઓમાં વત્તા કે ઓછા પ્રમાણમાં તેમની વસ્તી પથરાયેલી છે. ભીલોની કુલ વસતિ ૨૦૦૧ પ્રમાણે ૩૪,૪૧,૯૪૫ છે જે ગુજરાતની કુલ વસ્તીમાં ભીલોનું પ્રમાણ ૪૬.૭૯ ટકા છે. ભીલોનો વસ્તી વૃધ્ધિ દર ૩૦.૪૫ ટકા છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

ભીલો મોટેભાગે જંગલો કે ડુંગરો ઉપર પોતપોતાના ખેતરોમાં છૂટાછવાયા ઝૂંપડાંઓ બાંધી વસે છે. સમગ્ર રીતે જોઈએ તો માટી, ઘાસ, નળિયાં, વાંસ-સાઠી વગેરેથી બનાવેલા તદન કાચાં ઝૂંપડાં સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ઘરો છૂટાછવાયાં ઝૂમખામાં, ક્યારેક હરોળમાં તો ક્યાંક ઉચીનીચી જગ્યાએ વાંકા ચૂકા બાંધેલા જોવા મળે છે. તેઓના ઝૂંપડામાં બે ભાગ પાડે છે તેમાં એકમાં ઘરના માણસો અને બીજામાં ઢોર-ઢાંખર માટે રાખે છે. તો કેટલાક ઠેકાણે શિક્ષણના કારણે નોકરીમાં હોય તેવવા કિસ્સાઓમાં કે સરકારે વસાહતી ઘરો ફાળવાયા હોય તેવા ઘરો વિલાયતી નળિયાં કે ધાબાવાળાં પણ આજે જોઈ શકાય છે.

ભીલો પોતાના માલિકીના ઘરોમાં રહે છે. આજે પણ ચૂલાના ભાગે કથરોટ, કલેડુ, હાંસલી, ચાટવો, તાવડી, સુપડુ, બાહડી, બલારો એ ઉપરાંત વાંસનાં બનાવેલાં ટોપલા-ટોપલી, મૂહલુ વગેરે જોવા મળે છે. આ ઉપરાંત ખેતીવાડીનાં સાધનો, ખાટલા, તીરકામઠાં, માછલાં પકડવાની જાળ, તલવાર, ભાલા, બંદૂક, તીરકામઠાં વગેરે અને આધુનિકરણની અસરના કારણે તાંબા પિત્તળ-સ્ટીલ- માટીનાં વાસણો જરૂરીયાત પ્રમાણે રાખતાં જોવા મળે છે. કપડાં ભરવા માટે પેટી, માટીના મોટા વાસણોમાં રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

ભીલોમાં પરંપરાગત રીતે પુરુષો એક મોટો ત્રણ હાથ લાંબો અને હાથેક પહોળો લંગોટ, શરીર પર એકાદ ચાદર, ધોતિયુ કે કામળો અને માથે ફાળિયું હોય છે. પુરુષ બાળકો ચડ્ડી-પેન્ટ, બુશર્ટ પહેરે છે. સ્ત્રીઓનાં કપડાં જોઈએ તો ઘાઘરો, ઓઢણુ અને કાંચળી માત્ર જોવા મળે છે. નાના અને યુવાન મહિલાઓ પંજાબી તથા બ્લાઉઝ અને સાડી પહેરે છે. સ્ત્રીઓ છૂંદણાં છૂંદાવાની શોખીન છે. આધુનિકરણની અસર છે ત્યાં પુરુષો પેન્ટ-શર્ટ કે ખમીશ પહેરે છે, જ્યારે સ્ત્રીઓ પરંપરાગત પહેરવેશ કરતાં સાડી પહેરવાનું વધુ પસંદ કરે છે.

**ઘરેણાં :**

પુરુષો હાથે રૂપાનું 'ભોરિયુ', કડુ, કાનમાં રૂપા કે કથીરની મરકીઓ, નાજાકડીઓ અને સેલ કડીઓ, મોટી કડીઓ ઉપરાંત સ્ત્રીઓ ચાંદીની સાંકળીઓ, રૂપાનો કંદોરો, હાથની આંગળીઓએ રૂપાની વીંટીઓ પહેરે છે. આધુનીકરણમાં સોના-ચાંદીના દાગીના પહેરવાનું પ્રબમાણ વધવા લાગ્યુ છે. ભીલ સમાજમાં સ્ત્રીઓ ઘરેણાંની ભારે શોખીન છે. ભીલ સમાજમાં જુદા દાગીના પહેરવાની બોલબાલા જોવા મળે છે. તેઓ વેપારી કે હાટ બજારમાંથી ખરીદતા જોવા મળે છે.

**બોલી :**

ભીલોની આગવી બોલી છે. તેને લિપીબધ્ધ કરેલ ન હોય, લેખિત સાહિત્ય સ્વરૂપે તેમાં પ્રકાશ પાડ્યો નથી. તેઓ પોતાની ભીલોડી બોલીમાં જ વ્યવહાર કરે છે પરંતુ રોજગારી અર્થે શહેર કે અન્ય જગ્યા પર સ્થળાંતર કરે છે ત્યાં ગુજરાતી બોલીનો ઉપયોગ કરતા જોવા મળ્યા છે.

**ખોરાક અને પીણાં :**

ભીલ જાતિ પોતાના ખોરાકમાં મુખ્યત્વે મકાઈ અને અડદની દાળ લે છે. તેની સાથે સાથે કોદરા, કુટી, બાવટો, બંટી, ચણા, ઘઉં, ચોખા, વટાણા, તુવર વગેરે વસ્તુઓ ખાવામાં લેતા જણાયા છે. તહેવાર હોય તો લાડુ શીરો, કે કંસાર જેવા મિષ્ટાન બનાવે છે. પરંપરાગત પ્રસંગોપાત પાડા, બકરા, મરઘાનુ માંસ અને હરણ, સસલાં, લાવરી, હોલી, માછલી વગેરેનો ઉપયોગ કરતા જોવા મળ્યા છે. વારતહેવારે દારૂનો પણ ઠીક ઠીક પ્રમાણમા ઉપયોગ કરતા જોવા મળે છે. ધાર્મિક-સામાજિક તહેવારોમાં નારિયેળ અને દારૂનો છૂટથી ઉપયોગ વિધિ-વિધાન માટે કરે છે.

**શિક્ષણ :**

ભીલોમાં શિક્ષણના પ્રમાણમં ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો ભીલ જાતિમાં સાક્ષરતા ૪૪.૨૯ ટકાનું પ્રમાણ છે. ભીલો ગ્રામ્ય વિસ્તારની સાથે સાથે શહેરી વિસ્તારમાં પણ રહે છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને અનામતની જોગવાઈનો મોટા પ્રમાણમાં લાભ લઈ શક્યા છે.

**વાધ્યો :**

તેઓની પાસે ચર્મ વાધ્યો, તંતવાધ્યો, ધનવાધ્યો, વાંસળી, પાવા, ઢોલ, શરણાઈ વગેરે વાધ્યો રાખે છે.

**ધર્મ :**

ભીલ જાતિ હિન્દુ ધર્મમાં શ્રધ્ધા રાખે છે. તેઓ હિન્દુ દેવ-દેવીઓને માને છે. ભીલો મહદ્અંશે પોતાના પૂર્વજોને માનતા હોય છે. દેવ-દિવાળીએ પૂર્વજોની પૂજા કરે છે. આ ઉપરાંત તેમના દેવ-દેવીઓ બારબીજ, કચુંબર, ઈદરાજ, ઘોડાજો, કોહાજો, વગાજો, હાદરજો, મનાતો, મોઝીંગ, ઓખા, કાળકા, સુંદાઈ, ઝાંપડી વગેરે છે. ભીલો 'બારબીજ' ને તેમની ધાર્મિક માન્યતામાં ઘણુંજ મહત્વનું સ્થાન આપે છે.

**વ્યવસાય :**

ભીલો મુખ્યત્વે સ્થાયી ખેતી કરનારા આદિવાસીઓ છે. કેટલાક કુટુંબો પાસેથી ઝૂટવાઈ જતાં આ વારસાગત જમીન ન મળતાં જમીન વિહોણા માત્ર જમીન ઉપર નિર્ભર છે. તેઓ સ્થળાંતર કરીને છૂટક મજૂરીકામ કરતા જણાયા છે. આ ઉપરાંત રોડ બાંધકામ, મકાન બાંધકામ, માટીકામ જેવી મજુરી કરવા બહાર ગામ જાય છે.

**જાતીપંચ :**

ભીલ જાતિમાં ઓછીવત્તી અસરકારકતા સાથે પંચપ્રથા ચાલે છે. ભીલ જાતિમાં પંચગામ માટે કે ફળિયા માટે હોય છે. આ પંચ અંદરોઅંદરના .... ઝગડાઓ વગેરેનો નિકાલ કરે છે. ઝગડા સાંભળી નિકાલ કરી ગૂનેગારને દંડ કરી ન્યાય કરે છે. આ જાતિપંચ લગ્ન, સમાજમાં અન્ય કાર્યો, પુર્નલગ્ન, છૂટાછેડા, શિક્ષણ વગેરે કાર્યો કરે છે.

**સામાજિક રિતરીવાજો :**

**રજસ્વલા અને સીમંતની વિધિ :**

ભીલ જાતિમાં છોકરી પહેલીવાર રજસ્વલામાં બેસે તેને"નાહવામાં આવી" તેમ કહે છે. ત્યારબાદ કોઈ વિધિ કરાતી નથી. આભડછેટ પળાય છે. ચાર દિવસે નાહીને માથુ ધુવે, તેમનામાં ગર્ભ સ્ત્રીને ન રહેતો બાધા-માનંતા રાખે છે. દેવીપૂજા, બડવાઈ, દવા-દારૂ માન્યતા રાખીને પાવાગઢ કે રાજસ્થાનમાં આવેલા"મંડોક દેવી" આગળ આમલી અગિયારસના દિવસે ખોળો ભરાવે છે. તેમાં ખાસ કોઈ વિધિ કરાતી નથી. સગર્ભા સ્ત્રીને શક્તિ મુજબ ખોરાક ખવડાવે છે.

**પ્રસુતિ અને જન્મવિધિ :**

ભીલો પણ માને છે કે ગર્ભ રહેવો એ દેવ-દેવીની કૃપા છે. ઊંડાણના ગામોમાં સુયાણીને બોલાવીને જ પ્રસૂતિ કરાવે છે. જ્યારે શિક્ષિત અને જાગૃત લોકો ડોકટર-નર્સ કે દવાખાને પ્રસૂતિ કરાવે છે. ભીલો પરંપરાગત રીતે ત્રણ દિવસે ઘર સાફ કરી લીપી પછી ઓટલા પર કે પરસાળે લોટનો સાથિયો પૂરી વચ્ચે અનાજની ઢગલી કરી, પાણી લોટો ભરી, નાળિયેર મૂકી વધાવે છે. ચોકને ચારે ખૂણે ચાર તીર, પૈસા સાથે રોપે અને તેલ ઘીનો દીવો કરી આરતી રે છે. પછી ડુંગર ઢવડાવવાની ક્રિયા કરાય છે. સ્ત્રી કે બાળકને સવા મહિના સુધી અડતા નથી. કોઈ ગામના વડીલ છોકરાનો કાન ફૂકે પછી અડાય છે. બાળકો પછી મહદ્અંશે કુદરતના ખોળે ઉછરી મોટા થાય છે.

લગ્ન :

પોતાના લોહીનાં સગાં અને ગોત્રકુળમાં લગ્ન કરતા નથી. લગ્ન ભીલોના જીવનમાં મહતવનું સ્થાન ધરાવે છે. ભીલોમાં પુખ્ત ઉંમરે લગ્ન યુવક-યુવતીઓના ગોઠવાય છે. મા-બાપ કે સગા-સંબંધીઓ કન્યા પસંદ કરીને લગ્નો ગોઠવાતા હોય છે. તેમનામાજ્ઞ બહુપત્નીત્વ, સાળીવટુ, દિયરવટુ, ઘરજમાઈ, નાતરૂ તથા વિધવા પુર્નલગ્નપ્રથા કરતા જોવા મળે છે. જાન કન્યાપક્ષે નક્કી કરેલ દિવસે અને ટાઈમે પહોંચી જાય છે. મંડપ કે માંડવો બનાવેલ હોય છે ત્યાં કન્યાનો બનેવી કે જાણકાર ભીલ હસ્તમેળાપ કરાવે છે.કયાંક કયાંક આજે આ વિધિ બ્રાહ્મણ કરાવતા પણ થયા છે. તેઓમાં દહેજનું પ્રમાણ ઘણું ઉંચુ જોવા મળે છે.

છૂટાછેડા :

ભીલોમાં કોઈકારણોસર લગ્ન તૂટી જાય ત્યારે હગુ તૂટી ગયુ તેમ કહે છે. તેમાં ખાસ કરીને લગ્નમાં ઝગડો, ખૂન, વેરઝેર વગેરે કારણોથી છૂટાછેડા થાય છે. સગુ કરે ત્યારબાદ નવેસરથી દહેજ નક્કી થાયે. તેમનામા વહુ કે દિયરવટુ કરાય છે. રાંડેલી સ્ત્રી બીજાની સાથે 'નાતરૂ' કરી શકે છે. તેનું અડધુ દાપુ છોકરીના બાપને લઈ જનારે આપવું પડે છે. છોકરાવાળી હોય તો છોકરાં મોટાં થતાં સુધી ભરણપોષણ કરે, મોટાં થતાં બાળકોને બાપા, કાકા લઈ જાય, મા સાથે રહેતાં નથી. પુનઃલગ્ન કરવાની ભીલોમાં છૂટ છે.

મૃત્યુ :

વ્યક્તિ મરી જતાં તુરતજ ખાટલા ઉપરથી ઉતારી લઈ માથુ ઉત્તર દિશામાં રાખી સુવડાવે છે. મૃતદેહ ઉપર નવુ કપડુ ધોતી કે સ્ત્રી હોય તો લૂગડુ - કાપડુ ઓઢાડી દે છે. નજીકનાં સગાંને બોલાવવા માટે "હાનન કહેણ" મોકલવામાં આવે છે. જો રાતના મૃત્યુ પામે તો મરદા પાસે ઘરમાં જ બધા બેસી રહે છે. મોટા વ્યક્તિનું મરણ થાય તો મડદાને દહી-હળદર ઉના પાણીનોમાં નાખીને સ્નાન કરાવે છે. ત્યાર પછી નવાં કપડાં પહેરાવી ઠાઠડીમાં બાંધી ઢોલ તેમજ શરણાઈ વગાડતાં સ્મશાને લઈ જવામાં આવે છે. સ્મશાનયાત્રામાં ગામના કે ફળિયાના દરેક ચિત્ માટે એક એક લાકડુ લઈ આવે છે. સ્ત્રીઓ વિસામા સુધીજ આવે છે ત્યાંથી પાછી વળે છે. મરનારનો જયેષ્ઠ પુત્ર અગ્નિદાહ આપેછે. બે વર્ષથી ઉપરનાને બાળવામાં આવે છે. અસ્થિ લાવવાની અને મહિસાગરમાં પધરાવવાની પ્રથા પણ ચાલે છે. આ ઉપરાંત બારમાની વિધિ પણ તેઓ કરે છે.

ખાસ વિશેષતા :

તેઓ ખાત્રજ (પૂર્વજોની) પૂજા કરે છે. આમાં પૂર્વજોને યાદ કરી બકરૂ-મરઘુ વધેરી દારૂની ધાર આપે છે. તેઓ પોતાનુ આગવુ નાચગાન માટે પ્રચલિત છે. ભીલો 'બારબીજ' ને તેમની ધાર્મિક માન્યતામાં ઘણુજ મહત્વનું સ્થાન આપે છે. 'બારબીજ' એટલે ખાવાના બાર પ્રકારનાં અનાજ. જો ખોટુ કરે તો તેને બાર બીજ ખાવા મળે નહીં, એટલે કે તે ભૂખે મરી જાય અને તેના ઉપર આફત આવી જાય. ઉઘાડી તલવારનાં નૃત્ય તેમની નૃત્યકાળનો ઉત્કૃષ્ઠ નમૂનો રજૂ કરે છે.

# ગરાસિયા

ગરાસિયા શબ્દ સંસ્કૃત શબ્દ ગ્રાસ પરથી બનેલા ગિરાસ શબ્દ પરથી આવ્યો છે. તે ગુજરાતમાં તેમજ અન્ય વિસ્તારોમાં કયા કયા અર્થે અને સંદર્ભમાં વપરાય છે તેના સામાન્ય નિર્દેશ ફાર્બસના રસમાળામાં, વડોદરા સ્ટેટ ગેઝેટીયરમાં, માલકમની નોંધમાં તેમજ ભાગવદ ગોમંડલમાંથી મળે છે. માલકમે (૧૮૨૪:૫૦૮) મધ્યપ્રદેશ અને માળવાના સંમિશ્રિત રાજપૂત જાતિઓના લૂટારુઓના સંદર્ભમાંના તેમનાં સંસ્મરણો આલેખતાં ગ્રાસિયાહને એક એવા સામાન્ય શબ્દ તરીકે ઓળખાવ્યો છે, કે જે ઘૂસણખોરો દ્વારા પોતાની માલિકીમાંથી હાંકી કઢાયેલા જાગીરદારો પોતાના પ્રભુત્વ હેઠળના પ્રદેશમાં જમીન મહેસુલમાં પોતાનો ભાગ ન મળે તો તેની ઉઘરાણી અટકાવી અથવા તે અવરોધીને મેળવવાનો પોતાનો અધિકાર સ્થાપિત કરી શક્યા હોય અને ટકાવી રાખી શક્યા હોય તેમને માટે ગુજરાતમાં તેમજ મધ્યપ્રદેશમાં વપરાય છે. માલકમના માળવાના સોઢીઓ અને ગરાસિયાઓના સંદર્ભમાં વપરાયેલા નીચેના શબ્દો અર્સકિને શિરોહીના ગરાસિયાઓનું વર્ણન કરતી વખતે વાપર્યા છે. પી.સી. દવે તેમજ બીજા કેટલાકે પણ તેને ટાંક્યા છે. આ શબ્દ સંસ્કૃત 'ગિરાસ' ઉપરથી ઉતરી આવ્યો છે.

**વસતિ :**

ગુજરાતમા ગરાસિયા જાતિ મુખ્યત્વે સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લામાં વસવાટ કરે છે. તેમજ ગુજરાત બહાર રાજસ્થાન-મધ્યપ્રદેશમાં પણ તેમની વસ્તી છે.

**રહેઠાણ-ઘરવખરી :**

ગરાસિયા જાતિનાં ઘરો કેટલાક ઠેકાણે સપાટ જમીન ઉપર તો કેટલાક સ્થળે નાની ટેકરીઓ ઉપર બાંધેલા જોવા મળે છે. સોકલા ગરાસિયાઓનાં મકાન એકબીજા સાથે જોડાયેલાં સમૂહમાં હોય છે, જ્યારે ડુંગરીગરાસિયા તથા ભીલ ગરાસિયાઓનાં મકાન પોતાના ખેતરમાં સ્વતંત્ર રીતે બાંધીને રહે છે. મોટા ભાગના બધાજ ગરાસિયાના ઘરની બનાવટમાં દિવાલો માટીમાંથી બનાવેલ હોય છે. આજે કેટલીક જગ્યાએ ઈંટ-માટી તથા પાકાં ધાબાબંધી બાંધેલાં મકાન પણ જોવા મળે છે. જ્યાં ગરીબાઈ છે ત્યાં ઘરની ઉપરનુ છાજ દેશીનળિયાં, થાપડા, વિલાયતી નળિયાં કે પતરાંવાળુ જોવા મળે છે. તેમના મકાનના એક કે બે ખંડ રાખેલા હોય છે.

ગરાસિયાઓ પોતાની ઘરવખરીમાં મોટાભાગની વસ્તુઓમાં એલ્યુમિનીયમ, પિત્તળ, સ્ટીલ, ચિનાઈમાટી તથા માટીનાં વાસણો વિશેષ જોવા મળે છે. આ ઉપરાંત ખાટલા-ગોદડાં, ઘરમાં પ્રકાશ માટે ફાનસ કે લાઈટ લાકડાંની અભરાઈ, અનાજ ભરવા માટે કોઠી, લોટ માટે પતરાના ડબ્બા, ઘરમાં રેડિયો-ટેપ, ટી.વી., ઘડિયાળ, પતરાંની પેટી, કબાટ, સ્કુટર વગેરે રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

ગરાસિયાઓ પરંપરાગત રીતે પુરુષો ધોતી અને ખમીશ માથે રૂમાલ તથા સ્ત્રીઓ ઘાઘરો અને પોલકુ અને સાડી પહેરતા હતા, પરંતુ આજે બાળકો પેન્ટ-શર્ટ કે બુશર્ટ પહેરે છે, જ્યારે યુવાન પુરુષો પેન્ટ-શર્ટ અને સ્ત્રીઓ પંજાબી ડ્રેસ અથવા સાડી બ્લાઉઝ-ચણિયો પહેરે છે. હાલમાં ગરાસિયાઓ ઉપર મધ્યમવર્ગના હિન્દુઓની અસર જણાય છે. આ કપડાં બજારમાંથી હવે ત્યાર લાવે છે જે પહેલાં સીવડાવતા હતા.

ગરસાયિઓ સોના-ચાંદીનાનાં ઘરેણાંના બહુ શોખીન છે. સ્ત્રીઓ મુખ્યત્વે ગળામાં કાળા મણકાની ચાંદીમાં બનાવેલ માળા, કાચની માળા, કાને કડી અને એરીંગ, નાકે સોનાની ચુની પહેરતા જોવા મળે છે. આધુનિકરણની અસરથી સોનાના દાગીના ઉપરાંત ખોટા દાગીના લાવીને પણ પહેરતા હોય છે.

**બોલી :**

ગરાસિયાઓની બોલી એક રીતે કહીએ તો રાજસ્થાનની હિન્દી અને ગુજરાતની બોલી મિક્સ થઈને બોલતા હોવાનું જણાય છે. ગુજરાતી અને હિન્દી પણ વધુ બોલતા જોવા મળે છે.

**ખોરાક અને પીણાં :**

ખોરાકમાં ડુંગરીગરાસિયા અને ભીલગરાસિયા શાકાહારી તેમજ માંસાહારી છે, જ્યારે સોકલાગરાસિયા ફક્ત શાકાહારી છે. તેઓ મકાઈના રોટલા, શાકઘઅડદની દાળ વગેરેનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત વારતહેવારે ચોખા, ઘઉંની બનાવટોનો ઉપયોગ કરે છે. તેઓ બકરા-મરઘાં અને માછલીનો પણ ઉપયોગ કરે છે.

પીણાંમાં ચા કે કાવો પીવે છે, દારૂ પીવાની બાબતમાં સ્થળ પ્રમાણે વારતહેવારે તેઓ ઉપયોગ કરે છે. પોતાને દેવ-દેવીઓને પણ ચઢાવતા જોવા મળે છે.

**શિક્ષણ :**

ગરાસિયાઓમાં શિક્ષણનું ૨૦૦૧ પ્રમાણે જોંઈએ તો ૪૪.૨૯ ટકા જોવા મળે છે. આજે આ શિક્ષણ લેવામા ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

ગરાસિયાઓએ વિવિધ યોજનાઓ અને અનામતની જોગવાઈ હોવા છતાં જાગૃતતાના અભાવે જોઈએ તેટલો લાભ મેળવી શક્યા નથી.

**ધર્મ :**

ગરાસિયાઓ હિન્દુ ધર્મમાં શ્રધ્ધા ધરાવે છે. તેઓ હિન્દુ દેવ-દેવીઓની પૂજા અર્ચના કરે છે. તેઓ ચોસઠ જોગણી, ભદ્રકાળી, અંબાજી, લક્ષ્મી, હનુમાન, બળયાદેવ, મોગરાદેવ વગેરેને પૂજે છે. આર્થિક પ્રવૃત્તિમાં કાળભેરવ, શેષનાગ, રામદેવ વગેરેની પૂજા કરે છે. આમ ગરાસિયા જાતી ઉપર હિન્દુ સભ્યતાની અસર છે. આ જાતિના લોકો હોળી, દિવાળી, નવરાત્રી, મેળાઓ, ચૈત્રીનવરાત્રી, જાત્રાની ઉજવણી કરે છે. ગરાસિયા જાતિમાં ખ્રિસ્તી બન્યા હોય તેવાઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

**વ્યવસાય :**

ગરાસિયાઓ મોટાભાગે ખેતી-ખેતમજૂરી તથા જંગલમજૂરી, છૂટકમજૂરી, જંગલ ગૌણવનપેદાશ એકઠી કરવી તથા છૂટક મજૂરી કરીને જીવન ગુજારે છે. આ ઉપરાંત વેપાર, હિરાઘસવા, નોકરી, સૈનિક તરીકે વગેરે તેઓ વ્યવસાય કરી જીવન ગુજારે છે.

**જાતિપંચ :**

ગરાસિયાઓ એકબીજાથી દૂર હોવા છતાં ભીલ ગરાસિયા, ડુંગરી ગરાસિયા અને સોકલા ગરાસિયા એમ ત્રણેના જાતિપંચ અને કાયદા અલગ અલગ છે. તેમાં પંચના દરેક સભ્ય તથા લોકો નિયમોનું પાલન કરે, થયેલ ગુનાનું પ્રમાણ ઘટે, સરકારી કાયદાનું અમલીકરણ થાય, જન્મ-મરણ-લગ્ન પ્રસંગોએ કોઈપણ પ્રશ્ન ઉભો થાય તો જાતિપંચ અને વડિલ સભ્યો ઉકેલ લાવતા હોય છે.

**સામાજિક રીતરિવાજો :**

ગુજરાત રાજયના બનાસકાંઠા તથા સાબરકાંઠા અને અન્ય સ્થળે વસતા ગરાસિયાઓમાં પરંપરાગત રિવાજો કરતાં આધુનિક જગતમાં ઘણુ પરિવર્તન આવ્યું છે. જયાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે ત્યાં મૂળ રિવાજોને છોડી દીધા હોય તેવુ પણ જોવા મળ્યુ છે.

**રજસ્વલા સ્ત્રી :**

ગરાસિયાઓમાં રજસ્વલા સ્ત્રીને 'અડકવુ નહી' એવા નામે બોલાવે છે. આ સમય દરમ્યાન રસોઈ બનાવવી, પાણી ભરવુ, દેવ-દેવીની પૂજાવિધિ, ધૂપ-દીપ કરવા વગેરે કાર્યો કરવાનાં હોતાં નથી. તેમજ કોઈ પવિત્ર કાર્યો થતા હોય ત્યાં જઈ શકાતુ નથી. આવી સ્ત્રીઓ મોટાભાગે વાસણ સાફ કરવાં, વાસીદુ વાળવુ, ઘરમાં સફાઈ કે કપડા ધોવાં વગેરે બહારનું કામ કરી શકે છે.

**ગર્ભધાન :**

સ્ત્રીને રજસ્વલા થતુ બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેવુ માને છે. આવી સ્ત્રીને ઉલટી-ઉબકા થાય તો પણ ગર્ભ રહ્યો છે તેવુ માને છે. ગર્ભ રહેવા પાછળ જાતિય સંબંધને મહત્વનુ ગણવામાં આવે છે. ગર્ભ રહ્યાબાદ કોઈ ખાસ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. ખોળો ભરવાને સીંમત પણ કહે છે. આઠમે મહિનો ચાલતો હોય ત્યારે સાદી વિધિ કરીને સ્ત્રીના માતાપિતા પ્રથમ પ્રસૂતી માટે પિયરમાં તેડી જાય છે.

**પ્રસૂતિ :**

ગરાસિયા સમાજમાં કોઈ મુશ્કેલી ન હોય તો પ્રથમ સુવાવડ પિતાને ત્યાં કરાવે છે. આ સમાજમાં આજે દવાખાને કે તાલીમ પામેલ દાયણ પાસેજ પ્રસૂતિ કરાવે છે. આ પ્રસવ સમયે માતા-પિતા કુટુંબીજનો-સગાં હાજર રહે છે. પત્ની બાળકનો જન્મ આપે પછી પતિએ તેની સવા મહિના પછી મરામત કરવાની રહે છે.

**નામકરણવિધિ :**

બાળકના જન્મ પછી સવા મહિના પછી આ વિધિ કરવામાં આવે છે. તેમાં બાળકના ફોળ-ફૂઆ, મામા-મામી કે આધુનિક સમયમાં બ્રાહ્મણ-ભગત પાસે નામકરણ કરાવતા જોવા મળે છે. ઘણા પોતાના કૂળદેવી-દેવતાને પગે લગાડીને ભગત-ભૂવા કે બ્રહ્માણ પાસે લઈ જઈ જન્માક્ષર કપાવીને નામ પાડતા પણ જોવા મળે છે.

**સગાઈ :**

સામાન્ય રીતે છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ અને છોકરીની ઉંમર ૧૮ વર્ષથી વધુ થાય ત્યારે સગાઈ કરવામાં આવે છે. સગાઈની શરૂઆત છોકરાપક્ષથી થાય છે. એક ગોત્રમાં ન આવતાં હોય તો જ સગાઈ થાય બાકી લગ્ન કરવા પર નિષેધ છે. યુવક-યુવતીને બતાવવામાં આવે છે અને પસંદ પડે તોજ સમાજના રિવાજ મુજબ નક્કી કરેલ દાપુ ભરીને લગ્નની સગાઈ નક્કી કરવામાં આવે છે. સગાઈ કરવા ૧૦ થી વધુ વ્યક્તિઓ જાય છે અને છોકરા પક્ષથી લાવેલ ચુંદડી અને દાગીનો લાવ્યા હોય તે શણગાર છોકરીને પહેરાવીને વિધિ કરે છે. યુવક-યુવતીને બતાવવામાં આવે છે અને પસંદ પડે તોજ સમાજના રિવાજ મુજબ નક્કી કરેલ દાપુ ભરીને લગ્નની સગાઈ નક્કી કરવામાં આવે છે. સગાઈ કરવા ૧૦ થી વધુ વ્યક્તિઓ જાય છે અને છોકરાપક્ષથી લાવેલ ચુંદડી અને દાગીનો લાવ્યા હોય તે શણગાર છોકરીને પહેરાવીને વિધિ કરે છે. આ વિધિ પૂરી થાય પછી પાકુ ભોજન-દારૂની મીજબાની કરે છે. આમ સગાઈમાં ઓછામાં ઓછો એક હજારથી વધુ ખર્ચ કરે છે.

**લગ્ન :**

બન્ને પક્ષની અનુકુળતાએ લગ્નની તિથિ નક્કી કરવામાં આવે છે. હાલમાં કંકોત્રીથી દસ-બાર દિવસો પહેલાં સગા-સંબંધીઓને જાણ કરવામાં આવે છે. ગામમાં રૂબરૂ કંકુ કે હળદરમાં કરીને ચોખાથી આમંત્રણ આપેછે. આજે લગ્નની તિથિ અગાઉ ત્રણ દિવસ પહેલાં પીઠી ચોળવામાં આવે છે. પરણીત સ્ત્રીઓજ પીઠી ચોળે છે, કુંવારી છોકરીઓ પીઠી ચોળતી નથી. લગ્ન તિથીના આગલા દિવસે મંડપ-ડેકોરેશન કરવામાં આવે છે. બ્રાહ્મણે મૂરત કાઢેલ હોય તે પ્રમાણે ગણેશ સ્થાપન, ગૃહશાંતિ કરવામાં આવે છે. મંડપના બીજા દિવસે કન્યાને ત્યાં જાન જાય છે. સવારમાં ૮.૦૦ વાગ્યા પછી જાન જાય છે અને ટ્રક કે ટેમ્પા અને બસનો ઉપયોગ કરે છે. કન્યાને ત્યાં પહોંચે પછી સગાં આવકાર આપે છે. વડીલો મળવા આવે છે. તેઓને યોગ્ય જગ્યાએ ઉતારો આપે છે. ભોજનમાં દાળ-શાક, ભાત, મીઠાઈ વગેરે બનાવીને ઉપયોગ કરે છે. નક્કી કરેલ સમયે ભગત અથવા બ્રાહ્મણો, પૂજા-મંડપમાં શરૂઆત કરે છે, એકબાજુ નાચ-ગાન, ગીતો ગવાતાં હોય ત્યાં હસ્તમેળાપ વર-કન્યાની ભાભી અથવા બ્રાહ્મણ લગ્નના ફેરા ફેરવે છે. લગ્ન પત્યા પછી ઘરમાં ગણેશને પગે લગાડવું, બંને પક્ષનો માતા-પિતાને બોલાવી દાન લેવુ વગેરે વિધિ કરતા હોય છે.

**છૂટાછેડા :**

ગરાસિયાઓમાં છૂટાછેડા લઈ શકાય છે અને તે સમાજ માન્ય છે તેમાં પત્ની કહ્યામાં ન રહે, ચાલચલગત સારી ન રહે, સંતાનો થતાં ન હોય, બંને પક્ષે ગંભીર બિમારી હોય આવી પરિસ્થિતિમાં છૂટાછેડા લે છે. આ સમાજમાં સંતાન નાનુ હોય તો સ્ત્રી પાસે રહે છે પણ મોટું થતાં તેણે પુરૂષને સૌંથી દેવુ પડે છે.

**પુનઃલગ્ન :**

પુનઃલગ્ન સમાજ સ્વીકૃત હોવાથી વિધવા-વિધુર કે છૂટાછેડા લીધેલ સ્ત્રી-પુરુષ પુનઃલગ્ન કરી શકે છે. કેટલાક ઠેકાણે વિધિવત લગ્ન થાય તો કેટલાક તેને 'નાતરા' તરીકે ઓળખે છે. આ ઉપરાંત આ સમાજમાં દિયરવટુ, સાળીવટુ વગેરેની પ્રથા ચાલે છે.

**મૃત્યુ :**

વ્યક્તિ જયારે મરણ પથારીએ હોય ત્યારે તેના નજીકના સંબંધીઓ બોલાવી લેવામાં આવે છે. આકસ્મિક મૃત્યુ થયુ હોય ત્યારે પણ જાતિભાઈઓને તાત્કાલીક સાદ પાડીને બોલાવવામાં આવે છે. મૃત્યુ થયા પછી લાસને ખાટલા કે પલંગ ઉપરથી ઉતારીને ઉત્તર દિશામાં માથુ રાખીને અગ્નિદાહ માટે તૈયારી કરવામાં આવે છે. ઠાઠડી વાંસમાંથી જ તૈયાર કરવામાં આવે છે. નજીકના સગાઓ-કુટુંબીઓ ઠાઠડીને ઉપાડે છે. ગામમાંથી એક એક લાકડું લાવે છે ત્યાં સ્મશાનમાં રાખીને ગોઠવી અગ્નિદાહ આપવામાં આવે છે. આ સમાજમાં સાદગીથી કાણ-મોકાણ તથા બારમાની વિધિ કરવામાં આવે છે. બ્રાહ્મણ પાસે પિંડદાન પણ કરાવે છે. આ ઉપરાંત છેલ્લા દિવસે ભજનકિર્તન - માળ બાંધવાની વિધિ પણ તેઓ કરાવે છે. અસ્થિ પધરાવવાની ક્રિયા પણ હવે કરવા લાગ્યા છે. ગરાસિયાઓમાં પરંપરાગત કરતાં આજે વિવિધ વિધાનમાં ઘણો ફેરફાર થતો જોવા મળે છે.

**ખાસ વિશેષતા :**

ગરાસિયાઓ ગરાસિયા બોલીમાં લોકવાર્તાઓ, લોકગીતો, ઉખાણાં, કહેવતો અને દેવ-દેવીઓની વિશિષ્ટ પૂજા કરવાની પધ્ધતિ વિશે જાણીતા છે. આ ઉપરાંત ઉત્સવ યા તહેવારોનાં ગીતો, લગ્નગીતો, અલાહજજા કે નીંદણનાં ગીતો, હાલરડાંનાં ગીતો, જોડકણાં કે ભજનો માટે આગવી પ્રતિભા ધરાવે છે.

# હળપતિ

હળપતિ શબ્દ એ આઝાદી મળી એ સમયની આસપાસ સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપણા હેઠળ બારડોલીમાં ખેડૂતો-હળપતિઓની સંયુક્ત સભામાં ઠરાવો પ્રસાર કરીને હાલી-ધણિયામાંની પ્રથા દફનાવી હળપતિઓની સ્વતંત્રતા જાહેર કરી હતી ત્યારે પૂજ્ય મહાત્માં ગાંધીએ હળપતિ શબ્દને માટે આર્શીવચન આપેલા, ત્યારથી હળપતિ શબ્દ પ્રયોજવામાં આવી રહ્યો છે. હળપતિ શબ્દને વ્યાપક રીતે વપરાય એ અંગે શ્રી જુગતરામ દવે ખાસ ધ્યાન આપતાં ૧૯૩૯ની સાલમાં પૂ. મહાત્મા ગાંધીજીએ હળપતિ શબ્દ પ્રયોજી આર્શીવચન આપ્યાં હતાં.

જુના વખતમાં એમના દુશ્મને એમને રણમેદાનમાં લડવાનો પડકાર ફેંક્યો, હારવાની બીક લાગવાથી એમના નાયકે લડવાની ના પાડી તે ઉપરથી સાચાવાળા એ કહ્યુ "તમે દૂબળા રહ્યા એટલે અમારી સામે કેવી રીતે લડી શકો ? ત્યારથી તેઓ દૂબળા તરીકે ઓળખાવા લાગ્યા.

આ હળપતિઓ દરિયા માર્ગે આવ્યા હોવા જોઈએ. આ જાતિ ખરેખર ક્યાંથી આવી તે કહેવુ મુશ્કેલ છે. તેઓ દેખાવે કાળા, નીચી કાઠીના અને નબળા બાંધાના હોય છે. તેમની વીસ જેટલી પેટા જાતિઓ છે.

**વસ્તિ :**

ગુજરાતમાં હળપતિ જાતિ મુખ્યત્વે સુરત, વલસાડ, ભરૂચ, વડોદરા વગેરે જિલ્લાઓમાં વધતા-ઓછા પ્રમાણમાં વસવાટ કરે છે. તેમજ ગુજરાત બહાર મહારાસ્ટ્રમાં પણ તેમની વસ્તિ છે. ગુજરાતમાં ૨૦૦૧ પ્રમાણે હળપતિઓની વસ્તિ ૫૯૬૮૬૫ની છે. તેમા પુરૂષોનુ પ્રમાણ ૩૦૧૦૫૧ અને સ્ત્રીઓનું પ્રમાણ ૨૯૫૮૧૪ છે. હળપતિઓની કુલ આદિવાસી વસ્તિમાં ૭.૯૮ ટકા પ્રમાણ જોવા મળે છે.

**રહેઠાણ- ઘર-ઘરવખરી**

હળપતિ-તલાવિયાઓના ઘર સામાન્ય રીતે કાચા અને એક માળનાં ઝૂંપડા હોય છે. માટીની દિવાલો વાળા, ઘાસની છાજવાળાં, કે નળિયા પત્રી છાજ વાળા હોય છે. ઘરો છૂટા છવાયાં ઝુમખામાં, ક્યાંક હરોળમાં તો ક્યાંક ઉંચ નીચ જગ્યાએ વાંકાચૂકા બાંધેલા, ગામની બહાર ખરાબામાં વસેલા જોવા મળે છે. ઝુપડામાં બે ખંડ પાડી દે છે બહુજ સંકડાશ હોય છે. ઘરને એકજ બારણુ અને એકાદ-બે બારી હોય છે. મહદ અંશે કેટલાકને પાંકા મકાન જોવા મળે છે.

દુબળાઓની ઘરવખરીના સાધનો પોતાની જરૂરીયાત પૂરતાં પણ નથી. ઘરવખરીમાં મોટાભાગની વસ્તુઓમાં એલ્યુમિનીયમ, પિત્તળ, સ્ટીલ, ચિનાઈ માટી તથા માટીનાં વાસણો વિશેષ્ જોવા મળે છે. આ ઉપરાંત થોડાક ગોદડાં એકાદ-બે માટલા, ઘરમાં પ્રકાશ માટે ફાનસ કે ચીમની, લાકડાની અનીરાઈ, અનાજ કે લોટ ભરવાના ડબ્બા, પ્લાસ્ટીકની ડોલ, ઘરમાં રેડિયો-ટેપ, ટી.વી, ઘરડિયાળ પતરાની પેટી, લાકડાની પેટી વગેરે રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

હળપતિ-તલાવિયા જાતિમાં પરંપરાગત રીતે પુરૂષો ખમીશ કે અડધી બોયનો ઝભ્ભો, ધોતિયુ, માથે ફાળિયુ કે રૂમાલ બાંધે છે. તેઓમાંના ઘણા ઉઘાડા પગે હોય અથવા દેશી બનાવટના ચંપલ પહેરે છે. યુવાનો પેન્ટ-

શર્ટ કે લેંઘો પહેરે છે. સ્ત્રીઓ લાલ, પીળા, વાદળી લુગડાં કે સાડી પહેરે છે. નાના બાળકો બુશર્ટ અને ચડ્ડી તથા છોકરીઓ ફ્રોક અથવા પંજાબી પહેરે છે. જે લોકો શિક્ષિત પામેલ છે તથા આધુનિકરણની અસર છે. ત્યાં પેન્ટ-શર્ટ, સાડી-બ્લાઉઝ-ચણીયો તથા પંજાબી ડ્રેસ પહેરતા હોય તેવાઓનું પ્રમાણ ધીરે ધીરે વધતુ જોવા મળે છે.

તેમનામાં પુરૂષ-સ્ત્રી બંન્ને ઘરેણાં પહેરવાનો શોખ હોય છે. પુરૂષો ગળામાં કંઠી, હાથમાં કડુ અને આંગળીએ વીંટી પહેરે છે. સ્ત્રીઓ કાને અરિંગ, કલ્લા, ગળામાં હાર, કંઠી, દોરો કે માંદળીયુ, દર્શનિયુ, ચુની, હાથની આંગળીએ વીંટી, કેરે કંદોરો, પગમાં કડા, હાથે પ્લાસ્ટીક કે કાંચની બંગડીઓ જેવાં ચાંદી, સોનાના તથા નકલી દાગીનાઓ પહેરે છે. જેઓ શિક્ષણ પામ્યા છે કે આર્થિક રીતે સધ્ધર છે તેઓમાં સોના-ચાંદીનાં ઘરેણા વધુ પહેરતા થયા છે.

**ખોરાક-ખાનપાન :**

તેઓ પોતાના ખોરાકમાં જુવારનો રોટલો અથવા જાડ્ડુ ખાય છે. સાથે ભાત અને દાળ તેઓનો મુખ્ય ખોરાક છે. આ ઉપરાંત માંસાહારમાં બકરા, સસલાનું માસ ઉપરાંત મરઘી, ચકલી, માછલી વગેરેનો ખાવામાં ઉપયોગ કરે છે.

હળપતિઓમાં દારૂ-તાડી પીવાનું વ્યસન ઘર કરી ગયેલુ જોવા મળે છે. આ ઉપરાંત ચા કે ઉકાળો, કાવો, બીડી, તમાકુ વ્યસન તેમનામાં ખૂબજ જોવા મળે છે.

**ભાષા-બોલી :**

હળપતિ-તલાવિયાઓની બોલીમાં સ્થાનિક તેમની સાથે વસતા વિવિધ જાતિસમુદાયો (દેસાઈઓ, પટેલો, મુસલમાનો, પારસીઓ અને આદિવાસી જાતિઓ) ની મહદઅંશે દક્ષિણ ગુજરાતની તોછડી, ગાળ મિશ્રિત મીઠી બોલીના અક્ષરો જોવા મળે છે.

**શિક્ષણ :**

હળપતિઓમાં શિક્ષણના પ્રમાણમાં ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો અક્ષર જ્ઞાનનું પ્રમાણ ૪૭.૮૨ ટકા છે. હળપતિઓ ગ્રામ્યવિસ્તારની સાથે સાથે શહેરી વિસ્તારમાં પણ કામધંધાથી રહે છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને અનામતની જોગવાળ હોવા છતાં જાગૃતિના અભાવે જોઈએ તેટલો લાભ મેળવી શકયા નથી.

**ધર્મ :**

હળપતિઓ તેમની રહેણીકરણી અને રિતરીવાજ પ્રમાણે ભિન્ન અને વિલક્ષણ હિંદુઓ અને બીજુ ધાર્મિક પુજા કરતા હોય છે. તેઓ અનેક વિધ માન્યતાઓ દેવો, માતાઓ, દેવીઓની તેમના જીવનના અનેક વિધ પ્રસંગોએ માનતાઓ માનીને વિધ કરતા હોય છે. આ ઉપરાંત તેઓ આકાશી માતા, પેટફોડી માતા, ખોખલી માતા, અધિષ્ઠાત્રી દેવી, વેરાઈ માતા, દેવલી માંડીમાં, કંસારી દેવી વગેરેની હિંદુ ધર્મ પ્રમાણે પુજા-પાઠ કરે છે.

આ જાતિના લોકો દિવાળી, નવરાત્રી, હોળી, ઉતરાયણ, હાર જેવા પ્રસંગોએ અન્ય સમાજની જેમ પરંપરાગત ઉજવે છે.

**વ્યવસાય :**

હળપતિઓ નીચે જણાવ્યા પ્રમાણે જુદા જુદા પ્રકારના કામકરીને પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. તેઓ ખેતી, ખેતમજૂરી, જંગલ મજૂરી, છૂટક મજૂરી, કહેરના કારખાનામાં મજૂરી વગેરે જે મળે ને વ્યવસાય કરે છે. આજે આજે પણ હાલી તરીકે કેટલાએ કુટુંબો દક્ષિણ ગુજરાતમાં જોવા મળે છે. આ ઉપરાંત આધુનિકરણમાં હિરાઘસવા, હોટલમાં નોકરી વગેરે વ્યવસાય કરે છે.

**જાતિ પંચ :**

ગુજરાતના બીજા આદિવાસી સમુદાયોની જેમ સમાજ સુ વ્યવસ્થિત રીતે રીત રિવાજો પ્રમાણે નિયમનમાં ચાલે તે માટે હળપતિ-તલાવિયા જાતિ સમૂદાયમાં પણ તેમની એક અગત્યની સામાજિક સંસ્થા પંચ ચાલે છે. સમાજના રિતરીવાજો-શિક્ષણ, ઝગડા, લગ્ન, છુટા છેડા, પુનઃલગ્ન વગેરે ક્ષેત્રે જાતિપેચ કામ કરે છે. છતાં તેમનામાં પંચનુ બંધારણ અને કામગીરી કરવામાં શિક્ષણ શહેરીકરણ અને આર્થિક રીતે સધ્ધરતાઓએ ધણા બદલાવની પરિસ્થિતિ આણી દીસ છે. સમાજમાં ધણા રિતરિવાજોમાં સુધારા દાખલ કરી પરિવર્તન લાવ્યા છે.

**રજસ્વલા અને સીમંતની વિધિ :**

હળપતિ જાતિમાં કન્યા પહેલીંવાર રજસ્વલા થાય ત્યારે કોઈ વિધિ કરાતી નથી પરંતુ તેમનામાં અભડછેટ પળાય છે. સગર્ભા થાય એટલે માંથુ ઓળવાનું બંધ થાય છે. આ જાતિમાં પાંચમા કે સાતમાં મહિને તેના સાસરેજ ખોળો ભરવામાં આવે છે. પવિત્ર કાર્યમાં ભાગ લઈ શકાતુ નથી. પરંતુ તે ઘર બહારનાં કામ કરી શકે છે.

**સગર્ભાવસ્થા અને પ્રસુતિ :**

હળપતિઓ માને છે કે ગર્ભ રહેવો એ ભગવાનની મરજી ઉપર આધાર છે તેવુ માને છે. તેઓ છોકરાઓ ન થાય તો બહુ અફસોસ કરતા નથી. તેઓ બીજા સમાજની જેમ પુત્રજ હોવો જોઈએ એવુ માનતા નથી. તેઓ આજે સગર્ભાવસ્થામાં સારો ખોરાક આપવો તેવુ માને છે.

પ્રથમ પ્રસૂતિ પરંપરાગત રીતે સ્ત્રીના પિતાને ત્યાં કરવામાં આવે છે. પ્રસૂતિ માટે દાયણને બોલાવે છે. પ્રસૂતિ વખતે વધુ પિડા થાય તો "પેટ ફાડી માના" ની બાધા રાખવામાં આવે છે. બાળકની 'નાડ' જુવારના રાડા કે લોખંડના હથિયારથી કાપે છે. સુવાવડી સ્ત્રી બારમા દિવસે સ્નાન કરે છે.

**છઠ્ઠી :**

છઠ્ઠીના દિવસે વિધાતાની પૂજા થાય છે. આડત્રીસ દિવસ સુધી સૂતક પાળી પછી સૂતક સ્નાન કરે છે. ત્યારબાદ તે રસોઈકામ કે ઘરનાં કામ કરે છે. સુવાવડી સ્ત્રી આ દિવસો દરમ્યાન ખાટલામાજ્ઞ દાતરડુ કે છરી રાખી મૂકે છે. જો બહાર જાય તો સાથે રાખે છે. તેઓ માને છે કે દાતરડાંથી સુવાવડી સ્ત્રી અને બાળકનુ ભૂતો સામે રક્ષણ થાય છે.

**નામકરણવિધિ :**

કુટુંબના માણસોજ ખાસ કરીને નામ પસંદ કરી પાડી દેતા હોય છે. આમાં ફોઈને મહત્વ આપી નામ રખાય છે. આ જાતિમાં જે વારે બાળક જન્મે તે પરથી નામ પાડી દેવાનું વલણ જોવા મળે છે. જેમકે સોમવારે જન્મે તો

સોમલો, સોમલી, બુધવારે જન્મે તો બધિયો કે બુધલી શનિવારે જન્મે તો શનિયો કે શનલી વગેરે. આ ઉપરાંત આધુનિક રીતે નવા નવા નામો પડતા હોય છે. જેમાં ખાસ કરીને રાજેશ, અશોક, લીલાવતી, માધુરી વગેરે.

**લગ્ન :**

સામાન્ય રીતે હળપતિઓમાં છોકરાની ઉંમર ૧૮ અને છોકરીની ઉંમર ૧૫ વર્ષની થાય એટલે લગ્નલાયક ગણાય છે અને તેને માટે કન્યા શોધવાનું કામ 'વસ્તારિયા' (મધ્યસ્થી) રાખવા વસ્તાલિયા મારફતે થાય છે. આ જાતિમાં છોકરાનો મામો, બનેવી કન્યાને શોધવામાં ખૂબજ મહત્વની ભૂમિકા ભજવે છે. છોકરાના મા-બાપ પણ કનયા જોવા તેના ઘરે જાય છે. તે રીતે થોડાં દિવસ પછી છોકરો પણ જોવા જાય છે. લગ્ન સંબંધ બાંધતાં પહેલાં બંને પક્ષ એકબીજાની ખાતરી કરી લે છે. આ બધુ મધ્યસ્થી વસ્તારિયા દ્વારા બંને પક્ષો કહેડાવે છે. લગ્નનો દિવસ બંને પક્ષના મા-બાપ બધી બાબતો સંમતિથી નક્કી કરે લે તે પછી નક્કી કરવા કન્યાના ઘરે થોડાં સગાંઓ સાથે જાય છે. વિવાહ નક્કી કરવાના પ્રસંગને નાજાતાડીનો દિવસ તેઓમાં કહેવાય છે. આ દિવસે નક્કી કરેલી દહેજની અર્ધી રકમ આપી દેવાય છે.

લગ્નજાતિથી નક્કી કરવા બ્રાહ્મણ બોલાવે છે, જે મૃહત જોઈને લગ્નતિથિ નક્કી કરી આપે છે. લગ્નની પૂર્વ તૈયારીરૂપે ઘર લીપીને સાફ કરે, ધોળે પરંતુ ઘરને શણગારતા નથી. લગ્ન મંડપ બાંધવાનો હોય તો વિધિ કરે છે. લગ્નનો મંડપ કન્યાના ઘરે પાંચ દિવસ અગાઉ અને છોકરાને ઘરે ત્રણ દિવસ અગાઉ મંડપ થાંભલી રોપીને અધિષ્ઠાત્રી દેવીને સોપારી, ચોખા, ફૂલ-પૈસા અર્ધ્ય આપી બાંધે છે. આ સમયે પીઠી પણ ચોળવામાં આવે છે. તેઓના સગાસંબંધીઓને નોતરૂ અથવા કંકોત્રીથી લગ્નમાં આવવાનું આમંત્રણ આપે છે. ગામમાં કંકુ ચોખા મૂકે છે. આ જાતિમાં નક્કી કરેલ દિવસે જાન છોકરાની જાય છે. લગ્નમાં જાય ત્યારે તૂર અને વાજાં વગાડે, ગીત અને નાચ સાથે જાય છે. કન્યાની માતા-વરની સાસુ વિધિપૂર્વક પાંખીને સ્વાગત કરે છે. લગ્નવિધિ એમનો જે ગોર હોય તે કરાવે છે જેને તેઓ 'ચોરીવાળો' કહે છે. તેઓ લગ્નમાં મીઠુ ભોજન કરાવડવો છે. સાધનમાં ગયેલ જાન સાંજે કન્યાને લઈને પરત આવે છે. કરિયાવર આપીને જાનને વિદાય કરવામાં આવે છે. તેઓના ઘરે આવ્યા બાદ પરંપરાગત ગોત્રજ-ગણેશ-પાણી ભરવુ વગેરે રિવાજો કરાવે છે.

**છૂટાછેડા :**

તેઓમાં સ્ત્રી કે પુરુષ બન્નેમાંથી કોઈપણ છૂટાછેડા માગી શકે છે પણ તેમનુ આખુ પ્રકરણ પંચ સમક્ષ લઈ જવુ પડે છે. ગંભીર પ્રકારના ઝગડા કે કેસ હોય ત્યારે છૂટાછેડા લેવાય છે.

તેમનામાં છૂટાછેડા લીધેલ સ્ત્રી કે પુરુષ ફરીથી પુનઃલગ્ન કરી શકે છે. છૂટાછેડાવાળા સ્ત્રી કે પુરુષ કુવારા સાથે લગ્ન કરી શકે છે. તેઓમાં દિયરવટાની પણ પ્રથા છે. આવાં ફરીવાર થતાં લગ્નને નાતરૂ કર્યુ તેમ કહે છે.

**મૃત્યુ :**

હળપતિ જાતિમાં મૃત્યુ પ્રસંગે અથવા છેલ્લો શ્વાસ લેતો માલુમ પડે તો તરત ખાટલા કે પથારીમાંથી ચોકમાં રાખી દે છે. મરે એટલે બધા રોવા માંડે છે. મુડદાને નવડાવી, હળદર-ચોખા-પીઠી ચોળવામાં આવે છે. પુરુષને સફેદ અને સ્ત્રીને લાલ કપડુ ઓઢાડે છે. મૃતદેહને ઠાઠડી ઉપર મૂકી લઈ જવાય છે. મડદાનુ માથુ દક્ષિણ તરફ રાખીને સ્મશાનયાત્રા નીકળે છે. અડધે રસ્તે વિસામો આવે છે, ત્યાં પાણી ભરેલો ઘડો ફોડાય છે. વિસામા સુધીજ

સ્ત્રીઓ આવે છે. આ જાતિમાં બાળવા અને દાટવાની બન્ને પ્રક્રિયા છે. દિકરો કે ભાઈ મૃતદેહને અગ્નિદાહ આપે છે. સૂતક પાળે છે અને પાંચમા કે સાતમે દિવસે માથુ મુંડાવે છે. મૃત્યુ પછી 'ખતરી' ની પૂજા કરે છે. પૂર્વજોની પરંપરા મુજબ મરણ પછી બળિયાકાકા, શીતળાદેવી, કંસારી દેવી, ખોખલી દેવી, ભરમદેવ, ભૂત-પલિત ડાકણ વગેરેને મૃતાત્માને માટે પૂજાવિધિ કરે છે. હિન્દુ વિધિ પ્રમાણે અગિયારમા અને બારમાની વિધી પણ તેઓ કરે છે.

**મુખ્ય વિશેષતા :**

હળપતિ જાતિમાં તૂર અને થાળી એ મુખ્ય વાજીંત્રો છે. ઢોલકી પણ સાથે રાખે છે. હળપતિઓના વિવિધ નૃત્યો 'ચાળો' શબ્દથી ઓળખાય છે. મરઘી ચાળો, ઘો ચાળો, પાટલઘો ચાળો, ખિસકોલી ચાળો, શેરડી ચાળો, માંડવા ચાળો, પટેલિયા ચાળો, બેલડી નૃત્ય, સમૂહનૃત્ય, ઘેરિયા નૃત્યો, હોળી નૃત્ય વગેરે વિશેષતા છે.

# ધોડિયા

ધોડિયા જાતિના નામ વિશે ચોક્કસ કહેવુ મુશ્કેલ છે. આમ છતાં કેટલાક તર્કો ઘોડિયા જાતિ વિશે કરવામાં આવે છે. એક એવો મત છે કે ભીલી બોલીમાં છાપરાને “ધુન્ડા” કહે છે અને તેમાં રહેનાર ‘ધુન્ડિયા’ અથવા ‘ધોડિયા’ કહેવાયા. બીજો એવો પણ મત છે કે ‘ધૂર’ એટલે ‘ધૂસરી’ આ જાતિનો મુખ્ય ધંધો ખેતીનો છે એટલે તેમને ધૂસરીનો ઉપયોગ કરવો પડે છે, તે ઉપરથી “ધૂર-ઘૂરિયા - ધોડિયા” કહેવાયા. ધોડિયા જાતિનુ મૂળ યાદવોમાં પણ છે તેવુ કેટલાક માને છે.

ધોડિયા જાતિ વિષે બીજો એક એવો મત છે કે મુસલમાનોના આક્રમણથી બચવા રજપૂતો જંગલો કે પહાડોમાં નાસી ગયા હતા. તેમના બે વડવાઓ ધનસિંહ અને રૂપસિંહ નામના રાજાએ નાયક જાતિની ‘જમની’ નામની સ્ત્રી સાથે લગ્ન કર્યા તેમાંથી આ પ્રજા ઉત્પન્ન થઈ તે ધોડિયા નામ ઓળખાઈ. ધના-રૂપા માલેગાંવ ધુળિયાના હતા, એટલે ત્યાંની પ્રજા તેનાજ વડવાઓના મૂળ વતન ધૂળિયા પરથી કાળક્રમે ધોડિયા કહેવાયા.

**વસતિ :**

ગુજરાતમાં આદિવાસીઓની વસતિ મુખ્યત્વે અગીયાર જિલ્લાઓમાં આવેલી છે. રાજયમાં મુખ્યત્વે તેમની વસતિ દક્ષિણ ગુજરાતમાં અને પંચમહાલ જિલ્લામાં આવેલી છે. ધોડિયા જાતિની વસતિ માત્ર ગુંજરાત રાજયમાં જ નહીં પણ ભારતના બીજા રાજ્યોમાં પથરાયેલી છે.

ગુજરાતમાં ધોડિયાઓની ૨૦૦૧ પ્રમાણે વસ્તી ૫,૮૯,૧૦૮ છે. તેમાં પુરુષોનું પ્રમાણ ૨,૯૬,૧૧૫ છે અને સ્ત્રીઓનું પ્રમાણ ૨,૯૨,૯૯૩ છે. જે કુલ આદિવાસી વસ્તીમાં ૭.૮૭ ટકા છે.

**રહેઠાણ-ઘર-ઘરવખરી :**

ધોડિયાઓના ઘર કાચા અને એક ગાળાના હોય છે. તેઓના ઘર સાગ કે ખેરના લાકડામાંથી બનાવેલ હોય છે. દિવાલમાં વપરાતી સાઠી વાંસ કે સાગની હોય છે. ભીંત ઉપર છાણ-માટી, ઈંટ કે ઈંટ સિમેન્ટની હોય છે. ઘર ઉપર છાજ દેશીનળિયાં, વિલાયતી નળિયાં, ઘાસ, પતરા, ધાબુ વગેરે જોવા મળે છે. ઘરો છૂટાંછવાયાં કે ઝૂમખામાં, કયાંક હરોળમાં નજીક નજીક વસેલાં જોવા મળે છે. પશુ બાંધવાની છાપરી ઘરની બાજુમાં જ અડોઅડ હોય છે.

ખેતીવાડીનાં ઓજારો ઘરના એક ખૂણામાં રાખી મૂકે છે. એક ખૂણામાં અનાજની કોઠીઓ મૂકે છે. એક ખૂણે ચૂલો રાખે છે. ચૂલાવાળા ખૂણે કથરોટ, કલેડું, હાંડલી, ચાટવો, તાવડી, થાળી, વાટકા અને બાજુમાં ઘંટી રાખે છે. મરઘાં ઉચે રાખવા માટે વાંસની ટોપલીઓ ટીંગાડેલ હોય છે. કપડાં મૂકવા પેટી, ચીમની, ફાનસ, બેટરી, ટોપલા-ટોપલીઓ, વાજીંત્ર, ખાટલા જેવાં સાધનો જોવા મળે છે. આધુનિકરણની અસર ધોડિયાઓમાં વિશેષ જોવા મળે છે. જેની અસર પરંપરાગત ઘરવખરીનાં સાધનો ઉપરાંત એલ્યુમિનિયમ, સ્ટીલ, પિત્તળ, કાચ, માટી, તાંબાનાં, પ્લાસ્ટીક તથા લાકડાનં વાસણો જોવા મળે છે. આ ઉપરાંત સાયકલ, મોટરસાયકલ, રેડિયો, ટી.વી., પંખા, ઈસ્ત્રી, ઘડિયાળ, ટેબલ-ખુરશી, પાટલા, કેટલાકની પાસે કાર-જીપ વગેરે જોવા મળે છે.

**પહેરવેશ અને ઘરેણાં :**

તેઓ પરંપરાગત પહેરવેશ પહેરે છે.બ ાળકો ચડ્ડી અને બુશર્ટ પહેરે, જયારે બાલિકાઓ ફ્રોક-ચડ્ડી કે

પંજાબી પહેરે છે. હાલમાં બાળકો માટે બધી જાતના ડ્રેસ પહેરાવતા થયા છે. પુરુષો ધોતી, બંડી, ખમીસ, માથે ટોપી કે ફાળિયુ બાંધે છે. આજે યુવાનો પાયજામો-પેન્ટ, શર્ટ-ખમીશ પહેરે છે. સ્ત્રીઓ હાથશાળનાં કાળાં સાડલા-સાડી, તેઓ આખો કે અડધો કચ્છ મારે છે. હવે આજે સાડી-ચણિયો બ્લાઉઝ તથા પંજાબી ડ્રેસ વધુ પહેરતા થયા છે. ટૂંકમાં બાળકથી માંડીને અબાલ વૃધ્ધ સુધી પોશાકની બાબતમાં પરિવર્તન સવિશેષ જોવા મળે છે.

વૃધ્ધ પુરુષો કાનમાં ચાંદી કે સોનાની કડી પહેરે છે, જયારે યુવાન શિક્ષિત છે તે સોનાનો હાર, વીંટી વગેરે પહેરે છે. સ્ત્રીઓ ઘરેણાં સવિશેષ પહેરે છે. કાનમાં કુંડળ, નાકમાં ચુની, ગળામાં ચાંદી કે સોનાની ચેઈન(સાંકળ) હાથે ચૂડીઓ કે કડુ, પગમાં ચાંદીના કલ્લા કે સાંકળાં, ચાંદીની પાતળી ઝાંઝર, શિક્ષિત સ્ત્રીઓ હાથમાં ઘડિયાળ, રબ્બર પ્લાસ્ટીકની બંગડીઓ, સોના-ચાંદીની વીંટીઓ પહેરે છે. પરંપરાગત કરતાં ધોડિયાઓમાં આજે આમુલ પરિવર્તનની સાથે દાગીના પહેરે છે.

**બોલી :**

ધોડિયાઓની આગવી બોલી છે. જેને લીપીબધ્ધ કરેલી નથી. તેમની બોલી ધોડિયા બોલી તરીકે ઓળખી શકાય કે ધોડિયા લોકો તેમનો અંદરો અંદરનો વ્યવહાર તેમની ધોડિયા બોલીથી કરે છે. આ લોકો વધુ શિક્ષિત થયા તેના લીધે તેમનામાં ગુજરાતીના શબ્દોનો વપરાશ આજે ઘણો વધવા પામ્યો છે. હવે ગુજરાતીમાં વધુમાં વધુ ઘરસંસરના બધાજ વ્યવહારો કરે છે.

**ખોરાક-પીણાં :**

ખોરાકમાં જુવાર, ડાંગર, કોદરાનો રોટલો અને ભડકુ બનાવીને ખાય છે. ચણા-અડદ, મગ, વાલ વગેરેનો દાળ-શાકમાં ઉપયોગ કરે છે. ચોખાનો ભાત અને રોટલા બંનેમાં ઉપયોગ કરે છે. ઊંડાણના વિસ્તારમાં રહેતા હોય તેઓ કંદમૂળ અને જંગલની ભાજીઓ અડદની દાળ સાથે બાફીને ખાય છે. શાકાહારી ખોરાક ઉપરાંત મરઘાં, બકરા, સસલા, તેતર, માછલી વગેરે ખાય છે. ઉત્સવ તહેવારમાં પૂરી, દૂધપાક, ભજીયાં, પાતરા, શીખંડ, રસ વગેરે ખાતા હોય છે. દારૂ, બીડી, તમાકુ વગેરે વ્યસનો કરે છે. પરંતુ આ સમાજમાં આર્યસમાજ, મોક્ષમાર્ગ, સનાતન ધર્મ, આશારામ બાપુ, સ્વાધ્યાય પરિવારની અસરના કારણે વ્યસનોનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે.

**શિક્ષણ :**

ધોડિયાઓમાં શિક્ષણનું ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો અક્ષરજ્ઞાનનું કુલ પ્રમાણ ૭૫.૯૫ ટકા છે. ધોડિયાઓ આજકાલ ગ્રામીણની સાથે સાથે શહેરમાં વસતા થયા છે.

**ધર્મ :**

ધોડિયાઓ પરંપરાગત દેવ-દેવીઓની પૂજાવિધિ અને પરંપરાગત સામાજિક રીત-રિવાજો ઉજવે છે. તેઓ આર્યસમાજ, મોક્ષમાર્ગી, સનાતન પંથી, સ્વાધ્યાય પરિવાર, આશારામ બાપુ તથા કબીરપંથની મોટી અસર જોવા મળે છે. આ ઉપરાંત અનેક દેવ-દેવીઓની પૂજા કરે છે તેમાં વાઘદેવ, ભવાની, સીમળાદેવ, બ્રહ્મદેવ, માવલી, માલવાડવાળી દેવી, કન્સરી દેવી, દેવલીમાડી, ગામદેવી, ભૂત-પ્રેત વગેરેમાં માને છે. કેટલેક ઠેકાણે ખતરૂ મૂકીને આજે પૂજા કરતા પણ જણાયા છે.

આ ઉપરાંત ધોડિયાઓ હિન્દુઓની જેમજ હોળી, દિવાળી, દિવાસો, નવરાત્રી, હાટ, મેળા વગેરે ઉજવવામાં રસ લે છે.

**વ્યવસાય :**

ધોડિયાઓ પરંપરાગત ખેતી અને ખેતમજૂરીનો વ્યવસાય કરે છે. તેની સાથે સાથે આજે શહેરમાં કેગામડામાં છૂટક મજૂરી, નોકરી વેપાર, હિરાઘસવા, જંગલ મજૂરી, ગૌણ વનપેદાશ એકઠી કરવી, માછલી પકડવી વગેરે વ્યવસાય કરે છે. નોકરીમાં વર્ગ-૧, ૨ તથા વર્ગ-૩ કલાર્ક, પટાવાળા, તલાટી, પોલીસ, શિક્ષક-શિક્ષિકાનીસાથે સાથે ઔદ્યોગિક કંપનીઓ છે તેમા છૂટક મજૂરી કરી જીવન ગુજારતા જોવા મળે છે.

**ખેતીનાં સાધનો :**

ધોડિયાઓ મોટાભાગે જે ખેતી કરે છે તેમાં હળ લાકડાં કરબ, સમાર, વાવણિયો, નાનાં ઓજારો, ગાડુ, કૂવો, મશીન, ઈલેકટ્રીક મોટર, બોર વગેરે રાખે છે. આ ઉપરાંત ખેતી માટે બળદ, પાડા અને પશુપાલન વ્યવસાય માટે ગાય, ભેંસ, બકરી વગેરે રાખીને જીવન ગુજારે છે.

**જાતિપંચ :**

ગુજરાતના અન્ય આદિવાસી સમુદાયોની જેમ ધોડિયા જાતિમાં પણ સમાજના રીતરિવાજો પ્રમાણે સમાજ સુવ્યવસ્થિત ચાલે માટે જાતિ મંડળ ચાલે છે. મૃત્યુ પામેલાઓનું વર્ષ દરમ્યાન બારમુ યા શ્રાધ્ધ કરવાનું, જાતિ નીયમોની ચર્ચા, અંદરો અંદરના ઝગડા કે પ્રશ્નોનો નિકાલ કરવો, ગુનાઓને તપાસીને ન્યાય કે દંડ આપવો, લગ્ન બાબતના નિયમો, ફારગતી બાબતના કેસો, મરણની ક્રિયા, છાંટબાર અને સામાન્ય સમાજના નિયમો કેવા હોય તે બધુ જ કામ પંચ અને આગેવાનો સાથે મળીને કરે છે.

આમ ધોડિયા સમાજમાં તેઓનું આગવુ "શ્રી સમસ્ત ધોડિયા સમાજ" ના નામે બંધારણ સહિત ચાલે છે. આ ઉપરાંત કેટલાક કોર્ટકચેરી કે બીજી રીતે સમસ્યાઓનું નિરાકરણ કરતા જોવા મળે છે.

**સામાજિક રીતરિવાજો :**

ગુજરાતનો સમગ્ર ધોડિયા સમાજ હિન્દુ સંસ્કૃતિને વરેલો હોવાંથી હિન્દુ ધર્મ પાળે છે. એટલા માટે જ ધોડિયા સમાજની સમગ્ર સંસ્કૃતિ હિન્દુ રીત-રિવાજો પ્રમાણે ગોઠવાયેલી છે.

**રજસ્વલા સ્ત્રી :**

રજસ્વલા સ્ત્રીને ધોડિયા જાતિમાં "અુંગળું" કે 'અડકાપેલી' કહે છે. અડકાપેલી હોય ત્યારે ચાર દિવસ સુધી ઘરનુ કામ રાંધવુ, પાણી ભરવુ, ઝાડુ વાળવુ તેમજ ઘરની અંદરના કામો કરી શકતીનથી. આ સમય દરમયાન ધાર્મિક વિધિ પણ કરી શકતી નથી. ચાર દિવસ બાદ નાહ્યા પછી તે ઘરનાં દરેક કામ કરી શકે છે.

**ગર્ભધારણ :**

ધોડિયાઓ બે-ત્રણ માસ સુધી રજસ્ત્રાવ બંધ થઈ જાય ત્યારે સ્ત્રીને ખબર પડે છે કે ગર્ભ રહ્યો છે. કેટલીક સ્ત્રીને ઉલટી થાય, ચક્કર આવે છે. તેના પરથી પુરુષને ખબર પડી જાય છે. કેટલીક શિક્ષિત સ્ત્રીઓ પુરુષોને ખબર આપી દે છે. ગર્ભવતી સ્ત્રીને ધોડિયા જાતિમાં 'ભાટીપગે' કે 'બોકાવાળી' કહે છે. કેટલાક બાહ્ય સંસ્કારી

કુટુંબોના સંપર્કમાં છે તેઓ દેખાદેખી સીમંત વિધિ કરે છે. ધોડિયાઓ તેની સંભાળ અને ખાનપાનમાં પણ કાળજી રાખે છે. છોકરી કરતાં છોકરાના જન્મે સારો પ્રસંગ માને છે, કારણ કે છોકરી લગ્ન કરી ભજે જવાની હોય છે.

**પ્રસૂતિ :**

ધોડિયા સમાજમાં પ્રથમ સુવાવડ પતિના ઘરેજ કરાવે છે. તે પણ પોતાની જાતિની જ 'દાયણ' બાઈને બોલાવે છે. દાયણ તાલીમવાળી જાણકાર હોય છે. સુવાવડી બાઈનો ખાટલો એક ખંડમાં ખૂણામાં રખાય છે. આજે શિક્ષિત કુટુંબો કેટલાક પહેલેથી દવાખાને પ્રસૂતિ કરાવતા જાણવા મળે છે. પ્રસૂતિબાદ બાળકનો જન્મ થયા પછી કોઈ જાતની ધાર્મિક સંસ્કારવિધિ કરાવતા નથી. પ્રસૂતિ પછી બે દિવસ સુધી દાયણ આવે છે. છોકરાનો જન્મ થયો હોય તો ૫ રૂા. અને ૫ શેર ચોખા આપે છે અને બે દિવસ સુધી જમવાનું આપે છે. છોકરી જન્મે તો દાયણને ૩ રૂા. આપવામાં આવે છે.

**પાચુરાવિધિ :**

પાંચ દિવસ પછી દાયણ આવી બાળક અને પ્રસૂતાને સ્નાન કરાવે, બાળક જે જગ્યાએ જન્મ્યુ હોય ત્યાં કંકુનો સાથિયો પૂરી દીવો કરે છે. હાથ-પગ, કમર અને ગળામાં કાળી દોરી બાંધે છે. આ દિવસે કુટુંબની અને ફળિયાની બધીજ સ્ત્રીઓને ભોજન કરાવે છે. જેથી બાળકને ડાકણ ગણાતી સ્ત્રી કંઈ નહી. પુરુષો આ દિવસે ઘરે ખાતા નથી. પ્રસૂતા સવા મહિને રસોડે પ્રવેશે ત્યારે આખુ ઘર લીંપાય છે. કૂવે પાણી ભરવા જાય ત્યારે તિલક કરી કામ કરે છે. કેટલાક પરંપરાગત ફોઈને બોલાવીને પાડે છે, પરંતુ આધુનિક સમયમાં આજે બ્રાહ્મણ પાસે કરાવતા થયા છે.

**લગ્ન :**

બાળકની ઉંમર લગભગ ૧૭ વર્ષની થાય ત્યારે છોકરાનાં મા-બાપ તેના લગ્નની તૈયારીઓ, લગ્ન માટે કન્યાની ભાળમાં ફરે છે. પરંતુ હાલમાં મેળા, હાટ અથવા શિક્ષિતો વગેરે શાળા, કોલેજ કે નોકરી વગેરે સ્થળોએ સંપર્કમાં આવતાં એકબીજાની પસંદગી કરતા જોવા મળે છે. લગ્ન મોટેભાગે સ્વપસંદગીનાં થતાં જોવા મળે છે. જયાં ઘરમાં છોકરો ન હોય અને માત્ર છોકરીઓ જ હોય તો કોઈ ઘરજમાઈ તરીકે લાવીને રાખે છે. જમનનું પ્રમાણ વધુ હોય ત્યારે પણ છોકરો હોવા છતાં કેટલીકવાર ઘર જમાઈને લાવીને રાખે છે.

લગ્ન પસંદગીમાં છોરી માટેની પસંદગીમાં દેખાવ, કામની આવડત અને સ્વભાવ અને શિક્ષણ કેટલુ છે વગેરે જયારે છોકરા માટેની પસંદગીમાં ઘર, જમીન, નોકરી, આર્થિક સ્થિતિ વગેરે જુએ છે.

**સગાઈ :**

ધોડિયા સમાજમાં લગ્ન માટે સગાઈ નક્કી કરવામાં "વહટાળિયો" અગત્યનો ભાગ ભજવે છે. આ વહટાળિયો ઘરની અને બાહ્ય સંબંધો તેમજ વ્યવહારિક વાતચીત કરી લે છે. પ્રથમ છોકરીવાળા ઘર જોવા છોકરાને ત્યાં જાય છે પછી છોકરો છોકરીને જોવા જાય છે. એકબીજાને હા હોય તો વાત આગળ ચલાવે છે. ચા-પાણી કરે છે. ચાંલ્લો ક્યારે કરવો; દહેજ લેવાનુ અને લગ્ન હોળી પછીજ કરવાનું નક્કી કરે છે.

**પીઠી :**

વરપક્ષવાળા વરને પીઠી ચઢાવ્યાબાદ કંકુને તેલમાં પલાળી એક કોરા કાગળ ઉપર લાઈનમાં ચાર ચાંલ્લા કરે છે. જે ખાંડણિયાવાળી જગ્યાએ ભીંતે ચોટાડે છે. તેને "લગ્ન કાઢ્યા" કહે છે, ત્યારબાદ બીજા કાગળ ઉપર કંકુના બે-ચાર ચાંલ્લા કરી તે કન્યાપક્ષને પહોંચાડે છે. ત્યાં સ્ત્રીઓ વરપક્ષવાળા પાસેથી આ પીઠી ચોરાવવાના સવા રૂા. લે છે. કાગળ ઉપર જેટલા ચાંલ્લા તેટલા દિવસ અગાઉ પીઠી ચોળવાની હોય છે. વરપક્ષના માણસોની હાજરીમાં કન્યાને નવડાવી ધોયેલા કપડાં પહેરાવી પીઠી લાગવે છે.

**મંડપ રોપવો :**

પીઠી ચઢાવ્યાબાદ જાનના આગળના દિવસે મંડપ રોપવામાં આવે છે. સગાસંબંધીઓ અને ગામના લોકો આવે છે. પ્રથમ વરના મોભની પૂજા રખાય છે. સાંબેલા પર સિંદુર ચોખા-કંકુ, તેલ, તાંબાનો પૈસો ચોંટાડવામાં આવે છે. પૂર્વમાં મૂર્હતની થાંભલી ખાડો ખોદી મૂકે છે. સ્ત્રીઓ થાંભલાની પૂજા કરે છે.

**મોસાળું :**

મોસાળુ છોકરા-છોકરીના મામા-ફોઈ લાવે છે. નક્કી કર્યા પછી કપડાં-ચંપલ લાવે છે. આર્થિક સધ્ધરતાવાળા લગ્નનો ખર્ચો પણ આપે છે. મોસાળની સ્ત્રીઓ લાવેલી વસ્તુઓ વર કન્યાને આપી ઘરમાં પ્રવેશે છે.

**જાન :**

પરંપરાગત રીતે લગ્ન કરવાનાં હોય તો જાન છોકરીની છોકરાને ઘરે જાય છે, પરંતુ હાલમાં છોકરાનીજાત જાય છે. હિન્દુ વિધી પ્રમાણે બ્રાહ્મણ પાસે વિધિઓ કરાવે છે.

**આણું :**

લગ્ન બાદ છોકરીને ચાર-પાંચ દિવસે તેનો નાનોભાઈ આઠથી દસ બાળકો લઈ આવે છે. ચા-પાણી અને જમણવાર કરે છે. પાંચમા દિવસે કન્યા પોતાના ઘરે જાય છે. ત્યારબાદ દસ-બાર દિવસ પછી વરપક્ષવાળા કન્યાને આઠથી દસ જણ લેવા જાય છે.

**પુનઃલગ્ન :**

વિધવા-વિધુર અને જે સ્ત્રી-પુરુષોએ છૂટાછેડા લીધા હોય તેમના પુનઃલગ્ન થાય છે. વિધવા સ્ત્રી કુવારા પુરુષ સાથે લગ્ન ન કરી શકે પરંતુ વિધુર નાનો હોય તો કુવારી છોકરી સાથે લગ્ન વિધિથી જોડાઈ શકે છે. પુનઃલગ્નમાં લગ્નની વિધિ થતી નથી.

**દિયરવટુ અને સાળીવટું :**

આ પ્રથા ધોડિયાઓમાં જોવા મળે છે. પતિ મૃત્યુ પામતા સ્ત્રી પતિના નાનાભાઈ સાથે દિયરવટુ કરી શકે છે અને સાળી વટુમાં પત્નીની નાની બહેન સાથે સાળીવટુ થઈ શકે છે.

**છૂટાછેડા :**

ધોડિયા સમાજમાં છૂટાછેડાના પ્રશ્નો ખૂબ ઓછા બને છે. સ્ત્રી પુરુષોનો મનમેળ ન હોય અથવા સ્ત્રીનો પર

પુરુષ સાથેનો આંતરિક સંબંધ હોય તેવી જાણ થતાં છૂટાછેડા અપાય છે. જે નક્કી થાય તે દંડ ભરવો પડે છે. આજે કોર્ટ દ્વારા પણ છૂટાછેડા લેતા જોવા મળે છે.

**મૃત્યુવિધિ :**

વ્યક્તિ મરણ પથારીએ હોય અથવા મૃતયુ પામી હોય તો તેને ખાટલા પરથી નીચે ઉતારતાં પહેલાં તેટલી જમીનમાં ગાયના છાણથી લીપીં નાંખવામાં આવે છે. ગામના નજીકના માણસો નનામી તૈયાર કરે છે. તે ઘરની ઓસરીમાં વાંસમાંથી બનાવવામાં આવે છે. નનામી ઉપર ડાભ ઘાસ બાંધવામાં આવે છે. મૃતદેહને સ્નાન કરાવી નવાં કપડાં પહેરાવે છે. ઘરના આગળના ઓરડે મૂકી ઉત્તર દિશા તરફ મૃતનું માથુ રાખી નવુ કપ્ડુ મુકી નનામીએ બાંધવામાં આવે છે. નનામીએ એક છેડે નાળિયેર બાંધવામાં આવે છે. જેના ઉપર કંકુ-ચોખા, હળદર નાંખી ઘરની ચાર વ્યક્તિઓ નનામી ઉપાડે છે. નનામી આગળ પુત્ર કે ભાઈ હાંલ્લી લઈ આગળ ચાલે છે. સ્ત્રીઓ રડે છે અને તેઓ ગામના પાદરેથી પરત આવે છે.

મૃતદેહને લઈ સ્મશાને પહોંચ્યા પછી નીચે મૂકે છે. લાકડા ગોઠવીને ઉપર મૃતદેહને મૂકે છે. મરનારના બે કુટુંબી અને ગામના બે જાંબુડાના પાનથી પાણીનો છંટકાવ કરી આંટા પાંચ મારે છે. મૃતદેહના મોઢામાં ચાર આના અને હાથમાં સવા રૂપિયો મૂકી પછી ચિત્તા સળગાવે છે. મૃતદેહ સળગી રહ્યાબાદ નદીએ સ્નાન કરી ઘરે જાય છે.

બારમાના દિવસે સગાસંબંધીને બોલાવવામાં આવે છે. આ દિવસે પાંચ છોકરા છોકરીને ઉપવાસ કરાવે છે. બાકીની વિધિ બ્રાહ્મણ પાસે કરાવે છે. જમણવાર પણ કેટલાક કરાવે છે. કેટલાક ઠેકાણે આજે પણ ખતરા મૂકવામાં આવે છે અને તેની પૂજા પણ તેઓ વારતહેવારે કરે છે.

**સમૂહ શ્રાધ્ધ :**

શ્રાધ્ધ ચારથી પાંચ વર્ષે કરે છે. મહા માસમાં જ પરજણ થાય છે. આ શ્રાધ્ધમાં ચાર-પાંચ વર્ષમાં જેટલા કુટુંબીઓના મૃત્યુ થયા હોય તે સર્વેની તર્પણવિધિ કરવામાં આવે છે. આ વિધિ બ્રાહ્મણ પાસે કરાવે છે. શ્રાધ્ધની વિધિ કરે ત્યારે ત્યાં સુધી સ્ત્રીઓ યાદ કરીને રડે છે.

**મુખ્ય વિશેષતા :**

પૂર્વજોની યાદગીરીમાં પાળિયા (ખતરા) મૂકવાનો ખાસ રિવાજ છે. તેમનાં આઠ થી દસ પ્રકારમાં વહેંચાયેલાં શૂરાતન ભર્યા તેમના નૃત્ય પ્રકાર જાણીતુ છે. આદિવાસીઓના અન્ય સમાજ કરતાં શિક્ષણ વધુ મેળવતા થયા છે અને આદિવાસી યોજનાનો લાભ સૌથી વિશેષ લીધો હોવાનું જાણવા મળે છે.

# ચૌધરીઓ

આ પ્રજા ગુજરાતનીજ વતની છે કે કોઈ બીજા પ્રદેશમાંથી સ્થળાંતર કરીને અહીં વસી છે તે જાણવા માટે આપણી પાસે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આ પ્રજાના સુરત જિલ્લાઓના સ્થળાંતર વિષે જે કિંવદંતી ચાલે છે તે નીચે મુજબ છે.

રેવરંડ જહોન વિલસન (૧૮૬૬)ના જણાવ્યા મુજબ "ચૌધરીઓ તાપી નદીના અસ્તિત્વકાળથી હયાતી ધરાવે છે" આનો અર્થ એ કે ચૌધરીઓ ઘણી પુરાણી જાતિ તરીકે હયાતી ધરાવે છે પણ તેમની ઉત્પત્તિ કે સ્થળાંતર વિષે બીજા કશી વિગતો તેમાં જોવા મળતી નથી.

મુંબઈ ગેઝેટિયર્સ ૧૯૦૧ : ૩૧૨) દર્શાવે છે કે તેઓ મૂળ પાવાગઢના રાજપૂતો છે. મહમદ બેગડાએ ૧૮૮૪માં પતાઈ રાવળને હરાવ્યો ત્યારે પોતાનો ધર્મ બચાવવા જે રજપૂતો નાસી જઈ દક્ષિણ ગુજરાતમાં ગયા તેઓ કોઈ કારણસર ચૌધરી જાતિ સ્વરૂપે વિકસ્યા હશે. મુંબઈ ગેઝેટીયરના ઉલ્લેખને આધારે ચૌધરી જાતિનો ઉદ્‌ભવ ૧૪૮૫ પછી થયો હોવો જોઈએ. જો કે આ જાતિનો ઉદ્‌ભવ અને વિકાસનો ઈતિહાસ ૪૦૦ થી ૫૦૦ વર્ષનો હશે એ આ જાતિનો વસવાટ, વસ્તી, વિસ્તાર અને સંસ્કૃતિક રીતે જોઈએ તો તેમના વિકાસના ગાળો માત્ર આટલા સમયના હશે એ શક્યતા નથી. ચૌધરીઓની ત્રણ મુખ્ય પેટાજાતિ છે (૧) પાવાગઢિયા (૨) ટાકરિયા (૩) વલસાઈ અને દેખાવે પ્રમાણમાં ઉજળા અને શરીરે મજબૂત હોય છે. સ્ત્રીઓ બીજી જાતિની સ્ત્રીઓ કરતાં વધારે દેખાવડી હોય છે.

**વસતિ :** (ચૌધરી-ચોધરા)

(2,89,178)

ગુજરાતમાં ૨૦૦૧ પ્રમાણે ચૌધરીઓની વસતિ ~~૨,૫૯,૭૩૫ છે~~, જેમાં સ્ત્રીઓનં પ્રમાણ ~~૧,૨૯,૬૦૦~~ અને પુરુષોનું પ્રમાણ ~~૧,૩૦,૧૩૫~~ છે. જે કુલ આદિવાસી વસતિમાં છે. તેઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૬૨.૧૩ છે. કુલ વસ્તીમાં તેઓનું પ્રમાણ ૩.૮૬ ટકા છે.

**રહેઠાણ ઘર અને ઘરવખરી :**

ચૌધરીઓના ઘર સામાન્ય રીતે કાચા અને એક માળના પહેલાં ઘાસનાં છાપરાંવાળા અને વાંસની લીંપેલી છાણ માટીની દિવાલોવાળા હતા. પરિવર્તન આવતાં આજે કંઈક અંશે વ્યવસ્થિત, સ્વચ્છ સાગ-સાદડના લાકડાંવાળા દેશી કે વિલાયતી નળિયાંવાળાં, વાંસ કે જુવારની કે ઈંટોની દિવાલોવાળા વધુ બારી કે બારણાંવાળા હવા ઉજાસ ધરાવતા અને કવચિત વધુ આર્થિક સ્થિતિ સારી હોય તો રાચરચીલાથી સજ્જ પાકાં મકાનો પણ છે. ઘરો મહદ્‌અંશે ઝૂંપડાં ટાઈપ, કાચા સવિશેષ જોવા મળે છે. ઘરો છૂટાંછવાયાં, ઝૂમખામાં ક્યાંક હરોળમાં સાથે સાથે વસેલાં જોવા મળે છે. ઘરની ઉપર દેશીનળિયાં, વિલાયતી નળિયાં, પતરાં કે ધાબાવાળાં છાજ ધરાવે છે, જ્યારે ઘાસ-પાંદડાનું છાજ ધરાવનાર પરિવર્તનની સાથે સાથે ઘટાડો થયો છે.

આધુનિક સમયમાં આ સમાજમાં જાજરૂ, વિજળી, નવાણિયું, પીવાના પાણીનો નળ વગેરે વસાવેલ છે. ઘરવખરીમાં પરંપરાગતનાં વાસણોની સાથે સાથે પિત્તળ, સ્ટીલ, માટી, કાચ અને પ્લાસ્ટીકનાં વાસણો જરૂરીયાત મુજબ રાખે છે. ઘરવપરાશના ઉપયોગી ખાટલા, ટેબલ, પલંગ, ખુરશી, સાયકલ, મોટરસાયકલ, ચાર પૈડાંવાળી

જીણ, રેડિયો-ટેપ, ટી.વી., માછલી પકડવાની જાળ, વાજીંત્રો, ફાનસ-ચીમની, ટોપલા-ટોપલી, ઘંટી, પેટી, બેટરી, કબાટ વગેરે આજના સમય પ્રમાણે બધુ રાખે છે.

આ ઉપરાંત ખેતીનાં સાધનોમાં હળ, કરબ, સમાર, ગાડુ, વાવણિઓ, નાનાં ઓજારો, કોદાળી, દાતરડુ, ખુરપી, કોસ, પાવડા વગેરે સાધનો જોવા જાણવા મળે છે. ગાડુ, ટ્રેકટર, ઈ.મોટર વગેરે વાપરે છે.

**પહેરવેશ :**

ચૌધરી જાતિમાં પરંપરાગત રીતે પુરુષો ખમીસ કે અડધી બાંયનો ઝભ્ભો, કછોટો મારેલુ ધોતિયુ, માથે ફાળિયુ કે ટોપી મૂકે છે. શિક્ષિત યુવાનો બુશર્ટ-પેન્ટ, લૂંગી, જીન્સ જેવાં સારાં કપડાં પહેરે છે. સ્ત્રીઓ અંદરના ભાગમાં કટકો કરછો મારીને પહેરે છે. લાલ સફેદ ચોકડા કિનારવાળુ, કોઈક વાદળી રંગવાળુ લૂગડુ પહેરે છે. આજે આધુનિક રીતે રંગ-બેરંગની સાડીઓ પહેરતા થયા છે. નાની બાળકીઓ બુશર્ટ-સ્કર્ટ કે પંજાબી ડ્રેસ પહેરે છે. યુવાન શિક્ષિત મહિલાઓ મોટાભાગે પંજાબી ડ્રેસ પહેરે છે.

પુરુષો-સ્ત્રી બન્ને ઘરેણાં પહેરવાનાં શોખીન છે. પુરુષો પરંપરાગત ઘરેણામાં કાનમાં ચાંદીની 'કીંકરી' હાથમાં કડુ અને કમરે કંદોરો પહેરે છે. સ્ત્રીઓ લગ્નના પ્રતીક તરીકે ગળામાં કાળા મણકાની ગાંઠી પહેરે છે. એ સિવાય કીડિયાની માળાઓ, ચાંદીની સેર, રૂપિયાના હાર, હાંસડી, કાનમાં બુટ્ટીઓ તથા પગમાં ચાંદીના છડા પહેરે છે. આ ઉપરાંત પ્લાસ્ટીક કે સોનાની બંગડીઓ, મંગળસુત્ર ચાંદી કે સોનાનું પહેરે છે.

**બોલી :**

ચૌધરીઓની આગવી બોલી છે. જેની લિપીબધ્ધ કરેલ ન હોય કોઈ લેખિત સાહિત્ય સ્વરૂપે નથી. સમાજના વ્યવહારમાં ગુજરાતી તથા ચૌધરી બોલીનો મોટાભાગે ઉપયોગ કરે છે.

**ખોરાક અને પીણાં :**

ચૌધરીઓ પોતાના ખોરાકમાં પરાપૂર્વથી માંસાહારી છે. તેઓ તેમના પોતાના ખોરાકમાં મરઘાં, માછલાં, બકરાં, સસલાં વગેરેને ખાય છે. આની સાથે જુવાર કે ચોખાના રોટલા, ભાત, તુવેર-વાલનું કઠોળ, શાકભાજીનો ઉપયોગ કરે છે. આજે વારતહેવારે વિવિધ જાતની મિઠાઈઓ બનાવીને ખાય છે.

તેઓમાં દારૂ-તાડીનુ પીવાનું આજે ચાલુ છે. તેઓના ધાર્મિક જીનવમાં દારૂ તાડીનુ સ્થાન હજુ જોવા મળે છે. આ ઉપરાંત તમાકુ-બીડી, સીગારેટ અને ચા-કોફીનાં વ્યસન ધરાવે છે.

શિક્ષણ :

આ જાતિ આર્થીક રીતે ખૂબજ સધ્ધર હોય તેમનામાં શિક્ષણનું પ્રમાણ સારુ જોવા મળે છે.

**ધર્મ :**

ચૌધરી જાતિમાં અનેક દેવ-દેવીઓને માનવીની અને પુજાવિધિઓના ખ્યાલો રાખીને ભોગ પણ અપાય છે. તેઓ દુઃખ, આફત, રોગ, જાપ વગેરે હોય ત્યારે બાહ્ય તત્વોને માની તેની પૂજા કરે છે. આ દેવ-દેવીઓનાં મંદિરો નથી પણ કુદરતની ગોદમાં, ડુંગરોમાં, ગૂફાઓમાં, ઝાડ નીચે, નદી કાંઠે તેમનાં સ્થાનકો છે. પ્રકૃતિ દેવો : સૂર્ય, ચંદ્ર, ધરતી, દરિયો, વીજળી, મેઘ, હિમાયો દેવ, પાંઢરમાતા, દેવલીમાડી અને ખેતી-પશુના દેવ : ગોવાળદેવ,

નાંદરવો દેવ, દૂધિયો દેવ, કંસરી દેવી, વાઘદેવ, મગર દેવ, દૂધ મોગરા માનવ રોગ માટે : ઉનાઈ માતા, મરકી માતા કાકા બળિયો, પેટફોડી માતા, ડેબરી દેવી હિન્દુ દેવ-દેવીઓ : ભવાની માતા, કૃષ્ણ, હનુમાન, રામસીતા, શંકર-પાર્વતી વગેરે. આ દેવ-દેવીઓના પૂજા બે સ્વરૂપે જોવા મળે છે તેમાં વ્યક્તિગત પૂજા અને સામૂહિક પૂજા.

**વ્યવસાય :**

ચૌધરીઓની આર્થિક પરિસ્થિતિનો આધારસ્તંભ તો વર્ષોથી મુખ્ય વ્યવસાય તરીકે રહેલો તેમનો ખેતીનો વ્યવસાય છે. આ સિવાય તેઓ ખેતમજૂરી, જંગલ મજૂરી, છૂટક સ્થળાંતરી મજૂરી, પશુપાલન, જંગલ પેદાશ, શિક્ષણમાં નોકરી, સરકારી નોકરી, ઔદ્યોગિક કંપનીમાં નોકરી, હિરાઘસવા વગેરે વ્યવસાય કરતા જોવા મળે છે.

જાતિપંચ :

ચૌધરી જાતિમંડળ પહેલાં પરંપરાગત જુદા સ્વરૂપે સમાજમાં ચાલતુ હતુ. આ મંડળ વ્યક્તિગત તેમજ સામૂહિક રીતે તેમની જાતિમાં કોઈ રીતે આચરતા નિયમભંગ, ગૂનાઓ માટે સજા કરે છે અથવા તેને નિયંત્રિત કરવાનુ કામ કરે છે. આ વ્યવસ્થા તંત્રને જાતિપંચ તરીકે આદિવાસી જાતિઓમાં ઓળખવામાં આવે છે. આ જાતિપંચ ચોરાપંચો સામાજિક-ધાર્મિક સુધારા, સંમેલનો, પરિષદો યોજીને કેટલાક કાર્યો કરે છે. (૧) લગ્નને લગતાં કાર્યો. (૨) લગ્ન તિથિઓ નક્કી કરવાનું કાર્ય (૩) તડજોડતાં કાર્યો (૪) ધાર્મિક સુધારાનાં કાર્યો (૫) સામાજિક સુધારાનાં કાર્યો વગેરે કાર્યો કરવામાં આવે છે. ચૌધરીઓના વિવિધ વિસ્તારોમાં સભાઓ-સંમેલનો બોલાવવાં વગેરે કામો કરે છે.

**સામાજિક રીતરિવાજો :**

ચૌધરીઓમાં સ્ત્રીને ગર્ભ ન રહેતો હોય તો બાધા માનવામાં આવે છે. ગર્ભ રહ્યા પછી છેક પ્રસૂતિ સુધી તેમનામાં કોઈ વિધિ કરવામાં આવતી નથી. ગર્ભવસ્થાથી પ્રસૂતિ સુધી તેમનામાં સ્ત્રીઓ રોજબરોજના કામો કરી પરિશ્રમ કરતી હોય છે. મારા શિક્ષિતોમાં સારસંભાળ અને ખાનપાનમાં કાળજી રખતી હોય છે.

**રજો દર્શન :**

રજસ્વલા સ્ત્રીને રજોદર્શનની મુદત દરમ્યાન અપવિત્ર ગણવામાં આવે છે. આ દિવસોમાં તે સ્ત્રી પાણી ભરી શકે નહી. રાંધી શકે નહી, ગાયની ગમાણમાં કે ધાર્મિક વિધિમાં જઈ શકતી નથી. પરંતુ ખેતરમાં બહારનું કામ કરી શકે છે.

**પ્રસૂતિ :**

સામાન્ય રીતે સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં કરવામાં આવે છે. તાલીમ પામેલ દાયણ પાસે અથવા દવાખાનામાં કરવામાં આવે છે. પિયરમાં સુવાવડ મોટાભાગે કરાવે છે પરંતુ આધુનિક સમયમાં સાસરામાં પણ પ્રસૂતિ કરાવતા જોવા મળે છે. ચૌધરીઓમાં પ્રસૂતિ સારી થાય તે માટે દાયણ "ડેબરી" "પેટફોડી" દેવીની બાધા રાખે છે. પ્રસૂતા પ્રસૂતિના પાંચમા દિવસે નદીએ જઈ સ્નાન કરે છે અને ડેબરી દેવીની પૂજા કરે છે. દાયણને પહેલાં મહેનતાણુ અનાજના રૂપમાં અપાતુ હતુ પરંતુ આજે સ્થિતિ અનુસાર રોકડા પૈસા આપવામાં આવે છે.

**પચરો :**

પ્રસૂતિ પછીના પાંચ દિવસ પછી સ્ત્રીને સુવાડમાંથી ઉઠવાનો અને બાળકના નામકરણોની વિધિને 'પચરો' કહેવામાં આવે છે. પચરાના દિવસે દાયણ બાળકને નવડાવી ઘરમાં ચોખાની ઢગલી કરી તેની સામે ચા, દૂધ, દારૂ-તાડી મૂકવામાં આવે છે. બાળકને નજર ન લાગે તે માટે કમરે કાળો દોરો બાંધે છે. પ્રસંગ કે વાર-તહેવાર ઉપરથી તેનુ નામ પાડવામાં આવે છે. નોકરી કરવાવાળા બ્રાહ્મણ પાસે નામકરણ કરાવે છે.

**સગાઈ :**

ચૌધરી જાતિમાં લગ્ન સમયની ઉંમર ૨૧ થી ૩૦મા લગ્ન કરી દેતાં જોવા મળે છે. પુરુષો કરતાં સ્ત્રીઓની ઉંમર નાની હોય તો પણ લગ્નો ગોઠવાઈ જતા જોવા મળે છે. સામાન્ય રીતે લગ્ન પુખ્ત ઉંમરે થાય છે. આ સમાજમાં લગ્ન કરતાં પહેલાં કન્યાની સંમતિ આવશ્યક મનાય છે. આ સંમતિ વડીલોની સમક્ષ અપાય છે અને જરૂર લાગે તો નિર્ણય કરવા માટે કન્યાને સમય અપાય છે. છોકરાની સંમતિ પણ જરૂર ગણાય છે.

**લગ્ન :**

ચૌધરી જાતિમાં હાટ, મેળામાં કે જંગલમાં ઢોર ચરાવવા જતાં મનપસંદ પાત્ર મળી જાય તો ભાગી જઈને લગ્ન કરવામાં આવે છે. વંરપક્ષેથી જે શોધે છે તેને ચૌધરીઓમાં "માગી" તરીકે ઓળખે છે. માગી જ લગ્નનો પ્રસ્તાવ કન્યાપક્ષે મૂકે છે. છોકરા-છોકરીને મળ્યા પછી ગમે તો તેને ચૌધરીઓ "ગમતા-ગમતી" રહે છે. સગાઈ વખતે "પીવણ પીવા જવુ" કે "નાની પીણને કરાય છે. પ્રસંગે રીતરિવાજ મુજબ ગોળ-ખજૂર કન્યાને ઘેર આપે છે.

લગ્નો મોટાભાગે સ્વપસંદગીના થતા જોવા મળે છે. ચૌધરીઓમાં ખંધાડ (ઘરજમાઈ) લાવવાની પ્રથા જોવા મળે છે જેમાં છોકરા હોવા છતાં પોતાની છોકરી માટે ઘરજમાઈ લાવે છે. છોકરા ન હોય તેવા સંજોગોમાં ખંધાડ લવાય છે. ચૌધરીઓમાં લગ્નસંબંધ બાંધે ત્યારથી લગ્નવિધિ પુરી કરીને આણુ કરે ત્યાં સુધીમાં અનેક રિવાજો છે. જેમાં સગાઈની વિધિ, પીઠી ચોળવી, મંડપ રોપવો, મોસાળુ કરવુ, જાન જવી અને કન્યાના ઘરે લગ્નવિધિ કરવી તે પછી સમયાંતરે આણુ કરી કન્યાને વળાવવી વગેરે વિધિઓ થતી જોવા મળે છે.

**પુનઃલગ્ન :**

ચૌધરીઓમાં પુનઃલગ્ન પુરુષ બન્ને કરી શકે છે. તેઓમાં પુરુષ કે સ્ત્રી બન્ને સાસરે જઈ શકે છે. સ્ત્રી લગ્ન પછી સાસરે જાય છે તેવી રીતે ખંધાડે આપેલ પુરુષ સાસરીમાં રહે છે. કોઈ મૃત્યુ પામે કે કોઈપણ કારણોસર છૂટાછેડા આપે તો સ્ત્રી કે પુરુષને બન્નેને પુનઃલગ્ન કરવાનો અધિકાર છે એટલે તો આ સમાજમાં યુવાન વિધવા-વિધુરનુ પ્રમાણ ખૂબજ ઓછુ જોવા મળે છે.

**મૃત્યુ :**

તેઓમાં મૃત્યુને "મૈયત" તરીકે ઓળખવામાં આવે છે. ખબર પડે કે વ્યક્તિનું મૃત્યુ નજીક છે તો તેને પ્રથમ ખાટલા ઉપરથી ઉતારી ખાંડણિયા ઉપર સુવાડવામાં આવે છે અને સફેદ કપડુ કે લાલ કપડુ ઓઢાડી દે છે. મૃત્યુ થતાં તૂર વગાડે છે એટલે બધાને ગામમાં ખબર પડે છે. નજીકના સગાને ખબર કરી બોલાવી લે છે. મૃતશરીરને નવડાવી, પીઠી ચોળી લગ્નની જેમ ઘરેણાં પહેરાવી દેવાય છે. પુરુષ મૃત્યુ પામે તો સ્ત્રીને અને સ્ત્રી હોય તો પુરુષને શણગારે છે. ઠાઠડી સાથે "ગીદાવ" નામનુ ઘાસ મૂકે છે. સ્મશાને જનાર દરેક વ્યક્તિ ઘરેથી શબને બાળવા માટે એક એક

લાકડું લઈને જાય છે. તેમનામાં મૃતકને બાળવાનો રિવાજ છે. મૃતકને ખીચડી ખવડાવી વિધિ કરવામાં આવે છે. મૃત્યુ પામનારના અંગત પુત્ર કે વડીલ અગ્નિદાહ આપે છે. તારુ નામ હવે બુડી ગયુ કહી "ઠામહુલ્લીનો" વિધિ પૂરી કરે છે. સ્મશાનેથી ઘરે આવીને ગરમ પાણી કોલસાનુ લઈ પવિત્ર થવાની વિધિ કરાય છે. ત્રીજા દિવસે કરવામાં આવતા શ્રાધ્ધને મોટો દહાડો તરીકે ઓળખે છે. બારમાની વિધિ કરી જમણવાર પણ કરે છે. ચૌધરીઓમાં ખતરા મૂકી પૂજાપાઠ કરવાનો રિવાજ છે.

**મુખ્ય વિશેષતા :**

તેઓ સૂરજદેવ, ધરતીમાતા, કાકાબળિયા, ભવાની માતા, પાળિયાદેવ અન શિમળિયાદેવ છે તેને આગવી પ્રતિભાથી પૂજા-પાઠ કરીને ઉજવ છે. આધુનિક સમયમાં આ ચૌધરીઓ શકુન માટે આંબો, તાડ, ખજૂર વગેરે વૃક્ષોનજે તેઓ પૂજે છે. દિવાળી-હોળી તેઓના મુખ્ય તહેવારો છે. ઢોલકા સાથે આગવી રીતે નૃત્ય કરીને ઉજવતા જોવા મળે છે.

## રાઠવા

ભારતમાં રાઠવા આદિવાસી વસ્તી મુખ્યત્વે ગુજરાત અને મહારાષ્ટ્રમાં નોંધાયેલી જોવા મળે છે. મુંબઈ ગેઝેટીયર્સ ૨(૧૯૨૫) નોંધે છે કે રાઠવાઓ મધ્યપ્રદેશના માળવા નજીક અલિરાજપુર પાસેના 'રાઠ' વિસ્તારમાંથી આવ્યા છે એટલે રાઠવાઓનું મૂળવતન "રાઠવિસ્તાર" છે તેમ કહી શકાય. તો આ રાઠ વિસ્તાર કયો અને કેટલો છે તે અંગે ગ્રિયરસન રાઠવા વિશે ઉલ્લેખ કરતાં જણાવે છે કે રાઠવાઓ રેવાકાંઠા એજન્સીઝ બારિયા રાજયની દક્ષિણે અને છોટાઉદેપુર રાજયની ઉત્તરે આવેલા જંગલ વિસ્તારમાં વસ્તી એક આદિવાસી જાતિ છે. એટલે કે લોકવાયકા અનુસાર પણ તેઓ અલિરાજપૂરમાં આવેલા 'રાઠ' વિસ્તારના બીજા છે. ઉપરના આ બંને સંદર્ભો "રાઠ વિસ્તારને અલીરાજપુર રાજયના એક ભાગ તરીકે બનાવે છે તથા અલિરાજપુર ગેઝેટીયરર્સ પ્રમાણે રાઠ વિસ્તાર ઘણો નાનો છે.

**વસ્તી :**

ગુજરાતમાં રાઠવાઓની વસ્તી મોટાભાગે પંચમહાલ, દાહોદ અને વડોદરા જિલ્લામાં છે. ૨૦૦૧ પ્રમાણે જોઈએ તો તેઓની કુલ વસ્તી ૫,૩૫,૨૮૪ છે તેમાં પુરુષોનું પ્રમાણ ૨,૭૩,૨૯૬ જોવા મળે છે, જયારે સ્ત્રીઓનું પ્રમાણ ૨,૬૧,૯૮૮ છે. તેઓનું પ્રમાણ કુલ આદિવાસી વસ્તીમાં ૭.૧૬% જોવા મળે છે.

**રહેઠાણ-ઘરવખરી :**

ગામમાં પોતાની જમીન ઉપર કાચાં અને પાકાં ઘર બાંધીને રહે છે. જેઓની સ્થિતિ નબળી છે તેમના ઘરો માટી કે વાંસના ખપાટાની દિવાલ અને ઉપર દેશીનળિયાં અથવા વિલાયતી નળિયાં અથવા પાંદડાનુ છાજ જોવા મળે છે. જેઓની સ્થિતિ સારી છે તેમનાં મકાનો પતરાવાળાં અથવા પાકા ધાબાવાળાં દરેક વિસ્તારમાં ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે.

રાઠવા જાતિના લોકો પોતાની ઘરવખરીમાં મોટાભાગની વસ્તુઓમાં એલ્યુમીનીયમ, પિત્તળ, સ્ટીલ, ચિનાઈ માટી, માટીનાં અને કાચ તથા પ્લાસ્ટીકનાં વાસણો જરૂરીયાત માટે ખાટલા-ગોદડાં, પલંગ, સોફા, કબાટ, ફાનસ, અનાજ ભરવાની કોઠી અને લોખંડના પીપ, લોટ ભરવાના ડબ્બા, ઘરમાં રેડિયો, ટેપ, ટી.વી., પતરાંની પેટી, લોખંડનું કબાટ, તિજોરી, સ્કૂટર, સાયકલ, મોટર સાયકલ વગેરે સાધનો રાખતા જોવા મળે છે. શિકારનાં સાધનો, માછલી પકડવાની જાળ, સાધનો આજે પણ જોવા મળે છે.

**પહેરવેશ :**

રાઠવા જાતના લોકોનો પહેરવેશ પરંપરાગત રીતે જોઈએ તો વિશેષ પ્રકારનો છે. તેઓ પોતે સશક્ત શરીર, ઉજળો વાન અને ઉંચી મજબૂત કાઠીથી તેઓ તરતજ પરખાઈ આવે છે. તેઓનો પોશાક રંગબેરંગી હોય છે. પુરુષો લંગોટી આગળ ફૂલે તે રીતે પહેરે છે. સ્ત્રીઓ રંગ-બેરંગી ઘાઘરો અને સાડલો પહેરે છે. તેઓ કમરે સૂતરનો કંદોરો બાંધે છે તે રંગબેરંગી હોય છે.

આજના સમયમાં પરંપરાગત પહેરવેશમાં બદલાવ આવ્યો છે. પુરુષ બાળકો બુશર્ટ-ચડ્ડી કે પેન્ટ પહેરે છે, જયારે યુવાનો પેન્ટ શર્ટ પહેરે છે અને યુવાન સ્ત્રીઓ તથા બાલીકાઓ ફ્રોક અને પંજાબી ડ્રેસ તથા પરણીત મહલાઓ સાડી-બ્લાઉઝ પહેરતા જોવા મળે છે.

આ જાતિના લોકો પરંપરાગત રીતે ચાંદીના વજનદાર સાંકળા, હાંડસી, ચાંદીના કડા, ચાંદીના કલ્લાં, વજનદાર ચાંદીના મંગળસૂત્ર વગેરે આજે પણ પહેરે છે. પરંપરાગત બાદ આજની પરિસ્થિતિમાં મોટાભાગે સોના-ચાંદીના દાગીના વિવિધ આકારના પહેરતા જોવા મળે છે. જે ગરીબ છે તેઓ નિકલ કે ખોટી ધાતુના દાગીના પહેરતા જોવા મળે છે. જુદા જુદા મણકાવાળી માળાઓ પણ તેઓ પહેરે છે. સોનાની પહેરામણી વધતી જોવા મળે છે. રાઠવાઓમાં છુંદણાં છુંદાવવા તથા નાનાં નાનાં બાળકો અને મોટા પુરૂષોના હાથે કાંડા ઉપર ચાઠાં (ગલ) પાડવાનો રિવાજ પણ જોવા મળે છે. તેની પાછળ ધાર્મિક કારણ જણાવે છે.

**બોલી :**

રાઠવા જાતિની એક રાઠ બોલી આગવી છે. આ બોલીનો સમાજના બધા જ વ્યવહારો કરે છે. રાઠવી બોલીમાં અને ગુજરાતી બોલીમાં મોટાભો વ્યવહાર કરે છે. જ્યારે મધ્યપ્રદેશની બોર્ડર પર છે તેઓ મધ્યપ્રદેશની અસર જોવા મળે છે.

**ખોરાક અને પીણાં :**

રાઠવા જાતિનો ખોરાક મકાઈની રબડી કે રોટલા અને અડદની દાળ હોય છે. તેઓ પ્રસંગોપાત માંસાહાર અને દારૂ-તાડી લે છે. અત્યારના સમયમાં ઘઉં, ચોખા, તુવરની દાળ, દૂધ, દહી, છાશ, ઘી, વિસ્તારમાં થતા ફળ-ફૂલ-શાકભાજી વગેરેનો ઉપયોગ કરે છે. વાર-તહેવારે હિન્દુ ધર્મ પ્રમાણે ઉજવે છે અને જુદી જુદી મીઠાઈઓ બનાવતા આજે જોઈ શકાય છે. આ વિસ્તારમાં ધાર્મિકતાની અસરના કારણે દારૂના વ્યવસનમાં ઘટાડો થયેલો જોવા મળે છે. સ્વામિનારાયણ, કબીરપંથી, આસારામ બાપુનો સંપ્રદાય આવવાથી વિકાસ થવા લાગ્યો છે.

**શિક્ષણ :**

રાઠવા જાતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૨૦૦૧ પ્રમાણે ૩૬.૮૧% અક્ષરજ્ઞાન જોવા મળે છે. આજે આ શિક્ષણ લેવામાં અને આદિજાતિ વિભાગની યોજના મેળવવામાં ઉત્તરોત્તર ખૂબજ વધારો થતો જોવા મળે છે.

**ધર્મ :**

રાઠવા જાતિમાં વિશ્વવિખ્યાત ધર્મવિધિ તરીકે ભીંતો પર મોટાં ભીંતચિત્રો (પિઠોરો) મૂકવાનો રિવાજ છે. આ ઉપરાંત હિન્દુ વિધિ પ્રમાણે દિવાળી, નવરાત્રી, દિવાસો, ચૈત્રી નવરાત્રી, હોળી, મેળા, ઘેરૈયા નૃત્યમાં, આ ઉપરાંત હિન્દુ દેવ-દેવીઓની તેઓ પૂજા કરે છે. પોતાના આગવા દેવ-દેવીઓને પૂજા અર્ચના કરીને બકરો કે મરઘાંને બલી ચડાવે છે અને દારૂની શાક પણ તેઓ પાડીને વિધિ કરે છે. પીઠોરા દેવ, ઈંદરાજદેવ, કનહેટી માતા, જાતર, ભાથીજી મહારાજ, હનુમાન, ગોવાળ દેવ, બાબો ભેંહો, સાદરજો, સીમદેવ, નાદરિયો દેવ વગેરેની વારતહવારે પૂજા કરે છે.

**વ્યવસાય :**

રાઠવાઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેઓ જમીનને સારી રીતે કેળવીને મકાઈ, અડદ, તુવર, ઘઉં, અડદ, જુવાર, શાકભાજી, ડાંગર વગેરે પાક પકાવે છે. આ ઉપરાંત હાલમાં કપાસ, રાયડા જેવા રોકડીય પાકો પણ પકાવે છે. ઘરમાં પશુપાલન, મરઘાં ઉછેર પણ કરતા જોવા મળે છે. આની સાથે સાથે જમીન નથી અથવા તો ઓછી

છે તેઓ ખેતમજૂરી, જંગલ મજૂરી, છૂટક મજૂરીએ બહારગામ જાય છે. નજીકમાં આવેલ કોવરી ઉદ્યોગ અને જી.આઈ.ડી.સી.માં મજુરીએ જતા જોવા મળે છે. જમીન વિહોણા પરચરણ મજૂરી કરીને જીવન ગુજારે છે.

**જાતિપંચ :**

રાઠવા જાતિમાં જાતિપંચ છે. આ જાતિપંચ સમાજના માળખામાં થતા ગુનાઓ અટકાવવા માટેનું કામ કરે છે. જેમાં લગ્નના પ્રશ્નો, છૂટાછેડાના પ્રશ્નો, મિલકત કે જમીનને લગતા પ્રશ્નો, વ્યવસાય કે ગામની મિલકતના પ્રશ્નોનો નિકાલ કરે છે. જો નિકાલ ન થાય તો તેઓ મોટાભાઈની પાસે જઈને (શ્રી હરિવલ્લભ પરીખ) ઉકેલ લાવે છે. આજે આ પરંપરા રાઠવા સમાજમાં સારી ચાલી રહી છે તે જોવા મળે છે. આધુનિક સમયમાં હવે ધીમે ધીમે પક્કડ ઢીલી થવાથી નામદાર કોર્ટમાં કેટલાક જતા જોવા મળે છે.

**સામાજિક રીતરિવાજો :**

**રજસ્વલા :**

રાઠવાઓમાં સ્ત્રી પ્રથમવાર ઋતુકાળમાં હોય ત્યારે તેને કપડે આવી છે અથવા તેને રજસ્વલા થયેલી છે તેમ કહે છે. રાઠવાઓમાં ૧૨ થી ૧૫ વર્ષે છોકરી રજસ્વલામાં આવે છે. આ સમય દરમ્યાન ઘરનાં કામ તથા ધાર્મિક કામ તેની પાસે કરાવવામાં આવતાં નથી. કોઈ પવિત્ર કામ કરી શકાતું નથી.

**ગર્ભધાન :**

ગર્ભધારણ રજસ્વલા બીજી વખત નહી થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેમ માને છે, આ વખતે સ્ત્રીઓ પુરુષને જાણ કરી છે. ઘણીવાર ગર્ભવતી સ્ત્રીને ઉબકા, ઉલટી આવે, ખાવાનો અભાવ થાય ત્યારે ગર્ભધારણનો ખ્યાલ આવે છે. આ ગર્ભધારણને તેઓ જાતિયસંબંધથી થયો છે તેમ માને છે અને સાથે સાથે દેવ-દેવીની કૃપા પણ માનવામાં આવે છે. ગર્ભ ન રહે ત્યારે તેઓ પીઠોરાની બાધા પણ રાખતા જોવા મળે છે. બકરાં-મરઘાંની બાધા રાખી બડવા પાસે પૂજા વિધી કરાવે છે.

**પ્રસૂતી :**

રાઠવા જાતિમાં સ્ત્રીની પ્રથમ સુવાવડ પોતાના પિયરમાં ઘરે જ દાયણ પાસે કરાવવામાં આવે છે. રાઠવાઓમાં ગર્ભ રહ્યાથી ૯ માસ અને ૯ દિવસનો ગાળો ગણવામાં આવે છે. ઘરમાં જ એક ખૂણામાં તેની પ્રસૂતી કરાવવામાં આવે છે. આજે તકલીફ હોય તો દવાખાનાની સારવાર કરાવે છે. પાંચ દિવસ સુધી દાયણ બાળક અને તેની માતાને નવરાવે છે તેના બદલામાં કપડાં, સીધુ અને રોકડ રકમ સ્થિતિ પ્રમાણે આપતા જોવા મળે છે.

**નામકરણ વિધિ :**

રાઠવાઓમાં બાળકના નામકરણની ખાસ કોઈ વિધિ કરતા નથી. પણ બે-ત્રણ દિવસ પછી પટેલને ખબર આપે છે અને પટેલ નામ સૂચવે તે સ્વીકારી લે છે. ઘણીવાર વાટના નામ ઉપરથી કે હાટભરાતા ઉપરથી સામાન્ય રીતે નામ પાડવામાં આવે છે. આજે પોતે આધુનિક નામ પાડી દે છે, જયારે શિક્ષીણ અને જાગૃત રાઠવાઓ બ્રાહ્મણ પાસે જોઈને નામ પડાવતા જોવા મળે છે.

**સગાઈ :**

છોકરાપક્ષથી સગાસંબંધી કે વડહાળી (વચોટીઆ) મારફતે એક ગોત્રમાં ન આવતા હોય તેની છોકરીપક્ષને પૂછપરછ કરવામાં આવે છે. રાઠવાઓમાં પુખ્ત ઉંમરે જ લગ્ન કરે છે તેમાં છોકરા-છોકરીની પસંદગી, મા-બાપ કે સગાઓની પસંદગી, કુળવાન, ચારિત્ર્યવાન, દેખાવડી, શિક્ષીત, નોકરીયાત વગેરે બાબતો ખાસ જોવા મળે છે. આ બધીજ ક્રિયા શુકન જોવા વગેરે ઘણુ મહત્વ આપે છે. સગાઈ કરવા જતી વખતે ગામના પટેલ, પૂજારા, આગેવાનો, સગાં, પડોશીઓ વગેરે વેવાઈએ નક્કી કરેલ દિવસે જાય છે. દહેજ મકાઈના દાણાની રીતથી નક્કી કરે છે. દહેજની રકમ ૫૦૧ રૂા. સુધી હોય છે. દાગીના ચાંદીના નક્કી કરવામાં આવે છે.

**લગ્ન :**

રાઠવા જાતિના લોકોમાં લગ્ન પુખ્ત ઉંમરે જ કરે છે. આ સમાજમાં સગાઈથી માંડીને લગ્ન અને વર પરણીને ઘરે આવે ત્યાં સુધી ઘણી નાની મોટી વિધિઆ કરવામાં આવે છે. દરેક વીધિને અનુરૂપ ગીતો ગવાય છે. આ સમાજમાં ચૈત્ર-વૈશાખમાં લગ્ન નકકી કરવામાં આવે છે. મંગળવાર અને શનિવાર સિવાય શુભકામ માટે બધા વાર સારા કે શુભ ગણવામાં આવે છે. લગ્નમાં હાજર રહેવા હળદરવાળા કે કંકુવાળા ચોખા આખા ગામમાં અને સગાઓમાં મોકલે છે . આજે છાપેલી કંકોત્રી મોકલવામાં આવે છે. રાઠવાઓ લગ્ન કરવા પહેલા ધોણ ભરવો, તેલ ચડાવવુ, પીઠી ચડાવવી, સીમોડી, પૂજન, તોતરેડો ભરવો, નાતનો જમણવાર, પાઘડી બંધાવવી, પોહ ભરવી, વરનોં શણગાર, જાન, જાનનો ઉતારો, વરને જમાડવો, રોલો રમવો, ઘરેણાં વખાણવાં, ચોરી ચીતરવી, ચોલી મૂકવી, વરને ટોડે લેવો, વરપૌયણુ, ચોરીમાં આવતુ, કન્યાનો ચાંલ્લો, વર કનયાને જમાડવા, વહુનુ પૈયણ, કન્યાને નાતમાં લેવી, કોઠાર જોવા પગ વાંધવા, ઘરકામ પરિચય, આણુ વગેરે લગ્નની અંદર ક્રિયાઓ કરવામાં આવે છે. આ લગન ભગત કે બડવો અથવા વરની ભાભી કરાવતી હોય છે. પરંતુ આધુનિક સમયમાં ક્રિયાકાંડમાં ઘટાડો કર્યો છે અને ટ્રક, ટ્રેકટર, બસમાં સવારે કન્યાને ત્યાં જાન જાય છે, સારુ મીઠુ ભોજન અપાય છે અને બ્રાહ્મણ હિન્દુ વિધી પ્રમાણે લગ્ન કરીને વરને કન્યા સાથે વિદાય કરે છે.

**છૂટાછેડા :**

કૌટુંબીક કારણોસર, ગંભીર માંદગી, બાળકો ન થવા, દારૂના અતિવ્યસનો વગેરે કારણોસર છૂટાછેડા થાય છે. છૂટાછેડા વખતે દાગીનાની લેવડદેવડ થાય છે. છૂટાછડા મોટાભાગે પટેલ કે પંચો કરે છે પરંતુ આજે ભરણ-પોષણ સાથે કોર્ટમાં છૂટાછેડા લેતા જોવા મળે છે.

**પુનઃલગ્ન :**

રાઠવા જાતિમાં વિધવા વિવાહ કરી શકાય છે. કુવારા પુરૂષ કે પરણીત સ્ત્રી લગ્ન કરી શકે છે. લગ્નમાં બંધન નથી પરંતુ તેના બાળકો વધારે હોય તો સ્ત્રી પુનઃલગ્ન કરતી નથી અને આખી જીંદગી બાળકોને સાથે રહીને જીંદગી ગુજારે છે. શિસ્ત અને જાગૃત રાઠવાઓ પુનઃલગ્નને પ્રોત્સાહન આપતા જોવા મળે છે.

**મૃત્યુ :**

રાઠવાઓમાં મૃત્યુ ખાટલામાં થઈ જાય તો તેને ખાટલામાંથી ઉતારી લેવામાં આવે છે. આ સમાજમાં બાળકોનું મૃત્યુ થાય તો દાટવામાં આવે છે, જયારે મોટાઓને અગ્નિદાહ આપવાનો રિવાજ છે. મૃત્યુ થતાં ગામનાપ

પડોશીઓ અને સગાસંબંધીઓને તાત્કાલીક જાણ કરવામાં આવે છે. મૃતદેહ ઉપર સંફેદ વસ્ત્ર સ્ત્રી ઉપર નાંખવામાં આવે છે. સ્નાન કરાવીને સમાજના રિવાજ મુજબ ગુલાલ, કંકુ, નારિયેળ, હળદર વગેરેની વિધિ કરીને ઠાઠડી ઉપર બાંધવામાં આવે છે. વાંસની ઠાઠડી ઉપર ઘાસનાં તણખલાં મૂકવામાં આવે છે. વિસામા સુધી સ્ત્રીઓ જાય છે. રાઠવાઓના સ્મશાનગૃહ મોટાભાગે નદીના કિનારે હોય છે. તયાં આગળ લાકડા ગોઠવવામાં આવે છે. પોતાના ઘરેથી એક એક લાકડુ ફરજીયાત સ્મશાને લાવે છે. તે લાકડાને ગોઠવીને મૃતદેહને ગોઠવીને તેના પુત્ર કે નજીકના સગા સાતફેરા ફરીને અગ્નિદાહ આપે છે. આજે આ સમાજમાં બારમુ કરવાનો રિવાજ છે.

**શ્રાધ્ધ :**

પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા ધરાવતા રાઠવા સમાજમાં શ્રાધ્ધ અને ડોસરીની ક્રિયા કરવામાં આવે છે. આ ક્રિયા બાર મહિનામાં પતાવવાની હોય છે. શ્રાધ્ધ હિન્દુ વિધી પ્રમાણે તેઓ કરતા જોવા મળે છે.

**ખતરૂ :**

રાઠવાઓમાં કમો તે મરનાર વ્યક્તિ કે ઝાડ પરથી પડવાથી મૃત્યુ કે તીર વાગવાથી કે એવી કોઈ અકસ્માતથી જયારે મૃત્યુ થાય ત્યારે ખતરૂ ખેતરમાં કે વાડામાં મૂકવામાં આવે છે. ગામનો બડવો કે પૂજારો મૃત્યુ પામે ત્યારે ખતરૂ મૂકવામાં આવે છે.

**ખાસ વિશેષતા :**

રાઠવાઓ ઈંદરાજને ખેતીવાડીનો દેવ તરીકે માને છે, તેની નવ દિવસ સુધી પૂજા કરવામાં આવે છે. તેઓનો ‘પીઠોરો’ રાઠવાઓ માટે જગવિખ્યાત છે. રાઠવાઓને તે મોટો દેવ ગણાય છે. પીઠોરાના ભીંતચિત્ર માટે રાઠવાઓ જગવિખ્યાત છે.

# ભરવાડ (ગીર-જૂનાગઢ)

આ જાતિ સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે ઠોન્ગા અને ભાદરકાંઠાથી સરધારી ધાર સુધીમાં વિશેષ જોવા મળે છે. તેઓ સૌરાષ્ટ્રભરમાં ફેલાએલા જોવા મળે છે. પરંતુ ગીર બરડા અને અલેચના નેસ વિસ્તારોમાં વસતા ભરવાડોને જ આદિવાસી ગણવામાં આવ્યા છે. તેઓ કયાંથી આવ્યા છે તે અંગેનો કોઈ ખાસ ઈતિહાસ મળતો નથી. કેટલાક પોતાને જાદવકુળના વંશજો કહેવડાવે છે અને તે વિશે ગર્વ અનુભવે છે. ભરવાડ કોમમાં મોટાભાઈ અને નાનાભાઈ એમ બે વર્ગ છે.

**વસતી :**

ગુજરાતમાં ભરવાડ જાતિની મુખ્યત્વે વસતી સૌરાષ્ટ્રના ઠોન્ગા અને ભારદકાંઠાથી સરધારી ધાર સુધીમાં વિશેષ જોવા મળે છે અને તેઓ સૌરાષ્ટ્રભરમાં જોવા મળે છે. પરંતુ ગીર, બરડા અને અલેચના નેસ વિસ્તારમાં વસતા ભરવાડોની કુલ વસ્તી ૨૦૦૧ પ્રમાણે ૧,૬૧૯ છે, તેમાં પુરુષોનું પ્રમાણ ૮૫૬ અને સ્ત્રીઓનું પ્રમાણ ૭૬૩ જોવા મળે છે. તેઓનું પ્રમાણ કુલ આદિવાસી વસ્તીમાં ૦.૦૨ ટકા જોવા મળે છે.

**રહેઠાણ-ઘરવખરી :**

ગામમાં પોતાનાં કાચાં ઘરો બાંધી હવે સ્થાયી વસવાટ કરતા થયા છે. છત ઉપર વિલાયતી નળિયાં કે પતરાં ચઢાવેલ હોય છે. મોટાભાગે મકાનની દિવાલ ઈંટ કે પથ્થર અથવા માટીની બનાવેલ જોવા મળે છે. તેઓ ઘેટાં-બકરાંના વ્યવસાયને કારણે એક ગામથી બીજા ગામે હંમેશા સ્થળાંતર કરતા જોવા મળે છે.

તેઓ પોતાને જરૂર પુરતાં એલ્યુમીનીયમ-સ્ટીલ તથા પિત્તળનાં વાસણો રાખે છે. આ ઉપરાંત નાની ખાટલીઓ અને ગોદડીઓ તથા ગરમ કામળા રાખે છે. એક ગામથી બીજા ગામે સ્થળાંતર કરતા હોઈ ઘરવખરીમાં જરૂર જેટલાં જ સાધનો રાખતા જોવા મળ્યા છે.

**પહેરવેશ :**

પુરુષો કેડિયુ અને ચોરણી તથા માથે આખી લાલ યા લાલ છેડાવાળી પાઘડી કાયમ પહેરે છે. એ એમનો મુખ્ય પોષાક છે. સ્ત્રીઓ મુખ્યત્વે લાલ રંગની ચોળી, ચણિયા અને કરમજી રંગની ચુંદડી જેવી ઓઢણી પહેરે છે. આજે આ સમાજ પણ આધુનિક પહેરવેશથી બાકાત રહ્યો નથી. તેઓ પેન્ટ-શર્ટ તથા પંજાબી અને સાડી પહેરતા થયા છે. આ ઉપરાંત પરિસ્થિતિ પ્રમાણે સોના-ચાંદીના દાગીના રિવાજ મુજબ પહેરે છે.

**બોલી :**

ભરવાડ જાતિની બોલી એક રીતે જોઈએ તો આગવી છે. તેઓ ગુજરાતી અને સૌરાષ્ટ્રની બોલી મિક્સ થઈને બોલતા હોવાનુ જોવા મળે છે.

**ખોરાક અને પીણાં :**

ખોરાકમાં તેઓ ઘઉં, જુવાર, બાજરો તથા મગ, ચણા અને દાળનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત જે વિસ્તારમા જાય છે ત્યાં મળતા શાકભાજી, દૂધ, દહીં, છાશ, ઘી વગેરેનો ઉપયોગ કરે છે.

પીણાંમાં તેઓ ચા, કોફી, ઉકાળો પીવે છે. તે સિવાય અન્ય પીણાં પીતા હોય તેવું જોવા મળતુ નથી.

**શિક્ષણ :**

ભરવાડ જાતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૨૦૦૧ પ્રમાણે ૩૪.૪૭% અક્ષરજ્ઞાન જોવા મળે છે. આજે આ શિક્ષણ લેવામાં સ્થિર થઈને તેઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે તેમ કહી શકાય.

**ધર્મ :**

આ જાતિના લોકો હિન્દુ ધર્મમાં શ્રધ્ધા ધરાવે છે. તેઓ હિન્દુ દેવ-દેવીઓની પૂજા કરે છે. આ ઉપરાંત દિવાળી, હોળી, નવરાત્રી, મેળાઓ વગેરેમાં દેવ-દેવીઓની પૂજા અર્ચના કરીને ઉત્સવો-ઉજવણી કરતા જોવા મળ છે.

**વ્યવસાય :**

તેઓનો મુખ્ય વ્યવસાય ગાય-ભેંસ ચરાવવા તથા તેનુ ઉત્પાદન વેચવાનું અને ઉન વેચવાનું છે. જયારે આજે ગૌણ વ્યવસાય તરીકે ખેતમજુરી, છૂટક મજુરી અને થોડાઘણા અંશે વેપાર વગેરે કરતા જોવા મળે છે.

**જાતિપંચ :**

ભરવાડોનું જાતિપંચ એકદમ તટસ્થ નિષ્ઠાથી કામ કરતુ જોવા મળ્યુ છે. તેઓના સમાજમાં લગ્ન, મરણ, જન્મ કે અન્ય પ્રસંગોએ કાયદા પ્રમાણે કામ કરે છે. તેઓના પંચના નિયમમાં વડીલો, બાળકો, સ્ત્રી-પુરુષો વગેરે પાળવાના હોય છે, ન પ્રાળે તો નાત બહાર મૂકી શિક્ષાત્મક પગલાં પણ લેતા હોય છે.

**સામાજિક રીતે-રિવાજો :**

ભરવાડ જાતિમા પરંપરાગત રિવાજો કરતાં આધુનીક જગતમાં ઘણુ પરિવર્તન આવ્યું છે. તેમાંથી આ સમાજ બાકાત રહી શક્યો નથી. જે કુટુંબોમાં શિક્ષણનો થડો-ઘણો વ્યાપ વધ્યો છે ત્યાં મૂળ રિવાજોમાં પરિવર્તન લાવી દીધુ છે.

**રજસ્વલા સ્ત્રી :**

રજસ્વલા સ્ત્રીને અડકવું નહી એવા નામે લગભગ બોલાવે છે. તેઓ સ્થળાંતર થતા હોવાથી ઘણી સમસ્યાઓનો સામનો કરે છે. પરંતુ આવી સ્ત્રી પાસે શુભકામ, ધર્મનું કામ કે પૂજા-પાઠનું કામ કરવા દેવામાં આવતુ નથી. તેઓ બહારના પાણી લાવવું, કપડાં ધોવાં, ગાય-ભેંસ, બકરાં, ઘેટાં ચરાવવાં, ઘાસચારો લાવવો વગેરે કામો કરી શકે છે.

**ગર્ભધાન :**

જયારે સ્ત્રીને ઉલટી-ઉબડા થાય તો સ્ત્રીને ગર્ભ રહેવાની શરૂઆત થઈ છે તેમ માને છે અથવા બીજા મહિને રજસ્વલા થતુ અટકી જાય તો ગર્ભ રહ્યો છે તેમ માને છે. આ ગર્ભ જાતીય સંબંધ તથા દેવ-દેવીની કૃપાથી થયો છે તેવું માનવામાં આવે છે. તેઓના પિયરમાં તેડી જાય છે પરંતુ શક્ય ન હોય તો જયાં સ્થળાંતરીત જગ્યા પર હોય ત્યાં જ પ્રસૂતી કરાવતા હોય છે. વધારે તકલીફ હોય તો જ દવાખાને લઈ જાય છે. ભરવાડ કોમની સ્ત્રીઓ જ પ્રસૂતિ કરાવે છે.

**નામકરણવિધિ :**

નામકરણવિધ તેઓના વડીલ અથવા ફોઈ-ફૂઆ કે ભગત પાસે કરાવે છે. પરંતુ આધુનીક સમયમાં પરંપરાગત નામ કરતાં નવાં નામ પણ આ જાતિમાં પાડવા લાગ્યા છે.

**સગાઈ :**

સગાઈ નાની વયે થાય છે પરંતુ ગેરકાયદેસર બાળલગ્નો પણ કયાંક કયાંક થતાં જોવા મળે છે. મોટાભાગે લગ્નની ઉંમરે જ લગ્ન કરે છે અને આણાં કરવાનો પરંપરાગત રિવાજ છે તે પ્રમાણે તેઓ આવનજાવન કરે છે.

**લગ્ન :**

લગ્નની ઉંમર મોટેભાગે પાકટ ઉંમરે હવે કરતા થયા છે, પરંતુ સગપણ હજી નાની ઉંમરે કરે છે. તેઓ પોતે જે જગ્યા પર રહેતા હોય ત્યાંથી છોકરાની જાન કન્યાને ઘરે જીપ, ટેમ્પામાં જાય છે. લગ્ન હિન્દુ અને ભરવાડની પરંપરાગત રિવાજ મુજબ કરવામાં આવે છે. કન્યાને લઈને પોતે જયાં રહેતા હોય ત્યાં અથવા સ્થળાંતર થયેલ જગ્યાએ લાવીને વિધિવિધાન કુદરતના ખોળે કરતા હોવાનું જણાવે છે.

**છૂટાછેડા :**

ભરવાડ જાતિમાં ગંભીર કારણોસર છૂટાછેડા લઈ શકાય છે, પરંતુ ઘણા ઓછા કિસ્સામાં આવુ બનતુ જોવા મળે છે. સમાજના કાયદા અને દંડની પ્રથા હકડક હોવાથી આવુ ઓછું બને છે.

**પુનઃલગ્ન :**

પુનઃલગ્ન આ સમાજમાં પહેલાં સ્વીકૃત હતાં નહી પરંતુ આજે આધુનિક સમયની અસરના કારણે બદલાવ આવતો હોય તેવું જોવા મળે છે.

**મૃત્યુ :**

વ્યક્તિ જયારે અંતિમ શ્વાસ લેતો હોય ત્યારે તેના નજીકના સબંધીઓને જયાં સ્થળાંતર થયા હોય ત્યાથી બોલાવવામાં આવે છે. લાસને ખાટલીમાંથી નીચે ઉતારીને હિન્દુ વિધી પ્રમાણે ઉત્તર દિશામાં માથુ રાખી ભરવાડો વિધિ કરે છે. મોટે ભાગે દફનાવી દે છે પરંતુ મોટી ઉંમરના હોય તો આજે અગ્નિદાહ પણ કેટલાક આપતા થયા છે, જયારે બાળકોને દાટવામાં આવે છે. ભરવાડ સમાજમાં બારમાની પ્રથા પણ છે. આજે પરંપરાગત ખર્ચ કરીને વિધિવિધાન કરતા તેમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે.

**ખાસ વિશેષતા :**

ભરવાડ લોકો પરંપરાગત રીતે ગાય-ભેંસનો વ્યવસાય કરવામાં જાણીતા છે. તેઓ ઉન હાથથી તેમજ મોટા રેંટીયાથી કાંતવાની આવડત આ લોકોમાં ખાસ જોવા મળે છે.

## બાવચા - બામચા

બાવચાઓ માટે એક માન્યતાને આધારે કહી શકાય કે મૌર્ય સમયના અંતભાગમાં અંધાધૂધી ફેલાવવાના કારણે લશ્કરમાંથી કેટલાક સિપાઈઓ છૂટા પડી યા. તેઓ દક્ષિણના સુરત જિલ્લાના સોનગઢ- વ્યારા તરફ અહિના આજુબાજુના ગામડાઓમાં ગામની બહાર વસતા-ગામતટે વસ્યા તેમાંથી ગામીત અને ગાયકવાડે જે સૈનિકોને ઘોડા કે સિપાઈની નોકરીમાં રાખ્યા તે શહેરમાં વસ્યા તે 'બાવચા' તરીકે પાછળથી ઓળખાયા. આ ગામીત લોકો સાથેના સંબંધો અને તેમના જેવી રહેણીકરણીને કારણે તેમનામાંથી ઉતરી આવેલ બાવચા જાતિ સંભવ છે.

**વસ્તી :**

બાવચાઓની મુખ્ય વસ્તી અમદાવાદ તથા વડોદરા જિલ્લાના શહેરી વિસ્તારોમાં છે. આ ઉપરાંત મહેસાણા, ખેડા, પંચમભહાલ, ભરૂચ, સુરત, સાબરકાંઠા, વલસાડ વગેરે જિલ્લામાં વધતા ઓછા પ્રમાણમાં વસ્તી જોવા મળે છે. તેઓની ૨૦૦૧ પ્રમાણે કુલ વસ્તી ૪,૧૨૫ છે. તેમાં પુરુષોનું પ્રમાણ ૨,૧૪૮ અને સ્ત્રીઓનું પ્રમાણ ૧,૯૭૭ છે જે કુલ આદિવાસી વસ્તીમાં ૦.૦૫% વસ્તી જોવા મળે છે.

**રહેઠાણ-ઘરવખરી :**

બાવચા લોકો શહેરી વિસ્તારોમાં જુદા જુદા પછાત જાતિના લોકો વચ્ચે વસે છે. તેઓનો સમગ્ર વિસ્તાર ગંદકીવાળો જોવા મળે છે. બાવચા કુટુંબોની વસ્તી એક હરોળમાં કે એક જગ્યાએ વાંકાચૂકા- ખાંચાખૂચીમાં અને એકાદ બે જગ્યાએ છૂટાછવાયા વસે છે. તેઓના નજીકના સગાસંબંધીઓ કાકા-જમાઈ વગેરે સાથે જ ઘર બાંધીને રહે છે. તેઓના ઘર મોટાભાટે ઝૂંપડાં છે. મકાન બાંધકામ માટે માટી, ઈંટ, સિમેન્ટ, પતરાં, લાકડાં વાપરે છે. નોકરી કરતા ઘણા ઓછા કુટુંબો પાસે પાકાં મકાન જોવા મળે છે. આ મકાનો એક કે બે ગાળાનાં જોવા મળે છે.

બાવચા લોકો પાસે ઘરવખરીમાં જોઈએ તો જરૂરીયાત પૂરતાં જ રાખે છે. ચૂલા પાસે કલાડી, તપેલી, સાણસી, ફાટેલાં ચોથરાં, લોખંડનો તવેતો, એલ્યુમીનીયમનાં વાસણો, સ્ટીલનાં-પિત્તળ-માટીનાં વાસણો રાખતા જોવા મળે છે. ખાટલા નાની અભરાઈ, થોડી ગોદડીઓ, પતરાના ડબ્બા, પેટી, શૂટકેસ, ઘરમાં દેવ-દેવીઓના ફોટા રાખે છે. પોતાના નોકરી જવા માટે સાયકલ, મોટરસાયકલ, ઘડિયાળ, રેડિયો-ટેપ, ટી.વી., ફાનસ, ટોપલા-ટોપલી વગેરે તેઓ રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

બાવચાઓનો પહેલાંનો પોષાક પુરુષોમાં પોતડી, ખમીશ, ફેંટો હતો અને સ્ત્રીઓનો પોષાક મહારાષ્ટ્રીય ઢબે સાડી, કછોટો મારીને બ્લાઉઝ વીટતી હતી. આજના સમયમાં બાવચા સ્ત્રી-પુરુષો હિન્દુ ગુજરાતીઓનો પહેરવેશ પહેરે છે. પુરુષો ધોતી, પાયજામો, ઝભ્ભો, પેન્ટ, બુશર્ટ પહરે છે, જયારે સ્ત્રીઓ આધુનિક સાડી-બ્લાઉઝ તથા પંજાબી ડ્રેસ પહેરે છે. યુવાનો હાલમાં બુશર્ટ-પેન્ટ અને યુવતીઓ પંજાબી ડ્રેસ પહેરે છે. પરણીત સ્ત્રીઓ સાડી બ્લાઉઝ પહેરે છે.

આ જાતિના લોકો સોના-ચાંદી તથા નિકલ અને ખોટી ધાતુના દાગીના પહેરે છે. સ્ત્રીઓ કાનમાં બુટ્ટી સોના-ચાંદી અને હાથે કડુ, વીંટ, બંગડી, મંગળસૂત્ર, નાકે કાંટો, પગે છડા, કે ચાંદીના સાંકળા પહેરે છે. પુરુષો

હાથની આંગળીએ વીંટી સોનાની પહેરે છે. પૈસાપાત્ર કે નોકરી કરતા હોય તે સોનાની કે ચાંદીની ચેઈન ગળામાં પહેરતા જોવા મળે છે. સામાજિક લગ્ન જેવા પ્રસંગોએ જ આ દાગીના પહેરે છે.

**બોલી :**

બાવચા જાતિની બોલીમાં જ વ્યવહાર કરે છે. આ બોલી મહારાષ્ટ્ર અને ગુજરાતીને મિક્સ થઈને બોલતા હોય તેવું જોવા મળે છે. જે મહોલ્લામાં રહેતા હોય તેઓની સાથે સ્થાનિક ભાષાનો પણ ઉપયોગ કરે છે.

**ખોરાક અને પીણાં :**

બાવચા લોકો ખોરાકમાં શાકાહારી તેમજ માંસાહારી બન્ને પ્રકારના ખોરાક ખાય છે. ખોરાકમાં ઘઉં, ચોખા, બાજરી, છાશ, દાળ, શાકભાજી, ખીચડી, અથાણુ, પુરી વગેરે ખાય છે. વાર તહેવારે હિન્દુ ધર્મ પ્રમાણે મિઠાઈ બનાવીને પણ ખાય છે. લગ્નપ્રસંગે કે તહેવારે લાડુ, લાપસી, કઠોળ, દાળ-ભાત, બીજા પ્રકારની મીઠાઈ વગેરે ખાય છે.

તેઓ સવાર-સાંજ નિયમિત ચા પીવે છે. મહેમાનોનું સ્વાગત ચાથી કરવામાં આવે છે. વાર-તહેવારે આ લોકો સ્થળ પ્રમાણે ઓછાવત્તા અંશે પીવે છે. શહેરી વિસ્તાર હોવા છતાં આ લોકોમાં જન્મથી માંડીને મૃત્યુ સુધી દારૂ પીવાતો હોય તેવું જણાય છે.

**શિક્ષણ :**

બાવચા જાતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૨૦૦૧ પ્રમાણે ૬૫.૬૪% અક્ષરજ્ઞાન જોવા મળે છે. આજે આ જાતિ શહેરમાં રહેતી હોવાથી શિક્ષણ મેળવવા જાગૃતી લાવી રહ્યા છે તેમ કહી શકાય.

**ધર્મ :**

બાવચાઓ પોતાના અને હિન્દુ ધર્મના કેટલાક દેવ-દેવીઓન માને છે અને તેની પૂજાવિધિઓ પણ કરે છે. તેઓ કાળકામાતા, બહુચરમાતા, હનુમાન, ગણેશ, શંકર વગેરેની પૂજાવિધિ કરે છે. આ ઉપરાંત દેવલી માડી, ચોસઠ જોગણી એ બે મહત્વની દેવીઓની કુળદેવી તરીકે પૂજાવિધિ કરે છે. જુના બાપદાદાઓ વાઘદેવ, કાકા બળિયાદેવ પૂજા કરે છે.

તેઓ હોળી, દિવાળી, નવરાત્રી, જન્માષ્ટમી, મેળા વગેરે તહેવારો ઉજવે છે. બાવચાઓ શુકન અને અપશુકનમાં માનેછે. આ ઉપરાંત ભૂતપ્રેત, જાદુ વગેરેમાં માને છે.

**વ્યવસાય :**

બાવચા જાતિનો મુખ્ય વ્યવસાય રસ્તાઓ કે મકાનોના બાંધકામની મજૂરીનો છે તથા પટાવાળા જેવી નોકરીઓમાં પણ આ લોકો જોવા મળે છે. વેપારધંધો, છૂટકમજૂરી કરીને જીવન ગુજારતા જોવા મળે છે.

**જાતિપંચ :**

બાવચા પંચમાં મુખી, કોટવાળ અને તેના સભ્યો જોવા મળે છે. મુખી પંચનું સંચાલન કરે છે. કોટવાળ સામાજિક તેમજ ધાર્મિક પ્રસંગોમાં અને સભ્યોના મૃત્યુ સમયે મહત્વનો ભાગ ભજવે છે. જન્મથી લગ્ન સુધીની

બધી ક્રિયાઓ પંચ-કોટવાલ કરાવે છે. આ પંચ સામાજીક ઝઘડાઓ, લગ્ન જોડાણ, છૂટાછેડા, પુનઃલગ્ન વગેરે ઝઘડાઓમાં સલાહ સૂચન આપી તેમને સુલઝાવે છે. શહેરી વાતાવરણમાં હવે પંચપ્રથામાંની પકડ ઢીલી થઈ છે.

**સામાજિક રીતરિવાજો :**

**રજસ્વલા સ્ત્રી :**

જયારે સ્ત્રી પહેલીવાર રજસ્વલા થાય ત્યારે તેને છેટી બેઠી કે હાથ ચોખ્ખા નથી એમ કહે છે. સામાન્ય રીતે આ જાતિમાં ૧૪ થી ૧૭ વર્ષની અંદર રજસ્વલા થાય છે. ચાર દિવસ તેને અલગ રાખવામા આવે છે અને સારુ કામ કરવા દેવામાં આવતુ નથી. તે ચોક્ષા દિવસે નાહી-ધોઈને બીજે અડકી શકે છે. ગર્ભધારણ માસિક અટકાવ બંધ થતાં રહ્યો છે તેવુ સર્વ પ્રથમ સ્ત્રીઓને જાણ થાય છે. પુરુષને સ્ત્રી વાકેફ કરે છે. ગર્ભ જાતીય સંબંધથી રહ્યો છે તેવું માને છે. સાથે સાથે માતાજીની કૃપા તથા ચોસઠ જોગણી માતાની કૃપા માને છે.

**ખોળો ભરવો :**

બાવચા લોકોમાં ખોળો ભરવાનો રિવાજ શક્તિ હોય તે મુજબ કરાતો જોવા મળે છે. સાસરે જ ખોળો ભરવામાં આવે છે. પિયરમાંથી અને સગાઓ ખોળા ભરવાના પ્રસંગે આવે છે. બાવચા જાતિની વિવિધ વિધિઓ કરીને મીઠુ ભોજનં બધા લે છે. વિધી પૂરી થતાં પિયરમાં તેને સાધનમાં બેસાડીને તેડી લઈ જાય છે. આઠમા માસે જ ખોળો ભરવાંનો આ સમાજમાં રિવાજ છે.

**પ્રસૂતિ :**

બાવચા લોકોમાં પરણિત યુવતી ગર્ભધારણ કરે ત્યારથી પ્રસૂતિ સુધીમાં કોઈ જાતની ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. પ્રસૂતી માટે જાણકાર દાયણને બોલાવીને કરાવે છે. જો તે શક્ય ન હોય તો દવાખાને પ્રસૂતી કરાવે છે. તેની સુવાવડ ઘરના એક ખૂણામાં કરવામાં આવે છે. તેને સવભાગ પછી વિધિ કરીને બધાની સાથે હળવા-મળવા દેવામાં આવે છે. પ્રસૂતી સમય દરમ્યાન હલકો ખોરાક તથા સ્થિતિ પ્રમાણે ખોરાક સુવાવડી સ્ત્રીને આપવામાં આવે છે.

**છઠ્ઠી :**

છઠ્ઠીની વિધિ પાંચ કે દશ દિવસે કરવામાં આવે છે. જો આર્થિક સ્થતિ સારી ન હોય તો સવા મહિને કરવામાં આવે છે. છોકરો કે છોકરી હોય તો પણ ફોઈ નવાં કપડાં પહેરાવે છે. આવેલ મહેમાનને દાળ, ભાત, શાક, શોટલી, લાપસી પીરસવામાં આવે છે.

**નામકરણ :**

બાવચાઓમાં નામ ફોઈ પાડે છે. એ ના હોય તો ઘરના જ નામ પાડી દે છે. આજે આ સમાજમાં બ્રાહ્મણ પાસે નામ પડાવવાની પ્રથા વધુ જોવા મળે છે. આ જાતિમાં પરંપરાગત નામો કરતાં નવાં નામો પાડવાની પ્રથા વધુ પ્રચલીત બની છે.

**બાધા-માનતા :**

બાવચાઓ દેવ-દેવીઓની બાધા રાખે છે તેમ બાબરી ઉતારવાની બાધા પણ રાખે છે. બાબરી ત્રણ વર્ષે,

પાંચ વર્ષે કે અગિયાર વર્ષે ઉતરાવે છે. તેઓ કુળદેવી ચોસઠ જોગણી આગળ પૂજાવિધિ કરીને ઉતારે છે. આ પ્રસંગમાં નજીકનાં સગાંને સાથે લઈ જાય છે. છોકરા કે છોકરીને સ્નાન કરાવીને વાજતે-ગાજતે ઢોલ પીપુડા સાથે કુળ દેવીના મંદિરે લઈ જવામાં આવે છે. ત્યાં ભૂવા કે બ્રાહ્મણ પાસે વિધી કરાવવામાં આવે છે.

**સગાઈ :**

બાવચાઓમાં છોકરા-છોકરીને એકબીજાને પસંદ કરવાની છૂટ જોવા મળે છે. બાવચા લોકો લગ્નની ઉંમર ૧૫ થી ૨૫ વર્ષની કહી શકાય એટલે કે છોકરાની ઉંમર ૨૧ થી ૨૫ વર્ષ અને છોકરીની ઉંમર ૧૫ થી ૨૦ વર્ષ સુધીની માનવામાં આવે છે. મોટેભાગે મા-બાપ સગાંઓ દ્વારા લગ્ન માટે એકબીજાને પૂછતાછ કરે છે. તેઓમાં ચારિત્ર્યવાન, દેખાવડા હોવું, ખાનદાની, ગુણવત્તાવાળાને પસંદ કરે છે. શિક્ષિત કે નોકરીયાતને પ્રથમ પસંદગી આપે છે. છોકરાવાળા છોકરીને ત્યાં જઈને સમાજના નિયમ મુજબ ગોળ, મીઠાઈ અને રૂપિયા ૨ કે ૧૧ આપે છે. કંકુનો ચાંલ્લો એકબીજાને કરે છે, ત્યારે વિવાહ નક્કી થયો તેમ માને છે. વિવાહ નક્કી થતાં જ છોકરીને રૂા.૩૦ અને આર્થિક સ્થિતિ પ્રમાણે સાડી આપે છે. આ ઉપરાંત સાંકળા,ઝાંઝર, નાકની વાળી અને અન્ય ઘરેણાં આપે છે.

**લગ્ન :**

બાવચાઓમાં લગ્ન કોટવાળ કરાવેછે. બન્ને પક્ષને સાથે મળી કોટવાળ પાસે લગ્ન જોવડાવે છે અને લગ્ન લખાવી લે છે. કોટવાળને સવાપાંચ રૂપિયા, કાચુ સીધુ આપવામાં આવે છે અને લગ્નનો દિવસ નક્કી કરી નાંખે છે. રિવાજ મુજબ આપ-લે જાનમાં કેટલા માણસ આવશે અને કોણ જમાડશે વગેરે નક્કી કરવામાં આવે છે.

લગ્નનો દિવસ નક્કી થયા મુજબ છોકરા પક્ષવાળા ૬૦ થી ૭૦ માણસો માથે જાનમાં જાય છે. જાન નીકળતાં શુકનનું નારિયેળ ફોડે છે. જાન મોટેભાગે ટેમ્પો-જીપ વગેરેમાં જતી જોવા મળે છે. જાન પહોંચે છે ત્યાં મશ્કરીનાં ગીતો ગવાય છે. કોટવાળ મોટાભાગે હિન્દુ લગ્નવિધી પ્રમાણે લગ્ન કરાવે છે. આજે આ જાતિમાં બ્રાહ્મણ લગ્ન કરાવવા માટે આવે છે. લગ્નમાં છોકરાપક્ષનો ખર્ચ ૩ થી ૪ હજાર રૂપિયા થાય છે. આ સમાજમાં આંતરજ્ઞાતિય લગ્ન થતા હોવાનું જાણવા મળે છે.

**છૂટાછેડા :**

લગ્નબાદ સ્ત્રી અને પુરુષ એકબીજા સાથે મનમેળ સાધ્યા વિના એકબીજા ઉપર શંકાની નજરે જુએ, પતિ-પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હોય, પુત્રવધુના સાસુ-વહુ કે નણંદ સાથે ઝઘડા વારંવાર થતા હોય તેવા સમયે ઝઘડો ઉગ્રસ્વરૂપ ધારણ કરે ત્યારે છૂટાછેડા વડીલો કે પંચો કરાવતા હોય છે. છૂટાછેડા થાય પછી ઘરેણાંની આપ-લે થઈ જાય છે.

**પુનઃલગ્ન :**

બાવચાઓમાં નાની વયે વિધવા કોઈ સ્ત્રી થાય તો ફરી નાતરૂ કરી શકે છે. તેને કુવારો છોકરો મળી રહે છે. આ ઉપરાંત આ સમાજમાં દિયરવટુ-સાળીવટુ પણ કરી શકાય છે.

**મૃત્યુ :**

બાવચાઓમાં મૃત્યુ પછી બાળવામાં આવે છે. વ્યક્તિ જયારે બિમાર પડે ત્યારે સગાસંબંધીઓ મળવા આવે

છે. જો તેમનુ મૃત્યુ થાય તો ઘરના રડવા માંડે છે. આ સાંભળીને ઘરની આજુબાજુ પડોશમાંથી આવે છે. તેના સગાસંબંધીને તાત્કાલીક જાણ કરીને બોલાવવામાં આવે છે. મૃત વ્યક્તિને ખાટલા ઉપરથી ઉત્તર દિશામાં માથુ રાખીને ઉતારે છે. પાણીથી ધોઈને કે લીપીને તેની ઉપર સુવાડવામાં આવે છે. તેના શરીર ઉપર ચાદર ઓઢાડી દે છે. પછી તેના ગામના-પડોશીઓ ઠાઠડી બનાવવાના કામે લાગે છે. મૃત વ્યક્તિને સ્નાન કરાવવું, પીઠી લગાડવામાં આવે છે અને નવાં કપડાં પહેરાવવામાં આવે. તેની ઉપર ચોખા-સિંદુર, ગુલાલ વગેરે ચડાવવામાં આવે છે. સ્ત્રીને કંકુ પુરાય છે, આવેલ વ્યક્તિઓ ઉપર ગુલાલ નંખાય છે. ઠાઠડીથી બાંધીને સ્મશાને લઈ જવાય છે. રસ્તામાં બેવડુ અનાજ, ઝલેબી વગેરે નાંખતા જાય છે. સ્ત્રીઓ વિસામા સુધી જ આવે છે. તેના વારસદાર હિન્દુ વિધી પ્રમાણે અગ્નિદાહ આપે છે અને તેમાં ઘી પણ નાંખવામાં આવે છે. નજીકમાં સ્નાન કરીને પોતાપોતાના ઘરે જાય છે.

સમાજના રિવાજ મુજબ ૧૧મુ અને ૧૨મુ કરે છે. તેઓમાં એવી માન્યતા છે કે પૂર્ણ વિધિ કરવામાં ન આવે તો મૃત્યુ બાદ ભૂતપ્રેત થાય છે, અને તેની બાધા-માનતા રાખીને મુકત થતા જોવા મળે છે.

**શ્રાધ્ધ :**

બાવચા સમાજમાં હિન્દુ વિધિ પ્રમાણે શ્રાધ્ધ કરતા હોય છે, અને તે સમયે ખર્ચ કરીને વિધિ ચાણોદ જઈને કરતા હોવાનું જણાવે છે.

**ખાસ વિશેષતા :**

—બાવચા લોકો પહેલાં નૃત્યના ભારે શોખીન હતા પરંતુ શહેરમાં રહેતા હોવાથી હવે તેઓ પોતે ગરીબાઈમાં જીવતા હોય તેવું સવિશેષ જોવા મળે છે.

# ચારણ (ગીર-જુનાગઢ)

વર્ષોથી સૌરાષ્ટ્ર કચ્છ તથા મારવાડની ભૂમિને પોતાના વીરરસભર્યો કાવ્યો તથા દોહાથી કેળવતા આવેલા. આ ચારણોનો ઈતિહાસ બીજી પ્રજાઓના ઈતિહાસ કરતાં કંઈક અનેરી ભાત પાડે છે. વેદકાળ, પુરાણો, રામાયણ તથા મહાભારત વગેરેમાં તેમના નામનો ઉલ્લેખ મળે છે. તેઓ મૂળે કયાંથી આવ્યા અને કયારે આવ્યા તેના અંગે કાંઈ ખાસ જાણવા મળતુ નથી. આજે ચારણોમાં અનેક શાખ જોવા મળે છે. તેમાં ૨૩ શાખ મુખ્ય મનાઈ છે. આ ત્રેવીસ શાખોની કોઈ કોઈ શાખની પેટા શાખ તદ્દન થોડી છે. જયારે કોઈ કોઈની તો સીત્તેર-એંસી જેટલી પણ છે. આમ ચારણોની પેટા શાખોનો આંકડો સવા છસ્સો જેટલો છે. તેઓના મારૂ ચારણ ચારવાડમાંથી આવેલા અને મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ, હાલાર પ્રદેશમાં વસે છે. બીજા ચારણ સોરઠિયા ચારણ તરીકે ઓળખાય છે.

**વસતિ :**

ગુજરાતમાં ચારણોની જાતિ મુખ્યત્વે સૌરાષ્ટ્રના ઝાલાવાડ, હાલાર અને સોરઠ પ્રદેશમાં જોવા મળે છે. તેઓની ૨૦૦૧ પ્રમાણે કુલ વસ્તી ૨,૪૪૧ છે તેમાં ૧,૨૯૯ પુરુષો અને ૧,૧૮૨ સ્ત્રીઓનું પ્રમાણ છે. તેઓનું પ્રમાણ કુલ આદિવાસી વસ્તીમાં ૦.૦૩ ટકા જોવા મળે છે.

**રહેઠાણ-ઘરવખરી :**

ચારણ જાતિના લોકોના ઘરો સાદા એક કે બે ગાળાના જોવા મળે છે. ઘર ઉપર દેશી નળિયાં, વિલાયતી નળિયાં કે પતરાંથી ઢાંકેલુ જોવા મળે છે. હાલમાં કયાંક કયાંક પાકાં મકાનો જોવા મળે છે. ઘરની દિવાલો માટી કે ઈંટની બનાવેલ છે. ગરીબાઈના કારણે મોટાં અને ધાબાવાળાં મકાનો ઘણાં ઓછાં જોવા મળે છે.

ચારણ જાતિના લોકો પોતાની ઘરવખરીમાં મોટાભાગની વસ્તુઓમાં એલ્યુમિનીયમ, પિત્તળ, સ્ટીલ, ચિનાઈ માટી તથા માટીનાં અને કાચ તથા પ્લાસ્ટીકનાં વાસણો વિશેષ રાખતા જોવા મળ્યા છે. આ ઉપરાંત ખાટલા, ગોદડાં, પલંગ, સોફા, ફાનસ, લાઈટ, લાકડાની અભરાઈ, અનાજ ભરવાની કોઠી, પીપ, લોટ ભરવા માટે પતરાના ડબ્બા, ઘરમાં રેડિયો, ટેપ, ટી.વી., પતરાંની પેટી, લોખંડના કબાટ, તિજોરી, સ્કુટર, મોટરસાઈકલ વગેરે સાધનો રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

ચારણ જાતિના લોકો પરંપરાગત રીતે પુરુષોનો પહેરવેશ ખેડૂત જેવો હોય છે. તેઓ ચારણો અને કોટ પહેરે છે. કમરે ભેટ બાંધે છે તથા માથે આંટીવાળી મોટી પાઘડી પહેરે છે. સ્ત્રીઓ પગની પાનીથી તે છેક માથા સુધી ધૂમટો વાળી શકાય એવો મોટો ચોરસો પહેરે છે, જયારે સોરઠિયા ચારણોમાં જીમી તથા કાઠિયાવાડી ઓઢણુ ઓઢે છે. હાલમાં પુરુષો પેન્ટ-શર્ટ અને નાના બાળકો ચડ્ડીને બુશર્ટ પહેરે છે, જયારે કુવારી સ્ત્રીઓ પંજાબી ડ્રેસ કે સાડીનો પહેરવેશ પહેરે છે અને બાલીકાઓ ફ્રોક કે પંજાબી ડ્રેસ પહેરતી જોવા મળે છે.

આ જાતિના લોકો સોના-ચાંદીના વિવિધ આકારના દાગીના પહેરે છે. આ ઉપરાંત ગરીબ કુટુંબો જુદી જુદી મણકાવાળી માળાઓ પહેરે છે. આ ઉપરાંત પગમાં ચાંદીના કલ્લાં પણ પહેરે છે.

**બોલી :**

ચારણ જાતિની બોલી એક રીતે કહીએ તો આગવી છે. તેઓ ગુજરાતી અને સૌરાષ્ટ્રની બોલી મિક્સ થઈને બોલતા હોવાનું જણાય છે.

**ખોરાક અને પીણાં :**

ખોરાકમાં તેઓ ઘઉં, જુવાર, બાજરો તથા મગ, ચણા છે. આ ઉપરાંત ત્યાં થતા શાકભાજી, દૂધ, દહીં, છાશ, ઘી વગેરેનો ઉપયોગ કરે છે.

પીણાંમાં તેઓ ચા કે કાવો પીવે છે. તે સિવાય અન્ય પીણાં પીતાં હોય તેવું જોવા મળતુ નથી.

**શિક્ષણ :**

ચારણ જાતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૨૦૦૧ પ્રમાણે ૩૦.૪૮% અક્ષરજ્ઞાન જોવા મળે છે. આજે આ શિક્ષણ લેવામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

**ધર્મ :**

આ જાતિના લોકો હિન્દુ ધર્મમાં શ્રધ્ધા ધરાવે છે. તેઓ હિન્દુ દેવ-દેવીઓની પૂજા કરે છે. આ ઉપરાંત દિવાળી, હોળી, નવરાત્રી, ચૈત્રી નવરાત્રી, મેળાઓ વગેરેમાં દેવ-દેવીઓની પૂજા અર્ચના કરીને ઉજવણી કરતા હોય છે.

**વ્યવસાય :**

આ જાતિના મોટાભાગે પશુપાલનનો વ્યવસાય કરે છે. જ્યારે ગૌણ વ્યવસાય તરીકે થોડી ખેતી, છૂટક મજુરી, કડીયાકામ, થોડા-ઘણા અંશે વેપાર વગેરે કરતા જોવા મળે છે.

**જાતિપંચ :**

ચારણ જાતિનું પંચ છે. તેમાં પંચના દરેક સભ્ય તથા લોકો નિયમોનું પાલન કરે, અને થયેલ ગુનાનું પ્રમાણ ઘટે તથા સરકારી કાયદનું અમલીકરણ થાય, જન્મ-લગ્ન, મરણ પ્રસંગોએ કોઈપણ પ્રશ્નો ઉભો થાય તો જાતિપંચ અને વડિલો ઉકેલ લાવતા હોય છે.

**સામાજિક રીતરિવાજો :**

ચારણ જાતિમાં પરંપરાગત રિવાજો કરતાં આધુનિક જગતમાં ઘણુ પરિવર્તન આવ્યુ છે અને જ્યાં શિક્ષણનો થોડોઘણો વ્યાપ વધ્યો છે, ત્યાં મૂળ રિવાજોને છોડી દીધા હોય તેવું પણ જોવા મળે છે.

**રજસ્વલા સ્ત્રી :**

ચારણ જાતિમાં રજસ્વલા 'સ્ત્રીને અટકવું' નહી એવા એવા નામે બોલાવે છે. આ સમય દરમ્યાન રસઈ બનાવવી, પાણી ભરવુ, દેવ-દેવીની પૂજાવીધી વગેરે કાર્યો કરવાનાં હોતાં નથી. પરંતુ મોટાભાગે વાસણ સાફ કરવાં, વાસીદુ વાળવુ, ઘરમાં સફાઈ કે કપડાં ધોવાં વગેરે બહારનું કામ કરી શકે છે.

ગર્ભધાન :

સ્ત્રીને રજસ્વલા થતુ, જયારે બંધ થાય ત્યારે ગર્ભ રહ્યો છે તેવું માને છે. આ ઉપરાંત સ્ત્રીને ઉલટી-ઉબકા થાય તો પણ સ્તરીને ગર્ભ રહ્યો છે તેવું માને છે. આ ગર્ભ રહેવા પાછળ જાતિય સંબંધ તથા દેવ-દેવીઓની કૃપા માનવામાં આવે છે. આઠમે મહિને પયરમાં સાદી વિધિ કરીને તેડી જાય છે. પ્રથમ પ્રસૂતિ પિયરમાં થાય છે.

પ્રસૂતિ :

ચારણ જાતિમાં પ્રથમ સુવાવડ પિતાને ત્યાં કરાવડાવે છે. આ સમાજમાં પરંપરાગત કરતાં મોટાભાગે તાલીમ પામેલ દાયણ પાસે અથવા નજીકના દવાખાનામાં કરાવે છે. પ્રસવ સમયે માતા-પિતા- સગાસંબંધી હાજર રહે છે.

નામકરણ વિધિ :

બાળકના જન્મ પછી સવા મહિના પછી આ વિધિ કરવામાં આવે છે. તેમાં બાળકના ફોઈ-ફૂઆ, મામા-મામી કે આધુનિક સકયમાં બ્રાહ્મણ-ભગત પાસે નામકરણ કરાવતા જોવા મળે છે.

સગાઈ :

સગપણ નાની વયે થાય છે પરંતુ લગ્ન તો ૨૧ વર્ષના યુવાન અને ૧૮ વર્ષની યુવતી થાય પછી જ કરતા જોવા મળે છે. સગાઈની શરૂઆત છોકરાપક્ષથી કરવામાં આવે છે. એક ગોત્રમાં ન આવતા હોય તો જ સગાઈ થાય બાકી લગ્ન કરવા ઉપર પ્રતિબંધ છે.

લગ્ન :

બન્ને પક્ષની અનુકુળતાએ લગ્નની તિથી નક્કી કરવામાં આવે છે. હાલમાં કંકોત્રીથી દસ-બાર દિવસ પહેલાં જાણ કરવામાં આવે છે. પોતાના સગા-સંબંધીને કંકુ-ચોખા અથવા હળદરમાં ચોખા નાખીને આમંત્રણ આપવામાં આવે છે. પરણીત સ્ત્રીઓ હળદરની પીઠી ચોળે છે. હિન્દુ વિધિ પ્રમાણે ગણેશ સ્થાપન, ગૃહશાંતિ, મંડપ ડેકોરેશન, ભોજન સમારંભ, માઈક વગેરેનું આયોજન કરે છે. સમાજના રિવાજ મુજબ દાગીના અને પહેરામણીની વ્યવસ્થા પણ કરે છે. સવારે ટ્રેકટર, ટેમ્પામાં કે ટ્રકમાં જાન જાય છે અને સાંજે લગ્ન થયા પછી કન્યાને લઈ પોતાના ઘરે પરત આવે છે. ત્યાં પોતાના રીતે રિવાજો પૂરા કરી ધીમે ધીમે આવન-જાવન થતુ જોવા મળે છે.

છૂટાછેડા :

ચારણ જાતિમાં છૂટાછેડા લઈ શકાય છે, પરંતુ ઘણા ઓછા કિસ્સામાં આવુ બનતુ જોવા મળે છે. સમાજના દંડ અને કાયદા કડક હોવાથી આમ બનતુ નથી.

પુનઃલગ્ન :

પુનઃલગ્ન સમાજમાં પહેલાં સ્વીકૃત હતા નહીં પરંતુ આજે સમાજમાં સ્વીકૃત હોવાથી વિધવા-વિધુર કે છૂટાછેડા લીધેલ સ્ત્રી-પુરુષ પુનઃલગ્ન કરી શકે છે.

મૃત્યુ :

વ્યક્તિ જ્યારે મરણ પથારીએ હોય ત્યારે તેના નજીકના સંબંધીઓ બોલાવી લેવામાં આવે છે. આકસ્મિક મૃત્યુ થયુ હોય ત્યારે પણ જાતિભાઈઓને તાત્કાલીક સાદ પાડીને બોલાવવામાં આવે છે. હિન્દુ વિધિ પ્રમાણે લાસને ખાટલા કે પલંગ ઉપરથી ઉતારીને ઉત્તર દિશામાં માથુ રાખીને મુકવામાં આવે છે. ચારણ જાતિના લોકો પરંપરાગત રીતે વિધિ કરે છે અને નાની ઉંમર હોય તો બાળકોને દાટવામાં આવે છે, જ્યારે મોટી ઉંમરના હોય તો અગ્નિદાહ આપવામાં આવે છે. સ્ત્રી હોય તો ૧૧મુ અને પુરુષ હોય તો ૧૨માની વિધિ વિધાન કરી ખર્ચ કરવામાં આવે છે. આજે વિધિ વિધાન કરવામાં આધુનિક સમયનો ફેરફાર કરવામાં આવ્યો છે.

ખાસ વિશેષતા :

ચારણ જાતિના લોકો પરંપરાગત રીતે વેદકાળ, પુરાણો, રામાયણ તથા મહાભારત અને સમાજનો વહીવંચો કહેવામાં નિષ્ણાત તરીકે ઓળખાય છે.

# ધાનકા

એવુ માનવામાં આવે છે કે મહમદ બેગડા વખતે પાવાગઢનું પતન થયા પછી ધાનકાઓ લડાઈ વખતે મુસ્લીમ લોકોથી જાત છૂપાવવા માટે પાવાગઢના ડુંગરોમાંથી છટકીને વડોદરા જિલ્લાના છોટાઉદેપુર અને બીજા ડુંગરાળ વિસ્તારમાં આવીને વસ્યા. કેટલાક નર્મદાપાર કરી છેક નાંદોદ, ઝઘડિયા અને નિઝર તરફના જંગલોમાં આવીને સ્થિર થયા. જેઓ પંચમહાલ, વડોદરા અને ભરૂચ જિલ્લાના કેટલાક ભાગોમાં ગયા ત્યાં તેઓની અસલ જાતિ રાજપૂત તરીકે ઓળખાતી. આ વહીવંચા (પાવાગઢ) ઉપરથી જાણવા મળે છે.

**વસતી :**

ગુજરાતમા ધાનકાઓની વસતિ મુખ્યત્વે પંચમહાલ, વડોદરા, ભરૂચ વગેરેમાં વિશેષ જોવા મળે છે, જયારે ખેડા, સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ અને ગાંધીનગરમાં વધતા ઓછા પ્રમાણમાં વસ્તી આવેલી છે. ૨૦૦૧ પ્રમાણે ૨,૫૨,૬૩૭ કુલ વસ્તી છે. કુલ વસ્તીમાં તેઓનું પ્રમાણ ૩.૩૮% જોવા મળે છે.

**રહેઠાણ અને ઘરવખરી :**

ધાનકા જાતિનાં ઘરો અને સરખી સપાટ જમીનમાઙ્ઞ ઉંચાણ પર પોતાની માલિકીની જમીનમાં બાંધેલ જોવા મળે છે. કેટલીક જગ્યાએ પોતાની જમીનમાં જ બાંધેલ જોવા મળે છે. ઘર બાંધતી વખતે ધાનકાઓ કુટુંબના સભ્યો અને સગાને બોલાવે છે. ઘરની દિવાલ વાંસની ચીપો અથવા કરાઠીની હોય છે. ઉપર દેશીનળિયાં કે વિલાયતી નળિયાંવાળાં હોય છે. કેટલેક ઠેકાણે પાકી દિવાલ કે ધાબાવાળાં મકાનો જોવા મળે છે. તેઓના ઘર પરિસ્થિતિ પ્રમાણે એક, બે કે વધુ ગાળાનાં બનાવતા હોય છે.

ઘરવખરીમાં જોઈએ તો એલ્યુમિનીયમનાં વાસણો, પિત્તળ, કાંસાનાં, તાંબાનાં અને માટી કે પ્લાસ્ટીકનાં અને કાચનાં વાસણો રાખે છે. આ ઉપરાંત ઘરમાં ખાટલા, પલંગ, ખુરશી, ટેબલ, ગોદડાં, પણીયારૂ, અભરાઈ, ફર્નીચરનાં સાધનો, મનોરંજન અને મોજશોખનાં સાધનો, સાયકલ, ટેપરેકોર્ડર, મોટર સાયકલ, ઘડિયાળ, સિવવાનો સંચો વગેરે ઉપયોગી સાધનો રાખતા જોવા મળે છે.

**પહેરવેશ :**

પરંપરાગત રીતે જોઈએ તો પોશાકમાં સ્ત્રીઓ ઘાઘરો અને ચોળી તથા પુરુષોનો પોષાક ખમીશ, ટૂંકી લંગોટી તથા પાઘડી છે. પરંતુ આધુનિક સમયમાં પેન્ટ-શર્ટ તથા સાડી અને પંજાબી ડ્રેસે આ સમાજમાં પ્રવેશ કર્યો છે.

આ જાતિના લોકો રિવાજ મુજબ પરંપરાગત ચાંદીના, કડલાં, સાંકળા તથા કડાં, એરીંગ પહેરતા પરંતુ આજે સોના-ચાંદીના બનાવટના વિશેષ દાગીના પહેરતા થયા છે.

**બોલી :**

ધાનકા જાતિની બોલી એ આગવી સમાજની પ્રતિભા ગણાય છે. તેઓ તેમની આ બોલીની સાથે સાથે ગુજરાતી બોલીનો પણ ઉપયોગ કરે છે.

**ખોરાક અને પીણાં :**

પરંપરાગત રીતે તેઓ મકાઈ, જુવારનો રોટલો, તુવેર, અડદની દાળ અને વિસ્તાર પ્રમાણે મળતી શાકભાજીનો રોજીંદો ઉપયોગ કરે છે. પરંતુ વાર તહેવારે માંસાહારનો પણ ઉપયોગ કરે છે. તહેવાર હોય તો મીઠુ ભોજન પણ બનાવે છે.

ધાનકાઓમાં ભગત અને ચાલુ બે જાતના લોકો હોય છે. જે ચાલુ હોય તેઓ મોટાભાગે દારૂનો ધર્મમાં, દેવ-દેવીની પૂજામાં ઉપયોગ કરીને વાપરે છે, જ્યારે ભગત લોકો મીઠુ ભોજન, નારિયેળનો પ્રસાદ કરીને જીવન જીવે છે. તે સિવાય સામાન્ય રીતે ચા, કોફી, કાળો ઉકાળો પીતા હોવાનું જાણવા મળે છે. હાથવણાટની બીડીનો મોટાભાગે સ્ત્રી-પુરુષો ઉપયોગ કરે છે.

**શિક્ષણ :**

ધાનકા જાતિમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો ૨૦૦૧ પ્રમાણે ૫૨.૮૮% અક્ષરજ્ઞાન જોવા મળે છે. આજે આ જાતિમાં શિક્ષણ લેવામાં ઉત્તરોત્તર પ્રગતિ જોવા મળે છે.

**ધર્મ :**

ધાનકાઓ પરંપરાગત રીતે હિન્દુ દેવ-દેવીઓની પૂજા કરે છે. વારતહેવારે અન્ય સમાજની જેમ હોળી, અખાત્રીજ, દિવાળી, દિવાસો, નવરાત્રી, મેળા વગેરે ઉજવે છે. આ ઉપરાંત ખેતીનો નવો પાક થાય ત્યારે પણ ઉજવણી કરે છે. તેઓ જાદુ, ભૂત-પ્રેત, ડાકણ વગેરેમાં માને છે. ભાથીજી મહારાજ, બળિયાદેવ, હનુમાનદાદા, મેલડીમાતા, વેરાઈ માતા, ઝાંપડી માતા વગેરેની પૂજા કરે છે.

**વ્યવસાય :**

તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજુરી છે. તેની સાથે સાથે ફેકટરીઓમાં તથા નજીકના શહેરોમાં છૂટક મજૂરી ઉપરાંત શિક્ષણ મેળવેલ છે. તેઓ શિક્ષક તરીકે, પોલીસ, સરકારના વિવિધ ખાતાઓમાં વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪માં પણ નોકરી કરતા જોવા મળ્યા છે. ખેતી માટે લાકડાના હળ, કરબ, સમાર, વાવણીયો, કુહાડી, દાતરડાં, ગાડુ, એન્જીન, વગેરે રાખે છે.

**જાતિપંચ :**

ધાનકા જાતિનુ પંચ કાર્ય કરવાથી ખૂબ જાણીતુ છે. તેમાં પંચના કડક નિયમો પાળવામાં આવે છે. કેટલાક કેસમાં પંચ પોતે કોર્ટમાં અપીલ કરે છે. ગુનેગારન કડકમાં કડક સજા થાય જેથી ફરી ગુનો ન કરે તેની પંચો તથા વડીલો ખ્યાલ રાખે છે. આ સમાજમાં જન્મ, લગ્ન, મરણ, ગુનાઓ સમાજની અંદરના પ્રશ્નો, સરકાર સાથે વગેરે પંચ બહુજ ખ્યાલ રાખે છે. જાતિપંચ સમજણભર્યા ઉકેલ લાવતુ હોય છે.

**સામાજિક રીતરિવાજો :**

**રજસ્વલા :**

રજસ્વલા સ્ત્રીને "માથુ ધોવાની છે" તેમ કહેવામાં આવે છે. તેઓ ચાર દિવસે માથુ ધુએ છે ત્યાર પછી ઘરનાં કામો કરે છે. સ્ત્રી રજસ્વલા બનતી અટકી જાય પછી તેને ગર્ભ રહ્યો છે તેમ માન છે. સ્ત્રીને ગર્ભ રહ્યા બાદ બાળકના જન્મ સુધી કોઈ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી.

**પ્રસૂતિ :**

પરંપરાગત રીતે પ્રસૂતી ઢોરને બાંધવાની કોઢમાં કરવામાં આવે છે. કારણકે ઘર અપવિત્ર ન થાય તે માટે કંતાન નાંખીને કરાવે છે. આજે પરિવર્તન આવ્યુ છે જે ઘરમાં એક ખૂણામાં કે ડોકટરને ત્યાં તાલીમ પામેલ દાયણ પાસે કરાવે છે. સુવાવડી સ્ત્રીને હલકો ખોરાક અપાય છે. અઠવાડિયા બાદ બાળક અને સ્ત્રીને નવડાવી, ઘર લીંપી નાંખી પવિત્ર બનાવે છે. બાળક અને તેની માને હાથે કાળા દોરા બાંધવામાં આવે છે.

**છઠ્ઠીની વિધિ :**

પ્રસૂતીબાદ પાંચ કે છ દિવસે 'પાણી ઘાલવુ' એ નામથી તેઓ ઓળખે છે. આ વિધિમાં શ્રીફળ, અગરબત્તી, ઘીનો દિવો, સવાશેર ખાંડ લાવે છે. દાયણ આવીને દીવો સળગાવી નીચે લીંપેલી જગ્યામાં સુવાડે છે અને કુળદેવનું આવહન કરી દેવને બાળકનુ રક્ષણ કરવાનુ કહેવામાં આવે છે. દાયણ તે દિવસે એક દોરો બાળકના પગે બાંધે છે તે રાત્રે એક થાળીમાં કંકુ ચોખા મૂકી સ્વસ્તિક કરી રાખવામાં આવે છે જેથી બાળકનું ભવિષ્ય વિદ્યાતા સારુ લખે.

**નામકરણ :**

બાળકનું નામ એક માસ પછી પાડવામાં આવે છે. બાળકની ફોઈ બહારગામ હોય તો બોલાવવામાં આવે છે. બાળકનું નામ જે વારે બાળક જન્મ્યુ હોય તે વાર ઉપરથી પાડવામાં આવે છે. આજે કેટલાક જન્મકુંડળી કઢાવીને આધુનિક નામો બ્રાહ્મણ પાસે પડાવે છે.

**સગાઈ :**

ધાનકાઓમાં પરંપરાગત રીતે ૧૫ થી ૨૨ વર્ષની પુરુષોની ઉંમર હોય અને સ્ત્રીઓમાં ૧૪ થી ૧૮ વર્ષની ગણી શકાય છે. સ્વપંસદગી મુખ્ય છે. છોકરા-છોકરીની પસંદગી મહત્વનુ સ્થાન અપાય છે. માતા-પિતા પણ જૂએ છે. તેઓ સગાઈને "ગોળ ખાવો" કહે છે. વરપક્ષ કન્યાને ત્યાં ગોળ લઈ જાય છે અને સામસામા વેવાઈ બેસે અને એક બીજાના મોંમાં ગોળ મૂકે આને ગોળ ખાદ્યો એમ કહે છે.

**લગ્ન :**

લગ્નમાં ઘરજમાઈ પ્રથા છે. જેમાં ગરીબ ઘરનો છોકરો કન્યામૂલ્ય આપી શકે તેમ ન હોય કે લગ્નનો ખર્ચ કરી શકે તેમ ન હોય તો સસરાને ત્યાં જઈને બે-ત્રણ વર્ષ માટે રહે છે. ત્યાં જઈન મજૂરી દ્વારા દહેજની રકમ વસુલ કરી આપે છે.

ધાનકાઓમાં 'ધાણ ભરવો', હનુમાનને તેલ ચઢાવવું, વરને તેલ ચડાવવું, થાંભલી નાંખવી, ગણેશ ચિતરવો, ઉકરડી નોતરવી, સીમાડો પૂજવો વગેરે વિધિઓ આજે પરંપરાગત રીતે કરવામાં આવે છે. બ્રાહ્મણનું મુરત જોવડાવીને તિથી નક્કી કરીને છોકરાને ત્યાંથી ટ્રક, ટ્રેકટર કે બસમાં જાન કન્યાને ત્યાં જાય છે. ત્યાં ઉતારો અપાય છે. ત્યારબાદ વર કન્યાને નવરાવવાં, ગોતરજો ભરવી, વરરાજાનો શણગાર કરવો, કલવો કરવો, હસ્ત મેળાપ કરવો વગેરે ક્રિયાઓ કરવામાં આવે છે. તેઓ 'હાથમેળો' કહે છે અને મંગળફેરાને 'મંગળવરની' કહે છે. આ આખી વિધિ પરંપરાગત રીતે ભગતો કરાવતા હતા પરંતુ આજે આ આખી પ્રક્રિયા બ્રાહ્મણો કરાવે છે જેના બદલામાં સ્થિતિ પ્રમાણે નાણાં ચૂકવવાં પડે છે. આજે ધાનકાઓ પરંપરાગતને તિલાંજલી આપીને હિન્દુ વિધિ પ્રમાણે વિશેષં લગ્ન કરતાં જોવા મળે છે.

છૂટાછેડા :

ધાનકા જાતિમાં જાતિપંચ મહત્વનુ ગણવામાં આવે છે. આ જાતિપંચ ગંભીર માંદગી હો, પતિ દારૂડિયો હોય, ગુનેગાર હોય, ઝઘડા તોફાન કરતો હોય તો છૂટાછેડા સ્ત્રી લઈ શકે છે. સ્ત્રીને પણ ગંભીર માંદગી કે સમસ્યા હોય તો પતિ છૂટાછેડા લઈ શકે છે. સમાજના કાયદા કડક હોવાથી છૂટાછેડાને વધુ મહત્વ અપાતુ નથી.

પુનઃલગ્ન :

પુનઃલગ્ન સમાજમાં સ્વીકાર્ય છે. કોઈ કારણોસર આકસ્મિક મૃત્યુ થયુ હોય, ગંભીર માંદગી હોય કે છૂટાછેડા લીધેલ હોય તો અન્ય સ્ત્રી-પુરુષો લગ્ન કરી શકે છે. કુવારા પુરુષ વિધવા સાથે લગ્ન કરતા હોય તેવાઓનું પ્રમાણ ઓછુ છે. બન્ને પક્ષે પુનઃલગ્ન થઈ શકે છે. આજે કોર્ટ લગ્ન પણ આ સમાજમાં થતાં જોવા મળે છે.

મૃત્યુ :

ધાનકાઓમાં મૃતદેહને બાળવાનો અને દાટવાનો એમ બન્ને રિવાજ છે. જો કુંવારો છોકરો કે છોકરી મરી ગઈ હોય તો તેને પીઠી ચોળીને સ્નાન કરાવે છે. છાણથી લીંપેલી જગા ઉપર મૂકવામાં આવે છે. પાસે રામદીવો સળગાવે છે, મોઢામાં ગંગાજળ અને તુલસીનાં પાન મૂકે છે.

સગાંવહાલાં અને પડોશીઓને બોલાવવામાં આવે છે. એક તરફ લાકડાં કાપીને સ્મશાનમાં મોકલવામાં આવે છે, જયારે બીજી બાજુ સુથારને બોલાવીને મૃતદેહ માટે ઠાઠડી તૈયાર કરી અને ચાર છેડે નાળિયેર બાંધવામાં આવે છે. પુરુષ હોય તો સફેદ અને સ્ત્રી હોય તો લાલ કફન ઓઢાડીને સ્મશાને લઈ જવામાં આવે છે. સ્ત્રીઓ ગામની ભાગોળ સુધી જાય છે. ધાનકાઓ હિન્દુ વિધિ પ્રમાણે ઉત્તર દિશા તરફ માથુ રાખીને લાકડા ઉપર મૂકીને તેના વારસદાર અગ્નિદાહ આપે છે. અગ્નિદાહ આપ્યા પછી નદી કે તળાવ અથવા ડંકીએ સ્નાન કરીને ગામમાં પાછા ફરે છે. મૃત્યુ પછી સ્ત્રીઓ બારમુ થાય ત્યાં સુધી રડતી હોય છે અને પુરુષો રાત્રે ભજન કિર્તન કરતા હોય છે. મૃત્યુ પછી બારમે દિવસે બારમુ કરે છે. આ વિધિ બે દિવસ ચાલે છે. સમાજના રિવાજ મુજબ કામકાજ કરે છે.

શ્રાધ્ધ :

ભાદરવા મહિનામાં છેલ્લા પંદર દિવસને શ્રાધ્ધના દિવસો કહેવામાં આવે છે. આ દિવસે કાગડા-કૂતરાઓને ભાખરીનો ‘વાસ’ આપવામાં આવે છે. આમ મૃત્ય પછી અનેક વિધિઓમાંથી પ્રસંગો પસાર થાય એટલે મૃતાત્માને શાંતિ મળે એવી માનવતાઓ એમનામાં જોવા મળે છે.

ખાસ વિશેષતા :

ધાનકાઓ સમાજની પરંપરા મુજબ તેઓના વિવિધ તહેવારો, સામાજિક પ્રસંગોએ દેવો અને પિતૃઓને યાદ કરી જે તે દેવની પૂજાવિધિ કરી તેને ખુશ કરી પોતાની મિલકતમાં વધારો થાય, રક્ષણ થાય અને કોઈ જાતની મુશ્કેલી ન સર્જે તે માટે બકરા કે મરઘાનું બલી આપી દારૂની શાક પાડવાની વિધિ માટે જાણીતા છે.